Chap-2



પ્રકરણ : ૨

# કનૈયાલાલ મુનશી : સર્જક વ્યક્તિત્વ

## ૨.૧ : જન્મ, ઉછેર, ઘડતર અને સાહિત્યિક પ્રતિભા.

બૌદ્ધજાતક ગ્રંથોમાં 'ભૃગુકચ્છ' તરીકે સુપ્રસિદ્ધ એવું એક નગર હતું. ઋષિ પરશુરામે જમીનદોસ્ત કરેલી માહિષ્મતી નગરી એ રેવાને કિનારે હતી એ જ આજનું ભરુચ. એ ભરુચમાં વર્ષો પૂર્વે વિખ્યાત ભાર્ગવ બ્રાહ્મણોનો નિવાસ હતો. ભૃગુ ઋષિના કુળમાં થયેલા એ ભાર્ગવ બ્રાહ્મણો 'ન્યાત, વરઘોડો કે ઉઠમણું હોય ત્યારે પોતાના પૂર્વજ પરશુરામનો 'તીર' પ્રગટ કર્યા વિના રહી શકતા નથી. એ ભરુચમાં 'મુનશીનો ટેકરો' નામે એક નાની શેરી આવેલી છે. વર્ષો પહેલાં ભાર્ગવને મન આ ટેકરો સૃષ્ટિનું કેન્દ્ર હતું. એના પર મુનશીઓ પાકતા હતા. એમનો મિજાજ અનેરો હતો અને રેવાનું પાણી તાકાત આપનારું ગણાતું હતું. આ ટેકરાની કન્યાને પરણવા ભાર્ગવ યુવાનો ઘેલા બની જતા એ મુનશીને ટેકરે બાપીકા ઘરમાં પોષમાસની પૂર્ણિમાએ ઇ સ ૧૮૮૭ ની 30મી ડિસેમ્બરે બપોરના બાર વાગ્યે કનૈયાલાલ મુનશીનો જન્મ થયો હતો. ભૃગુકુળનું ગૌરવ અને મિજાજ તેઓ વારસામાં લઇને આવ્યા હતા

એમના પિતા માણેકલાલ મુનશી અમદાવાદમાં કારકુનની નોકરી કરીને ક્રમે ક્રમે આપબળે મામલતદાર અને એ પછી ડેપ્યુટી કલેકટરના હોદ્દા સુધી પહોંચેલા વ્યવહાર દક્ષ, હિંમતવાન રસિક એવા સજ્જન હતા

માણેકલાલ સુરતમાં નોકરી કરતા હતા ત્યારે નવરાશની પળોમાં કનૈયાલાલને અંગ્રેજી શીખવતા. પિતાને તબલા વગાડવાનો શોખ હતો કનૈયાલાલને એનો ચસકો લાગતાં 'એકત્રીસ એક એકત્રીસ' નો આંક તબલાની સાથે તૈયાર કરેલો એ કનૈયાલાલ 'Funny little boy', 'એરેબિયન નાઇટ્' વાંચીને કલ્પનાને ચગાવતા. સુરતની નાટ્યમંડળીમાં તેઓ ગુલતાન થતા. નાટકની એમના ચિત્તપર ખાસ્સી એવી અસર પડી હતી. એવી જ પ્રબળ અસર નાગરભટ્ટની કથાઓએ પણ કરી હતી. 'હાતીમભાઇનાં પરાક્રમો' ને 'મૃદ્દા અને કુલિન' જેવી નવલકથાઓએ એમની કલ્પનાને ઉત્તેજિત કરી હતી. એના ફલસ્વરૂપે એમણે ઐતિહાસિક નવલકથાઓ લખવાનો માર્ગ સ્વીકાર્યો હશે

કનૈયાલાલનાં લગ્ન મેટ્રિક પાસ થતા પહેલાં એમની ૧૬ વર્ષની ઉંમરે નવ વર્ષની અતિલક્ષ્મી સાથે થયાં હતાં. માણેકલાલ સુરતમાં સચીનના દિવાન હતા એ સમયે એમને મળેલી એક આઠ નવ વર્ષની બાલિકા એમના મનમાં વસી ગઇ હતી. ગૌરવર્ણ ને તેજસ્વી, હેતાળ ને તોફાની."[૧] કનૈયાલાલે આ 'દેવી' ની આસપાસ સૃષ્ટિને સર્જીને વિસર્જી દીધી. પિતાના ભયે એમને અતિલક્ષ્મી સાથે લગ્ન કર્યા હતા. એમના અને અતિલક્ષ્મીના દામ્પત્યજીવનને પૂર્ણ સફલતામાં ઓછેવત્તે અંશે બાધકરૂપ બની રહી કિશોરાવસ્થાના એ સોનેરી સ્વપ્નોની 'પ્રેમદેવી' ની ખોજ એક

૧ 'મુનશી - અભ્યાસ, જીવન અને સાહિત્ય', સ. રતિલાલ નાયક, પ્રકા વર્ષ ૧૯૭૭, પ્ર.આ પૃ.૬

તલસાટ રૂપે એમના હૃદયમાં હમેંશા વિષાદરૂપે સચવાયેલી રહી હતી કદાચ લીલાવતી સાથેના લગ્ન સુધી અથવા તો એ પછી પણ .. ..!

એ સમયે મુનશીના શ્રદ્ધાવાન ચિત્ત પર હાઇસ્કુલના હેડ માસ્તર મિ. કોન્ટ્રેક્ટરના 'રેફર્મેશન' વિષયના ભાષણોનો ભર પ્રભાવ એમના પર પડયો હોવાથી શ્રધ્ધા અને શંકા વચ્ચે એમનું હૃદય ઝોલા ખાવા લાગ્યું એમની બુધ્ધિ પ્રતિભા ખિલવા લાગી 'પાર્થના સંસ્કૃતમાંજ શા માટે? સંધ્યા કરવાનું ફારસમાં ક્યાં સુધી કરવું? સૂર્ય ધર્મ, કામ મોક્ષ માટે તેના પુરાવા શા? ખગોળશાસ્ત્ર કહે કે એ માત્ર નિર્જીવ તારો છે એ વિચારો પરિપકવ થતાં મુનશીએ સંધ્યા, શિવકવચ. રુદ્રી છોડયા હતા.[2]

ભાર્ગવો મેટ્રિકની પરીક્ષામાં ક્યારેય પહેલે પ્રયાસે પાસ થતા ન હતા. ૧૯૦૧ માં ભાર્ગવ છોકરાઓની જૂની પ્રણાલિકાને તોડીને પહેલે જ પ્રયત્ને મેટ્રિકની પરીક્ષા પાસ કરીને મુનશીએ વડોદરા કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો તોફાન, મસ્તીની સાથે ઇતિહાસ તથા તત્વજ્ઞાનના વિષયમાં એમને વધુ રસ પડવા લાગ્યો. પ્રા જગજીવન શાહ, પ્રો અરવિંદ ઘોષ આ બન્નેનો અદભુત પ્રભાવ એમના પર ઝીલાયો હતો. પરંપરાગત રીતે થયેલા ઉછેરનો પ્રભાવ તો મુનશીના ચિત્ત પર હતો જ તે ધીમે ધીમે દૂર થવા લાગ્યો હતો વર્ણાશ્રમની એમની આસ્થાઓ નષ્ટ થવા લાગી હતી એવે વખતે ભારતીય પ્રજામાં રાષ્ટ્ર ભક્તિનો જુવાળ મધ્યાહ્નને તપતો હતો

હૃદયના સખત દુ:ખાવા ને કારણે માણેકલાલ ૧૯૦૩ માં મૃત્યુ પામ્યા. પિતાનું છત્ર શિર પરથી ઊઠી ગયું આથી એમના અવસાનથી કુટુંબને મુશ્કેલીઓનો તીવ્ર અનુભવ થવા લાગ્યો. માતાની શીતળ છાંપડીનું આશ્વાસન હોવા છતાં ઘરઆંગણે કૌટુંબિક આપત્તિ અને આર્થિક સકડામણમાથી જીજીમા માર્ગ કાઢી આપતા હતાં

અતિલક્ષ્મી બાર વર્ષની થતાંજ તાપીબાઇને ચિંતા થવા લાગી એ વેળાએ શિષ્ટાચાર પ્રમાણે અતિલક્ષ્મીને સાસરે બોલાવવી પડે એમ હતી પરંતુ વહુ વિષયક મુનશીના ખ્યાલો ન્યારા હતા. પોતાના પુત્રને સારી રીતે સમજતા હોવાથી અતિલક્ષ્મીને તેડાવીને જીજીમા એને કનૈયાલાલને અનુરૂપ કેળવવામાં ગુંથાઇ ગયાં અતિલક્ષ્મીના આગમન સમયે મુનશીએ કહ્યું કે-

'અતિ ઘેર આવવાની છે પણ તે તદ્દન અભણ છે અને એની માં એને ભણાવતી નથી ને બાને ભણાવવા દેવી નથી.'[3] અનિચ્છાએ પિતાને વશ બનીને લગ્ન કરનાર મુનશીની વેદના અસહ્ય બની જાય છે. એમાંય પ્રશ્ચિમી વાંચનનો પ્રભાવ એમને આત્મકેન્દ્રી બનાવી મૂકે છે એમને તો પ્રેમવિવાહ કરી શકે અને કેન્ટ કે સ્પેન્સર સાથે વાંચે એવી 'સખી' ની જરૂર હતી અને મળી અભણ અતિલક્ષ્મી. યુવાવસ્થામા એમને માનસિક આઘાત લાગ્યો સંસારની અતૃપ્તિઓ એમને કોરી ખાવા લાગી જાણે સંસારનો આરંભ કરીને એમના હૃદયમાં બિરાજમાન એવી 'પ્રિય દેવી' નો દ્રોહ કરતા હોય એવી અનુભૂતિ એમને થવા લાગી.

આવા અશાંત મગજને પરિણામે રાત્રે પુરતી ઊંઘ પણ તેઓ લઇ શકતા ન હતા. એથી એ વાંચન તરફ વળી ગયા. એ વર્ષે એમને ફ્રાન્સ નો વિપ્લવનો અભ્યાસ, હ્યુગોની કૃતિઓ અને

---

૨ એજન - પૃ ૧૦

દુમાની દરેક કૃતિઓ અનેકવાર વાંચી. વર્ડઝવર્થ, બાયરન, શૈલી અને ટેનીસનનાં બધાં કાવ્યો તેઓ વાંચી ગયા હતા. એ વર્ષે પરીક્ષામાં પ્રથમ વર્ગે પાસ થઇને એમણે 'અંબાલાલ સાકરલાલ પારિતોષક' મેળવ્યું હતું સોળમે વર્ષે એમણે તત્વજ્ઞાન વાંચવા માંડ્યું ને સત્તરમે વર્ષે જર્મન તત્વવેત્તા કેન્ટનું 'શુધ્ધ પ્રમાણનું પૃથક્કરણ સમજવાના પ્રયાસો કરવા માંડ્યા.

૧૯૦૫ની જન્મતીથિએ એમણે લખ્યું છે કે:

"મને અઢાર વર્ષ પૂરાં થયાં, તેમાં છ મહિના તો હું ગમગીનીમાંથી છૂટી શક્યો નહિ. મારે કર્મે હવે બહું થોડુ જીવવાનું લખાયું છે પણ એટલા માટે, મારે મારા દેશને માટે ને મારા દેશબંધુઓ માટે કંઇક ચિરંજીવ કરી જાઉં એવી મારી ઇચ્છા છે."[૪] આ સમય ગાળામાં ભારતમાં રાજકીય પરિવર્તન થઇ રહ્યું હતું. બીજી બાજુએ તાપીબાઇએ અતિલક્ષ્મીને મુનશીને અનુકુળ બનાવી દેતાં અવ્યવસ્થિત રહેતા મુનશીની દરેક વસ્તુઓ હવે વ્યવસ્થિત રહેવા લાગી. આજ્ઞા કરતાંની સાથે જ જરૂરી વસ્તુઓ લઇને અતિલક્ષ્મી હાજર રહેતી હતી. આમ, સમગ્ર અસ્તિત્વને પતિ માટે સમર્પિત કરતી અતિલક્ષ્મીના નાજુક હૃદયને ઠેસ પહોચાડવાનું સાહસ મુનશી કરી શક્યા નહોતા.

બી.એ. માં સેકન્ડ ક્લાસમાં પાસ થઇને એમણે 'ઇલિયાટ પરિતોષક' મેળવ્યુ હતું. મુંબઇમાં એલ.એલ બી થવાના ઇરાદાએ અને એમને નાટકનો ચસકો લાગવા માંડ્યો. 'ઝેરીસાપ' ને 'ફાંકડો ફિતુરી' નાટકોએ અને અમૃતકેશવ જેવા નાયક તથા જેહર જેવાં પાત્રોનો એમના પર પ્રભાવ પડયો હતો. 'ઝેરી સાપ' તો એમણે પંદરથી ય વધુ વાર જોયું હશે.

'જેવી મને ત્યજી, એમ બીજીને ત્યજશો નહિ;

કોઇ પ્રીતિવશ અબળા બિચારી, ભોળીને ઠગશો નહિ.'[૫]

ઉપરની હૃદયદ્રાવક પંક્તિઓ જાણે પોતાને માટે સર્જાઇ હોય એવી એમને અનુભૂતિ થવા લાગી. આવા મનોમંથનના સમયમાં બધા એલ.એલ.બી. ની પરીક્ષા પાસ કર્યાનો આનંદ લૂટતા હોય ત્યારે મુનશીને આખું જગત ખાલી ભાસે છે. છતાંય એડવોકેટ થવાની તૈયારી સાથે લક્ષ્મી સાથેનો ઘરસંસાર ચાલે છે. લક્ષ્મીના પતિપ્રેમની કદર કરતાં મુનશીએ આમ નોંધ્યું છે:

"આ બધો સમય નાનકડી લક્ષ્મી નિ:શબ્દ સેવાથી મારા પર કાબૂ મેળવ્યે જતી હતી એની સમગ્ર પ્રવૃત્તિનું મધ્યબિંદુ હું હતો. મારા ઊઠતા પહેલા તે ઊઠે ને બધી તૈયારી કરી મૂકે મારી આદતને રુચિ અનુરૂપ ખાવાનું કરે આ બધું કંઇ સહેલું ન હોતું. હું તો હમેંશા નો કાગલો.'[૬]

ત્યાગ અને સમર્પણની ભાવનાથી અતિલક્ષ્મી મુનશીના હૃદય પર પોતાનું સામ્રાજ્ય સ્થાપવા લાગી. જાણે જીજીબાની કેળવણીને સાર્થક કરતી હોય. અને આમ એ બન્ને આત્માથી એક એવા એકબીજાના બની રહ્યાં.

૧૯૧૩માં તેઓએ વકીલાતના વ્યવસાયમાં ઝંપલાવ્યું પણ અતિ દરિદ્રતાને ઉપસાવી આપતાં એમનાં વસ્ત્રોને પરિણામે કોઇ ન્યાયમૂર્તિ એમની સાથે હાથ મેળવતા ન હતા. એ સમયના નામાંકિત વકિલ ભૂલાભાઇ દેસાઇએ ધરમ ધક્કા ખવડાવ્યા. શરીરમાંથી લોહિ ચૂસાઇ જાય ને

---

૪ એજન. - પૃ.૧૨

૫ 'એજન. - પૃ.૧૫.

૬. એજન. - પૃ.૧૬

માત્ર હાડપિંજર રહી જાય એવા કપરાને ભીસવાળા સમયે એમણે અપૂર્વ હિમ્મત દાખવીને મોડે સુધી ન્યાયાલયમાં વકીલાતના વ્યવસાયને લગતા પુસ્તકોનો સઘન અભ્યાસ કરીને પોતાની પ્રતિભાને અને વ્યક્તિત્વને મજબૂત બનાવવાનો ખાસ્સો એવો પરિશ્રમ કર્યો. સ્ટેગમન ન્યામૂર્તિ આખી કોર્ટને ધ્રુજાવે એવા હતા. એમણે મુનશીની વકીલાતથી પ્રભાવીત થઇને એમની પીઠ થાબડી હતી એ પ્રથમ કેસ જીત્યા. એ પછી તો કોર્ટના વ્યવસાયમાં એક પછી એક સફળતાઓ મેળવતા ગયા. એટલામાં પ્રથમ વિશ્વયુદધ ફાટી નીકળ્યું એમા એમને અનેક કેસો મળી રહેતાં પૈસાની છોળો ઊડવા લાગી.

એક તરફ વકીલાતનો વ્યવસાય ચાલુ હતો અને એની સમાન્તરે મુનશીની સાહિત્ય પ્રતિભા પણ વિકસતી રહી હતી. ચંદ્રશંકર પંડ્યા એમને લેખકોના મિત્રમંડળમાં લઇ ગયા. એમના આગ્રહ ને વશ થઇને એમણે 'ઘનશ્યામ વ્યાસ' ના તખલ્લુસથી 'સ્ત્રી બોધ' માં વાર્તા પ્રસિદધ કરી હતી. ૧૯૧૪ માં ચૌદ આનાના લોભે એમણે 'વેરની વસુલાત' લખવા માંડી. એ વાર્તાના 'તનમન' ના પાત્રથી વાચકવર્ગ પ્રભાવિત થઇ ઊઠયો હતો. એમની સર્જકતા હવે સોળે કળાએ ખીલવા લાગી. ૧૯૧૫ માં એમણે 'હિન્દુસ્તાન અને પ્રજામિત્ર' માં 'કોનો વાંક?' નવલકથા લખવા માંડી.

અભ્યાસના વર્ષોમાં મુનશીને ઇતિહાસનો શોખ હતો. કોલેજ કાળમાં જ એમણે ઇતિહાસ અંગે લેખ લખેલો. 'ગુજરાતી' પત્રના નિમંત્રણને માન આપીને 'પાટણની પ્રભુતા' શીર્ષકવાળી ઐતિહાસિક નવલકથાને રચી 'વીસમી સદી' માસિકમાં એમણે 'ગુજરાતનો નાથ' અને એજ માસિકમાં 'પૃથ્વિવલ્લભ' નવલકથા પણ લખી હતી

સાહિત્યના ક્ષેત્રે અને વકીલાતના વ્યવસાયમાં એમને સારો એવો પૈસો જ નહીં પરંતુ કીર્તિય મળવા લાગી. પૈસાનું આગમન થતાં ઘરની આર્થિક સ્થિતિ સુધરવા લાગી અને ઘરમાં સુખ-શાંતિનો વાસ થવા લાગ્યો. ૧૯૨૨ માં 'ગુજરાત' માસિકના તંત્રી પદે તેઓ બિરાજ્યા હતા. એજ વર્ષે એમને વિલક્ષણ વ્યક્તિનો પરિચય થયો. એ હતાં લીલાવતી. 'તનમન' ના પાત્રથી અતિ પ્રભાવિત થઇને એના સર્જકને મળવાની એમને ઘણી ઇચ્છા હતી. મુનશી અને લીલાનો પરિચય થયો. આ પરિચય ધીમે ધીમે વધતો ગયો ને મુનશી લીલાવતીના સ્નેહબાણનો ભોગ બન્યા. એમના હૃદયમાં રહેલી બાળપણની 'પ્રિય સખી' ના દર્શન લીલાવતીમાં એમને થવા લાગ્યાં. એકમેકની અતિ નિકટ આવેલા લીલા-મુનશી લોકજીભે રમવા લાગ્યાં અનેક કપરાં ચઢાણો પછી અતિલક્ષ્મીના જીવનમાં સુખનો સૂરજ ઊગ્યો હતો. સુરાગી બનેલા લક્ષ્મી-મુનશી ની દામ્પત્યજીવનમાં લીલાવતીનું આગમન લક્ષ્મીના સુખને માટે નડતર રૂપ બન્યું મુનશી પત્નીને પૂર્ણ પણે વફાદાર રહીને સંયમી જીંદગી જીવવા લાગ્યા. લક્ષ્મીએ લીલાવતી પર વિશ્વાસ મૂક્યો. પરંતુ યુરોપના પ્રવાસ પછી મુનશીની પ્રણય પિપાસા તીવ્ર બની જતાં. એમણે જીજીમા આગળ પોતાના હૃદયની વેદના ઠાલવી લીલાને છોડે તો પોતે મરી જશે અને લક્ષ્મીને છોડે તો આત્મતિરસ્કાર માં મોત હશે. આવી અનિર્ણયાત્મક કરુણ પરિસ્થિતિમાં મુનશી ભીંસાવા લાગ્યા. પ્રણય સંઘર્ષભર્યા વાતાવરણમાં એમનું એક વર્ષ વીતી ગયું ત્યાં એક અણધારી ઘટના

બને છે. લક્ષ્મીને કસુવાવડમાં સુવાનો રોગ લાગુ પડતાં એ મૃત્યુ પામી આથી મુનશી ને લીલા માટેનો માર્ગ મોકળો બની ગયો લીલાવતીના પતિ લાલભાઇના મૃત્યુ પછી મુનશી-લીલાવતી એ લગ્ન કરી લીધાં.

મુંબઇની કોર્ટમાં તેઓ સારું એવા કમાવા લાગ્યા હતા. ખર્ચાળ સ્વભાવને પહોંચી વળવા માટે કામમા મસ્ત બનીને રહેવા લાગ્યા. ગુજરાતી સાહિત્યના ઉદ્ધાર સાથે તેઓ લખતા ગયા આથી એમને કીર્તી ને પૈસા બંને મળવા લાગ્યાં.

આ અરસામાં મુનશીએ બારડોલી સત્યાગ્રહમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. નીતિ વિષયક મતભેદને કારને કોગ્રેસમાંથી છુટ્ટા થઇને એમણે 'અખંડ હિન્દુસ્તાન' કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો. એમના આ કાર્યને લીધે એમને રાષ્ટ્રવાદના વિરોધી ગણવામાં આવ્યા હતા. છતાંય અડગતાથી પોતાના કાર્યને વેગ આપવામાં જ તેઓ રત રહેતા. 'હિંદ છોડો' આંદોલનને કારણે ગાંધીજી સહિત અનેક લોકસેવકો જેલ બહાર ભારતના પ્રશ્નોનો કંઇ ગૌરવ પૂર્ણ નિવેડો આવે એની મથામણ કરતા હતા

'સ્વરાજ' પ્રાપ્ત થતાં નિષ્ઠાવાન પીઢનેતાઓની કોગ્રેસને તાતી એવી જરૂરિયાત ઊભી થતા ગાંધીજીને મુનશી યાદ આવ્યા. મુનશી પ્રતિભાથી અંજાઇને ગાંધીજીએ એમને પાછા કોગ્રેસમા બોલાવ્યા. પણ સ્વમાનના ભોગે પાછલે બારણે કોંગ્રેસમાં પ્રવેશવાની મુનશીએ સ્પષ્ટ શબ્દોમા 'ના' પાડી દીધી હતી ગાંધીજી અને સરદાર પટેલે મુનશીની સાથે આ અંગે લાબો પત્ર વ્યવહાર કર્યો અંતે તેઓ સ્વમાનપૂર્વક કોગ્રેસમાં પાછા જોડાયા. સ્વરાજ મળ્યા પછી મુનશીને માથે અતિ મહત્વની જવાબદારી આવી પડી હતી હૈદરાબાદના એજન્ટ જનરલ તરીકે સફળ કામગીરી બજાવીને નિઝામ શાસનનો અંત લાવીને હિંદુસ્તાનને એક બનાવવા એમણે મહત્વનું યોગદાન આપ્યું હતુ

એક બાજુ તેઓ રાજકરણમાં પ્રવૃત્ત બન્યા ને બીજી બાજુ એ સાહિત્યના ક્ષેત્રે પોતાનુ યોગદાન આપવાનું ચાલુ રાખ્યું હતું. રાજકીય ક્ષેત્રે કેળવણી ક્ષેત્રે અને સાંસ્કૃતિક ક્ષેત્રે મુનશીએ મહત્વની સેવાઓ આપી છે પરંતુ મુનશીનું અત્યંત મહત્વનું ચિરંજીવ અને સમૃધ્ધ પ્રદાન તો સાહિત્યના ક્ષેત્રમાં છે. લેખક પ્રવૃત્તિનો આરભ તો એમણે 'કલા કાતર કલા' ના હેતુથી નહીં પરંતુ આર્થિક સધ્ધરતા મેળવવાને કારણે કર્યું હતુ પરતુ એમાં એમને મળેલી અણધારી સફળતા પ્રાપ્ત થતા એમની સાચી પ્રતિભાને પાંગરવા માટેનો માર્ગ મોકળો બન્યો હતો

જુના ચાતરેલા ચીલાને તોડીને નવી પ્રણાલિકાનું સ્થાપન કરનાર રંગદર્શી સાહિત્યકાર તરીકે, અગ્રગણ્ય ધારાશાસ્ત્રી તરીકે, સફળ રાજનીતિજ્ઞ તરીકે, સાહિત્ય પરિદના તથા વિદ્યાભવનના સંચાલક તરીકે ગુજરાતની અસ્મિતાના પૂજક તરીકે એમ જીવનના વિવિધ ક્ષેત્રે મુનશીની શક્તિ ને સેવાઓ ફેલાયેલી જોવા મળે છે.

**નવલકથાકાર મુનશીઃ-**

સાહિત્યના વિવિધ પ્રકારના ક્ષેત્રમા પદાર્પણ કરનાર મુનશીની પ્રખ્યાતિ પ્રધાનતઃ નવલકથાકાર તરીકેની છે એમા ય વિશેષ રૂપે ઐતિહાસિક નવલકથાકારના રૂપમાં જોવા મળે

છે. એમને સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક ક્ષેત્રે એમ પાછલે ડગે જઇને નવલકથાઓનું સર્જન કર્યું છે

'વેરની વસુલાત', 'કોનો વાંક?', 'સ્વપ્નદ્રષ્ટા' અને 'તપસ્વિની' ૧ થી ૩ ભાગ. આ એમની સામાજિક નવલકથાઓ છે

'વેરની વસુલાત' નવલકથાથી એમણે નવલકથા સાહિત્ય સ્વરૂપમાં પ્રવેશ કરીને પ્રજાનું હૃદય જીતી લઇ વિવેચકોનું ધ્યાન ખેચ્યું હતું. એમની આ પ્રથમ નવલકથાકાર ગોવર્ધનરામની 'સરસ્વતીચંદ્ર' ની અસર ઝીલાયેલી છે અને બીજી બાજુ એ ડુમાની 'કાઉન્ટ ઓફ મોન્ટે ક્રિસ્ટો' ના વસ્તુ ની છાયા પણ સ્પષ્ટ જોઇ શકાય છે [૭] છતાંય એમાંથી ફલિત થતો 'બોધ' જુદા પ્રકારનો છે. આ કૃતિમાં એમના જીવનના અનુભવોનું પ્રતિબિંબ ઝીલાયેલું જોવા મળે છે. એ અમુક અંશે આત્મકથાત્મક પણ છે. 'વેરની વસુલાત' માં મધ્યમવર્ગની એક વિધવાના પુત્ર જુગલકિશોર અને તનમનની કરુણ પ્રેમકથા છે. રજવાડાંની ખટપટના પરિવેશની ભૂમીકા પર રચાયેલી વાર્તામાં જુગલ-તનમનની પ્રણયોર્મિ અને અનંતાનંદની ભાવનાશીલતાના રંગદર્શી અને કૌતૃકરાગી નિરૂપણે, એમની નવીન ને આકર્ષણ શૈલીથી 'ઘનશ્યામ વ્યાસ' ઉર્ફે કનૈયાલાલ મુનશીને લોકપ્રિય વાર્તાકરના સિંહાસને બેસાડી આપ્યા

'કોનો વાક?'માં સામાજિક પરિસ્થિતિ અને પ્રશ્નોનું નિરૂપણ અને માત્ર સુધારક નહી પરતું બળવાખોરોનું નિરૂપણ મહત્વનું બન્યું છે પોતાના અનુભવોમાંથી ભાથુ લઇને મુંબઇના જીવાતા જીવનમા યુવાન હૈયા દ્વારા અનુભવાતી રૂંધામણો અને સમાજનાં અન્ય દૂપણો તથા બંધનોનું આલેખન મહત્વનું બની રહે છે. 'વેરની વસુલાત' ની તનમન અહીં મણીમા પરિવર્તન પામીને આવતી લાગે છે. એમની પ્રથમ કૃતિને મળેલી સફળતા જેવી આ કૃતિ સફળ ન બની હોવા છતાં એક લેખક તરીકેની લાક્ષણિકતા આમા પ્રગટી ઊઠે છે.

કોલેજ કાળના અનુભવોની સામગ્રી લઇને 'સ્વપ્નદ્રષ્ટા' કૃતિમાં વીસમા દાયકાના પ્રથમ દસકાનુ ચિત્ર આલેખવામાં આવ્યું છે. રાષ્ટ્રીયતાના ઊછળતા જુવાળમાં આદર્શઘેલા અવાસ્તવિક સ્વપ્નોમાં રાચતા અને અતે વાસ્તવિકતાના કઠોર ભૌતિકસ્પર્શે નિર્ભાન્ત થતાં સુદર્શનની કથાનું આલેખન થયુ છે આ કૃતિના ઘણાખરા પ્રસંગો સાચા અને મોટેભાગે સ્વાનુભવલક્ષી છે. એનો સ્વપ્નીલ નાયક સુદર્શન તે મુનશી પોતે જ છે.

હિન્દના લુપ્ત થઇ જતાં પ્રાણને પુન: પ્રગટાવવાના સ્વપ્નો સુદર્શન જુએ છે. એ ગાધી પ્રેર્યા માર્ગે કે બુદધને માર્ગે નહી એને તો એકવીસમવાર પૃથ્વીને નક્ષત્રી કરનાર પરશુરામ કે ઔવ કે ચાણક્ય ને માર્ગે ચાલવાનું પસંદ છે. બંગાળના ભાગલા થવાથી એની સ્વપ્નશીલતા ઉત્તેજાય છે. સહાધ્યાયી મિત્રોને પોતાની યોજના સમજાવતા કહે છે કે "આપણી માનાવતા કહોવાઇ ગઇ છે આપણે અસંખ્ય છીએ. પણ આપણા જુસ્સામાં વ્યવસ્થાત્મક ઉત્કાહ નથી.[૮] આથી જ ચપટીમાં ચોળી નંખાય એટલા અંગ્રેજો હિન્દ પર શાસન કરે છે. દેશમાં સબળ વ્યવસ્થાને પ્રસ્થાપિત કરવી હોય તો રાષ્ટ્રીય એકતા સિદધ કરવાનુ એકમાત્ર સાધન 'વિપ્લવ' જ છે એમ

૭ 'મુનશી - અભ્યાસ . જીવન અને સાહિત્ય', સ રતિલાલ નાયક, પ્રકા. વર્ષ ૧૯૭૭, પ્ર આ., પૃ ૬૦
૮ એજન. - પૃ ૬૯

એ માને છે દેશના ઉધ્ધારની એને ઘેલછા લાગી છે. એવે વખતે મિત્રો સુરત કોંગ્રેસ વખતે ભેગા મળે છે કોંગ્રેસના નેતાઓ સમાધાન ન થાય એવા પ્રયત્નો આદરે છે. અહીયા કોંગ્રેસ તૂટે છે જે સુદર્શનને ગમતુ નથી મિત્રો એનાથી છુટા પડે છે. સુદર્શનના પિતા સરકારી અધિકારી હતા અને એમનો પુત્ર સુદર્શન સરકાર વિરોધી પ્રવૃત્તિમાં રસ લે છે સુદર્શનના સસરા બનાવટી વોરંટ કઢાવીને એને બેરીસ્ટર થવા માટે વિલાયત મોકલી આપે છે

પરદેશથી પાછો ફરેલો સુદર્શન સાવ બદલાઇ જાય છે. મિત્રોનો સાથ છુટી જવાથી એનો ઉત્સાહ ઓસરતો જાય છે. એની સખી પણ પરણી ગઇ હતી સુલક્ષનાને એ ધિકકારતો હતો. મુનશીએ સુદર્શનના પાત્ર દ્વારા આશાવાદ, અધીરા, તરંગી, બાલીશ યોજનાઓની પાછળ ઘસડાવા યુવાવર્ગની ભાવનાશીલતાની ક્રૂર વિડંબનાને અભિવ્યક્ત કરી છે. આ કૃતિમાં નિરૂપાયેલી ભાષામાં ચમક છે અને અનાં ચિત્રાત્મક વર્ણનો ધ્યાન ખેંચે એવાં છે.

લાંબા સમય પછી એમની પાસેથી 'તપસ્વીની' પ્રાપ્ત થાય છે-આમાં ૧૮૫૭ ના વિપ્લવથી ૧૯૩૭ સુધીના ગુજરાતના સામાજિક, રાજકીય પ્રવાહોનું આલેખન થયું છે સમાજદર્શન કરતાં કૃતિનો મોટો ભાગ રાજકીય વૃતાંત સાથે સંકળાયેલો છે. આખી કૃતિમાં પશ્ચિમની સંસ્કૃતિના સદર્ભો પૂર્વેની આર્ય સંસ્કૃતિમાં રહેલા પરંપરાગત નૈતિક-આધ્યાત્મિક જીવનમૂલ્યોના વિજયનું દર્શન કરાવવાનો એમનો ઉપક્રમ દેખાય છે

એમની અન્ય કૃતિઓની જેમ આમાં પણ કંઇક અંશે આત્મકથનાત્મક લક્ષણ જોવા મળે છે એમનાં પાત્રો અને પ્રસગો એમની 'સીધાં ચઢાણ', 'સ્વપ્ન સિધ્ધિની શોધમા', 'I Follow the Mahatama' અને અન્ય કૃતિઓમાં જોવા મળે એવા છે એમના પ્રગતિશીલ જીવનની અને એ દ્વારા પોતાનો પ્રભાવ પાડવાની ઝંખના અને એમના આસ્થા ભર્યા પ્રસંગોનું આલેખન આત્મકથામાં થયું છે મુબઇમાં આવી આશા સાથે ગયેલા અકિંચન મુનશીની જેમ આત્મસંસ્કારથી સમૃધ્ધ નિર્ધન બ્રાહ્મણ ગણપતિશંકર શાસ્ત્રીનો પૌત્ર રવિશંકર પણ જાય છે. એ બીજા પર પોતાનો પ્રભાવ પાડવામાં જ જીવનનું સાર્થક્ય માનતો હોય છે. આ કૃતિમાં મુનશી લીલાનુ પ્રતિબિંબ ઉદય-શીલાના પાત્રોમા જોવા મળે છે ગાંધીજીના રાજકીય વિચારોથી ઘડાયેલા મુનશીના રાજકીય વિચારોની છાયા એમાં જોવા મળે છે. આ કૃતિ સ્વરાજ પ્રાપ્તિના પુરુષાર્થની કથા છે. એમાં નિરૂપાયેલાં પાત્રો મધ્યમવર્ગના ભદ્ર સમાજનાં છે કથાનક પર એમની પકડ ઢીલી પડતી હોવા છતાં એમની કથનકલા વાચકને જકડી રાખે એવી છે. જીવંત પાત્રોના નિરૂપણમાં, નાટયાત્મક વસ્તુ નિરૂપણમા, ચિત્રાત્મક વર્ણન કલામાં, ચમકારા ભર્યા સંવાદોમાં મુનશી ઝળકી ઊઠે છે. છતાંય અગાઉની કૃતિઓની જેમ આ કૃતિ એટલી લોકપ્રિય બની નથી.

રવિ ને ઉદય અને શીલાને રાજ એ આ કૃતિના નાયકો ને નાયિકાઓ છે. રવિ ને ઉદય પ્રમુખ પાત્રો હોવા છતાં બન્નેના ચિત્રણમા જુદાં જુદાં પાસાંઓનું પ્રતિબિંબ છે એકમા વ્યક્તિઘડતરનું ને બીજામાં પ્રણયજીવનનું છતાંય રવિ મુખ્ય નાયક અને ઉદય ઉપનાયક બની રહે છે. રવિના પાત્ર દ્વારા જ કૃતિનું હાર્દ સ્ફુટ થાય છે એથી જ કથાનકનો આરંભ અને અંત રવિથી થાય છે. એમ હોવા છતાંય રવિના પાત્ર કરતાં ઉદયનું પાત્ર આકર્ષક લાગે છે. અહીંયા

પ્રશ્ન થાય છે કે તપસ્વિની કોણ? લગ્નજીવનથી ભગ્ન થયેલી શીલા ઉદયમાં કવિનું. અને લગ્નસુખથી વિમુખ ઉદય શીલામાં તપસ્વિના દર્શન કરે છે. તપસ્વિનીને સ્થાને બેસાડી શકાય એમ છે. કારણ કે કૃતિનુ આધ્યાત્મિક તત્ત્વ રાજના પાત્ર દ્વારા પ્રગટે છે ને શીલા ને ઉપનાયિકાને પદે પ્રસ્થાપિત કરે છે.

આ કથાનકમાં આવતાં રાજબા, રવિ, શીલા, ઉદય, ગણપતિશંકર, રાધારમણ જેવાં પાત્રો પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વની છાપ લઇને આવતાં તેજસ્વી પાત્રો છે ગણપતિશંકર ને રાધારમણના સર્જનમાં મુનશીની પાત્ર નિરૂપણની શક્તિનો પરચો મળી રહે છે. રવિ-રાજ મુખ્ય પાત્રો હોવા છતાંય એ ઉદય-શીલા જેવાં જીવંત ને આકર્ષક લાગતાં નથી. 'રાજાધિરાજ'ની રાણકદેવી કે 'જય સોમનાથ' ની ચૌલા જેવું આધ્યાત્મિક તેજ રાજ ધારણ કરતી હોય એમ અનુભવાય છે.

**ઐતિહાસિક નવલકથાકાર : મુનશી :-**

સામાજિક નવલકથાઓના સર્જનથી લેખનકાર્યમાં પ્રવેશ કરનાર મુનશીની ખરી કારકિર્દી તો ઐતિહાસિક નવલકથાથી આરંભાય છે. એમની પ્રથમ ઐતિહાસિક નવલકથા માટે શકરપ્રસાદ રાવળે આમ નોંધ્યું છે "આપણા જીવંત વર્તમાન કાળ પાસે આપણા જીવંત અને ઉજ્જવળ ભૂતકાળની પૂજા કરાવતી ખુદ ગુજરાતના ઇતિહાસની નવલકથા તો આ પહેલવહેલી છે [૮]

શિથિલ વસ્તુસંકલના હોવા છતાંય 'પાટણની પ્રભુતા' વાચકચિત્તને રસપ્રવાહમાં નિમગ્ન રાખતી, પ્રસંગ પરંપરા અને એનું કલાયુક્ત સંયોજન કરતી જોવા મળે છે. ગુજરાતી ઐતિહાસિક નવલકથાએ તો 'પાટણની પ્રભુતા' માં આ તત્ત્વ પહેલીવાર જોયું. કર્ણદેવ સોલંકી અને તેના પુત્ર સિધ્ધરાજના સમયના બનાવોને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ નવલકથા છે. રાજકર્ણદેવના અવસાન સમયે સગીર જયદેવના વાલીપણા દ્વારા સત્તાનું સુકાન પોતાના હાથમાં લેવા માટેની વડેશંરાઓની ખેંચતાણનું આમા નિરૂપણ થયું છે. સત્તા અને સંઘર્ષની કથાની સમાન્તરે મીનળ-મુંજાલ, હંસા-દેવપ્રસાદ અને ત્રિભુવન-પ્રસન્નના વિવિધ પ્રેમસંબંધોની પ્રણયગાથા ગુંથાઇ છે. આગ, ધર્મઝનુન, ઘોડાદોડ, ખટપટો રહસ્યોની સામગ્રી કુતૂહલપ્રેરક અતિરંજન ભૂમિકા પૂરી પાડે છે.

'પાટણની પ્રભુતા' ની કથાને આગળ વિસ્તારી આપતી 'ગુજરાતનો નાથ' મુનશીને યશ પ્રાપ્ત કરાવી આપતી ઐતિહાસિક નવલકથા છે. આમાં એમની સર્જક પ્રતિભાને મોકળો અવકાશ પ્રાપ્ત થવાથી એમની પ્રતિભા સર્વોચ્ચ શિખરો સર કરે છે. વડીલોના બંધનોમાંથી મુક્ત થવા મથતો જયસિંહ કથાનાયક છે. તો મુંજાલની રાહબરી નીચે ગુજરાતનું રાજ્ય એકત્રિત થતું દેખાય છે. પાટણની દષ્ટિએ આ કૃતિની મુખ્ય બે ઘટનાઓ છે. પાટણ ચઢી આવેલા અવંતીના સેનાપતિ ઉબક સાથે સજોગોવસાત્ સંધિ અને પાટણની ભિડાયેલી સ્થિતિનો લાગ લઇ ભીંસ માંગતા સોરઠના રા'નવઘણનો પરાજય. પરંતુ આ રાજકથા ગૌણ બની જાય છે. આની સાથે અન્ય ઘટનાઓ પણ છે. ઉબક સાથે આવેલ યુવાન યૌધ્ધા કીર્તિદેવ, કુંવર ખેંગાર તથા કાકભટ્ટ આ

૮ એજન. - પૃ ૭૬

ઘટનાના કેન્દ્રસ્થાને છે. રાજદારી ઘટના સાથેના સંબંધે તેમજ પ્રત્યેકની અંગત કથાઓમાં આગવાં કુડાળાંને પરિણામે આ સૌની પરસ્પર સંબંધોની રચાતી સંકુલ જાળ એ જ આ કથાનો મુખ્ય વિસ્તાર રહે છે.

'ગુજરાતના નાથ' ને આગળ વિસ્તારતી 'રાજાધિરાજ' નવલકથા ઘણા લાંબા સમય પછી મળે છે. વચ્ચેના સમયમાં અન્ય કૃતિઓ પણ રચાય છે 'રાજાધિરાજ' કથાનાં પાત્રો તેમના કથનપ્રવાહમાં વહેતાં વહેતાં લેખકની કસાયેલી કલમની પ્રતીતિ કરાવે છે. સોરઠને જીતવા ને રાણકને મેળવવા માટે રા'ખેંગાર પર જયસિંહ ચઢાઇ કરે છે. બીજી બાજુ એ ખેંગારના રહસ્યમય આમંત્રણથી કાક સોરઠ જવા નીકળે છે અહીંયાથી કથાનો આરંભ થાય છે. સોરઠનો વિજય એ મુખ્ય વસ્તુ છે. તો કાકની ગેરહાજરીમાં ભૃગુકચ્છમાં ઊઠતું, લાટને સ્વતંત્ર કરવા માગતા રેવાપાલનું બંડ એ વસ્તુનું બીજું કેન્દ્ર છે. બે કેન્દ્રમાં વહેંચાયેલી કથાનો પથરાટ વધ્યો છે. નાટયાત્મક પ્રસંગો બને છે. અને પ્રસંગવશાત્ નિરૂપણરીતિ બદલાય છે.

'પૃથ્વિવલ્લભ' નવલકથા 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' ના વચ્ચેના સમયગાળામાં પ્રાપ્ત થાય છે એમાં ધારાનગરીના રાજા મુંજના અલ્પાંશે ઐતિહાસિક અને મહદંશે અનુશ્રુતિ પ્રાપ્ત ચરિત્રને રજૂ કરાયું છે રસિક કવિ અને વીર-વિલાસી મુંજનુ તેના હાથે અનેકવાર પરાજય પામેલા તૈલપ દ્વારા, તેના સામંત ભિલ્લમરાજની સહાયથી કેદ પકડાવુ અને કેદમાંથી છૂટવાના નિષ્ફળ કાવતરાની શિક્ષારૂપે હાથીના પગે થવું એ પ્રમુખ ઘટના છે મુંજાલ અને તૈલયની વૈરાગ્યવતી તથા સત્તાધીશ મૃનાલવતીનો પ્રેમપ્રસંગ. ભેંજ અને ભિલ્લમની પુત્રી અને તૈલયના પુત્રી સત્યાશ્રમની વાગ્દતા વિલાસની પ્રણયકથા સહાયક ભૂમિકા પૂરી પાડે છે મુંજ અને મૃણાલ મુનશીનાં ઉત્તમ પાત્રો છે.

'ભગવાન કૌટિલ્ય' પણ 'રાજાધિરાજ' અને 'જય સોમનાથ' ની વચ્ચે રચાયેલી કૃતિ છે. આ કૃતિ ઇતિહાસના આરંભકાળમા લઇ જાય છે. 'કૌટિલ્ય' તરીકે પ્રસિદ્ધિ પામેલા સમર્થ રાજનીતિજ્ઞ વિષ્ણુગુપ્ત ચાણક્યને મુખ્યપાત્ર લઇને સર્જાયેલી આ કથામાં ચંદ્રગુપ્ત મૌર્ય ચાણક્યની સહાયથી રાજ્યક્રાંતિ પહેલાનું પાટલીપુત્રના નંદવંશના છેલ્લા રાજા ધનનંદ ના રાજ્ય સમયનું ચિત્ર અહીં રજૂ થયું છે. આમાં રાજ્યક્રાંતિનો પૂર્વરંગ છે. સોલંકી કથાશ્રેણીમાં ત્રણેય કૃતિઓ પૂર્વાપર સકલનાત્મક શ્રેણી બદ્ધતાને કારણે બૃહત્કથા બની જતી લાગે છે. પૂર્વપ્રચલિત એવાં પાત્રોની સ્મૃતિઓ જગાવી જતાં હોવા છતાં વિષ્ણુગુપ્ત તથા વકનાસ, ચદ્રગુપ્ત, સેનાપતિ, ગૌરી અને મૈનાકી જેવાં પાત્રો સ્મરણીય પાત્રો છે

બે ભાગમાં વિભાજિત કથાના પહેલા ભાગમાં વિષ્ણુગુપ્ત પાટલીપુત્ર પ્રવેશથી હલચલ મચી ઊઠે છે તો બીજીમાં પૌરાણિક ઋષિયુગ તાદૃશ્ય કરતું નૈમિષારણ્ય છે.

**નાટ્યકાર : મુનશી :-**

સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક નવલકથાઓ સર્જનાર મુનશી પાસેથી આ ત્રણેય ક્ષેત્રમાં સર્જાયેલાં નાટકો ઉપલબ્ધ થાય છે તેઓ એક અગ્રગણ્ય નાટયકાર છે. નવલકથા પછી આ એમનું પ્રિય સર્જનાત્મક સ્વરૂપ છે

'વાવાશેઠનું સ્વાતંત્ર્ય', 'બે ખરાબ જણ', અને 'આજ્ઞાંકિત' આ ત્રણ સામાજિક નાટકો તથા 'કાકાની શશી', ' બ્રહ્મચાર્યાશ્રમ", 'પીડાગ્રસ્ત પ્રોફેસર' (સ્નેહ સંભ્રમ), 'છીએ તે જ ઠીક' અને 'વાહ રે મેં વાહ' એ નાટકો એમણે લખ્યાં છે.

'પુરંદરપરાજય', 'અવિભક્ત આત્મા', 'તર્પણ', 'પુત્ર સમોવડી' એ પૌરાણિક કથાનક પર રચાયેલી એમની નાટ્યકૃતિઓ છે. 'ધ્રુવસ્વામિની દેવી' એ દરમ્યાન રચાયું હતુ.

સોલંકી સમયની નવલકથા પૂર્ણતાએ આવતાં જ મુનશી નાટ્યક્ષેત્ર કલમ અજમાવે છે. નાટક સર્જનમાં ય નવલકથાઓની જેમ સામાજિક ક્ષેત્રે બહુ વિહાર ન કરનાર મુનશી ૧૯૨૨ થી ૧૯૨૯ ના સમયપટમાં પૌરાણિક નાટકોનું સર્જન કર્યુ હતું. એમને તો પૌરાણિક સમયને પ્રત્યક્ષ કરાવી આપતુમ મહાનાટક રચવાની નેમ હતી પણ પાછળ જતાં એમને એવું લાગ્યું કે નાટક તો ગુજરાતી વાચકવર્ગને સુગમ નથી એટલે એમણે 'લોપામુદ્રા' નો પ્રથમ ખંડ 'વિશ્વરથ' નવલકથા રુપે આપ્યો, જો કે એમાં નાટ્યાત્મક અંશોનો અવકાશ ન હોવાથી એ ખંડને એમણે નાટ્યના રૂપમાં આલેખ્યો છે જ્યારે એ પછીની 'લોમહર્ષિણી' અને 'ભગવાન પરશુરામ' અને 'કૃષ્ણાવતાર' નવલકથાના સ્પરૂપમાં પ્રાપ્ત થાય છે એમના સામાજિક નાટકો મોટે ભાગે સામાજિક નિરીક્ષણ અને વિચારણામાંથી થયેલા ચોક્કસ મંતવ્યને વકતવ્યને કેન્દ્રમાં રાખીને રચાયેલાં છે એ પ્રસગોપાત થતા સંવાદો, સીધાંને સ્પષ્ટ વિધાનો કે ચર્ચાને બાદ કરતા ઘટના, પાત્રવ્યક્તિત્વ તથા એનાં કાર્યો દ્વારા પ્રગટ થાય છે સંવાદ કલામાં એમનું નાટચકાર તરીકેનું હીર ઝળકી ઊઠે છે

'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' એ પ્રહસનમાં શેઠાણી શાસનમાંથી મુક્તિ મેળવવા મથામણ કરતા વાવાશેઠ શેઠાણીને ઠેકાણે પાડવા માટે પુત્ર સાથે મળીને કાવતરું કરે છે એ નાટકની સામગ્રી છે.

'બે ખરાબ જણ' પ્રહસનમાં બળજબરીથી પરણાવી દેવામાં આવતી રંભાને મદદરૂપ થવા મથતા મોહનમેડીકોના પ્રયાસોમાંથી ઉત્પન્ન થતી હાસ્ય ભરી સ્થિતિમાં અન્ય પાત્રોનું કંઇક અતિશયોક્તિ ભર્યુ કટાક્ષાત્મક આલેખન હાસ્યની સામગ્રી બને છે. 'મોહન' નું પાત્ર હાસ્યપ્રધાન પાત્રોની હરોળમાં બેસે એવું છે રામુ, મોહન વિગેરે પાત્રો તથા રંગક્ષમ હાસ્યપ્રધાન સ્થિતિઓના નિરૂપણના કારણે આ કૃતિ સફળ પ્રહસન બની રહે છે.

'આજ્ઞાંકિત લગ્નવિષયક સ્થિતિઓમાંથી જ રચાતુ નાટક છે. રંભાની જેમજ અહીં પણ નાયિકાનો બળવો નિરૂપાયો છે. એક પુરુષની પાશવતા અને બીજાની નિર્બળતાથી બધાય બધનોને ફગાવતી નાયિકાનું નિરૂપણ ઉત્કટતાવાળો સામાજિક અભિગમ વાસ્તવિકતાને બીજે છેડે લઇ જાય છે. પરિણામે નાટક ઊણું ઉત્તર્યું છે.

'કાકાની શશી' એ સુખાન્ત હાસ્ય નાટક છે. લગ્ન અને સ્ત્રી-પુરુષને તથા સ્ત્રી-સ્વતંત્રતાના પ્રશ્નને વિવિધ પાત્રોની દષ્ટિએ ચર્ચવામાં આવ્યું છે. 'કાકાની શશી' માં વાસ્તવિકતા લાવવા જતાં એનો અત આઘાતજનક બને છે રંગભૂમિ અને નાટકની દષ્ટિએ આ કૃતિ મહત્વની બની રહે છે નાટકી જાળવતું અને છતાં વાસ્તવિકતાને સાધતું નાટકનું ગદ્ય ઉત્તમ રીતે પ્રયોજાયું છે.

'બ્રહ્મચર્યાશ્રમ' નાટ્યકૃતિમા ગાંધીજી ના અનુયાયી થઇને માત્ર એમના આદર્શોની હિમાયત કરતા આડંબરી આશ્રમવાસીઓની પર એમણે ભારોભાર કટાક્ષ કર્યો છે પોતાની આજુ બાજુના કાર્યકરોના બાહ્ય આડંબર, આદર્શઘેલછા અને માનસિક નિર્બળતાનું મુનશીએ નિરૂપણ કર્યું છે

'ડો મધુરિકા' માં કુશળ સર્જક મધુરિકા અને એના પતિ બેરિસ્ટર નરેન્દ્રની કથાને લઇને સ્ત્રી-સહજ સ્વભાવ વિરુદ્ધની અર્વાચીનતા મુક્તતા વગેરે ખ્યાલો પર કટાક્ષ થયો છે. આ એક સામાન્ય કૃતિ લાગે છે. સ્ત્રીએ પુરુષ સમોવડી બનવા કરતાં સ્ત્રી જ બની રહેવું જોઇએ. અન્ય કૃતિઓમાં પ્રગટેલો ભાવ અહિં અભિવ્યક્ત થયો છે આ નાટ્યકૃતિમાં સ્ત્રી અને પુરુષ આત્માની પરસ્પર અદલાબદલાથી ઊભી થતી વિલક્ષણતા હાસ્ય ઉત્પન્ન કરે છે મુનશીએ સ્ત્રી-પુરુષને સમાન બનાવવા જતાં અને ખાસ કરીને અભિન્ન થવા મથતા સ્ત્રી-પુરુષનું કટાક્ષાત્મક નિરૂપણ કરીને એમાથી ઉત્પન્ન થતી અવાસ્તવિકતા પ્રત્યે ધ્યાન દોર્યુ છે.

'વાહરે મૈં વા' નાટકમાં મુનશીની મુક્ત હાસ્યવૃત્તિનો ઉત્તમ નમૂનો જોવા મળે છે પોતાનાં સર્જેલાં પાત્રો પોતાના કુટુંબીજનો વચ્ચે પોતાને કેન્દ્રમા મૂકીને પોતાની જ મજાક કરતું નાટક છે. સંયોજક દષ્ટિએ નાટકમાં કલ્પન જેવો પ્રયોગ થયો છે આવા નાટકોમાં પોતાની જ મજાક કરવામાં જણાતી મેલોડીની અને પોતાના પાત્રો પ્રત્યેનો વાત્સલ્યભાવ પ્રગટ થાય છે

'સ્નેહસભમ' વાર્તા પરથી સર્જાયેલું 'પીડાગ્રસ્ત પ્રોફેસર' નાટક પાત્રો અને પ્રસંગોના અતિશયોક્તિભર્યા નિરૂપણથી ફાર્સથી નજીક પહોચી જતુ નાટક છે એ શિષ્ટ હાસ્યનો નમૂનો છે

## ઐતિહાસિક નાટ્યકાર મુનશી

'ધ્રુવસ્વામિનીદેવી' એમનું એક માત્ર ઐતિહાસિક નાટક છે નિર્બળ રામગુપ્ત, જાજ્વલ્યમાન ધ્રુવદેવી અને તેજસ્વી ચંદ્રગુપ્ત તથા બર્બર શકાવિપતિ અને વ્યવસાયી રંગભૂમિને યાદ આપતી નાટકી ઘટનાને મુનશીએ કલ્પી છે. અત્યાર સુધીમા મુનશીના સર્જનોથી સુપરિચિત એવા વાચકવર્ગને અપૂર્વતાનો અનુભવ ન કરાવી શકે તોય આકર્ષણ ને આસ્વાદકતો અવશ્ય બને એવાં ધ્રુવાદેવી, ચંદ્રગુપ્ત વગેરે પાત્રો છે.

## પૌરાણિક નાટકો

મુનશીએ ૧૯૨૨મા પૌરાણિક નાટકો લખવાની શરૂઆત કરી હતી એમની પાસેથી 'અવિભકત આત્મા', 'તર્પણ', 'પુત્ર સમોવડી', 'પુરંદર-પરાજય' એ ચાર નાટકો અને 'લોપામુદ્રા' ના ખંડ ૨,૩ અને ૪ નાટકો મળે છે

'પુરંદર પરાજય' નાટ્યકૃતિમાં ચ્યવન-સુકન્યા અને ઇન્દ્રના પ્રસંગનું નિરૂપણ થયું છે. ઇન્દ્ર જેવા દેવને પડકાર ફેંકતા એવા ચ્યવન ઋષિ સાથે પરણાવાયેલી સુકન્યાના રહેંસાઇ જતાં અરમાનોની વેદના તેનાથી નજીરવાતાં એ વિદ્રોહ કરવા પ્રેરાય છે. એની આ કથાનો અંત તો ઇન્દ્રનો પરાજય કરતા સતીત્વના વિશુદ્ધ મૂલ્યની પ્રસ્થાપના કરવાની કથા બની રહે છે. અહીં યજ્ઞો, મંત્રો, ઋષિઓ, અશ્વિનો વગેરેથી પૌરાણિક સમયના પરિવેશને ઉપસાવવામાં આવ્યાં

છે સુકન્યાના ચરિત્ર ચિત્રણમા આધુનિક મનોવૈજ્ઞાનિક અને વ્યક્તિ કેન્દ્રી વિચારણાને અનુરૂપ અભિગમ દેખાય છે

'અવિભક્ત આત્મા' મા પ્રેમી અને સમાજ વચ્ચેના સનાતન ઘર્ષણને પૌરાણિક કથાનકનું માધ્યમ બનાવવામા આવ્યુ છે વસિષ્ઠ અને અરુંધતીનો પ્રેમ, તેના વિરોધને પરિણામે એમને વેઠવા પડતાં અપમાન, તિરસ્કાર અને દુ:ખો વચ્ચે પણ પ્રેમના પરમ આદર્શમાં એમની અડગતા અને અંતે સપ્તર્ષિઓમાં ઊભય ને સંયુક્ત સ્થાન પ્રાપ્ત થતાં આ આત્માના અડધિયાં ની ઐક્યની થતી પ્રતિષ્ઠા આ નાટકની કથાસામગ્રી છે.

'તર્પણ' માં આર્યો વિરોધી દસ્યુઓ સમા હૈહયો દ્વારા આર્યોનો ધ્વંશ થયો છે એ આંતક ચાલુ રહે છે. તે સાથે દીર્ઘકાળ પર્યન્ત ટકી રહી ને ઋષિઓ ઉચિત યજ્ઞા અને મંત્રો દ્વારા જ નહીં પણ વિવિધ પ્રકારની હિંસાત્મક મુસીબતોનો સામનો કરતા કહે છે. એ વસ્તુ આ કૃતિનું કથાનક છે. મહર્ષિ ઔર્વ અકળ આર્યવૃત્તિના સર્વપ્રભાવી અધિષ્ઠાતા છે. આર્ય રાજા સગર નિમિત્તે કરીને અંતે હૈહય પર વિજય મેળવે છે પ્રેમ અને મહાપ્રતાપી ઔર્વની આજ્ઞાથી સગરને જ હાથે થતા સુર્વનાના વધથી કથાનો અંત નાટકનું નવું પરિમાણ બને છે. રોમિયો-જુલિયટની સ્થિતિનું સ્મરણ કરાવી આપતું આ એક શ્રેષ્ઠ નાટક છે

'પુત્ર સમોવડી' નાટયકૃતિમા અસુરોના શુભચિંતક એવા શુક્રાચાર્ય ઇન્દ્રની સામે યુધ્ધ છેડે છે અસુરોને દબાવીને એમના પર ઇન્દ્ર પોતાનું આધિપત્ય જમાવવા માગે છે એ સત્તાનુ પ્રતિકાત્મક કેન્દ્ર છે. ઇન્દ્રાસન. વૃષપર્વા ને યયાતિ, દાનવ ને માનવ ભેગા મળીને, દેવ તરીકે ભક્તિ માંગતા આધિપત્ય જમાવવા માગતા ઇન્દ્રનો મક્કમતાથી મુકાબલો કરે છે. એની પ્રેરણા સ્ત્રોત દેવયાની છે એ ક્રાંતિપ્રેરક નારીમૂર્તિની શક્તિ છે. શુક્રાચાર્યની સંજીવની, વિદ્યામત્ર, ઇન્દ્રાસન મળતા જ અંદરોઅંદર લડી પડતા દાનવો, માનવરાજેની સત્તાલાલસા, ઉશનશ્-દેવયાની ઉધમને નિરર્થક બનાવે છે ને શુક્રાચાર્યને માટે તો સૌની સંપૂર્ણમુક્તિ ન થાય ત્યા સુધી સંગ્રામ ચાલુ જ રહે છે

આ નાટકમાં આવતા અનેક સંવાદો સુંદર ધારદાર અને નાટયસમૃધ્ધ છે. આમાં આધુનિક લોકશાહિ, સમાજવાદ તથા દલિતપ્રેમ સ્પષ્ટપણે પ્રગટે છે. મુનશીને ફાવતું એવું ક્ષેત્ર મળી રહેતા ભવ્ય અને અદભુત આલેખનમાં તેઓ ખીલી ઊઠે છે. ઋષિ, દેવા, મંત્રોચ્ચાર અને યજ્ઞો વિગેરે દ્વારા પૌરાણિક પરિવેશને ઊભો કરવામાં આવ્યો છે

આ પછી એમના પાસેથી 'લોપમુદ્રા ભાગ.૨, ૩ અને ૪' નાટયકૃતિઓ પ્રાપ્ત થાય છે. ચાર ખંડમાં વિસ્તરેલી આ કૃતિનો પ્રથમ ખંડ નવલકથાના રૂપમાં મળે છે. જેની ચર્ચા આ પ્રકરણના પેટાવિભાગ ૨:૨ માં વિસ્તૃતપણે કરવામાં આવી છે. વિશ્વરથના બાળપણથી આરંભાયેલી કથા વિશ્વરથ વિશ્વામિત્ર બને છે ત્યાં સુધી વિસ્તરેલી છે. આર્ય-અનાર્ય સંબંધમાં અને દસ્યૂરાજ્ય કન્યા ઉગ્રા અને વિશ્વરથના પ્રણય સંબધો લઇને કૃતિનું શીર્ષક હોવા છતાંય હોવાને બદલે વિશ્વરથ કૃતિના કેન્દ્રસ્થાને બિરાજતુ પાત્ર બની રહે છે

વૈદિકયુગનું વાતાવરણ દસ્યુઓ સાથેનું યુધ્ધ, અસુર કન્યા ઉગ્રા, શાબરી ને વિશ્વરથનો

પ્રણય સંબધ અને આ બધા સાથે લોપામુદ્રાને અગસ્ત્યની કથા તથા શુન.શેપના પ્રસંગ, દાશારાજ્ઞ યુદ્ધની ભૂમિકા વિગેરે નાટ્યત્રયીની મુખ્ય સામગ્રી બને છે.

## નવલિકાકાર મુનશી

ઘનશ્યામ વ્યાસના નામ હેઠળ 'સ્ત્રી બોધ' મા 'મારી કમલા' એ એમની પ્રથમ વાર્તા હતી એમણે પ્રથમ વાર્તાથીજ વાચકો પર પોતાનો પ્રભાવ જન્માવી દીધો હતો. નરસિંહરાવ જેવા વિવેચકે તો ઘનશ્યામ વ્યાસ ને શોધીને એમની નવી વાર્તાશૈલીને બિરદાવી હતી

'મારી કમલા' પછી એમણે કેટલીક વાર્તાઓ આપી હતી. એમાં 'શામળશાહનો વિવાહ' વાર્તા અતિ લોકપ્રિય થઇ હતી. એમના આ સંગ્રહ માં 'મારી કમલા', 'કોકિલા', 'શકુંતલા' અને 'દુર્વાસા', 'સ્મરણદેશની સુંદરી' આદિ ગંભીર વિષયવાળી વાર્તાઓનું સર્જન કર્યુ હતું. 'મારો ઉપયોગ', 'ખાનગી કારભારી', 'ગુજરાતનો શ્રેષ્ઠ કવિવર', 'હું શું કરૂં', 'શામળશાહનો વિવાહ', 'જૂની આંખે નવા તમાશા', 'ગૌમતિદાદાનું ગૌરવ' અને 'કામચલાઉ ધર્મપત્ની' વિગેરે હાસ્ય-કટાક્ષ મિશ્રિત હળવી શૈલીમાં રચાયેલી વાર્તાઓ છે

એમની નવલિકાઓમા માનવમનની નબળાઇ, સામાજિક રીત-રિવાજમાં રહેલી જડતા અને સંકુચિતતા તથા દુનિયાની પામરતા વગેરેને ખુલ્લાં પાડવામાં આવ્યાં છે જૂના ને નવા જમાનાની વિકૃતિઓને અહીંયા કટાક્ષ દ્વારા અભિવ્યકત કરવામા આવી છે મુનશીમાં રહેલી પ્રણાલિકાભંજકવૃત્તિ, કટાક્ષને હાસ્યની વૃત્તિ નાટ્યાત્મક પ્રસંગ યોજના વગેરેમાં સાહિત્ય સર્જક તરીકેની લાક્ષણિકતા જે પાછળથી પૂર્ણપણે ખીલી ઊઠે છે. એનો પ્રારંભિક પરિચય આ વાર્તાઓ આપે છે સાહિત્યના અન્ય ક્ષેત્રમાં ખ્યાતિને વરેલા મુનશીને નવલિકા ક્ષેત્રે એવી કોઇ પ્રસિધ્ધિ પ્રાપ્ત થઇ નથી નવલિકા ક્ષેત્રમાં ખ્યાતનામ એવાં પાત્રો અલિડોસો, ભૈયાદાદા જેવાં ચિરંજીવ પાત્રો મુનશી પાસેથી મળતાં નથી. એમનાં પાત્રો અમુક વર્ગના ટાઇપ જેવા બની ગયાં હોય એવુ લાગે છે.

સાહિત્ય સ્વરૂપોના અન્ય સર્જનોમાં અપૂર્વતાથી સંવાદકલાને પ્રયોજનાર મુનશી નવલિકાના સ્વરૂપમાં એવું કોઇ હીર પ્રગટાવી શક્યા નથી. આમ હોવા છતાંય ગુજરાતી ટૂંકીવાર્તાના ક્ષેત્રમાં એમના સ્થાનની ઉપેક્ષા થઇ શકે એમ પણ નથી

## આત્મચરિત્રાત્મક મુનશી

આત્મચરિત્રાત્મક સાહિત્ય સ્વરૂપમાં અમની પાસેથી 'અડધે રસ્તે', 'સીધાં ચઢાંણ' અને 'સ્વપ્નસિધ્ધિની શોધમાં' પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત 'મારી બિનજવાબદારી કહાણી' અને 'પ્રવાસ વર્ણન' પણ આત્મકથાના જેવી છે એજ પ્રમાણે 'શિશુ ને સખી' વાર્તારૂપે હોવા છતા જરા જુદી રીતે કહેવાયેલી પોતાની હકિકત એમાં સામેલ કરી છે

'અડધે રસ્તે' ધારાવાહી રૂપે પ્રગટ થયેલી આત્મકથાનો પ્રથમખડ ઇ.સ. ૧૯૧૪ માં ગ્રથરૂપે મળે છે. કુળની પરંપરા, જન્મ સમયનું સામાજિક વાતાવરણ અને ચિત્રાત્મક પ્રસંગનિરૂપણોથી એમની આત્મકથા, વાર્તા જેવી રસદાયક બની રહે છે આમાં કોલેજ જીવનના આલેખનમાં

'સ્વપ્નદષ્ટા' ના પ્રકરણોની મૂળ વસ્તુ આલેખાયેલી છે. 'સીધાં ચઢાણ' માં મુંબઇ નિવાસના આરંભથી તે પોતે અનેક ક્ષેત્રમાં ઉચ્ચ આસને બેસે છે ત્યાં સુધીનો એટલે કે પંદરેક વર્ષના સંઘર્ષમય પુરુષાર્થ અને પ્રગતિ તથા સિધ્ધિનો સમય આલેખાયો છે. એમના વ્યક્તિત્વ અને વિકાસને જાણવા આ ખંડો મહત્વની કડીરૂપ બની જાય એવા છે.

'સ્વપ્નસિધ્ધિની શોધમાં' એ ૧૯૨૩ થી ૧૯૨૬ ના ત્રણ વર્ષના સમયપટમા લીલાવતી સાથેના પ્રણયસંબંધની મથામણ તથા વ્યવહારની વ્યથાઓની તેમન આ સમય દરમ્યાનની મહત્વની સામાજિક-રાજકીય ઘટનાઓથી એમનાં જીવનમાં મળતી ગતિ અને મહત્વના વળાકોની હકીકત આમાં ઊર્મિસભર શૈલીમાં આલેખાયાં છે.

'મારી બિનજવાબદાર કહાણી' માં અતિલક્ષ્મી અને મિત્ર લીલાવતી સાથેનો એમનો યુરોપનો પ્રવાસ, જોનાર કરતાં જોવાયેલાં સ્થળો વગેરેની વધુ માહિતી આમાં નિરૂપાઇ છે. પોતાની અનુભૂતિના સૂરથી આ કૃતિ રસપ્રદ બની રહે છે.

'શિશુ અને સખી' માં તો વાર્તારૂપે જાણે લાગણીઓજ અભિવ્યક્ત થઇ છે આમાં નિરૂપાયેલું લાગણીસભર કાવ્યાત્મક ગદ્ય મુનશીની અન્ય કૃતિઓથી સાવ નોખું છે અહી કથાને નિમિત્તે વ્યથા જોવા મળે છે.

## નિબંધકાર મુનશી

એમની પાસેથી મળતા નિબધો સુદઢ નિબંધ ન હોવા ને કારણે મુનશીને સાચા અર્થમાં નિબંધકાર તરીકે સ્થાપી શકાય એમ નથી. મોટે ભાગે વ્યાખ્યાનોના લેખો કે રૂપાંતર તરીકે અથવા વિવિધ પત્રોમાં છપાતા લેખો ઉદ્દબોધનાત્મક છે. આ લેખો વસ્તુપ્રધાન કે તર્કપ્રધાન નહી પણ અભિવ્યક્તિપ્રધાન છે એમને જે કાંઇ કહેવું છે એ સ્પષ્ટ તર્કયુક્ત સુદઢ ભાષામાં રજૂ કર્યું છે. એમની ભાવના કે મંતવ્યોનો અભિનિવેશ વાચકને જકડી રાખે એવો છે

'કેટલાક લેખો', 'થોડાંક રસ દર્શનો', 'ગુજરાતની અસ્મિતા' અને આદિવચન એક' તથા 'આદિવચન બે' માં લેખરૂપે સંગ્રહાયા છે. સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેનાં એમનાં વ્યાખ્યાનો 'પરિષદ પ્રમુખ સ્થાનેથી' માં એકત્રિત થયાં છે. અને 'કેટલીક વિભૂતિઓ' માં ચરિત્રાકનો છે. 'ગુજરાતના જ્યોતિર્ધરો' ને 'ચક્રવર્તી ગુર્જરો' ઐતિહાસિક ચરિત્રનો સગ્રહ છે જ્યારે 'નરસિંહ યુગના કવિઓ' માં સાહિત્યના ઇતિહાસની સામગ્રી જોવા મળે છે

## વિવેચક મુનશી

મુનશીનું પોતાની દષ્ટિ-રીતિનું, સરસતાવાદ અને પ્રણાલિકાભંગનું જોરદાર સમર્થન એ એમનું વિવેચન કાર્ય હતું. વિવેચક તરીકેની પોતાની આગવી પ્રતિભા મુનશી ગુજરાતી સાહિત્યમાં પ્રસ્થાપિત કરી શક્યા ન હોતા રોમેન્ટિક શૈલી પ્રસરાવી શક્યા એ એમના વિવેચન કરતાં એમના સર્જનને વધુ આભારી છે.

એમને નરસિંહ-દયારામની કવિતાની સમીક્ષા કરી. નર્મદને નવાજ્યા એ બધામાં આ દષ્ટિ જોવા મળે છે.

મુનશીને ગુજરાત અને ગુજરાતી સાહિત્યનો ઇતિહાસને રચવાના સ્વપ્નો હતા. એણે જે ફલરૂપે આપણને 'Gujarat and its literature' નામનો ગ્રંથ પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ મુનશીએ જેલમાં રહયા એ સમયગાળામાં રચ્યો હતો. આમા એમણે ગુજરાતના ઇતિહાસની પ્રશ્વાદ્ભૂમિકામા યુગ પ્રમાણે સાહિત્યનું વિવેચન કર્યું છે. આ પુસ્તકના આમુખમાં ગાંધીજીએ આમ લખ્યું છે-

'Shri Munshi's survey of Gujarati Litereatre has made Fascinating reading for me. His fair Introduction to their writing.

ગુજરાતી સાહિત્યનો સળંગ ઇતિહાસ રચવાનો આ પહેલવહેલો પ્રયત્ન મુનશીએ કર્યો હતો. એમની પ્રેરણા લઇને જ ગુજરાતી સાહિત્યના ઇતિહાસો લખવાના પ્રયત્નો થયા છે. મુનશીનું આ એક મૂલ્યવાન અને અનન્ય અર્પણ છે. આ પુસ્તકમાં ગુજરાતની ઐતિહાસિક ભૂમિકાના સંદર્ભમાં સાહિત્યમાં આવતું પરિવર્તનોનું ચૂસ્ત પણે મૂલ્યાંકન થયું છે. ગુજરાતી સાહિત્યના પ્રવાહનું મૂલ્યાંકન અને વિવિધ સર્જકોનું મૂલ્યાંકનમાં પ્રગતિશીલ ઇતિહાસકારની દષ્ટિ અને વૈજ્ઞાનિકની ચૌક્કસાઇ વિવેચક મુનશીમાં જોવા મળે છે. જો કે શરૂઆતમાં જેવો ઉતરાર્ધ ન હોવાથી મુનશીએ બીજી આવૃત્તિ સમયે ઉતરાર્ધભાગને રદ કર્યો હતો.

આ કૃતિમાં મુનશીએ મધ્યકાલિન સર્જકોનાં મૂલ્યાંકનોમાં ચર્ચાસ્પદ અભિપ્રાયો અભિવ્કત કર્યા છે જેમ કે નરસિંહ મહેતાનાં સમયનિર્ણયમાં કે અખા અને દયારામ અંગેના એમના કેટલાંક મંતવ્યો આનું ઉદાહરણ છે.

મુનશીએ ગુજરાત અને એના ઇતિહાસ માટે વિશેષ ભાવનામય થઇને ગુજરાતી સાહિત્યનો એકી સાથે માહિતી સમૃધ્ધ ઇતિહાસ આપીને ગુજરાતી વિવેચન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે અહીં તેઓ એક વિવેચક તરીકે ઉપસી આવે છે.

'The History and Culture of the Indian People' માં ભારતના ઇતિહાસને આમાં રાજકીય, સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં તપાસવાની વિદારતા છે. આ ઉપરાંત પણ ઘણાં બધાં પુસ્તકોનું એમણે સર્જન કર્યું છે.

# ૨.૨. પૌરાણિક નવલકથાકાર મુનશી

## લોપામુદ્રા – વિશ્વરથ

'પુરંદર - પરાજય', 'અવિભક્ત આત્મા', 'તર્પણ', અને 'પુત્ર સમોવડી' જેવી પૌરાણિક કથાનકવાળી નાટય કૃતિઓનું સર્જન કર્યા પછી ક મા મુનશીએ 'લોપામુદ્રા' નામની નાટય કૃતિનું સર્જન ૧૯૩૩ માં કર્યું હતું. અહી હું નાટયકૃતિ લખું છું ત્યારે મારા મન પર એક છાપ છે કે લોપામુદ્રાનો પ્રથમ ખંડ 'વિશ્વરથ' નવલકથાના રૂપે છે અને ત્યાર પછીના ત્રણ ખંડ અનુક્રમે 'શમ્બર કન્યા', 'દેવે દીધેલા' અને 'ઋષિ વિશ્વામિત્ર' નાટયરૂપે લખાયેલા છે. 'લોપામુદ્રા' કૃતિ ઋગ્વેદના કેટલાંક પ્રસંગોને અને પ્રસિધ્ધ મહાપુરુષોને કેન્દ્રમાં રાખીને રચાયેલી છે. મુનશીએ મહાભારતના પ્રસંગોની પૂર્વકથાને બાર નાટકોની એક શ્રેણીમાં ગૂંથવાનો જે સંકલ્પ કર્યો હતો એના ભાગરૂપે એમણે ઉપર જણાવ્યા પ્રમાણેના ચાર નાટકોનું સર્જન કર્યા પછી 'લોપામુદ્રા' નું સર્જન કર્યું હતું. આ કૃતિનો પ્રથમ ભાગ નાટકના સ્વરૂપમાં ઢળાય એમ ન હોવાથી એમને નવલકથા સ્વરૂપે 'વિશ્વરથ નું સર્જન કર્યું છે આ કૃતિના ચારેય ખંડમાંકેન્દ્રિયવર્તી પાત્ર છે. વિશ્વરથ એટલે કે વિશ્વામિત્ર ભરત ગામના પ્રતાપી આર્ય જાતિના રાજા ગાધીનો પુત્ર વિશ્વરથ રાજવંશી હોવા છતાં ઋષિ વિશ્વમિત્ર કેવી રીતે બન્યો તેની વિકાસકથા આ ખંડમાં નિરૂપાયેલી છે.

કથાનકના આરભમાં ઉત્તરકથાઓના બીજને નિરૂપવામા આવ્યું છે. ઉમાશંકર જોષી કહે છે એમ 'સનસનાટી' ઊપજે એવા વાતાવરણ અને પ્રસંગ નિરૂપણથી કથાનો આરંભ કર્યો છે.[૧] કુશિક રાજા, ગાંધી સામે સંઘર્ષાત્મક સ્થિતિ ઊભી થયેલી છે. ઋચિક, ભૃગુઓનો સામનો કરવા માટે જવાનું છે પરંતુ પોતે અપુત્ર હોવાથી રાજ્યવારસનો પ્રશ્ન ગાંધીને મૂંઝવી નાખે છે સેનાપતિ ભદ્રાશના મુખપર ચિતાનાં વાદળો ઘેરાયેલા છે. ખેલ માંગણી કરે છે કે તમારી પુત્રીનાં લગ્ન મારી સાથે કરાવો તો હું તમને યુધ્ધમાં સહાય કરૂં. આ બે સ્થિતિમાં ગાંધીની સ્થિતિ અસહ્ય બની જાય છે. કટોકટી ભરી સ્થિતિમાંથી ઉગરવાનો કોઇ માર્ગ ગાંધીને દેખાતો નથી. કથાનકના આ ભાવને અભિવ્યક્ત કરી આપતી ભાષાશૈલી તપાસીએ. એમણે વર્ણન આ પ્રમાણે આપ્યું છે-

"વર્ષાઋતુ બેસી ગઇ છે, સાંજ પડી છે, ને પશ્ચિમના મોળા પડેલા સૂર્યનો તડકો બારનામા થઇ અગ્નિશાળામાં પડે છે લાકડાની પાટ પર એક વૃધ્ધ માણસ ચિંતાતુર મુખે બેઠો છે. એની મોટી આંખો વચ્ચે આવેલી વેટી પર ઠરી રહી છે. ભરત જાતિના રાજન્ કુશિકના પુત્ર ગાંધીના કપાળ પર ઊંડા વિચારની કરચલીઓ છે. એની પાસે પુરુઓનો રાજા ખેલ બેઠા છે - યુવાન, તેજસ્વીને ઉછાછળો અધીરાઇથી પગ હલાવતો. સામે સેનાપતિ ભદ્રાક્ષ ઊભો છે. એના મુખ પર પણ ચિંતા છે સામે એક પથિક ઊભો છે - ઊંચો, વિશાળબાહુ, હાથમાં ડાંગ લઇને. એ બોલે છે ત્યારે લાંબા વાળ માથાની આસપાસ નાચે છે એના મુખ પર જરાય ચિંતા નથી."[૨]

---

૧ સમસવેદન- લે ઉમાશકર જોષી. પૃ ૧૯૫.

૨ 'વિશ્વરથ', લે. ક.મા મુનશી. પૃ.૨

ગાંધી સામે વિકટ સ્થિતિ ઉભી થયેલી હોય છે ત્યાં લેખકે 'પથિક' રૂપે ઋચિકનો પ્રવેશ કરાવ્યો છે ખેલ રાજા ઝાડમાં ભરાયેલા પક્ષીની જેમ ગાંધી સામે પોતાના લગ્નનો પ્રસ્તાવ મૂકીને ગાંધી પુત્રીને વરવાનો લાગ સાધવામાં સક્રિય બને છે. પરિસ્થિતિને આધીન એવા ગાંધી ખેલ સામે ઝૂકી પડે છે પરંતુ ગાંધીની પત્ની ઘોષાને પતિનો આ નિર્ણય અયોગ્ય લાગે છે અહીં મુનશીનું નાયિકાનું પાત્ર નાયકના પાત્ર કરતાં વધુ તેજસ્વી લાગે છે ખેલરાજાને પોતાની પુત્રી સત્વતીને પરણાવવા કરતાં એ પથીકની સાથે પોતાની પુત્રીને ભગાડીને પુત્રીને ઉગારવાનું સાહસ કરે છે. અહી મુનશીએ નાટયાત્મક સંવાદો પ્રયોજીને પ્રસંગને અનુરૂપ ભાંવને પ્રગટાવી આપ્યો છે. સત્યાપણ કેલને પસંદ કરતી નથી.

પથિક સત્યવતીને લઇને જતો હોય છે પરંતુ એ ગાંધી સૈન્ય દ્વારા પકડાઇ જાય છે. મુનશીએ પાત્રોના વ્યક્તિત્વને ઉપસાવવા ઘટનાઓનો અને પાત્રો અંગે વિશેષણોનો વિશેષ માત્રામાં પ્રયોગ કર્યો છે. દા ત પથિક માટે

'અજાણ્યો પથિક પર્વત સમો સ્વસ્થ ઊભો છે.' (પૃ.૧)

'સામુ પથિક પણ હસે છે - જરાક ગર્વથી.' (પૃ ૧)

'પ્રચડ. હસમુખો ને તેજસ્વી પથિક આવ્યો ' (પૃ ૨)

મુનશી આ રીતે પાત્રના આંતર બાહ્ય ચરિત્રને નિરૂપતા જાય છે. પ્રચંડ શક્તિશાળી એવો નિર્ભય પથિકની પૂછપરછ કરે છે ત્યારે તે નિર્ભયપણે આમ કહે છે કે -

'દેવો એ મને અહીયા મોકલ્યો છે.' (પૃ.૬)

મુનશીએ અહી કથાનકના પ્રસંગનું રસપૂર્ણ આલેખન કરવા પથિકને કેદ કરાવ્યો અને સત્યવતીના પાત્રને ગતિશીલ બનાવીને નારી પાત્રને ઉઠાવ આપવામાં આવ્યો છે. પથિક પર દોષારોપણ કરતા પિતા સામે સત્યા એમનાં વિરુદ્ધ આચરણ કરતા ખચકાટ અનુભવતી નથી. એ મક્કમતાપૂર્વક ખેલને વરવાને બદલે પથિકને પતિ તરીકે સ્વીકારવાનું વધારે પસંદ કરે છે ત્રણ પ્રસંગોનું નિરૂપણ કરીને મુનશીએ સત્યવતી અને ઋચિકના લગ્ન પૂર્વેનો પરિવેશને રચી આપ્યો છે.

'પથિક' નું પાત્ર ગાંધી સહિત બધાંને આશ્ચર્ય ઉપજાવે છે. પથિકરૂપે કોણ છે? એવો પ્રશ્ન બધા પાત્રોના મનપર ઉપસાવીને લેખકે પાત્રનું યથોચિત ગૌરવ કર્યુ છે. બધાં માટે પ્રશ્ન છે કે : પથિક કોણ છે? એવી ક્ષણે અગત્સ્ય અને અર્થવણ આવીને પથિકને દંડવત પ્રણામ કરે છે ત્યારે તો સઘળા લોકને વધુ આશ્ચર્ય થાય છે. અંતે પથિક કોણ છે એનું રહસ્ય પ્રગટ થાય છે. મુનશી આ ઘટનામાં અગત્સ્ય ઋષિ ઋચિકને દંડવત પ્રણામ કરે છે ત્યાં પૌરાણિક કાળના ઋષિમુનિઓના ભારતીય સંસ્કારોની છબિને તાદ્રશ્ય કરાવી આપે છે

સત્યવતી અને ઋચિકના લગ્ન થયા પછીની એક રાત્રિનું વર્ણન જોઇએ -

'મોડી રાતે પળવાર એક વૃક્ષ નિચે ઋચિક થાળા પર ઊંઘે છે. સત્યવતી. ધીમે પગે ચોર જેવી. પત્ની સદનમાંથી નીકળી થાળા પાસે ઊભી રહે છે અને પ્રશંસામુગ્ધ બની ઋચિકનું મોં

જોયા કરે છે તે એકલી હસે છે ભાર્ગવ - કાવ્ય - ઓર્વ - અર્થવણ - શી કીર્તિ, શો પ્રતાપ, શી વિદ્યા! તેનું હૈયુ ધડક ધડક થાય છે '[3]

અહીં વિશ્વરથના જન્મ પૂર્વેની ભૂમીકા લેખકે દોરી આપી છે. ઋચિક પત્નીની અપેક્ષાઓની પરિતૃપ્તિ માટે વરદાન આપે છે. હવે કથાનો પ્રવાહ પ્રચંડ વેગે ધસમસતો આગળ વિસ્તરતો જાય છે. ગર્ભધારણથી માંડીને પુત્ર જન્મે એ પૂર્વેનો સમય કૃતિમાં નિરૂપાયો નથી પરંતુ સત્યવતી અને એની માતા ઘોષાને ત્યાં પુત્ર જન્મે છે એ પ્રસંગનું આલેખન કર્યું છે. ઋચીક મુનિના આશીર્વાદથી સત્યવતી અને ઘોષાને જન્મેલા વિશ્વરથ અને જમદગ્નિ બાળપણથી જુદી પ્રતિભાઓ ધરાવતા હતા. વિશ્વરથ અને જમદગ્નિના બાળપણને લેખકે આમ વર્ણવ્યું છે

"જન્મથી જ બે બાળકો તદ્દન ભિન્ન હતા. જમદગ્નિ પિતાના જેવો પ્રચંડ, જબરો, મોટા બળવાળો ને જરાક શામળો હતો કોઇ એને રડતો સાંભળતું નહીં. એ બહું થોડું હસતો, અને તે પણ મામા હસતા હોય તો જ મામા પહેલેથી અદભૂત હતા. એ જરા જરામાં રડારડ કરી મૂકે, નહીં તો હસા હસથી બધાંને ગાંડાં કરી મૂકે. થોડી વારે ઝોળીમાંથી કૂદી કૂદી બહાર પડી જાય. શરીરે પણ સુરેખ હતો એનો રંગ સફેદ દૂધ જેવો હતો, ને આંખો કાળી મોટીને ચંચળ હતી. એનાં માથા પરથી વાળ ગૂંચળાં વળાઇ ખભા પર પડતા. જે એને જોતા તે એને બોલાવ્યા વગર રહી શકતા નહી "[4]

બન્નેય બાળકોના વિરોધાભાસી એવી પ્રતિભાની મુદ્રાઓ હોવા છતાંય બન્ને વચ્ચેનો અનન્ય એવો પ્રણયભણાવ અહી આપના ચિત્તને સ્પર્શી જાય છે. મુનશીએ બાળકોની વ્યક્તિત્વને ઉપસાવીને એમના વિકાસની પ્રક્રિયા વર્ણવી છે - મામા-ભાણેજ આમ ને આમ સાતવર્ષના થાય છે. એવામાં એક નાટયાત્મક ઘટના ઘટે છે ઋચીક 'લોપા' ને લઇને આવે છે. બન્ને બાળકોને લોપાનું કુતૂહલ થાય છે. અહીં મુનશીએ ઋચીક મુખે 'પંચાત' શબ્દનો પ્રયોગ કર્યો છે. મુનશીએ પ્રયોજેલો આ શબ્દ પાત્રની ગરિમાનો ભંગ કરતો હોય એવી છાપ ઊભી થાય છે આ લોકબોલીનો પ્રયોગ ઋષિના મુખમાં શોભે ખરો? લોપામાં રસ પડવાથી આ બન્ને કુતૂહલ શમનાર્થે પિતા અને અન્યની વાતોને રસપૂર્વક સાંભળે છે લોપા દ્વારા લેખક વિશ્વરથને 'ચુંબન' કરાવે છે આથી જમદગ્નિને અસહ્ય ખોટુ લાગી આવવાથી એ વિશ્વરથને 'મુક્કો' મારીને પોતાનો રોષ પ્રગટ કરે છે સત્યાને આ ઘટનાનું મૂળ મળી જવાથી એ લોપાને જમદગ્નિને ચુંબન કરવાનું સૂચન કરે છે ને મામા-ભાણેજ વચ્ચેનું વૈમનસ્ય પૂર્ણ થાય છે આ ઘટનાનું અનુસંધાન અર્થવર્ણના આશ્રમમાં બનેલા સુદાસ અને ઋષ સાથેની ઘટના સાથે થાય છે

માત્ર સાત વર્ષના બાળકોમાં લોપા પ્રત્યેનો પ્રણયભાવ જુગુપ્સા ઉપજાવે એવો કહી શકાય એવો છે. ઋચીકનું પાત્ર સર્વોપતિતા સાધનું હોય એવા પ્રકારનું છે. એટલે તો એ 'લોપા' ને એની ઇચ્છા વિરુધ્ધ પરણાવવા તત્પર તો ન હતા પરંતુ એમની ઇચ્છા વિરુધ્ધ કોઇ કાંઇ કરે તે માટે પણ તેઓ સજાગ હતા મુનશી આ બન્નેની બાળલીલાઓનું વિસ્તૃત આલેખન કરે છે.

---

૩ એજન - પૃ ૮

૪ એજન - પૃ.૯.

આશ્રમમાં ભણવા જવાને બદલે તેઓ ઘર છોડીને ભાગી જવાના વિચારો કરે અને અમલમાં મૂકે. પરંતુ રાત્રે ઘસઘસાટ ઊંઘ આવવાથી તેઓ ભાગી જવામાં સફળતા મેળવી શકતા નથી. અંતે આશ્રમમાં ભણવા જવાનો દિવસ આવ્યો. મુનશીએ અહીં વિદાય પ્રસંગને કરુણરસમાં ઢાળ્યો છે. સત્યાની આંખોમાં ઝરઝળિયાં આવે છે.

વિશ્વરથ અને જમદગ્નિને આશ્રમમાં મૂકવા જાય છે એ સમયનું આશ્રમનું વર્ણન પૌરાણિક વાતાવરણને ઊભું કરી આપે છે. અત્યાર સુધીમાં પ્રાપ્ત થયેલા વાતાવરણથી ભિન્ન પ્રકારના બાતાવરણને પરિણામે બન્ને બાળકોના મનપટ પર અજંપો છવાયેલો છે. વિશ્વરથ માટે આ નવીન દુનિયા અનેક વિચારોને ઉત્પન્ન કરાવે છે. ઋષિમુનિનો પ્રભાવ એના ચિત્તપર વિશેષ માત્રામાં ઝીલાય છે અને એને આવા મહાન ઋષિ બનવાની પ્રેરણા મળે છે.

આ પ્રસંગે લેખકે અર્થવણ અને વિશ્વરથ વચ્ચેના વાર્તાલાપ માં અર્થવણના મુખે નીચેનું વાક્ય પ્રયોજ્યું છે.

'તું આ ગુરૂને ઓળખતો નથી. એનાથી વિદ્વાન મહર્ષિ આર્યોની પાંચે જાતિમાં બીજા નથી ખબર છે? એણે ઇન્દ્ર જેવા દેવને હંફાવ્યા છે ને જો ની. કેટલા બધા છોકરા અહીંયા ભણે છે!--'

ઉપરના વર્ણનમાં સુરતી બોલીનો 'ને જો ની.' શબ્દ પ્રયોગ નોંધપાત્ર છે.

વિશ્વરથને આશ્રમનું પ્રસન્ન વાતાવરણ અને ગુરૂઓનો પ્રભાવ આકર્ષે છે. પરંતુ આશ્રમના પ્રવેશે બનતો અમંગળમય બનાવ વિશ્વરથના જીવનની-દિશાને નવીન દિશામાં લઇ જાય છે. આશ્રમમાં રહેતો દિવોદાસનો પુત્ર સુદાસ અને ઋપ આ બન્ને મિત્રો વિશ્વરથને પાડી નાંખે છે. વિશ્વરથ વિચારે છે કે: 'શા માટે એણે મને જ પગ નાખીને પાડયો? જમદગ્નિને કેમ નહીં? અહીં લેખકે અર્થવણ અને ગુરૂએ કરેલી વેદી અને વરુણના આહ્વાનની ઘટનાને આલેખી છે. આ ક્ષણનુ અર્થવણ અને ગુરૂનો પ્રતાપ અને શક્તિ વિશ્વરથના મનપટ પર છવાઇ ગયાં - ગુરૂના જેવી મોટી આંખો કરીને ગુરૂના જેવો અવાજ કાઢીને સુદાસને કહ્યું : 'જેવા જ કરીએ છીએ ને. ભરતો ભૃગુઓ કોઇથી ડરતા નથી.' હૃદયની અંદર સુદાસનો ભય વ્યાપકપણે ફેલાયેલો હોવા છતાંય 'આ કેમ બન્યું.' એનું આશ્ચર્ય વિશ્વરથને થાય છે. ઋષિઓનાં તેજ અને પ્રભાવની સારી એવી અસર બાળવિશ્વરથ પર હતી અને એમાંય માત્ર ઋષિઓના જેવી ક્રિયા કરવાથી સુદાસ જેવો ડરી જઇને ચૂપચાપ વિશ્વરથને જતો જોઇ રહે છે આ ઘટના વિશ્વરથને રાજા બનવા કરતાં ઋષિ બનવાની પ્રેરણારૂપ બની રહે છે એવો લેખકનો દષ્ટિકોણ રહ્યો હોય એમ લાગે છે. વિશ્વરથ વિશ્વામિત્ર બને એનું બીજા રોપણ કરીને મુનશીએ પાત્રને એ દિશામાં ખિલવવા માટે પાત્રાનુરૂપ એવી ઘટનાઓને આલેખી છે. જેમ કે , સાંજના સમયે ઋષિ વિશ્વરથને પોતાની સાથે ફરવા લઇ જતા હતા. વિશ્વરથ અનેક પ્રશ્નો પૂછતા હતા. આ પ્રશ્નો મુખ્યત્વે ઋષિપણાના જ હોય. સંવાદકલામાં મુનશીનું સત્ત્વ પાંગરતું જોઇ શકાય છે. દા.ત. -

'વિશ્વરથ! બોલ, તારે કેવા રાજા થવું છે? ગાંધીરાજા જેવા કે દિવોદાસ અતિથિગ્વ જેવા?'

વિશ્વરથે વિચાર કર્યો. એના બાપ વૃધ્ધ હતા અને દિવોદાસ જબરા હતા. છતાં ઋચીકને પગે લાગતા હતા.

'એ બેમાંથી કોણ મોટું? એણે પૂછ્યું.

'તારા પિતાનું રાજ્ય મોટું છે. દિવોદાસ શૂરવીર છે '

'પણ એ બંને અર્થવણને પગે લાગે છે,' વિશ્વરથે પોતાનું દષ્ટિબિંદુ રજુ કર્યું.

'એ તો ઋષિ છે. ખબર છે? એમના પિતામહ તો કવિ ઉશનશ. તારે ઋષિ થવું છે!'

અગસ્ત્ય નીચું જોયું. આ બાળકની મનોદશા એને વિલક્ષણ લાગી. 'રાજા પૃથ્વીને પાળે, ઋષિ હોય તે દેવોનું આવાહન કરે તારે શું કરવું છે?'

વિશ્વરથને કંઇ સૂઝયું નહીં : 'બન્ને થવાય?'

નાના નાનાં છતાંય અર્થસભર એવાં સૂત્રાત્મક વાક્યો દ્વારા માત્ર પાત્રતા મનોભાવોને જ નહીં પરંતુ પ્રસંગભાવને યથાથ રીતે ઉપસાવી આપવાની લેખકની સંવાદ નિરૂપણની શૈલી ધ્યાન ખેંચે છે. નાટકીય સંવાદો પ્રસંગને જીવંત બનાવી આપે છે. વિશ્વરથ અને જમદગ્નિને આશ્રમમાં ભણવા આવવું ન હતું પરંતુ આશ્રમમાં એમણે પગ મૂક્યો ત્યાર પછી વિશ્વરથના મનપર પ્રતિબિંબિત થયેલું આશ્રમી વાતાવરણ એને આકર્ષે છે અને બાળ વિશ્વરથનું જીવન નવી દિશા તરફ વળે છે. જમદગ્નિના પાત્રને પાશ્વભૂમાં લઇને કૃતિના મુખ્ય પાત્ર તરફ લેખકની દષ્ટિ રહેલી છે વિશ્વરથે ધર્નુવિદ્યા અને શસ્ત્રવિદ્યામાં દક્ષતા મેળવી લીધી છે.

ભરતો અને તત્સુઓને શમ્બરાસૂરનો ભય હમેંશા લાગ્યા કરતો હતો. આ વખતે શમ્બરનો ભય નિવારવાને અર્થે અગત્સ્ય, દિવોદાસ, સોમક વશિષ્ઠ સક્રિય બનીને ચર્ચા કરે છે. ઋષિઓ અને રાજાઓ આવી અતિ મહત્વપૂર્ણ ચર્ચાઓ આશ્રમમાં થાય ત્યારે આ બાબતોથી અજ્ઞાત એવા શિષ્યોના મનમાં ઘણી મથામણો ચાલતી હોય છે.

શમ્બરના પાત્રને ચિત્રાત્મક રીતે લેખકે ઉઘાડ્યું છે -

"આ શમ્બર દસ્યુઓનો રાજા હતો. એ પથ્થરના મોટા ગઢોમાં રહેતો હતો અને કાચા ને કાચા માણસો ખાઇ જતો. અમાવાસ્યાની રાત જેવો કાળો હતો. એના દાંતમાંથી ખાધેલા માણસોનુ લોહી સદા પડતું. એ આર્યો ઉપર તુટી પડતો, લોકોને મારતો ને આશ્રમો બાળી મૂકતો. ઇન્દ્રદેવની મહેર ન હોત તો ક્યારનો એ બધા આર્યોને મારી નાંખત. એની સામું ગુરૂ અગત્સ્ય સિવાય બીજું કોઇ લઢી શકતું નહીં. ગઇ વખતે તો સુદાસના બાળ પણ હારી ગયા હતા. વાતોથી વિશ્વરથની કલ્પના ઉત્તેજાઇ રહી."[૫]

મુનશીએ વિશ્વરથની સામે શમ્બરના પાત્રની ભયાનકતા વર્ણવી એમણે પાછળથી બનનારી ઘટનાઓનો સંકેત કરવો છે. અગત્સ્ય મોડે મોડે સુધી શું વિચાર કરતા હશે! એનું રહસ્ય પામી જવાથી એને ગુરૂ ચરણે શમ્બરનું માથું ધરવાના કોડ જાગ્રત થાય છે. 'લોપામુદ્રા' કૃતિના કેન્દ્રમાં મુખ્યત્વે આર્ય અને અનાર્ય વચ્ચેનો સંઘર્ષ છે. એની ભૂમિકા બાંધતાં લેખકે વિશ્વરથને સાંકળી લીધો છે. અહીં સર્જકના સભાનતા અને સૂઝના દર્શન થાય છે.

શિષ્યોની પરીક્ષા લેવાતી હોય છે ત્યાં અન્ય શિષ્યોથી નાનો એવો વિશ્વરથ ધનુરવિદ્યાનો પરચો આપીને ઋષિઓ ને પોતાના સાથી શિષ્યોને મુગ્ધ છે લેખકે અહીં વિશ્વરથના મનપટ પર થયેલા રોમાંચક અનુભવને પ્રત્યક્ષ કરાવવામાં રસ દાખવ્યો છે. વિશ્વરથે વરુણદેવને પ્રાર્થના

૫. એજન - પૃ ૨૩

કરી અને વરુણદેવના આજ્ઞા થવાથી એ ફરતી મટુકીનું લક્ષ્ય વેધી શક્યો તે પ્રક્રિયા પૂર્વેનુ વર્ણન જોઇએ -

'વિશ્વરથ આગળ આવે છે ને બધા પલવાર મૂંગા થઇ રહે છે. ઉંમરના પ્રમાણમા એ જરા ઊંચો છે એનું શરીર સુરેખ છે. એનો રંગ બધા શ્વેત આર્યોમાં પણ મોહક છે એનું મો છોકરી જેવું સુંવાળું છે છતાં એની રેખામાં પ્રતાપ છે એના સુંદર હોઠો બીડેલા છે. ગભરાટ દબાવવા નાનું સીધું નાક ક્ષોભને ઉત્સહાથી ફુલે છે સુંદર તેજભરી આંખો જાણે પૃથ્વીની પાર જોતી હોય એમ ઠરી રહી છે. કપાળ પર, વેલીઓની સુકુમાર લાંબી કુંપેરો મરુતથી ફરફરતી હોય તેમ, એના વાળ ઊડે છે. એણે મૃગચર્મ બાંધ્યું છે, તે પણ બધા કરતાં વધારે છટાથી. હાથમાં ધનુષ ને બાણ લઇ, ઉત્સાહથી પૃથ્વી પર પગ પણ ભાગ્યે જ મૂકતો, વૃત્ર હણવા જાણે બાલ ઇન્દ્ર આવ્યો હોય તેમ, એ આવે છે.'[૬]

વિશ્વરથે ફરતા મટુકીનું લક્ષ્યને તાક્યું એ સુદાસ માટે અસહ્ય થઇ પડવાથી એને વિશ્વરથને પાણીમાં ડુબાડી દેવાનો નિર્ણય કર્યો પરંતુ ભદ્રાક્ષ સુદાસના મનની મેલી મુરાદને પામી ગયો હોવાથી વિશ્વરથને એ ઉગારી લે છે સુદાસને આકરી શિક્ષા કરવા તત્પર બનેલા અગત્સ્ય ઋષિને, વિશ્વરથે સુદાસને છોડી મૂકવાની વાત કરી. વિશ્વરથને વિશ્વામિત્ર બનાવવા સહાયક એવી ઘટનાઓ અહી પ્રયોજાઇ છે

આકસ્મિતપણે ગાંધી રાજાનુ મૃત્યુ થવાથી ભરતો પર મહા આપત્તિ આવી પડી હતી લેખકે ગાંધીના અંતિમ સંસ્કારનું હૃદયસ્પર્શી આલેખન કરીને પૌરાણિક વાતાવરણને ઉપાસાવવાનો ખાસ્સો એવો પ્રયાસ કર્યો છે પિતાનું અવસાન થવાથી વિશ્વરથના માથે પ્રજાનો ભાર આવી પડે છે. વિશ્વરથ એમ માને છે કે ઘોષા રાજ્ય વ્યવસ્થાને ચલાવે અને પોતે અધૂરો અભ્યાસ પૂર્ણ કરે. બીજી બાજુ ભરતો વિશ્વરથ રાજા બનીને રાજ્ય વ્યવસ્થાનું સુકાન સંભાળે એવું ઇચ્છી રહ્યા છે

મુનશી આ ઘટનાઓના આકલન દ્વારા રાષ્ટ્રીય એકતાને નવા સંદર્ભમાં લઇ આવે છે, વિશ્વરથ અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા માને છે. નાનાં નાનાં રાષ્ટ્ર એકમેક સાથે ભળી જઇને બળ વધારે છે. ત્યારે ભરતોએ પણ આવા રાષ્ટ્રો સાથે ભળવાનો સમય આવે છે પરંતુ સ્વમાની જાતિની વીરત્વપૂર્ણ વ્યક્તિઓ પોતાના બળની અવહેલના કરીને અન્ય જાતિઓ સાથે મિત્રાચારીના સંબંધો વિકસાવવા માંગતી ન હતી. આથી ભરતો વિશ્વરથની મિત્રાચારીના સંબંધોને અવગણે છે. અને તત્સુઓ, પુરુઓ, યદુઓ અને અનુઓ સાથે મિત્રાચારી સ્વીકારવાની 'ના' પાડે છે

શમ્બરનો વધતો જતો ભય નિવારવો હોય તો એકલા ભરતો, તત્સુઓ, યદુઓ, પુરુઓ અને અનુઓ માટે અશક્ય હતુ આ સઘળી જાતિઓ પોતાના આંતરિક પ્રશ્નોને બાજુએ રાખીને એકત્વના બંધને બંધાઇને શમ્બરનો મુકાબલો કરે એજ એમના હિતમાં હતું. અહીં સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાંના નાનાં નાનાં રાષ્ટ્રોએ બ્રિટીશરો સામે બળવો પોકાર્યો હોવા છતાંય તે વિશેષ

૬ એજન - પૃ.૨૮

કંઇ કરી શક્યા ન હતા એ વાતનું સ્મરણ થાય છે મુનશીએ આ ગાંધીવિચારને અભિવ્યકત કરીને એ મિત્રાચારીના ભાવને પૌરાણિક કૃતિમાં કેવો સમર્થતાથી વિનિયોગ કર્યો છે તે જોઇએ-

"પહેલાંની જેમ છુટા છુટા રહી શકાય એમ છે? તમે અહીંયા આવીને વસ્યા પછી ભરતકુલ કેટલું નબળું થયું છે?' કોઇ બોલ્યું નહીં 'તત્સુઓ કેટલી નાની જાતિ હતી! પણ જ્યારથી એમણે ઉત્તર પુરુઓ અને શૃંજ્યો જોડે મૈત્રી કરી છે, ત્યારથી એમનું બળ કેટલું વધી ગયું છે! અને પુરુઓએ યદુ ને અનુઓ જોડે મૈત્રી કરી ત્યાર પછી પુરુકુત્સ રાજા પ્રતાપ કેટલો વધી ગયો છે ' "૭

આ કૃતિને એના યુગ સંદર્ભમાં જોઇએ તો બ્રિટીશરો સમગ્ર રાષ્ટ્રપર પોતાનું આધિપત્યને સ્થાપીને એકચક્ર બનીને રાજ્ય ચલાવતા હતા. આવા સમયે ભારતીય પ્રજા ગોરા લોકોના અમાનુષી અત્યાચારોનો જ નહીં પરતું એમને રાષ્ટ્ર છોડાવીને એનમે વતન પાછાં મોકલી દેવાના આક્રમક મૂડમાં હતી. રાષ્ટ્રીય એકતાનો અભાવ એમના માર્ગનો બહુ મોટો અવરોધ હોવાથી બ્રિટીશરોનો મુકાબલો કરવામાં નિષ્ફળ મળતી હતી આસમયે ગાંધીજીના નેતૃત્વ હેઠળ સ્વદેશભકિત નો માહોલ વિશેપ પ્રમાણમાં વ્યાપ્યો હતો. ખંડખંડમાં વિભાજિત એવા હિન્દુસ્તાનનાં નાના નાનાં રાષ્ટ્રોથી માંડીને મોટાં રાષ્ટ્રોની એકતાના બંધનમાં બાંધીને ગોરા લોકોનો પ્રતિકાર કરવાનો ઉચ્ચ આશય અહી અભિવ્યક્ત થયો છે

અખંડ હિદુસ્તાનની કલ્પના કરનાર મુનશી ગાંધીજીના વિચારોને સામે છેડે જઇને અગસ્ત્યમુનિ પાસે આમ કહેવડાવેછે. કે 'એના વિનાશ વિના આર્યો નો ઉધ્ધાર નથી. નહીં તો કોઇ દહાડો એ બધાને જડમૂલથી ઉખેડી નાખશે '

મુનશી હિંસામાં માને છે એમ કહેવા કરતાં બળ દ્વારા રાષ્ટ્રનો એકત્વને પ્રસ્થાપિત કરવાનો તેઓનો વિચાર અહીં બુલંદ રીતે સંભળાય છે. ત્યાં તેઓ ગાંધી વિચારધારાથી જુદા પડે છે.

ભરતો જ નહીં પરંતુ ગાંધી પત્ની ઘોપા પણ અન્યના નેતૃત્વ હેઠળ રહેવાનું પસંદ કરતી ન હતી. આવી ગંભીર કહી શકાય એવા ચર્ચાલાપ સમયે મનુશીએ દાસનો પ્રવેશ કરાવીને એમને અભિપ્રેત એવા આર્ય અને અનાર્ય વચ્ચેના ભેદને અભિવ્યક્ત કરવા માટેનું બીજ અહીં રોપ્યું છે.

વિશ્વરથ અને એના ભરતોને ત્યાં અનાર્યો દાસ તરીકે રહેતા હતા પરંતુ અગત્સ્યને દાસ પ્રત્યે અણગમો હોવાથી જ વિશ્વરથને દાસોથી દૂર રહેવાની સલાહ આપે છે.

વિશ્વરથ પોતાની પ્રજાને સમજાવવા ઘણાંય પ્રયત્નો કરે છે. પાત્રને નિર્ધારીત કરેલા બીબામા ઢાળવા માટે લેખકે પાત્ર પાસે અંતે આમ કહાવ્યું કે -

'હું તો વરુણના શાસન પ્રમાણે ચાલીશ.' વિશ્વરથના પાત્રને પરીક્ષા સમયે કે સુદાસે નદીમાં ડુબાડી દીધો એ સમયે વરુણદેવતાનાં દર્શન થયા હતાં અનુભવ કરાવીને વિશ્વરથ ધીમે ધીમે ઋષિ બનતો જાય છે.

ભરતો દિવોદાસના નગરમાં જાય છે. મુનશીએ આ ક્ષણે દિવોદાસના નગરમાં પ્રવેશતા ભરતો અને વિશ્વરથનું વર્ણન નયન રમ્ય રીતે આ આલેખ્યું છે.

---

૭ એજન - પૃ ૩૬

"ઘોડાની ખરીના દાબડા સંભળાય છે. દરેકની આંખ રસ્તાને છેડે ઠરે છે ઘોડેસવારો આવે છે . એક, બે, પાચ, દસ, સો, બસો, ત્રણસો. બધાએ કવચ પહેર્યા છે, માથે ટોપ પહેર્યા છે. બધાને ખભે ધનુષ્ય ને બાણ છે, કેડે અસિ છે. કોઇના હાથમાં ભાલા છે, કોઇના હાથમાં પતાકા જાણે મરુતો રણે ચઢયા હોય એવા તેજ ભર્યા છે. વિશ્વરથ સૌથી આગળ આવે છે. અર્થવણના પ્રિય અશ્વરાજ 'મયૂર' ના પુત્રને છાજે એવી છટાથી એનો ઊંચો દૂધ જેવો શ્યામકર્ણી ઘોડો તનગને છે વિશ્વરથ કવચ ને ટોપમાં યુદ્ધે ચડેલા મઘવાસમો શોભતો, બધાની સામે જોઇ હસે છે "[૮]

મુનશીની સર્જનકાલજી વિશેષતાઓ અહીં ગોચર થાય છે. દિવોદાસ વિશ્વરથને આવકારતાં કહે છે કે -

'ત્યારે વિશ્વરથ! અહીંયા ઊતરપિડતી.' દિવોદાસ કહે છે. (પૃ ૪૪)

પૌરાણિક પાત્રો પોતાનો આગવો પરિવેશ લઇને આવે છે. સર્જકે પાત્રનું નોખાપણું જાળવવું જોઇએ. જો એ પાત્ર પ્રત્યે અસભાન બને ત્યારે સર્જકનો પ્રવેશ થતાં પાત્ર મૂળ ગૌરવંથી દૂર ફંગોળાઇ જાય છે અહી સર્જકના ચિત્તમાં બાળપણ પછીનાં વર્ષોમાં સુરતી ભાષાનો પ્રભાવ ઝીલાયેલો હોય એ સ્વીકાર્ય છે પરંતુ અહીં એ ઘણું જ અસ્વાભાવિક લાગે છે

વિશ્વરથની બાળપણની સખી રોહિણી વિશ્વરથની રાહ જુએ છે યોગ્ય એવી ક્ષણો ઉત્પન્ન થતાં જ મુનશીએ અહી રોહિણીના રૂપસૌંદર્યનું અનુપમ વર્ણન કર્યુ છે -

'તે સત્તર વર્ષની છે, એનું કદ મધ્યમ છે, એનો રંગ ઉજ્જવલ છે એણે લાંબા કાળા વાળ બે સેરો કરી ગૂંથ્યા છે, ઉપર એક ઓઢણી વીંટાળી છે. એના મુખ પર માધુર્ય છે - શરદના શીતલ સોમ સરખું. તેની આંખોમાંથી જગતને સ્નેહે એન વિશ્વાસથી ભીની કરતી નિર્મલ તેજની ધારા વહે છે.'[૯]

બાળસાથીના વિશ્વરથના આગમનથી નવપલ્લવિત બની ઉઠેલી રોહિણી પ્રસન્ન છે. એને કોઇ કામમાં રસ લાગતો નથી. પ્રતિ પળે એનું મન ભરતો માટે બનાવેલા હમ્પ પર ચોટયું છે. નાયિકાની વિરહી અવસ્થાને મુનશીએ એહવાલરૂપે આપવાને બદલે પાત્રના મનોગત ભાવ વિશ્વનું નિરૂપણ કર્યુ હોત તો કદાચ રોહિણીના પાત્રને જ નહીં પરંતુ પાત્રના અગોચર મનમાં ઘરબાઇને રહેલો વિશ્વરથ પ્રત્યેનો પ્રેમને વધુ સમર્થ રીતે ઉપસી શક્યો હોત પરંતુ મુનશી રોહિણીની થોડી ઘણી ક્રિયાઓનો નિર્દેશમાત્ર કરીને નાયિકાનાં પાત્રને એના પ્રિયતમનો ભેટો કરાવી આપે છે અહીં કોઇ રોમાંચ ઉભો થતો નથી નાયિકા પોતાના પ્રિયતમની રાહ જોતી વિચારતી હોય અને નાયક એના સામે આવીને ઊભો રહી જાય એમ અહીં રોહિણી અને વિશ્વરથમાં બને છે. બણને પાત્રો વચ્ચે લેખકે સંવાદ દ્વારા પાત્રના મનમાં ચાલતા વિચારોનું થોડું ઘણું પ્રતિબિંબ પાડ્યું છે રોહિણી અને વિશ્વરથ બન્ને સભાનતાથી વર્તે છે. ક્યાંક બન્ને વચ્ચે પ્રણયનો એકરાર થતો નથી. છતાંય એકમેકને મળવાના કોલમાં એમના હૃદયપટ પરનો પ્રેમ જ જવાબદાર છે

---

૮ એજન - પૃ.૪૪
૯ એજન - પૃ ૪૫.

આ ક્ષણે વસિષ્ઠનું આગમન સહેતુક બને છે. બે યુવાન નાયક-નાયિકાના એકાત મિલનના પરિણામોને સમજનાર વસિષ્ઠ વિશ્વરથને કહે છે કે

'પણ મનોવૃત્તિ ક્યારેય કલંકિત થાય એ તો દેવ પણ કહી ન શકે ' (પૃ ૪૭)

એમના હૃદયની ભાવનાઓના સાહજિક ઉન્મેષોને પ્રગટાવતાં અટકાવીને લેખક પાત્રોના જીવનને નવી દિશા તરફ લઇ જવાનો પ્રયત્ન કરે છે. નાયક અને નાયિકા હજીય એકબીજાને સમજે એ પહેલાં જ વસિષ્ઠનું સૂચન પાત્રોના અતરને હચમચાવી નાંખે છે. આથી વિશ્વરથને વસિષ્ઠ પર ક્રોધ આવે એ સ્વાભાવિક છે પરંતુ નિર્વ્યાજ પ્રેમ કરતી રોહિણીતો રડીને પાગલ સરખી બની જાય છે. અહી પ્રેમવૈફલ્યનું વાતાવરણ સર્જાય છે. બાળપણમાં પોતાની બાલસખીને ગુમાવનાર કનૈયાલાલ મુનશીનું જીવન અહીં પ્રતિબિંબ થતું હોય એમ લાગે છે. એક મેકને ચાહતાં પાત્રો એકબીજાથી જુદાં પડી જાય છે.

સર્જકે વિશ્વરથને ચિંતન કરાવીને ઉત્તરમાં બનતી ઘટનાઓ માટે ભૂમિકા રચી આપી છે. વિશ્વરથને એમ લાગે છે કે . 'પોતાને દસ્યુઓના જેવો ગણ્યો.' દસ્યુઓના જેવા એટલે શું? દસ્યુઓમા સંસ્કાર ન હતા' ઉગ્રા અને વિશ્વરથ એટલે કે ભરતોના રાજા એવા વિશ્વરથ અને અસુર કન્યા ઉગ્રા વચ્ચેના પ્રણય સંબંધો માટેની પીઠિકા રચાઇ જાય છે

વસિષ્ઠ વિશ્વરથને સત્યથી વાકેફ કરે છે. રોહિણી હવે કુંવારિકા ન હતી એ સુની પત્ની થવાની હતી વિશ્વરથ આ જાણતો હોવા છતાં ય એને એકાંતમાં મળીને વાર્તાલાપ કરે છે ત્યારે નાયકના મનમાં રહેલો ભાવ અછાનો તો ન જ રહી શકે? અહીં એના મનમાં ઉદ્ભવતા પ્રશ્નો જેવા કે 'રોહિણી સુદાસની પત્ની થવાની છે એટલે શું એના સાથે એકાંતમાં ચર્ચાલાપ શક્ય ન થાય?'

વિશ્વરથના હૃદયમામ નાયિકા માટેનું અનન્ય એવું સ્થાન હતું એની 'બાળ સખી' હતી. પરંતુ એની સામે ઉપસ્થિત વાસ્તવિકતા એને અનિચ્છા એ પણ સ્વીકારવી જ પડે છે.

વસિષ્ઠની એક માત્ર ટકોર કરાવીને લેખકે વિશ્વરથના મનમાં બંધાયેલા સ્વપ્નને છિન્ન ભિન્ન કરાવી નાખ્યું છે. અને એના હૃદયમાં રહેલા પ્રેમને મૂર્ત કરી આપ્યો છે આ પ્રેમ એક તરફી ન બને એ સ્વાભાવિક હતુ કારણ કે વિશ્વરથના આગમનથી રોમાંચ અનુભવતી રોહિણી વસિષ્ઠના વિધાનથી ભાંગી પડે છે. પ્રેમની લગન એક તરફી નહી, બન્ને પક્ષે બરોબર લાગી હતી રોહિણીના હૃદયમાં રહેલા પ્રણય ભાવને તેઓ આમ અભિવ્યક્ત કરે છે -

"આજે-પાંચ વર્ષ થયાં રોહિણી છેક બદલાઇ ગઇ હતી. એનું હાસ્ય જતુ રહ્યું હતું. અને એનું શરીર લેવાઇ ગયું હતું. પિતાની ભક્તિ માટે જ તે જીવતી હતી. અનેકવાર મુનિએ કારણ પૂછ્યુ હતું, પણ ખિન્નતાના સત્વ સરખું હાસ્ય હસી એણે કંઇ જવાબ દીધો નહોતો. મુનિ આશ્રમમાં હોય ત્યારે ચાર પ્રજાઓના ભાગ્ય ઘડવામાં, તેમને ભેગા રાખવામાં, આશ્રમની પ્રતિષ્ઠા જાળવવામાં, અને શમ્બર સાથે વિગ્રહની તૈયારી કરવામાં એમનો વખત જતો. વર્ષમાં લગભગ છ મહિના એમને યુધ્ધે ચઢવું પડતું કે આર્યોનાં મુખ્ય ધામોએ પ્રસંગસર પર્યટન કરવું પડતું. એટલે પુત્રી તરફ ધ્યાન આપવાનો એમને સમય મળતો ન હતો '[૧૦]

૧૦ એજન - પૃ ૫૦.

સ્ત્રીના જીવનમા આવેલો અચાનકનો વળાક એના જીવનને અરણ્ય તરફ ઘસડી જાય છે. પાત્રની વેદના અસહ્ય બની જાય ત્યારે પાત્ર જીવાતા જીવનથી વિમુખ બની જાય છે. અહીંયા મુનશીએ રોહિણીના પાત્રની આંતરિક વેદનાને યથાર્થપણે ઉપસાવવાનો પ્રયત્ન ક્યોઁ હોત તો આ પ્રણયકથામાં કરુણતાનો ભાવ વિશેષપણે હૃદયસ્પર્શી બની ઊઠયો હોત. પરંતુ પાત્રોના મનોજગતમાં અનુભવાતા સૂક્ષ્મ ભાવોને અભિવ્યક્ત કરવાનું ટાળીને તેઓ સહઝતાથી કહે છે કે 'આજે પાચ વર્ષ થયાં રોહિણી છેક બદલાઇ ગઇ હતી '

નાયિકાના આંતર અને બાહ્યજગતનો અડતો ઉલ્લેખ કરીને લેખકે કથાના તંતુને ઉત્તર ઘટના સાથે જોડવા માટે નાયિકાની આ સ્થિતિ માટે એના પિતા અગત્સ્યને દોષિત ઠરવવાનો પ્રયાસ કર્યો છે.

પ્રિય એવા વિશ્વરથની આશા નંદવાઇ જવાથી રોહિણીએ સુદાસ સાથે પોતાના લગ્ન થવાના હોય છે એ લગ્નની ના પાડીને એક નવીન દિશામાં જવાનું ઉચિત માન્યું છે. એના જીવનમાં પરિવર્તન થાય છે અને સાંસારિક માયામાંથી મનને વાળીને પ્રભુ તરફ ઢળે છે. સાંસારિક માયામાંથી મનને પ્રભુના વાળ્યું હોવા છતાંય નાયિકાના હૃદયપર તો 'વિશ્વરથ' અકબંધ છે એની ખાતરી આપણને નીચેના પ્રસંગમાં થાય છે 'વિશ્વરથ' શમ્બરના હાથે કેદ થયો છે એ સમાચાર સાભળતા જ રોહિણી બેભાન બનીને ઢળી પરે છે

કથાના પ્રવાહમાં હવે શમ્બરના ગઢમાં એટલે ત્યાં વિશ્વરથ અને ઋક્ષ શું કરે છે એની ભૂમિકાનું બીજ હવે અહીં મૂકી આપાવામાં આવ્યું છે

નદીએ સ્નાન કરવા માટે વિશ્વરથ અને ઋક્ષ ગયા હતા. શમ્બરના માણસોએ લાગ સાધીને આ બે અગસ્ત્યના શિષ્યોને પકડીને એમના ગઢમાં બંદીવાન બનાવ્યા. વિશ્વરથ અને ઋક્ષના વાણી વર્તનનું વર્ણન કરીને.એમની વ્યક્તિત્વને ઉપસાવી આપવાનો લેખકે ઉપક્રમ રાખ્યો છે શમ્બરના સૈનિકોથી ઋક્ષ ભયભીત બની જાય છે જ્યારે વિશ્વરથ તો પરિસ્થિતિને સહર્પ સ્વીકારી લેવાની તૈયારી દાખવે છે. તે હળવે હળવે શમ્બરના સૈનિક સાથે વાર્તાલાપ કરીને એમના સાથે આત્મીય સબંધ સ્થાપે છે.

લેખકે આ નિમિત્તે અનાર્ય લોકનું સચિત્ર ચિત્રણ કરીને એમની જીવનશૈલીની રેખાને આમ ઉપસાવી છે -

"રસ્તે દસ્યુઓનાં ગામડાં પણ મળતાં. નાના નાના સૂકાં પાતરાંની ઝૂંપડીમાં અર્ધનગ્ન સ્ત્રીપુરુષો રહેતાં હતાં. ઘણાંખરાં કાળા રંગના હતાં, ને કોઇ એક જરા ઊજળા હતાં. ઘણાંખરાં કદરૂપાં ને ચીબા નાકનાં હતાં. ઘોડેસવારને આવતા જોઇ એ બધાં ભેગા થતાં, અને ભયંકર હર્પની ચિચિયારીઓ પાડી તુગ્રની આસપાસ વીંટાઇ વળતાં. ઘણા ભોંય પર સૂઇ જઇ માન આપતાં અને ખાવા માટે માંસ ને પાણી ધરતાં. તુગ્ર પોતાની સ્વાભાવિક ગંભીરતા છોડીને હસતો અને કોઇને તમાચો મારી કે કોઇનો વાંસો ઠોકી પોતાનો પ્રેમ દેખાડતો."[૧૧]

મુનશીએ બે વિરોધાભાસી સંસ્કૃતિ ને અહીં ઉપસાવીને કથાને રસપ્રદ બનાવી છે આર્ય અને અનાર્ય વચ્ચેનો ભેદ,જીવનને જોવાં, માણવાં વચ્ચેનો ભેદ છે. અનાર્ય સંસ્કૃતિ જોઇને ઋક્ષ

૧૧. એજન - પૃ ૬૩.

તો એમનો તિરસ્કાર કરે છે. આર્ય અનાર્ય વચ્ચેનો પરંપરા થી ચાલી આવતો આ ભેદ નષ્ટ કરવાની ખેવના મુનશીના મનમા પ્રગટ થતી દષ્ટે પડે છે એઓ તો સ્પષ્ટ પણે માને છે કે . સંસ્કૃતિ એક બને તોજ આ આર્ય અનાર્ય વચ્ચે રચાયેલી ખાઇ નષ્ટ થાય, અન્યથા આ અશક્ય છે

ઋક્ષ ભિન્ન એવી જીવનની રીતિ જોઇને ગુંગળામણ અનુભવે છે અને વિશ્વરથ સહર્ષ સ્વીકારી લેછે. આબન્નેને નાસી જવાનો કોઇ માર્ગ દેખાતો નથી આર્ય સંસ્કૃતિમાં ઉછરેલી આ બે વ્યક્તિનું જીવન સાવ નિરસ બની રહે છે. એમાંય અનાર્યને જોઇને ઋક્ષ નો દુ:ખી દુ:ખી થઇ જાય છે

ગામડામાં કોઇ નવીન ઘટના ઘટે ત્યારે ગામલોક એ જોવા માટે બહાર નીકળે એમ જ આ અનાર્યો બે યુવાનોને જોવા આવે છે. અહીયા મુનશીએ વિશ્વરથ અને ઉગ્રાના પ્રણયનો પરિવેશ રચ્યો છે. ઉગ્રા વિશ્વરથના રંગથી પ્રભાવિત થઇ સહજતાથી જ પૂછે છે કે : 'તું આટલો ગૌરાંગ કેમ છે. ? ' વિશ્વરથે કહ્યું કે ' રોજ બે વાર નાહવાથી. અને આ નાયિકા વિશ્વરથના પડયા બોલ ઝીલવા રોજ બે વાર નહાવા લાગે છે.

મુનશીનામ પાત્રો પ્રભાવશાળી હોય છે. શમ્બરના ગઢમાં વિશ્વરથ અને ઋક્ષ કેદી અવસ્થામાં છે દસ્યુરાજના પુત્રને મારી નખાવ્યા બાદ વિશ્વરથ વરુણદેવ ને આરાધીને શમ્બરપુત્રને પુન જીવિત કરે છે. પરિણામે અનાર્યમાં વિશ્વરથનો પ્રભાવ ફેલાયછે. અનાર્યો વિશ્વરથને પુજનીય ભાવથી ભજતા થાયછે. વિશ્વરથને એકએક મોરપીછ આપીને અભિનંદે છે અહીં ઉગ્રા અને વિશ્વરથ વચ્ચેના સંવાદ દ્વારા લેખકે ઉગ્રાના મુગ્ધ પ્રણયભાવને વાચા આપી છે

'આજે નાહી છું '

' તો આજે કેવી સુંદર લાગે છે ! '

' હું રોજ નાહુ તો તમારા જેવી થાઉ ?'

ધીમે ધીમે ઉગ્રાના મનમાં વિશ્વરથ સ્થાન લેવા લાગે છે.

દસ્યુરાજના પુત્રને પુન જીવિત કરવાથી વિશ્વરથ અને ઋક્ષને ઉચ્ચ સુવિધાઓ મળવા લાગેછે. પરતું અહીયા એક વિચિત્ર ઘટના ઘટે છે શમ્બર ઋક્ષને ભરતો નો રાજા સ્વીકારીને એને બોલાવે છે.ઋક્ષ અહીં કહેછે.

" તારો પેલો તુગ્ર શમબ્ર પાસે મને લઇ ગયો અને શમ્બર ભેટી જ પડયો સમજની....'[૧૨]

'સમજની' શબ્દ સુરતી બોલીની છાપ દઢિભૂત કરે છે. શમ્બરની ગેરસમજને વિશ્વરથ સમજી જાય છે. છતાંય એ અગસ્ત્યનો શિષ્ય બનીને રહે છે અને ઋક્ષ ભરતરાજ બનીને રહે છે

શમ્બર આર્યો સાથેના યુદધ અંગે પ્રવૃત બને છે. બીજી બાજુ એ મુનશી વિશ્વરથ અને ઉગ્રાના પ્રણયનું આલેખન કરે છે ઉગ્રા માંદી પડી હોવાથી દાસી વિશ્વરથને બોલાવવા આવે છે. ઉગ્રા અને વિશ્વરથ એકલા ઝૂંપડીમાં હોય છે એ વેળાનું વર્ણન તપાસીએ -

'વિશ્વરથ ગભરાઇ ગયો. અહીં ઊભા રહેવુ કે ચાલ્યા જવું તેની પણ સમજ નહીં પડી પેલી યુવતીએ આંખો ઊઘાડી કામાતુર દષ્ટિ એના પર નાંખી

૧૨ એજન - પૃ ૧૭

'નહતુ! મને બચાવ.'

વિશ્વરથને કમકમાટ આવ્યાં.

'દેવ! હું શું શું કહું અને શું શું અણકહ્યું રાખું? તું તે દહાડે 'દેવ આવ્યો, ગૌરાંગ. અને મેં ઉગ્રકાલને સ્થાનેકે જોયો ને હું ગાંડી થઇ ગઇ. એક દહાડો સવારે તને હું જોવા આવી તને યાદ છે?'

આ વાર્તાલાપમાં ઉગ્રા દસ્યુ કન્યા છે અને વિશ્વરથ આર્ય છે. આ બે વચ્ચે ભેદ છે. આર્યના ઉચ્ચ ખ્યાલોથી બંધાયેલ વિશ્વરથ પોતાના વિશ્વાસમાં અડગ રહીને ઉગ્રાને કહે છે કે . 'તું ગમે તેટલું આક્રંદ કરશે તોય હું પલળાવનો નથી ' મુનશીની નવલકથાઓની મોટાભાગની નાયિકાઓ પુરુષ સમોવડી હોય છે અને પોતાને ગમતા એવા પુરુષને પોતાની જાત સમર્પિત કરી દે છે એજ પ્રકુતી ઉગ્રામાં છે.

'લોપામુદ્રા' ના ચારેય ભાગ - નવલકથા અને નાટક - બંનેમાં મુનશીનું વલણ એમ લાગે છે કે : આર્યો અને દસ્યુ એ બે વચ્ચે આવો ભેદ શો? આર્યોમાં જે હૃદયની સંસ્કૃતિ છે, તે દસ્યુઓમાં પણ છે, એવું બતાવી લેખકને પ્રશ્ન કરવો છે કે તો આ બે વચ્ચે મેળ કેમ ન થઇ શકે? શું રંગભેદ કદીન ધોઇ શકાય એવી વસ્તુ છે? શુ અનહદ અભિમાનથી જ આર્યોની વિશુદ્ધિ રક્ષાશે?"[૧૩]

અહી આર્ય પુરુપ અને દસ્યુ કન્યા વચ્ચે સંબધને સ્થાપિત કરીને આ બે જાતો વચ્ચે સર્જાયેલી 'ખાઇ' ને પૂરવાનો પ્રયત્ન થયો છે પરંતુ વિશ્વરથ ભરતોનો રાજા છે એના મનમાં આર્યોની પ્રબળ અસર છે. ઉગ્રાના પ્રણયના ઉગ્ર આક્રમણને ખાળવાના પ્રયત્નમાં એના મનામાં ઉગ્રા પ્રત્યે અનુકંપા જન્મે છે

ઇ સ. ૧૯૩૨ માં મહાત્મા ગાંધીજી હરિજન માટે ઉપવાસપર ઉતર્યા હતા આ સમય પછી આ કૃતિ સર્જાઇ હોવથી એ વીસરી ન શકાય. એમ ઉમાશંકર જોષી સૂચવે છે.[૧૪] 'લોપામુદ્રા' કૃતિનો આ મુખ્ય સૂર હોય એમ કહી શકાય

વિશ્વરથ સામે ઉગ્રાનું પ્રણય આક્રમણ થાય છે અને એની સમાંતરે ઋક્ષનુંમે અધ પતન થાય છે અસુર કન્યાઓથી ઋક્ષનું જાતીય સ્ખલન થાય છે. ઋક્ષના અધર્મ કૃત્ય બદલ એને સખત રીતે ડામવાનો વિશ્વરથ નિશ્ચય કરે છે. પરંતુ ઋક્ષના આસુંઓથી વિશ્વરથ ડગમગી જાય છે. લેખકે વિશ્વરથના જીવનમાં બનેલી આ ઘટનાની સાથે ઋક્ષની ઘટનાનું નિરૂપણ કરીને આ પાત્રનેય અસુરરાજ કન્યાના સાનિધ્યમાં મૂકી આપ્યું છે જેમ ઋક્ષ અસુર કન્યાઓના જાતીય આક્રમણને ટાળવા અસમર્થ બની જાય છે એમ વિશ્વરથ પણ ઉગ્રાના પ્રણયના આક્રમણને ટાળવા અસમર્થ બની રહે એવો સર્જકનો ઇશારો પ્રગટ થાય છે.

પ્રથમવાર ઋક્ષનું ચરિત્ર પતન થયુ ત્યારે એ સભાન હોય છે અને પશ્ચાતાપમાં આસુ સારે છે પરંતુ એ પછીય આ પાત્ર નુ ચારિત્ર્ય અધ.પતન થયા કરે અને રોજ આ પાત્ર વિશ્વરથ આગળ પ્રાયશ્ચિત કરે છે

---

૧૩. સમસવેદન - લે. ઉમાશકર જોષી, પૃ ૧૬૫,૧૬૬. પ્રકા.વ. ૧૯૪૮ પ્ર.આ.
૧૪ એજન - પૃ ૧૬૬

વિશ્વરથના હૃદયમા ઉગ્રા પ્રત્યે પ્રણય ભાવને પ્રદિપ્ત બનાવવા માટે પ્રયોજાયેલી ઘટનાઓ એના પ્રેમને પ્રદિપ્ત કરાવવાને બદલે નાયિકા પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન કરાવતી લાગેછે. ઉગ્રા રોજ સવારે વિશ્વરથ ની ઝૂંપડી પાસે પુષ્પ અને મોરપીછ મૂકીને પોતાના હૃદયને ઝંઝોળી નાંખેછે સ્વાભાવિક હોય શકે. નિત્ય ક્રમાનુસાર ઉગ્રા પુષ્પ અને પીછા મૂકે છે. વિશ્વરથ પોતાનો અસ્વીકાર કરે છે.એક તરફી પ્રણયભાવવાળી નાયિકાને કોઇપણ ભોગે નાયકને પોતાનો પરમેશ્વર બનાવવો છે પરંતુ એમા ને એમાં એની તબિયત લથડતી જાય છે અને રોજના ક્રમ પ્રમાણે રુદન કરી શકી નહી આથી નાયકનો અહમ ઘવાય છે. અહી આશ્ચર્ય અને કુતુહલ થવું જોઇએ ! પરંતુ અહીં તો નાયક નો અહમ ઘવાય છે. મુનશીનું આ પ્રમાણેનું નિરૂપણ કથારસને પોષક બનતું નથી.

નાયકને નાયિકાભિમુખ કરવાનો સ્નેહ ભર્યો માર્ગને લેખકે અનુસરવાનું ટાળીને અન્ય રીતે બંનેને નજીક લઇ જવા માગે છે. નાયકના ચિત્તમાં ઉદભવેલા પ્રશ્ન તુગ્ર ની માહિતી થી નષ્ટ થઇ જાય છે. વિશ્વરથ શામ્બરી ની સારવાર કરવા જાય છે. મુનશી એ આ પ્રસંગને આમ આલેખ્યો છે

'વિશ્વરથ ના કહી શક્યો નહી અને શમ્બરીના ઝૂપડીએ ગયો તે તાવથી પીડાતી બેભાન અવસ્થામાં પડી હતી. કેવી સુકાઇ ગઇ હતી' તેને મંત્ર ભણી પાણી છાંટયું ને માથે હાથ મૂક્યો ઉગ્રા એ આંખો ઉઘાડી એના પર ઠારી. મૂકવદને તે પડી રહી અને એની આખમાંથી આંસુઓનાં ઝરણા વહયાં

વિશ્વરથની આંખ પણ ભીની થઇ. તુગ્રની સ્ત્રી દાગી ત્યાં જ હતી તે પણ જાણે ઠપકો દેતી હોય તેમ એની સામું જોયા કરતી હતી.

'એણે બે દહાડા થયાં કંઇ ખાધું નથી.' દાગીએ કહ્યું

'તું દૂધ પાઇ જો પીએ છે?'

શામ્બરીની વૃધ્ધ મા નીચું જોઇ રડયા કરતી હતી. તેણે સાઠ વર્ષની ઉંમરમાં આવો રોગ જોયો નહોતો દીકરી મરવાની અણી પર હતી એવી તેને તો ખાતરી થઇ ગઇ હતી.

વિશ્વરથે માટીના બટેરામાં દૂધ લઇ શામ્બરીને મોઢે ધર્યું એક થરથર કાંપતો હાથ એણે બટેરાને અડાડયો, અને અજાણતાં, તે વિશ્વરથના આંગળાને અડક્યો. એના આખા કલેવરમાં જાણે મરુતનો હોય એવો સૂસવાટ થયો: તેણે એક હાથે ગૂંચવાઇ ગયેલા વાળ ઊંચા કર્યા, અને પીતાં પહેલાં, નિર્ગતિથી અસ્વાભાવિક તેજે ચમકતાં મોટાં ચક્ષુઓ વિશ્વરથ પર ઠેરવી, તે નિ:શબ્દ રજા માંગી રહી."[૧૫]

નાયિકાની હૃદયોઉર્મિને લેખકે ઠીક ઠીક ઉપસાવી છે. રોજ સંભળાતા રુદન પાછળનું રહસ્ય અને એ રહસ્યમાં નાયિકાની શારીરિક તબિયત જવાબદાર અને નાયિકાની તબિયત માટે એના પ્રણયનો અસ્વીકાર કારણભૂત છે એમ લેખકે સૂચવ્યું છે. બીજમાંથી અંકુર અને પછી છોડ અને એનો વિકાસ થાય એમ અહીં નાયિકાના હૃદયમાં પડેલું પ્રણયબીજ ફુલવા-ફાલવા લાગે છે.

૧૫. એજન - પૃ ૭૨

શામ્બરીનો અણિશુધ્ધ નિર્વ્યાજ પ્રેમના પ્રચંડ ધસમસતા લાગણી પ્રવાહામાં નાયક તણાઇ જાય એવો પરિવેશ અહી રચાયો છે. ઉગ્રાની હૃદય દ્રાવક સ્થિતિ જોઇને વિશ્વરથનું હૃદય કપી ઊઠે છે એના મનમાં અસંખ્ય વિચારોનાં ઝુંડ ઉમટે છે. મુનશીએ વિશ્વરથના પાત્ર સામે સંઘર્ષાત્મક સ્થિતિ સર્જીને આર્ય-અનાર્ય વચ્ચેના વર્ણ તેજ અને સંસ્કાર ભેદના ભાવને ફોકસ કરવાનો પ્રયત્ન કર્યો છે

લોલકની જેમ ઝોલાંખાતા વિશ્વરથના મનોવલયોને લેખકે આમ આલેખ્યા છે -

" 'રાજા' અસુર! હું ગાંધીનો પુત્ર ને અગસ્ત્યનો શિષ્ય તને બોલાવુ છું દેવાધિદેવ! તું પંખીઓના પંથને જાને છે. ને જાણે છે માનવીયે માનવીનાં હૈયાં. દેવ! હું કૃપા યાચું છું. શામ્બરીનું આત્મસમર્પણ તે અનાર્વત્વ? મારો વર્ણતિરસ્કાર તે આર્યત્વ? ઋક્ષનો સ્વચ્છંદ ને આર્યત્વ? સત્ય, તપ અને ઋતના સ્વામી! સત્ય શું તે શીખવ. ઋત શું તે દેખાડ, મને છોડીને મા જઇશ. હું અંધ ચું, પંથ બતાવ. વર્ણ સત્ય કે હૃદય સત્ય?'

કથાનકનો નાયક બે પરિસ્થિતિ વચ્ચે રહેંસાતો હોય છે. ત્યાં શામ્બરીના કરુણ ગીતનો અવાજ એના હૃદયને ભેદી નાખે છે આર્યત્વના સંસ્કારથી સભાન હોવને કારણે વિશ્વરથ ઉગ્રાનો સ્વીકાર કરી શખતો ન હતો પરંતુ ઉગ્રાના પ્રેમને પૂર્ણપણે નિહાળીને એ આર્ય અને અનાર્ય વચ્ચેની લક્ષ્મણરેખાને ઓળંગીને ઉગ્રાને સહર્ષ સ્વીકારી લે છે વિશ્વરથ ઉગ્રાને મળવા માટે જાય છે કથાનકને વધારે આકર્ષક અને રસપ્રદ બનાવવા માટે સર્જકે ઉગ્રાને મળવા જતાં વિશ્વરથને દાગી સાથે ચર્ચાલાપ કરાવ્યો છે. આર્યત્વનો અચબો ફંગોળીને ઉગ્રાના પ્રેમનો સ્વીકાર કરવા માટે આવેલા વિશ્વરથને દાગી અસહ્ય હૃદયવેધક વેણ સંભળાવે છે. દાગી સંપૂર્ણપણે જાણે છે કે ઉગ્રાને શું થયું છે એટલે જ તો ઉગ્રા પોતાની ભાણેજ મરી જાય તો એ વિશ્વરથને ય મારી નાંખવાની ધમકી આપે છે. એની ધમકીમાં નિશ્ચયનાં દર્શન થાય છે. કૃતિમાં નિરૂપાયેલાં ગૌણ પાત્રો ય લેખકની કલમે જીવંત બની જાય છે. ઉગ્રાને દિવસે દિવસે મરણ નજીક ડગલાં માડતી જોતી દાગી માટે અસહ્ય થઇ પડે છે ત્યારે એ ઉગ્રાની આ સ્થિતિ માટે જવાબદાર વ્યક્તિને મારી નાખવાની ધમકી આપતાં ખચકાટ અનુભવતી નથી મુનશીનું આ ગૌણ નારી પાત્ર પણ પરાક્રમી સાહસી છે

વિશ્વરથ સઘળાં બંધનો ફગાવીને ઉગ્રાનો સ્વીકાર કરવા આવે છે. અહી ઉગ્રાની મામી વિશ્વરથને અપમાનિત કરી નાખે છે. બીજી બાજુ એ ઉગ્રા વિશ્વરથના આગમનને 'સ્વપ્ન' ગણે છે. પરંતુ વિશ્વરથ ઉગ્રાને આલિંગન આપે છે એ સમયે વિશ્વરથના મનમાં ઉદ્દભવેલી સ્થિતિને વર્ણવીને મુનશી આર્ય અને અનાર્ય વચ્ચેના સંઘર્ષને વ્યક્ત કરતાં નોંધે છે કે -

"વિશ્વરથ, ત્રુપ્ત હૈયે, એની બાથમાં માંથું છુપાવી રડી પડ્યો. એ ભરત કુલશિરોમણિ, કુશિક જેવા સજર્ષિનો પૌત્ર, અગસ્ત્યનો શિષ્ય, મંત્રદ્રષ્ટા થવાને ઉત્સુક - આખરે, આખરે - દસ્યુકણ્યાનો પ્રિયતમ તેના મૂક સમર્પણથી સ્વેચ્છાએ વેચાયેલો દાસ તે વિષમ પળે, અધમતાથી પણ અધમ ગતિ તેણે પ્રાપ્ત કરી આંખમાંથી ગૌરવભંગના લોહીભર્યા આંસુ ખરતાં હતાં. પૂર્વજો પિતા ને ગુરૂ એને શાપ આપે એવી દશામાં હતો "

અહી લેખકે વર્ણન કરવાને બદલે પાત્રને બોલવા દીધું હોત તો વધારે સારી રીતે આ પ્રસગ ઉપસી શક્યો હોત. ભરતોનો રાજા, કુશિક જેવા રાજર્ષિનો પૌત્ર, અગસ્ત્યનો શિષ્ય, ઋષિ બનવા ઉત્સુક એવો વિશ્વરથ 'મહાન' બનવાને બદલે એક સામાન્ય અસુર કન્યાનો 'પ્રિયતમ' બની ગયો આ બે જાતિ વચ્ચેનો ભેદ વિશ્વરથ અને ઉગ્રાના મિલનથી ઉકેલાય જાય છે. અનાર્યની નિશ્ચિત કરેલી રેખાઓને વિશ્વરથ ઓળંગી જાય છે ત્યાં એને નવ્યદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. વિશ્વરથને વિશુદ્ધ હૈયાના ગગનગામી ભાવોમાં ભેદને દ્વેષથી પર એવા શાશ્વત ઋતનું દર્શન થાય છે. વિશ્વરથ ઉગ્રાનાં પ્રણયનો સ્વીકાર કરીને એને વચન આપે છે, આલિંગન આપે છે છતાંય એની સ્થિતિ આ છે -

"અને વિશ્વરથને કાને ઋક્ષ અને દસ્યુ સ્ત્રીઓના હાસ્યના ભણકાર પડયા : 'દેવ! દેવ! મને કયા કીચડમાં લઇ ગયો છે? તે બબડયો, અને એની આંખોમાંથી ફરીથી આંસુ પડવા લાગ્યાં "

બાહ્ય રીતે ઉગ્રાને આલિંગન આપતા વિશ્વરથના મનમાં હજીય પેલું આર્યત્વ ઓઢણ રહેલું હોય એમ પ્રતિબિંબિત કરાવીને મુનશીએ પાત્રની અવઢવ રજૂકરી છે અને એ કારણે જ નાયકે પણ નાયિકાના પ્રણયનો સ્વીકાર કર્યો નથી. આ મૂંઝવણ એના જીવનને વેદનામય બનાવી મૂકે છે ઉગ્રાની દયનીય સ્થિતિની દયા ખાઇને અનિચ્છાએ જ એ ઉગ્રાને મળવા ગયો હતો આમ ઉગ્રાને ઉગારવાના શુભ આશયથી પ્રેરાઇને વિશ્વરથ ઉગ્રાને મળવા જાય છે પરંતુ ઉગ્રાને વિશ્વરથ ની મુલાકાતો નું ભવિષ્યમાં શું પરિણામ આવશે એ 'તુગ્ર' જાણતો હોવાથી તુગ્ર વિશ્વરથને ટકોર કરીને ભવિશ્યમાં ઉત્પન્ન થનારી સ્થિતિથી પરિચિત કરાવે છે. લેખકે વિશ્વરથના હૃદયમાં રહેલા ઉગ્રા પ્રત્યેના અનુરાગને પ્રગટાવી આપવા દાગી અને હવે તુગ્રનો સહારો લીધો છે જેનાથી વિશ્વરથ ઉગ્રાની વધારે નીકટ આવે છે. ઉગ્રા ધીમે ધીમે સ્વસ્થ થઇ જાય છે. પણ બીજી બાજુ શમ્બરે આર્યો પર મોટો વિજય મેળવ્યો હોવાથી વિશ્વરથને આ ગઢમાંથી બહાર નીકળવું અશક્ય લાગવાથી એ ખિન્ન બની જાય છે.

ઉગ્રા વિશ્વરથની અતિ નીકટ આવી ગઇ હતી. એ વિશ્વરથને અંત:કરણથી ભજતી હોય છે એમાંય યુવાની નું પ્રાગટય નાયિકા માટે અસહ્ય થઇ પડે છે. એક સાંજ હમેંશની જેમ એ ભેગા થાય છે.

વિશ્વરથ પ્રત્યે પ્રેમ રાખતી ઉગ્રા વિશ્વરથની જુદાઇ સહી શકવા અસર્મથ હતી. અને એમાંય બે યુવાન હૈયાના માર્ગને મોકળું કરી આપતો માહોલ રચાય છે. ઉગ્રાની દબાયેલી વૃત્તિ આ પરિવેશમાં પ્રચંડ વેગથી બહાર આવે છે. એનું આલેખન આમ થયું છે

- 'શામ્બરી!' તે કહે છે, 'હું સખી છું, તું હોય ત્યાં દુ:ખ હોય? તારી જગતમાં જોડી નથી.'

પવનનો સુસવાટ વાય છે, શમ્બરીના રોમાંચ ખડાં થઇ જાય છે. તે બંને હાથે વિશ્વરથના બે હાથ પકડે છે ને જોઇ રહે છે. એની છાતી ઊછળે છે. વણપુછાતો પ્રશ્ન એને ગૂંગળાવે છે

'જહનુ! ખરેખર?'

'ખરેખર.'

'તો જહનુ' જહ્નુ - '

વિશ્વરથ આ આક્રંદનું રહસ્ય સમજે છે તે ઊઠવા જાય છે.

નાયિકાની ચિત્તમાં પ્રદિપ્ત થયેલો વાસનાના ભાવને લેખકે સરસ રીતે ગૂંથી લીધો છે. જાતિય આવેગના ધસમસતા પૂરને કેવી સહજતાથી મુનશીએ વર્ણવ્યું છે. ઉગ્રાના મનમાંથી પ્રદિપ્ત થયેલો કામનો ભાવ લક્ષ્મણરેખાને ઓળંગીને વિશ્વરથના બાહું માં સમાઇ જવાને માટે ઉગ્રા વિશ્વરથને આજીજી અને કાકલૂદી કરે છે. વિશ્વરથ ઉગ્રા ઉગરવા માટે એનો તિરસ્કાર કરીને ભાગી જવાને બદલે પ્રેમપૂર્વક છુટો થવા માગે છે પરંતુ ઉગ્રાનો કામ એના રોમેરોમમાં વ્યાપી વળ્યો હોવાથી એ વિશ્વરથને વિનવે છે. વિશ્વરથ ઉગ્રાને ધક્કો મારે છે ત્યારે ઉગ્રા હૃદયભાન, ભૂલીને હાથમાં માથું રાખીને રુએ છે. નાયિકાનું આ વર્તન નાયક માટે અસહ્ય બની જવાથી એ પોતાના હોઠને દાંતથી દબાવી મૂકે છે. હોઠમાંથી લોહી પડે છે. આ આંત્રિક અભિવ્યક્તિ દ્વારા મુનશી આ પ્રસંગને જીવંતરુપ આપ્યું છે. નાયિકાનો વિશ્વાસ તૂટી જવાથી એ વિશ્વરથને કહે છે કે - 'જહનુ! જહનુ! મારી નાખ! આવ! આવ!'

નાયિકાની પ્રદિપ્ત થયેલી કામનાના શમનને મુનશીએ સંયમથી વર્ણવ્યું છે.

"વિશ્વરથની રગેરગે વહ્નિજવાલા ચેતે છે

'શામ્બરી' - અવાજ નીકળતો નથી.

'આવ - આવ -'

એ કુદે છે - સૂર્યના અશ્વ સમો. એના પ્રબળ કાથોનું નિ:સીમ જોર આનંદઘેલી શામ્બરીને કચરી રહે છે. અને એક ચુંબનનો ધ્વનિ પવન ચારે તરફ પ્રસરે છે?"

આર્યત્વના સંસ્કારથી સભાન એવો વિશ્વરથ ઉગ્રાના નિર્વ્યાજ પ્રેમ આગળ અંતે નમી પડે છે અને ઉગ્રાના સાનિધ્યમાં ગૂમ થઇ જાય છે.

આમ, મુનશીએ 'લોપામુદ્રા' ના પ્રથમ ભાગ 'વિશ્વરથ' નવલકથામાં મુખ્યત્વે વિશ્વરથ અને ઉગ્રાની પ્રણયકથા કેન્દ્રસ્થાને રાખી છે. પરંતુ આ બે પાત્રો સિવાય કૃતિમાં નિરૂપાયેલા અન્ય ગૌણ પાત્રો જેવાકે, ઋચિક, ઋક્ષ, સત્યા, રોહિણી, અગસ્ત્ય, તુગ્ર, દાગી વિગેરે પાત્રોય ક્યાંક ક્યાંક પોતાના વ્યક્તિત્વની વિશેષ પ્રતિભાને પ્રગટાવીને જીવંત બની જાય છે.

ગાંધીરાજ સામે વિષમ પરિસ્થિતિનું નિર્માણ થાય છે ત્યાંથી માંડીને વિશ્વરથ ઉગ્રાનો સ્વીકાર કરે છે ત્યાં સુધીનો કથાનો પ્રવાહ અસ્ખલિત પણે અને પ્રસંડ વેગે વહે છે, કથાનકમાં આવતા દરેક પ્રસંગોનું નિરૂપણમાં સંવાદકલા, પાત્રાલેખન, અને પૌરાણિકકાળનું વાતાવરણ - આ બધું સહજતાથી મુનશી પ્રગટાવી આપે છે.

મુનશીએ મહાભારતના પ્રસંગોની પૂર્વકથાને બાર નાટકોની એક શ્રેણીમાં ગૂંથવાનો જે સંકલ્પ ક્યો હતો તેના ભાગ રૂપે 'પુરંદર - પરાજય, અવિભક્ત આત્મા, તર્પણ એન પુત્ર સમોવડી' રચ્યાં હતાં અને મહાનાટકના ઉપોદ્ઘાતરૂપે એમણે 'લોપામુદ્રા' - ખંડ.૧ 'વિશ્વરથ' નવલકથા અને એના અનુસંધાનમામ ત્રણ નાટ્યકૃતિઓ 'જમ્બરકન્યા, દેવ દીધેલી, અને ઋષિ વિશ્વામિત્ર' નાટકના રૂપમાં છે મારો વિષય મુનશીની ગુરાતી પૌરાણિક નવલકથાઓ તપાસવાનો હોવાથી 'લોપામુદ્રા' ના અન્ય ત્રણ નાટ્યખંડોની ચર્ચાને અસ્થાને ગણી છે મુનશીએ તો નાટ્યકૃતિનું સર્જન કરવું હતું. પરતુ બાબુ દાવલપુરા નોધે છે કે: "લેખકને વિશ્વરથનાં જન્મ શૈશવકાળના પ્રસંગો નાટ્યક્ષમ ન લાગવાથી પ્રથમ ખંડ 'વિશ્વરથ' માટે તેમણે નવલકથાનું સ્વરૂપ પ્રયોજ્યું છે."

# લોમહર્ષિણી

કનૈયાલાલ મુનશીએ પૌરાણિક કથાનકનું બાર અંકના નાટકનુ સર્જન કરવું હતું પરતુ પાછળથી એમને સમજાયુ કે ગુજરાતી વાચકવર્ગને નાટક પસદ ન હતું પરિણામે તેઓએ પાછળના અંકોનું નવલકથાના સ્વરૂપમાં રચના કરવાનું ઉચિત સમજાયું. 'લોપામુદ્રા' ના પ્રથમ ખંડ 'વિશ્વરથ' નવલકથામા એમહો વિશ્વામિત્ર અને જમદગ્નિના બાળપણ અને એમના વિકાસની કથાનું આલેખન કર્યુ છે. વિશ્વામિત્ર ના જીવનની સાથે જ આ નવલકથા સંકળાયેલી હોવાથી આ કૃતિ પૂર્વેની કૃતિ 'લોપામુદ્રા' સાથે સંબધ સ્થાપેછે. ટૂંકમાં કહીએ તો આ એક માળા નો મણકો છે અને આ મણકાને લેખકે 'લોમહર્ષિણી' એવું નામ કરણ કયું આ કૃતિનું કેન્દ્રસ્થ પાત્ર તરીકે લોમહર્ષિણી છે અને એના જીવનની આજુબાજુ બનતી ઘટનાઓનું મુનશીએ આલેખન કરીને આ પાત્રને ખીલવ્યું છે

' વિશ્વરથ ' નવલકથામા મુનશીએ વર્ણદ્રેપ. રંગભેદ નીતિ .કે જાતિય અસમાનતાના ભાવોને પરિણામે સર્જાતી વિપમ પરિસ્થિતિ પર આકરા પ્રહાર કર્યા છે એજ ભાવ ધીમે ધીમે પરાકાષ્ઠા તરફ ગતિ કરે છે આર્ય અને અનાર્ય. દાસ અને આર્યો વચ્ચે જે ભેદ છે એ ભેદને લીધે આ બે જાતિઓ વચ્ચે 'ઐક્ય' સ્થાપિત કરી શકાતું નથી વસિષ્ઠમુનિ રગદ્વેવમાં સ્પષ્ટપણે માને છે અને સંસ્કાર શુદ્ધિ ના ચૂસ્ત હિમાયતી છે. આર્યોના સંસ્કારોને ઉઘાડા પાડવા માટે એમણે અનાર્યોના હ્રદયશુદ્ધ સંસ્કારોને અભિવ્યક્ત કરીને આર્યો થી અનાર્યોના સંસ્કારોઉતરતી કટિનિ નથી એમ સ્થાપિત કરીને રંગદ્રેપ.વર્ણદ્રેપ અને જાતિય અસમાનતાની ખાઇને પૂરીને આર્ય અને અનાર્ય વચ્ચે મિત્રાચારીના સંબંધો પુન: સ્થાપિત થાય અને 'ઐક્ય' નું વાતાવરણ જળવાઇ રહે એ આકૃતિનો મુખ્ય આશય રાખ્યો છે.

કૃતિની ધરી પર 'લોમા' છે કે ' વિશ્વરથ' એ કહેવું અઘરું છે આ ઉપરાંત વસિષ્ઠ જમદગ્નિ હર્ષશ્રવ. ભેદ રામ રોહિણી. રેણુકા અર્જુન સુદાસ , શશિયસી શનુ શેપ. વિગેરે પાત્ર કૃતિમાં નિરૂપાયેલા છે. આ કૃતિનુ કથાનક પાંચ પ્રકરણમાં આમ વિભાજીત થયુંછે. પ્રથમ પ્રકરણ 'મુનિઓમાં શ્રેષ્ઠ. મા વિશ્વામિત્રનું પુરોહિતપદ સુદાસ લઇને વસિષ્ઠને આપે છે તત્સઓ. ભરતો અને અન્ય જાતિઓ વચ્ચે ઐક્ય જળવાયું હતું વિશ્વામિત્રનું આ પદ જવાથી ખંડ ખંડમા વિભાજિત બની જાય છે બીજા ખંડ 'બટુક દેવ' માં પરશુરામનું બાળપણનું આલેખન થયું છે. પરશુરામનું બાળપણ પુરાણોમાં ક્યાય આલેખાયું નથી. અહીં મહાપરાક્રમી પરશુરામના બાળપણને લેખકે કલ્પનાઓ દ્વારા એના સાહસપૂર્ણ પ્રસંગોનું આલેખન કર્યુ છે અને પાત્રની વિશિષ્ટ પ્રતિભાવ ઉપસાવી છે બીજા ખંડ 'શુન શેપ" માં વિદ્યાપ્રાપ્તિની અદશ્ય આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે શુન શેપ જે પ્રયત્નો કરે છે એનુંહૃદયસ્પર્શી નિરૂપણ થયું છે તો ચોથા પ્રકરણ 'અભય-સંશોધન" મા વિશ્વામિત્ર સામે સઘર્ષાત્મક સ્થિતિનું નિર્માણ થવાથી સત્યને શોધીને એને સ્થાપિત કરવા માટે તેઓ પ્રવૃત બને છે. છેલ્લું પ્રકરણ 'જમદગ્નિની આણ' માં અર્જુન

લોમાનું અપહરણ કરીને જાય છે આથી જમદગ્નિ શાપ આપે છે એ કથા ગૂંચવવામા આવી છે આ કૃતિને હવે વિગતે તપાસીએ.

કૃતિ ના આરંભમાં મુનશીએ આર્યવર્તનોચિતાર આપ્યો છે. આર્યવર્તમાં અનેક જાતિઓમાં તત્સૃઓ બળવાન હતા તત્સૃઓના રાજા દિવોદાસે શમ્બરને હરાવીને આર્યવર્તમા આણ વર્તાવી હતી ભરતોના રાજા વિશ્વામિત્રો દિવાદાસનુ પુરોહિતપદ સ્વીકાર્યુ હતું. સમગ્ર આર્યવર્તમા "ઐકય" સ્થપાયુ હતુ, પરંતુ એવી કેટલીક ઘટનાઓ ઘટી કે જેથી ઐક્યથી અખડિત એવું આ સપ્તસિંધ નું રાજ્ય શાતિંમય રહેવાને બદલે કલેશમય બની ગયુ.

દેવદાસનુ મૃત્યુ થવાથી એનો પુત્ર સુદાસ રાજ્યપદે બેસે છે હરિશ્ચન્દ્ર 'નરમેધ યજ્ઞ' કરવા વિશ્વામિત્ર અને જમગ્દિનને આમંત્રિત કરે છે.તત્સુઓના રાજ્યમાંથી વિશ્વામિત્ર જવાથી એમનો બાળશત્રુ સુદાસ વિશ્વામિત્રનું પુરોહિત પદ વસિષ્ઠને આપે છે.કથાનક નો આરંભ અંહીથી થાય છે અગસ્ત્ય,લોપામુદ્રા,વિશ્વામિત્ર અને જમદગ્નિથી ભરતો ભૃગુઓ અને તત્સુઓ ઐક્યનાં સબંધે બધાયેલા હોવા છતાંય એમના આંતર પ્રેમને કારણે આ ત્રણેય જાતિઓમાં વૈરસ્ય વધ્યે જતુ હતું મુનશીએ આર્યાવર્તના વાતાવરણને ચરિતાર્થ કરાવીને દાસ અને આર્યાના મિલન મુલાકાત થી કયામત ને વેગ આપ્યો છે

સુદાસ પોતાના બાળશત્રુને જડમૂળથી ઉખાડી નાખવા તત્પર હતો. એવામા એ વસિષ્ઠમૂનિ પાસે જઇને તત્સુઓનું પુરોહિતપદ લેવા માટે એમને આજીજી કરે છે.વસિષ્ઠને દેવોએ આજ્ઞા કરી ન હોત આથી એ સુદાસંને ના પાડે છે.વસિષ્ઠ સંસ્કાર પર વિશેપ ભાર આપતા હોય છે.વિશ્વામિત્રે દાસોને આર્યત્વ અપ્યુ એથી એ વિશ્વામિત્રના વિચારોનો વિરોધ કરે છે અહીં આ બે ઋષિઓની પોતાની આગવી વિચાર સરણી હોવાને કારણે બન્ને ખાઇ સર્જાય છે
વિશ્વામિત્રે સકળ આંવર્તને માનવ તરીકે સ્વીકરીને રંગદવેષ,જાતિય અસમાનતાને દૂર કરવાનો પ્રયાસ ક્યોં હતો અને એમાં તેઓ સફળ થયા હોવાથી આર્યને ત્યાં દાસીઓ તથા દાસો અને આર્યો વચ્ચે પરિણય સબંધો બંધાયા હતા.પરંતુ વસિશ્ઠને આ વ્યવસ્થા પસદ ન હતી તેઓ તો એમ જ માનતા કે અને દાસ હોય કે દાસીપુત્રો હોય તેને આર્યોથી દૂર રાખવા પડશે.વિશ્વામિત્રે જે વર્ણસંકરતા આણી છે તેનો પૂરેપૂરો વિનાશ વગર આર્યોની વર્ણશુદ્દિધ જળવાવાની નથી. વસિષ્ઠની વિચારધારા પ્રમાણે આર્ય અનાર્ય વચ્ચે મિત્રાચારીને બદલે બન્ને વચ્ચે કદી ન પૂરી શકાય એવી ખાઇ સર્જાતી હતી છતાંય મહત્વાકાક્ષી વશિષ્ઠ આર્યોને શુદધ કરવાની તક ગુમાવવા માગતા ન હતા.

સુદાસ અને વસિષ્ઠમુનિ વચ્ચેનાં સંવાદમાં ઉપરની આખી પરિસ્થિતિનુ આલેખન થયું છે "લોમા અને શશિયસી" નું બીજ મુકાવું છું. શશિયસીનો એક પ્રસંગ આર્ય અને અનાર્યાનું મિલન સે આરભમા નિરુપાયો છે આર્યવર્તની શુદ્દિધ માટે લોમાને અર્જુન સાથે પરણાવવા માંગે છે અને રાશિપશીને ભેદથી છુટ્ટી પાડવા માંગે છે.

મુનશીએ સુદાસના ચરિત્રને ઉપસાવવા માટે પાત્રનુ મનોમંથનને અભિવ્યકર કરીને એના આંતરજગતની મુદાઓને અંકિત કરી આપે છે.

પોતાના સ્વાર્થને સાધમાં વસિષ્ઠને પુરોહિત પદ આપીને પછી એમને ય દૂર કરી દેવાનુ છળકપટ એના મનમાં ચાલે છે પરંતુ લોમાને કઇ રીતે સમજાવવી એ એના માટે કપરુ કાર્ય હતું પાત્રને આ રીતે ચિંતનમા ગરકાવીને લોમાનો બાહય લાક્ષણિકતાઓનુ વ્યકિતત્વને આમ આલેખાયું છે લોમાને કાબૂમાં રાખવી બહુ અઘરુ કામ હતુ. રાજા દિવાદાસે આ નાની છોકરીને બહુ ફેરવી હતી. બાકીનુ હતુ તે લોપમુદ્રાએ પુરુ ક્યું હતું આર્યોનો એક શિષ્ટાચાર એવો નહોતો કે જે તે તોડતી નહોતી ઘણીવાર તે પુરુષના કપડા પહેરતી, ધનુષ્યને બાણ વાપરતી, જંગલમાં રઝળતી, દાસોને ત્યા જતી મોટા મોટા આર્યોની છોકરીઓ પર સર્વોપરિતા મેળવી તેમના ઘર ભાંગતી એ રાની બિલાડી હતી

હર્ષશ્રવ અને સુદાસ ગંભીર વિચારમાં હોય છે. મુનશીએ આ ક્ષણે લોમહર્ષિણી અને રામના બાહય દેખાવને અભિવ્કત કરી આપના લેખકે લખ્યુ છે કે .

"ઝાડોની ઘટામાંથી એક યુવતી અને એક છોકરો દોડતાં આવતાં હતાં. ઓગણીસ વર્ષની લોમહર્ષણીનુ નાની છોકરી જેવું મુખ અત્યારે દાડવાથી ને અકળાટથી લાલ બન્યુ હતુ એની આંખોમાં ચપળતાથી નાચતી હતીને એના છુટા વાળ પાછળ ઉડતા હતા જેના અંગે અંગ રૂપાળાને મજબૂત હતા

છોકરાની જેમ એણે પણ મૃગચર્મનો કછોટો માર્યો હતો માત્ર છાતી પર બાંધેલા કપડાના આછા બંધથી તેણે પોતાનુ સ્ત્રીત્વ કબૂલ કર્યુ હતું સુવાળી સુંદર અશ્રિવણી પગ ઉછાળતી પવનવેગે ધસી આવતી હોય એમ લાગતું હતું

લોમા જોડે દોડી આવતો છોકરો હતો ચૌદ વર્ષનો પણ લાગતો હતો સતર અઢાર વર્ષનો એના શરીરનો બાંધો પ્રચંડ પણ ઘાટીલો હતો. જેના ઝળહળતા મુખ પર આ વયે અશકય એવું ગાર્ભીય વસ્યુ હતું એની કાળી કાળી આંખો તેજસ્વી હતી અને એમા વિકરાળ પ્રાણીની આખમાં હોય એવી ત્રાસદાયક ને સ્થિર જયોત અત્યારે હતી.

પાત્રોના બાહય સૌંદર્ય જગતને હુબહુ ઉપસાવી આપતાં મુનશીનાં આ વર્ણનમાં લેખકની વર્ણનકલાની ઝાંખી થાય છે. લોમાને જાણ થાય છે કે 'વિશ્વામિત્રને સ્થાને સુદાસે વસિષ્ઠને બેસાડવાનો નિર્ણય કર્યો છે' આથી એ વિરોધ કરતા દોડતી દોડતી આવે છે. મુનશીની કલમે, નારીપાત્રો વધુ સારી રીતે ખીલ્યાં છે. પ્રતાપી અને પ્રભાવશાળી પુરુષપાત્રોનું આલેખન કરતાં મુનશીને હાથે નારી પાત્રોય પ્રભાવશાળી અને પ્રતાપી વર્ણવાયાં છે. એ જ રતિ અહીં 'લોપા' નું પાત્ર સર્જાયું છે લોમા પોતાના ભાઇનો વિરોધ કરે છે મુનશીએ લોમા અને સુદાસ વચ્ચે નાટયાત્મક સંવાદો દ્વારા પ્રસંગને તાદ્રશ્ય કરી આપ્યો છે. લોમા સુદાસનો માત્ર વિરોધ કરીને અટકી જતી નથી પરંતુ એ સુદાસને ધમકી આપે છે: 'પોતાના પિતાના કર્યા કરાવ્યા પર પાણી નહી ફરવા દે!'

કથાનકનો પ્રવાહ ધસમસતા પૂરની જેમ વધવા લાગે છે. વિશ્વામિત્રને પુરોહિતપદે બેસાડી રાકવા કૃતનિશ્ચયી બનેલી લોમા અને રામ જમદગ્નિ પાસે જાય છે.

મુનશી હર્યશ્વ સામે સઘર્ષભરી સ્થિતિ ઊભી કરીને કથારસને જાળવી રાખે છે. હર્યશ્વપુત્ર કુશાશ્વ અને ભેદ પરમ મિત્ર છે પરંતુ સુદાસના નવા ફરમાનને લીધે હર્યશ્વ રાજા ભેદ સાથેના

સંબંધો તોડી નાંખવા પડે એમ છે કારણ કે ભેદ દાસ છે અને એ પોતાની પુત્રવધુ સાથે સબંધ રાખે છે. હર્યશ્વ સામે મૂંઝવણ ભરી સ્થિતિથી એ વ્યતિત બની જાય છે.

ભેદ વિશ્વામિત્રનો સાળો છે દાસ હોવા છતાં એણે આર્યત્વ ધારણ કરીને આર્ય સસ્કારોનું પાલન કર્યું હતુ એ રાજઠાઠથી રહેતો અને સુદર ઘોડાઓ રાખતો એની ઉદારતા ને આતિથ્ય સત્કારતો બધે વખાણ થતાં. આર્યો એનું કાતા. પીતા એની ગાયો ભેટમાં લેતા અને એની પૂઠ પાછળ એની ચેષ્ટા કરતા અને એના શ્યામ વર્ણનો દ્વેષ કરતા ને પ્રસારતા હતા.

સહજતાથી પ્રશ્ન થાય છે કે 'વસિષ્ઠમુનિના ક્યાં આર્ય સંસ્કારો છે?' આર્ય અને અનાર્યના વ્યક્તિત્વમાં અનાર્યના સંસ્કારો વધુ સારા જોવા મળે છે. મુનશી એ અનાર્યના વ્યક્તિત્વ અને સંસ્કારને અભિવ્યક્ત કરીને આર્યો પર ભારેભાર કટાક્ષ કરીને વિષ્વામિત્રની વિચારધારાને પ્રાણ આપવાનો પ્રયાસ સીધ્યો છે ભેદનું વ્યક્તિ પારદર્શક છે. અને બીજીબાજુ આર્યો એનું ખાતા. પીતાને એની પાછળ એનું ખરાબ બોલતા. મુનશી પ્રસમગના મીળભાવજગતને અભિવ્યક્ત કરતાં પહેલા પ્રસંગાનુંરૂપ ભૂમિકા નું નિર્માણ કરીને આલેખ છે. અહી પાછવીર ઘટનાનો માહોલ રચાઇ જાય છે. હર્યશ્વને જે ચિંતા હતી એજ એની સામે આવીને ઉભી રહે છે. પોતાની પુત્રવધુ શશિયસી ભેદને મળવા ગઇ છે એનમે પકદવા માટે તત્સુઓ હર્યશ્વને સાથે લેવા આવ્યા હતા હર્યશ્વ સુદાસનો સેનાપતિ છે રાજખટપટ એની નસેનસ વણાઇ ગઇ છે એ પોતાની ઇજ્જતને સાચવવા તત્સુ યુવકોની આખોમાં ધૂળ નાંખીને વિશ્વાસુ પરિચર જોડે સંદેશો મોકલી આપેછે હર્યશ્વ સામે કટોકટી ભરી સ્થિતિ ઉત્પન્ન થાય છે. જો શશિયસીનો ભેદ પકડાઇ જાય તો પોતાની આબરૂના કાંકરા થઇ જાય બીજી બાજુ રાજાના ફરમાનને વફાદાર રહેવું પદે એમ હોવા છતાં એ ગુપ્તચર સમાચાર મોકલીને મધ્યમ માર્ગ કાઢે છે. આર્યો કોઇ પણ ભોગે ભેદ અને શશિયસીને રંગે હાથે પકડીને એમને સજા અપાવવા કૃતશ્વય બને છે. આર્યો હપશ્વને લઇને શશિવસી ને વૃધ્ધ કવિ લઇ જાય છે. આથી આર્યો જુઠા પડયા હોવાથી એમના ક્રોધ ને ઠારવા દાસો પર હુંમલાઓ કરે છે અને એમનસ ઘરોમાં આગ લગાડે છે.

આમ, મુનશીએ અલગ અલગ ઘટનાઓની કલાલિપ રીતે આલેખીને આર્ય અને અનાર્ય વચ્ચે ફલાયેલા વિષમ વાતાવરણ ને વધું સારી ઉપસાવી આપ્યુંછે. આર્યો અને અનાર્યો વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબધોના તાંતણા તૂટવા લાગે છે એમાય વસિષ્ઠની પ્રતિજ્ઞા બળતામાં ઘી હોમવાની ક્રિયા કરે છે.આર્યત્વ ની શુધ્ધિ માટે વસિષ્ઠ શશિયસીને સૂચન કરે છે. રાજ પરિવાર વસિષ્ઠને મળવા માટે જાય છે. ત્યાંરામ અને લોમાનું અણધાર્યું આગમન થાય છે સુદાસે કરેલા નિર્ણયને વખોડી કાઢતી લોમા વસિષ્ઠમુનિને પુરોહિત પદ ન લેવાનું સુચન કરતાં સંકોચ અનુભવતી નથી. મહાઋષિ સામે ઓગણીસ વર્ષની મુગ્ધકન્યા વસિષ્ઠને પુરોહિતપદ ન લેવાનું કહેવાનું સાહસ કરે ત્યારે પાત્ર અસામાન્ય બની જાય છે નાયિકાના પાત્ર પર લેખકે વિશેષ નજર ટેકવી હોય એમ પ્રતીતિ થાય છે.

મુનશી એ મહાભારતના બાર નાટકોની મહાશ્રેણી રચવાનો સંકલ્પ કર્યો હતો. એમાંની આ નવલકથામા ઉત્તરાર્ધની 'ભગવાન પરશુરામ' નવલકથાનું બીજ મૂકી આપીને એની સાથે

જોડી આપી છે. વસિષ્ઠને રામમાં અનન્ય દર્શન થાય છે લોમા કોઇપણ ભોગે પોતાના પુરોહિતને બદલવા માંગતી ન હતી અહીં લેખકે પાત્રના મુખમાં તેજાબી સંવાદો મુકીને પાત્રનુ કાઠુ પડી આપ્યુ છે પ્રયોજીને લેખકની નાટ્યાત્મક સૂઝ નીચેના સવાદો માં પ્રગટી ઊઠે છે.

'લોમા, લોમા.' રાણી થી ફરી વચ્ચે બોલાઇ ગયું

'ને હવે હું ઋષિ વિશ્વામિત્ર પાસે જાઉ છું '

'તમે, લોમાબા ? હર્યશ્વે પૂછયું'

'હા '

પણ તમારા ભાઇ શું કહેશે ? રાણી એ કહ્યું

'જેણે મારા બાપની અવગણના કરી તે ભાઇ શાનો? મારે જવું હશે ત્યાં જઇશ. મુનિવર્ય ! જાઉ છું કોઇ દહાડો યાદ કરજો મેં કહયું હતું તે રામ,ચાલ '[1]

લોમા પોતાના ભાઇનું ધાર્યુ કરવા પર પાણી ફેરવવા સક્રિય બને અને વસિષ્ઠમુનિ આગળ એ ફાવી શકી નહી ત્યારે લોમા અને રામ વિશ્વામિત્ર ની પાસે જાય છે

આર્યો સાથેના મિત્રાચારી ભર્યા સંબધો તૂટવાની સાથે ભેદને રહસ્ય સમજાયું એની ભૂંડી દશાનું જ્ઞાન થતાં પાત્રના મનમાં અનેક વિકારયુક્ત ભાવો જન્મતાં એના પિતાએ આર્યો સામે યુદધ કર્યુ એ સત્ય લાગવા માંડે છે અને એ પિતાને પગલે વધવાનો મક્કમ નિર્ણય કરે છે અહી મુનશીએ ભેદના મનોભાવોને વર્ણવીને કથારસની માવજતમાં ભારે પરિશ્રમ કર્યો છે આર્યો દ્વારા પોતાના થયેલા અપમાનના પ્રત્યુત્તરરૂપે એણે વસિષ્ઠના આશ્રમમાંથી શશિયસીનું અપહરેણ કર્યુ આર્ય દ્વારા પોતાનું અઘોર અપમાન અને શશિયસી પ્રત્યેનો કુમાશ ભર્યા પ્રેમનું વર્ણન મુનશી એ આમ કર્યુ છે તે જોઇએ -

'સૂર્યકિરણે શશિયસીના વાળ પર તેણે પડતાં જોયાં એ વાળ એના આંગળાંમાંથી અનેક વાર પાણીની માફક સરી પડયા હતા : કાળા, સુંવાળા, લાંબા ને પુષ્પોથી સુવાસિત અને એનું હૈયું ફરક્યુ . એની જીભ નિઃશબ્દ ઉત્કંઠાથી 'શશિયસી' પોકારી રહી મરુભૂમિમાં તરફડવાની રગેરગ પાણી માટે તલસે તેમ એની રગો શશિયસી માટે તલસી રહી.'[2]

આર્યો પ્રત્યેના દ્વેષભાવથી પ્રેરાઇને જ નહીં પરંતુ નાયકના ચિત્તમાં રહેલો નાયિકા પ્રત્યેનો કુમાશભર્યો પ્રેમ પણ ભેદને શશિયસીના હરણ કરવા તરફ પ્રેરે છે વસિષ્ઠ જેવા મહાન ઋષિને આશ્રમેથી ભેદ શશિયસીનું અપહરણ કરે છે એ સમયે આ સમયના ભેદનું થોડાક શબ્દોમાં આમ નિરૂપણ કરીને પાત્રના સાહસને લેખકે બિરદાવ્યું છે

"સુવર્ણમય બખ્તરમાં સજ્જ યોદ્ધો, કાળા પ્રચંડ ઘોડા પર, હાથમાં ખડ્ગ લઇ, એમના પર ટેકરી પરથી ધસી આવતો હતો.

દાસોની યુદધઘોષણા સંભળાઇ ન હોત અને ઘોડે સવારના શરીરનો શ્યામ વર્ણ દેખાયો ન હોત તો વૃત્રને હણનાર દેવ ઇન્દ્ર જ ઊતરી આવ્યા એમ એ માનત, પણ આ તો કોઇ દાસ હતો

એ ઊભા હતા ત્યાં સ્થિર થઇ ગયા. એમની આંખોમાંથી તણખા ખર્યા શસ્ત્ર વગરના

---

૧ 'લોમહર્ષિણી', લે ક.મા મુનશી, પ્રકા વર્ષ ૧૯૬૭, આ ૫ પૃ ૨૫

૨ એજન - પૃ ૩૧

SMT. HANSA MEHTA LIBRARY

હર્યશ્વ ને મહાજનો ગભરાટમાં દૂર ખસ્યા. અચાનક આવેલા આ ભયને રોકવાને અસમર્થ પૌરવી રાણી, ગભરાટમાં ચીસ પાડી, બેભાન થઇ, ધરણી એ ઢળી પડી "[3]

ભેદના અપૂર્વ સાહસને જોઇને વસિષ્ઠે ભેદનો વધ કરીને સપ્તસિંધુને વિશુધ્ધ કરવાનું બીડું ઝડપી લીધું.

લોમહર્ષિણી, રામ અને વિમદ ત્રણેય અસવારો વિશ્વામિત્રને મળવા જાય છે. આ પ્રસંગથી બીજા પ્રકરણ 'બટુકદેવ' નો આરંભ થાય છે. લોમા રામને જુવે છે રામ ઘોડે ચઢે છે એ છટાને મુગ્ધ પણે જોતી લોમામાં પ્રસ્થાપિત થતા પ્રણયનું બીજ આમ મુકાયું છે

"અત્યારે પણ તે ઊંચા મોટા ઘોડા પર બેઠો હતો . સ્વસ્થ, ગંભીર, ભવ્ય, એનું મોહક મુખ તેજથી તપતું હતું. એની કાળી આંખોની ભભક જ્યાં પડતી ત્યાં દઝાડતી "[4]

મુનશી એ આવા પરિવેશનું સર્જન કરીને પરશુરામના જન્મ અને એ પછીની ઘટનાઓનું રસપૂર્ણ આલેખન કર્યું છે. ભૃગોઓ રામને ઇન્દ્ર માનતા હતા. રામના બાળપણના આલેખનમાં પાત્ર પોતાનો આગવો રંગ લઇને આવે છે.

વૃધ્ધ ચાયમાન રામના અદ્દભુત વ્યક્તિત્વથી આકર્પાઇને એને શસ્ત્રને શાસ્ત્રનું જ્ઞાન આપવા તત્પર બની ઊઠે છે પરંતુ જમદગ્નિએ રામને વિશ્વામિત્રને ત્યાં મુકવાનું નક્કી કર્યું આથી વૃધ્ધ ચાયમાનનું હૃદય ભાંગી જાય છે. રામને ક્યાં 'ભણવા' મૂકવો એ અંગે જમદગ્નિ અને ચાયમા વચ્ચે ઉગ્રરૂપે ચર્ચાઓ થવા લાગી રામ ધીમે ધીમે મોટો થવા લાગ્યો વૃધ્ધા રામને ભણાવવા મક્કમ હતા પરંતુ વિશ્વામિત્રે એમને સમજાવવાનું માથે લીધું રામને અન્ય આશ્રમે ભણાવવાનુ નિશ્ચિત થયું છે એ જાણી ને વૃધ્ધાને આઘાત લાગે છે અને એ રીસાઇને ચાલ્યાં જાય છે મુનશીએ રામના બાળ પરાક્રમો અને એનાં સાહસોને ઉપસાવી આપવાનો માહોલ આ પ્રસંગથી રચી આપ્યો છે

વૃધ્ધા અને રામ વચ્ચે અનન્ય કહી શકાય એવું સ્નેહ બંધન હોવાથી એ વૃધ્ધા પાસે જવાની જીદ લઇને બેસે છે અને એ એક રાત્રે સુપર્ણ ઘોડા પર બેસીને વૃધ્ધા પાસે નીકળી પડે છે. રામ માતા-પિતાને છોડીને ચાલ્યો જાય છે. અહીયા મુનશીએ રેણુકાની વેદનાનું આલેખન કરીને પ્રસંગને કરુણ બનાવી આપ્યો છે

'- અમ્બાની આંખમાંથી આસું વહેવા લાગ્યાં 'મારા બાલઇન્દ્ર ! તું મારી સોડમાં કેમ ન રહ્યો? તને તો આ બધાં મારી પાસેથી છીનવી લેવા માગતાં હતાં મારા લાડીલા, મારા ત્રણ ત્રણ છોકરાઓ મારી પડખેથી દૂર થયા એ તો મેં જેમ તેમ સહ્યું; પણ તું, મારું રાંકનું રતન, તું પણ આમ ચાલી ગયો?' એના અવાજમાં હૃદય કંપાવે એવી દયાર્દ્રતાં હતી.'[5]

પોતાના પુત્રનું ચાલ્યા જવું એ માતાને માટે તો એક વ્રજાપાત જેવી ઘટના ગણાય. આ તકનો મુનશીએ સરસ ઉપયોગ કરીને માતૃહૃદયના મમતાને અભિવ્યકત કરીને વાસ્તવિક સ્થિતિનું નિરૂપણ કર્યું છે.

---

૩. એજન - પૃ ૩૨.
૪. એજન - પૃ ૩૪.
૫ એજન - પૃ ૪૫

ભગ્ન હૃદયી ચાયમાનને ક્યાંય શાંતિ મળતી ન હતી. રામને શસ્ત્ર શાસ્ત્ર વિદ્યા શીખવવાની મહત્વપૂર્ણ આકાંક્ષા વણસંતોષાયેલી રેહવાથી એમના વૃધ્ધ હૃદયની લાગણી અપૂર્ણ રહી જવાથી અસહ્ય દુ:ખ થાય છે. એ ક્ષણે હર્યશ્વ અને વિમદ એમને મળવા માટે આવે છે. અહીં લેખકે પાત્રો વચ્ચે વ્યંગપૂર્ણ સંવાદોનું નિરૂપણ કરીને વૃધ્ધાના હૃદયની વેદનાને વાચા આપી છે. સેનાપતિ અને વિમદ વૃધ્ધાને સમજાવવાનો અગાધ પ્રયત્ન કરે છે પરંતુ વૃધ્ધા રામને શસ્ત્ર શાસ્ત્ર વિદ્યા શીખવવા આતૂર હતાં. વિમદ અને હર્યશ્વ વૃધ્ધાને મનાવવાનો પ્રયત્ન કરતા હોય ત્યાં આગળ 'રામ' વૃધ્ધાને મળવા એકલો નીકળી પડયો છે એ સમાચારથી વૃધ્ધા પ્રસન્નતા અનુભવે છે પણ આ પ્રસન્નતા ક્ષણમાત્ર પૂરતી સીમિત બની જાય છે કારણકે રામ હજી સુધી વૃધ્ધાના આશ્રમમાં આવ્યો ન હતો. આગળની ઘટનાનું બીજ-અહીં રોપાયું છે.

રામ ગૂમ થઇ જવાથી ગમગીન વાતારણ-સર્જાય છે. ચારેબાજુએ, રામની શોધખોળ ચાલુ હતી પરંતુ રામનો ક્યાંય પત્તો લાગતો ન હતો આથી વિમદે તો રામ જીવતો હશે એવી આશાય છોડી દીધી. રામના ગૂમ થઇ જવાથી કેવા પ્રકારની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે એનું હૃદયસ્પર્શી નિરૂપણ મુનશીએ કરીને હવે રામ ક્યાં ગયો એ ઘટના પર આવે છે. ફ્લેશબેક પધ્ધતિનો વિનિયોગ કરીને રામને બાળપણથી અનન્ય બનાવી વર્ણવ્યો છે.

કનૈયાલાલ મુનશીએ બાળપણમાં 'અરેબિયન નાઇટ્સ' ને વાંચી હતી એ અહી આમ ગુથાઇ આવે છે

'એ એકલો જ જાણતો હતો કે સૂપર્ણને પાંખો હતી; છતાં તે દેખાતી ન હોતી. તે પાંખોને અંગે એ પંખીની માફક ઊડતો. બીજા ઘોડાઓ કૂદતા ખરા, પણ એમને સુપર્ણના જેવું ઊડતાં નહોતું આવડતુ.'[૬]

ઉડતા ઘોડાની ઘટના જેવા ચમત્કારિક પ્રસંગો પુરાણકથામાં તે આવે જ એમ સ્વીકારીને ચાલવું પડે

રામ ગૂમ થયો એ સમાચારથી લોમાની આંતર જગતમાં જે ભાવો પ્રદિપ્ત બને છે એવા જ પ્રકારે લોમાથી વિખૂટા પડેલા રામમાંય ભાવો જાગ્રત થાય છે. અહી લેખકે સૂક્ષ્મ સંકેત કર્યો છે રામ વૃધ્ધાને મળવા મોડી રાત્રે એકલો નીકળી પડે છે એ પછી બનતી ઘટનાઓનું વર્ણન કથાપ્રવાહને જકડી રાખે છે. પાત્રના આંતર-બાહ્ય વિચારોનું નિરૂપણ રસપ્રદ બને છે. વૃધ્ધાને મળવા ગયેલો રામ અધમ માનવોને હાથે પકડાઇ જાય છે. આ દાસોએ રામ અને સુપર્ણને બાંધી દીધા અહીં 'વિશ્વરથ' નવલકથાનો વિશ્વરથ શમ્બરના માણસોથી પકડાઇ જાય છે. એ પ્રસંગનું સ્મરણ થઇ આવે છે. દાસોની રહેણી કરણી ,રીત રીવાજોનું નિરૂપણ કથા ને વાસ્તવિક ધરાનું પ્લેટફોર્મ ઊભું કરી આપે છે.

રામના સાહસ અને શૌર્યને આલેખવા માટે લેખકે આ ઘટનાનો સમર્થ વિનિયોગ કર્યો છે. દાસો રામના ઘોડાને મારીને એનું માસં ખાઇને આરામ કરતો હોય છે. ત્યારે એ દાસો ની આંખોમા ધૂળ નાખીને ત્યાથી અંધારી રાત્રે ભાગી જાય છે. વહેલી સવારે રામ દાસોથી બચવા માટે જે મથામણ કરે છે એનું ચિત્રાત્મક શૈલીનું વર્ણન હૃદયસ્પર્શી છે.

૬. એજન - પૃ ૬૨

"પરોઢિયું થયું. એ જે ડાળ પર ભરાઇ બેઠો હતો ત્યાંથી એણે દૂરથી વહી આવતો જલપ્રવાહ જોયો. તેનો સામો કિનારો સપાટ હતો એણે તે તરફ નજર કરી ઘણે દૂર વસતિમાંથી ધુમાડો નીકળતો જણાયો. ટાઢથી થરથર કાપતો એ નીચે વળી ધ્યાનથી જોવા લાગ્યો એ જેવા ઝાડ પર બેઠો હતો એવા જ બીજાં ઝાડ ખીણમા નીચે સુધી ઊગેલા હતાં નદીનો પટ પરુષ્ણીથી મોટો નહોતો વૃધ્ધા અત્યારે હોત તો એની જોડે આ નદીમા તરવાની મજા આવત ! જો વૃધ્ધા એને આમ લટકતો જુએ તો શું કહે? અને જિદ્દી લોમાએ અપ્સરા થવાની એને ના ન પાડી હોત તો તો અત્યારે તે એની સાથે જ હોત ને !"[૭]

દાસોથી બચવાની મથામણ કરતા રામને લેખકે જુદા પ્રકારે ચિતર્યો છે. ઝાડની ડાળે રામ લટકે છે, નીચે નદીનો પ્રવાહ વહે છે, ઠંડી અસહ્ય છે આવી ભયંકર પરિસ્થિતિમાં આ પાત્રને વૃધ્ધા સાથે નદીમાં તરવાની ઇચ્છા થઇ આવે છે અને લોમાની યાદ આવે છે અને આ નાયકનું બાળપણનું અદભુત સાહસ તો જૂઓ. એ સૂર્યદેવને પ્રાર્થના કરીને નદીમાં ઝંપલાવે છે- અહીં એ એક મુશ્કેલ ભરી સ્થિતિમાં જેમતેમ ઉગર્યો અને વળી પાછો દાસોને (માણસોને) ગુલામ તરીકે વેચતા નાવિકોને હાથે પકડાઇ જાય છે. સઘર્પાત્મક પરિસ્થિતિનું આલેખન કરવાની સૂઝ મુનશીમાં છે એ અહી પ્રતીતિ થાય છે

અહી રામની શુન શેપ સાથે મુલાકાત થાય છે આ કૃતિના આરંભમા જે કથાબીજ મૂકાયું છે એ કથાબીજનો લેખકે અહીયા વિકાસ સાધવા માટે શુન.શેપના પાત્રને આ પ્રકરણમાં ખીલવ્યું છે હોડીવાળા પાસે ત્રણ બાળકો પકડાયેલા છે એમા શુન શેપ, રામ અને બીજો નાનો છોકરો છે કથાનકને ઉપયોગી એવા જ પાત્રોને સક્રિય બનાવીને લેખકે પેલા નાના છોકરાને પ્રસંગમાથી સીફતાપૂર્વક ઉપાડી લીધો છે, રામના વ્યક્તિત્વથી આકર્પાઇને શુન:શેપ એની વધારે નીકટ આવે છે રામનેય શુન:શેપના કોમળ દેખાવનું આકર્પણ થાય છે

'લોપામુદ્રા' કૃતિમાંના વિષયનો તંતુ અહી ફરી બેવડાઇને આવે છે. આર્ય અને અનાર્ય વચ્ચેના ભેદને પરિણામે સર્જાતા ઝંઝાવાતોને બદલે લેખકે મૂળકથાનકમાં કુનેહપૂર્વક શુન.શેપની કથાને સાકળી લીધી છે શુન શેપ રામને કહે છે કે 'રામ, હું તને અડકું?' શુન.શેપ આવું શા માટે કહે છે? લેખકે ઉત્તરની કથાના સંબંધો અહીં સ્થાપી આપ્યા છે. શુન:શેપની કથાનું આલેખન કરવાનો તખ્તો ગોઠવાયો છે. શુન.શેપને ઋષિઓ પ્રત્યેનો વિશેપ ભાવ એને રામની નજદિક લઇ આવે છે. હવે, લેખકે રામને વૃધ્ધા પાસે મોકલીને ફ્લેશબેકનો વિનિયોગ કરીને રામના જન્મ અને એ પછીના ઘણા પ્રસંગોનુ વર્ણન કરીને રામના બાળપણને અભિવ્યક્ત કર્યું હતું

શુન શેપ મહર્પિ અજિગર્તનો પુત્ર હતો અજિગર્ત અગસ્ત્ય અને લોપામુદ્રાનો શિષ્ય હતો. પરંતુ અજિગર્તના જન્મજાત સંસ્કારો એની રગેરગમાં અકબંધ રહ્યા હોવાથી એ સૂરાના ભયંકર નશામાં મત્રોચ્ચાર કરતા હતા. શુન.શેપને બાળપણથી જ મંત્રોની મોહની લાગી હતી એનેય દેવો જોડે બોલવાની ઇચ્છા થઇ આવતી. આજે બાળપણના ભાવો એક આગવું રૂપ લઇને શુન.શેપના મનનો બોજ લઇ લે છે ને પાત્ર એ જ દિશા તરફ વિકસતું જાય છે. મંત્રો શીખવા એ

૭ એજન - પૃ ૬૨.

અને એની માતા અજિગર્તને સૂરા આપતા ને શુન.શેપ મંત્રો સાંભળતો હતો શુન શેપને એક વાર સાંભળેલા મત્રોને યાદ રાખતો ને ઉચ્ચારતો જોઇને એની માતાને 'પતિત'ના શાપમાંથી ઉગરવાનો માર્ગ દેખાતા ઘેલી ઘેલી બની ઉઠતી હતી. શુન શેપ મહત્વકાંક્ષી છે એટલે એ મંત્રો કોઇપણ ભોગે શીખવા માગે છે પરંતુ એના માર્ગમા અનેક સઘર્પો ઊભા થાય છે આ સંઘર્પોમાથી એ પસાર થતો જાય છે માતા ને ભાઇ મજૂરી કરતાં, ચોરી કરતાં અને એને માટેનો માર્ગ સરળ બનાવતા હતા

મુનશીએ કેટલીક ટૂકી ઘટનાઓને પ્રયોજીને શુન.શેપના પાત્રને ખડું કર્યુ છે મંત્રો પ્રત્યેનો અનેરો મોહ જોઇને રામ પણ એના પર પ્રભાવિત થઇ જાય છે

શુન શેપ અને રામ હોડીવાળાને ચકમો આપીને પલાયન થઇ જાય છે. શુન શેપ પોતાના પિતા પાસે અને રામ વૃધ્ધા પાસે જાય છે અહી કૃતિમાં નિરૂપાયેલી કથાની રચનામાં લેખકે વિશિષ્ઠ સૂઝ અને વિવેક દાખવ્યાં છે. રામના પાત્રને અને શુન:શેપના પાત્રોનો વિકાસ સાધ્યો હોવા છતાય શુન શેપની કથાના રહસ્યને અદભુત રીતે છુપાવી રાખ્યું છે

રામથી છૂટો પડેલો શુન શેપ હરિશ્ચન્દ્રની યજ્ઞશાળાથી દૂર ઝૂપડીમાં મ્લાનવદને સૂર્યના કિરણો જુવે છે અહી રામથી છુટા પડયા પછી શુ બન્યુ? એનુ નિરૂપણ લેખકે ટાળીને કથાને સનસનાટીથી આલેખવાનો પ્રયાસ કર્યો છે આથી કથામાં કુતુહલ જળવાઇ રહે છે આ અગાઉના 'બટુકદેવ' ના પ્રકરણમા શુન શેપની મનોઇચ્છાને ઉપસાવી આપવામા આવી છે બાળપણથી જ એને મત્રો અને ઋપિ પ્રત્યેનુ ઘેલુ હતુ જે એને આ યજ્ઞશાળામાં લઇ આવે છે પોતે હોમાઇને પણ મત્રો શીખવા તત્પર હતો યુદધભૂમિ પર સૈનિક રાજાને કે પોતાના રક્ષણાર્થે સામેના શત્રુ પર પ્રહાર કરતો હોય પરંતુ આ તો માત્ર ઋપિઓને જોવા અને મત્રો દર્શનની ઇચ્છાએ પોતાને યજ્ઞકુડમાં હોમવા તૈયાર થાય છે આવા વિરલ પાત્રો મુનશીની કલમે જ બહાર આવે છે. એના મનોગતને વર્ણવતા લેખક લખે છે કે -

"આજે એના હૃદયમાં આનદ સાગર ઊમટયો હતો. હવે ઋષિઓનાં દર્શન કરવાને એને ચોરની માફક વાડ પાછળ ભરાઇ રહેવુ નહી પડે એ મહાત્માઓએ પોતેજ ઉચ્ચારેલા મંત્રો સાભળવાને સદાય ઝંખેલો છતાં અસાધ્ય રહેલો અધિકાર એને મળશે પહેલી વાર યજ્ઞના સ્તભે એ બધાશે ત્યારે જેના દર્શન માટે એ તરફડિયા મારતો હતો એવા ઋષિઓને - વિશ્વામિત્રને ને જમદગ્નિને - એ નજરે જોશે - એને એક ઊચા યૂપ સાથે બાંધવામાં આવશે. એની સમીપમાં જ યજ્ઞકુડમાં અગ્નિદેવ બિરાજ્યા હશે - ચાર શિંગડે શોભતા, ત્રણ પગે સ્થિર, બે શીશ નમાવી એનો અર્ઘ્ય સ્વીકારતા, સાત હાથે એને બોલાવતા એના બાપ પાસે એને અગ્નિદેવને ઓળખ્યા હતા ચત્વારિશૃં શાસ્त्रवोऽस्य पादा द्वे शीर्षे सप्त हस्तासोऽस्य। અને વૃષભની માફક બરાડો મારતા હશે "[૮]

શુન શેપને યજ્ઞશાળાએ પહોચાડયા પછી મુનશીએ યજ્ઞશાળા પહોચતા પૂર્વેનો અથવા તો રામથી છૂટા પડયા પછી શુન શેપ સાથે શુ ઘટના ઘટે છે એનું આલેખન કર્યુ છે

શુન શેપને રામનું અનેરું આકર્પણ થાય છે. હવે એનાથી વિખૂટા પડયા પછી એની સામે

૮ એજન - પૃ ૬૯.

અંધકારમય જીવન ઊભું થાય છે. પાત્ર ચારે બાજુથી ભીંસ અનુભવે છે. સંઘર્ષમય પરિસ્થિતિનું નિર્માણ કરીને એનુ વિગતે વર્ણન કરીને કથાનકને રસપ્રદ બનાવી આપવાની અનન્ય શક્તિ મુનશીનું વિશેષ લક્ષણ રહ્યું છે. શુન:શેપને ક્યાં જવું? શું કરવું? કાંઇ સમજાતું નથી. અહી શુન શેપના આતર જગતનાં સૂક્ષ્મત્તમ ભાવોનું વર્ણન પાત્રને વધારે ચરિતાર્થ કરાવી આપે છે. અંતે એ એના પિતા પાસે જાય છે

અજિગર્ત આર્યોનો વિસ્તાર છોડીને દાસોના અંદરના વસવાટમાં જઇને પતિતના બધાં બંધનો તરછોડીને ઉઘાડે છોગે દાસોનું આતિથ્ય સ્વીકારીને રહેવા લાગે છે. પિતાના આવા આચરણથી શુન શેપ દુ:ખ અનુભવે છે પરંતુ વાસ્તવિક સ્થિતિ સામે એ કશુંજ કરી શકવા અસમર્થ હોવાથી પિતાનાં અધર્મ કાર્યને આંખ આડા કાન કરીને જોઇ રહે છે. શુન:શેપની વેદનાને અભિવ્યક્તિ કરીને મુનશીએ પાત્ર પર ઢોળ ચઢાવ્યો છે. મશીનગનમાંથી એક પછી એક ગોળી નીકળ્યા કરે એમ કથાપ્રવાહમાં એક પછી એક ઘટનાઓ બન્યા કરે છે. અતિ ઝડપથી બનતા પ્રસંગોનું નિરૂપણ અને કથા સાથે સંબંધ જોડવાનું કપુરં કાર્ય લેખકે સહઝતાથી સાધ્યું છે અનેક ફાંટાઓથી આવતા પ્રવાહો મુખ્ય પ્રવાહામાં ભળીને મુખ્ય પ્રવાહ વધારે મજબૂત બનાવી આપે એમ જ અહીં અનેક બાજુઓથી નિરૂપાયેલા પ્રસંગો મુખ્ય કથાને નવું રૂપ આપે છે. અગસ્ત્ય અને લોપામુદ્રાના શાપને ફગાવીને અધર્મ જીવન જીવતો અજિગર્ત દાસોમાં મુકતતાથી જીવન જીવે છે. આ પરિસ્થિતિમાં અજિગર્ત રહેતો હોય છે ત્યાં હરિશ્ચન્દ્રરાજા 'નરમેધયજ્ઞ' કરવાના છે એ વાવડ મળે છે. અહી લેખકે હરિશ્ચન્દ્રના જીવનમાં બનેલી ઘટનાનો ટૂંકો સાર મૂકી આપ્યો છે.

હરિશ્ચન્દ્રને પુત્ર નહોતો. વરુણ દેવ પાસે પુત્ર માગ્યો ને વરુણદેવે એને પુત્રનું વરદાન આપ્યું પરંતુ એમણે એક શરત મૂકી કે પુત્ર મોટો થાય ત્યારે એનું દેવોને બલિદાન આપવું. સુંદર ને દેખાવડો પુત્રને જીવતો હોમવો પિતા માટે અસહ્ય થઇ પડવાથી એને દેવોને બલિદાન આપવાની 'ના' પાડી. આથી દેવોએ ગુસ્સે થઇને હરિશ્ચન્દ્રને શાપ આપ્યો. હશ્ચિન્દ્રને ભયંકર વ્યાધિ લાગુ પડયો. રાજા આમાંથી ઉગરવા પુત્રને હોમવા તૈયાર થયો ત્યારે પુત્ર ભાગી ગયો. હશ્ચિન્દ્રની મૂંઝવણ વધી ગઇ પરંતુ વરુણદેવે રોહિતને બદલે અન્ય માનવનો ભોગ ધરાવવાની છૂટ આપી હતી. આથી હરિશ્ચન્દ્રે સ્વેચ્છાએ યજ્ઞમાં હોમવા તત્પર થાય એવા યુવક માટે ઢંઢેરો પીટાવીને શોધખોળ ચલાવી.

આ કૃતિના બીજા પ્રકરણથી શુન:શેપના વ્યક્તિત્વની મુદ્રાને આકર્શિત કરીને પાત્રનો ક્રમશ: વિકાસ સાધવામાં આવ્યો છે. શુન:શેપને બાળપણથી જ ઋષિઓ અને મંત્રો પ્રત્યે અનન્ય ભાવ હતો અને અધમ જીવન કરતાં આવા ઉમદા મૃત્યુને વ્હાલથી છાતી સરસું ચાપીને મૃત્યુ પામવામાં શુન:શેપ તત્પર બની જાય છે. પાત્રનું જીવનદર્શન વિશિષ્ઠ પ્રકારનું છે અને એ દર્શન પ્રમાણે વર્તે છે.

હરિશ્ચન્દ્ર સામે ઉપસ્થિત થયેલી મૂંઝવણો દૂર થાય છે ત્યારે વિશ્વામિત્ર સામે સંઘર્ષ ઉપસ્થિત થાય છે. દેવોને પ્રસન્ન કરીને હરિશ્ચન્દ્રને વ્યાધિમુક્ત કરાવવા સક્રિય બનેલા વિશ્વામિત્રને ધારી સફળતા પ્રાપ્ત ન થવાથી રાજાની તબિયત વધારે બગડે છે -

આથી વિશ્વામિત્ર ઉગ્ર બની જાય છે  વિશ્વામિત્રને એમના ભૂતકાળનુંસ્મરણ થાય છે. અહીં આધુનિકયુગમાં પ્રબળ બનેલા જાતિભેદ તરફ પણ લેખકનો અંગૂલિનિર્દેશ છે

વિશ્વામિત્રના પાત્ર દ્વારા આમ કટાક્ષ કરાવ્યો છે

'સારાયે સપ્તસિંધુમાં વિશ્વામિત્રની ઘોષણા ગાજી રહી હતી કે મનુષ્ય મનુષ્યમાં ભેદ નહોતો. આર્ય ને દાસ ભિન્ન ન હોતાં  ખરો ભેદ હતો યજ્ઞ કરનારા અને યજ્ઞ નહિ કરનારા વચ્ચેનો '[૯]

વિશ્વામિત્રની વિચારશૈલીથી વસિષ્ઠમુનિની વિચારશૈલી ભિન્ન હોવાથી બન્ને વચ્ચે વૈમનસ્યનું વાતાવરણ ઊભુ થાય છે.

નરમેધ યજ્ઞ કોઇ ઋષિ કરાવવા તૈયાર ન હતા ત્યારે હરિશ્ચન્દ્ર વિશ્વામિત્ર પાસે જાય છે. વિશ્વામિત્ર આ યજ્ઞ કરાવે તો એનું તપ અને સત્ય લોપાઇ જાય અને નરમેધ યજ્ઞ ન કરવે તો એમના રહસ્યો અને સત્યો એમને અસત્ય ઠેરવે. આવી પરિસ્થિતિમા વિશ્વામિત્રે હરિશ્ચન્દ્રને ઉગારવાનું મુશ્કેલભર્યા કામને પાર પાડવાનું હતું

રાજા સાજા થતા નથી વિશ્વામિત્રની પોતાનામાં રહેલી શ્રદધા હલબલી જાય છે. મુનશી વિશ્વામિત્ર સામે સઘર્ષમય પરિસ્થિતિ જંન્માવીને આર્ય અને અનાર્યના સસ્કારોને ઉપાસવીને પ્રશ્ન કરે છે કે આર્ય અને અનાર્યમાં ભેદ શું છે?

ભૈરવે વિશ્વામિત્રને યૂપે બાંધ્યો હતો અને વિશ્વામિત્રે શુન શેપને બાંધ્યો. આમાં આર્યત્વ ક્યાં? વરુણદેવ અને ઉગ્રકાલ વચ્ચે શો ભેદ? લેખકે આવો પ્રશ્ન ઉપસાવીને આર્ય અનાર્ય વચ્ચે સર્જાયેલી ખાઇને પૂરવાનો પ્રયત્ન કર્યો છે.

વિશ્વામિત્રની મૂંઝવણ પળે પળે વિસ્તરીને વામનરૂપ લે છે. દેવો એમને સાથ આપતા નથી. એમની પત્ની એમને આશ્વાસન આપે છે લેખકે યજ્ઞમાં વિઘ્ન લાવીને કથાનકમાં નવીન પ્રસંગને આપવાનો પ્રયાસ કર્યો છે. શુન:શેપને યૂપ પર બાધવા કોઇ તૈયાર ન હતા ત્યારે અજિગર્ત તૈયાર થાય છે અને એના વધ માટે ય અજિગર્ત 'હા' પાડે છે. અજિગર્તના પાત્રને લેખકે એવું વર્ણવ્યું છે કે એના પ્રત્યે ભારોભાર તિરસ્કાર જાગ્રત થાય છે  મંત્રો માટે, સૂરા માટે, શાપિત જીવનનો ત્યાગ કરીને દાસોમાં મુક્તપણે રહે છે, પુત્રને યૂપે બાંધવા અને પુત્રને યજ્ઞ હોમમાં વધેરવા 'હા' પાડે છે ત્યારે આ પાત્ર પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થાય છે  પાત્રના ચરિત્ર ચિત્રણમામ મુનશીએ ભારે જેહમત લીધી છે.

મુનશીએ અજિગર્તના પાત્રનો એવો વિકાસ કર્યો છે એથી સ્વાભાવિક પણે એ પાત્ર પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થાય છે  પરંતુ એ એના આવાં કાર્ય પાત્રના 'રહસ્ય" નો સ્ફોટ કરાવીને એને જીવંત પાત્ર બનાવી આપ્યું છે.

અજિગર્ત અગસ્ત્યનો શિષ્ય હતો અને એ ઋષિ શિષ્યોને મંત્રોનું ગાન આપતા હતા. એવા સમયે આર્યો અને અનાર્યો વચ્ચે યુદધ ચાલતું હતું. ત્યારે ઉગ્રાએ પુત્રને જન્મ આપ્યો હતો  અગસ્ત્ય અને લોપમુદ્રા સાંપ્રત સ્થિતિને જોઇને એમાથી માર્ગ કાઢવા માટે અજિગર્તને ઉગ્રાના  પુત્રને સોપ્યો હતો અને ઉગ્રાને કહ્યું કે તારો પુત્ર મૃત અવતર્યો છે  અજીગર્તને ઉગ્રાના

---

૯  એજન - પૃ. ૮૯.

દેખાવડા પુત્ર પ્રત્યે વાત્સલ્ય ભાવ ઉત્પન્ન થાય છે. અને એ લોપામુદ્રા અને અગસ્ત્યને આ પુત્ર પાછો આપવાની 'ના' પાડે છે. આથી ક્રોધે ભરાયેલા ઋષિ અજિગર્તને શાપ આપે છે. મુનશી આ ઘટનાને અભિવ્યક્ત કરીને પાત્ર પ્રત્યે સહાનુભૂતિ જન્માવતું વાતાવરણ સર્જાવી આપ્યું છે. ચાંદીના અલંકારો પર સૂવર્ણનો ઢાળ ચઢાવવાથી ચાંદીનું અલંકાર નવ્યરૂપ ધરે એમ આ પાત્ર કૃતિમાં ઉમદા પાત્ર તરીકે ઉપસ્થિત થાય છે. અત્યાર સુધી મુનશીએ પાત્રના બાહ્યજીવનને અભિવ્યક્ત કરાવીને એના પ્રત્યે ઘૃણા જન્માવી આપી છે અને અંતે આ પાત્રના ભીતરી જગતમાં પડેલા ભાવો અને એના જીવનમાં બનેલી અમંગળમય ઘટનાઓ અભિવ્યક્ત કરીને પાત્રને હૃદયસ્પર્શી બનાવી આપ્યું છે

અજિગર્તના મનપરનો ભાર હળવો બને છે અને હવે એ ભાર વિશ્વામિત્ર પર ઝીંકાય છે. વર્ષોના લાંબાપટ પછી ઉગ્રાનો પુત્ર એટલે પોતાનો પુત્ર પ્રાપ્ત થયો અને એ પણ એવે સમયે કે વિશ્વામિત્રની મૂંઝવણ અનેક ઘણી વધી પડે છે.

અજિગર્તે વિશ્વામિત્રને શુન:શેપની ખાતરી કરાવી આપ્યા પછીય એનામાં રહેલી મહત્વકાંક્ષા અને શુન:શેપ પ્રત્યેનું પિતૃવાત્સલ્ય કથાનકને આગળ વધારતી ઘટના તરીકે નું કાર્ય કરે છે.

'ને આજ આ વીસ વર્ષોથી મેં આ વાત પ્રગટ કેમ ન કરી એમ પૂછો છો ને? તો જાણજો ... એ છોકરાની કિંમત માત્ર બે હજાર ગાય નથી.' તે દુષ્ટ રીતે હસ્યો ને ઉમેર્યું 'આપના મરણ પછી તો એ ભરતોનું સિંહાસન માગશે - એ તેની કિંમત છે!'

આ છોકરાને ભરતોનો રાજા બનાવવા અજિગર્તે સંઘરી રાખ્યો હતો! એમને તે ખરે ખર બ્રહ્મરાક્ષસ લાગ્યો. વિશ્વામિત્રના મગજમાં વિચારોનાં વમળ ઘૂમી રહ્યાં

'પણ કાલે તો એની આહુતી આપવાની !' ગૂંચવાઇ ગયેલા ઋષિએ કહ્યું.

'હું બેઠો છું ને એવું બને?" ખડખડ હસી અજિગર્તે કહ્યું; 'એને આમ અગ્નિમાં હોમવા મેં ઉછેર્યો નથી. એ તો દાસીનો પુત્ર છે એનો નરમેધ કેમ થઇ શકે?' એટલું કહી ખાંસી ખાતો અજિગર્ત વિશ્વામિત્ર સામે જોઇ રહ્યો "

મુખ્ય કથાનકમાં રહેલો ભાવ ફરી એક વાર અહીં ઉગ્ર બને છે. આર્ય અને અનાર્યનો. દાસો સંસ્કારથી અને વર્ણથી નોખા હોય ત્યારે આર્યના આવા યજ્ઞમાં દાસનો વધ કઇ રીતે કરી શકાય. લેખકે કથામાં અનેક વિઘ્નો ઉપસાવીને કથાની પકડ મજબૂત બનાવી આપી છે. એક પછી એક સંઘર્ષો વિશ્વામિત્ર સામે ઊભા થાય છે. હરિશ્ચન્દ્રને સાજા કરવાનો પ્રશ્ન અને હવે શુન:શેપને પોતાની આંખો સામે યજ્ઞમાં હોમતા જોવાનો પ્રસંગ - આમ લેખકે વિશ્વામિત્ર સામે વિટંબણાઓને જન્માવી છે. એમાંય નીચેનું વર્ણન કથાને નવીન ધરામાં લઇ જાય છે.

'કાળા અને ગોરા બન્ને માનવો એક જ સંસ્કારના અધિકારી; દેવોથી સરખી રીતે રક્ષાયેલા. તો પછી શમ્બરની પુત્રી ઉગ્રા અગસ્ત્યની પુત્રી રોહિણી જેવી જ આર્યા હતી; તો પછી ઉગ્રાના પુત્રને આજે ભરતશ્રેષ્ઠના જ્યેષ્ઠ પુત્રનું સ્થાન કેમ ન આપવું?'[૧૦]

પાત્રોના મનોગતના ભાવોનું આલેખન કરીને કથાને વળાંક આપીને પાત્રના સંઘર્ષને આલેખ્યો છે. અનેક મૂંઝવણો અને વિચારોમાંથી રહેંસાતો, પીસાતો વિશ્વામિત્ર આખરે નિર્ણય

૧૦ એજન - પૃ ૯૯

કરે છે કે શુન શેપને ભરતોના રાજા બનાવવાનુ નક્કી કર્યુ છે.

શુન શેપને યજ્ઞમડપમાં લઇ જવામા આવે છે. એ સમયે મુનશીએ પ્રકૃતિનું સક્ષિપ્ત વર્ણન આમ આલેખ્યુ છે

'આસપાસની સૃષ્ટિ સુદર હતી. વૃક્ષો પર પંખીઓ કિલકિલાટ કરતાં હતાં સિધુના છલછલતાં નીર હર્ષમાં વહી જતાં હતાં. સવિતાનારાયણ આનંદથી પ્રકાશતા હતા - ને જાણે આ બધાં એના જીવનની ધન્ય પળની રાહ જોઇ હરખાતાં હોય એમ શુન:શેપને લાગ્યું."[૧૧]

એ પ્રમાણે યજ્ઞશાળાના માહોલને ઉપસાવી આપતું વર્ણન આમ નિરૂપાયું છે.

"સૈનિકો એને પાછળના ભાગમાંથી મંડપની અંદર લઇ ગયા. ચાર સ્થંભ પર પુષ્પ ને પત્રનાં તોરણે બાંધી યજ્ઞમંડપ બનાવવામાં આવ્યો હતો. ચારે તરફ ગંધ ને પુષ્પની સુવાસ પ્રસરતી હતી. યજ્ઞમંડપ જોવાની એની જીવનભરની ઇચ્છા આજે સફળ થઇ પુષ્પોથી શણગારેલા આ સ્તંભો વચ્ચે રાજા વરુણ એને સ્વીકારશે. આ એનો મંડપ. એને જ માટે રચાયેલો. શુન:શેપના હૈયામા ગર્વનો સંચાર થયો."[૧૨]

વિશ્વામિત્રની સામે કપરી સ્થિતિ ઉત્પન્ન થાય છે છતાંય એ યજ્ઞને પૂર્ણાહુતિ કરવા મંત્રોચ્ચાર કરે છે. એના અવાજમા વેદના ભરેલી છે અને શુન શેપની સામે મૃત્યુ હોવા છતાં એની આકાંક્ષાઓ પૂર્ણ થતી હોવાથી એને અનેરો આનંદ થાય છે. વિશ્વમિત્ર વારવાર પુત્ર તરફ જોતો અને એનાં હ્રદયમાં વેદના વધ્યે જાય છે યજ્ઞને પૂર્ણ કરાવવાના મક્કમ નિર્ધાર સાથે મંત્રોચ્ચાર કરે છે. એની સામે બે કર્તવ્ય ઊભાં હતા. એક હરિશ્ચન્દ્રને સાજો કરવો અને ઉગ્રાપુત્રને ઉગારવો આ બે ભાવો વચ્ચે આ પાત્ર મથામણ અનુભવે છે દેવોનું આગમન થાય છે. અહીં ચમત્કારિક ઘટનાનો ઉપયોગ થયો છે બાળપણથી દેવોને જોવાનું અને મંત્રોચ્ચાર કરવાની આકાંક્ષા હ્રદયમાં ધરબી રાખી હતી એ ભાવના દેવોને જોતાં લાવાની જેમ બહાર આવે છે અને શુન:શેપ મંત્રોચ્ચાર કરવા લાગે છે. આ ઘટના આકસ્મિત પણે બનવાથી ઋષિઓમાં આશ્ચર્યનું મોજું ફેલાઇ વળે છે અને બધાં આ બાળકને જોઇ રહે છે.

મુનશી અજિગર્તના પાત્રને સર્જક સ્પર્શ કરાવીને પાત્રને જીવંત બનાવી આપ્યું છે એમ અહિં શુન:શેપની આ અણધારી ક્રિયાઓને લીધે પાત્ર નૂતનરૂપ ધરે છે.

શુન શેપ દેવોને મળવા દોડી જાય છે આ સ્થિતિમા વિશ્વામિત્ર સર્વ ભાન ગુમાવીને 'પુત્રક... પુત્રક... પુત્રકા' ધ્રુસકા નાંખીને શુન શેપ પાસે દોડી જાય છે. અહીં મુનશી કથાનકને પોષક ઘટનાને અનેરી સૂઝ અને વિવેકથી આલેખીને એને જીવંત બનાવે છે. દેવોએ રાજાને શાપ મુક્ત કર્યો. પરંતુ આગળ બનતી ઘટનાઓનું બીજ અહી મૂકી આપ્યું છે.

વિશ્વામિત્રે રોહિણી આગળ પોતાના પુત્રનો સ્વીકાર ક્ર્યો આથી સ્ત્રી સહજભાવથી પ્રેરાઇને રોહિણી આનો વિરોધ કર્યો. વર્ષો પછી મળેલા પુત્રને લોમા સાથે પરણાવીને આર્ય-અનાર્યના ભેદને નષ્ટ કરવાનો વિચાર વિશ્વામિત્રના મનમા આવી જાય છે રોહિણીની જેમ જમદગ્નિ પણ વિશ્વમિત્રના વિચારો સાથે સહમત થતા નથી. શુન શેપને ભરતોના રાજા તરીકે સ્વીકારવા

૧૨ એજન - પૃ ૧૦૪

૧૩ એજન - પૃ ૧૦૫.

તૈયાર ન હતા વિશ્વામિત્ર તો દાસો અને આર્યો વચ્ચે એકત્વનું મધ્યબિંદુ હતા પરંતુ સુદાસે એમનુ પરોહિતપદ દ્વેષ ભાવથી પ્રેરાઇને વસિષ્ઠને આપ્યું હતું અને વસિષ્ઠ સંસ્કાર શુધ્ધિમાં, વર્ણદ્વેષમાં રાચતા હતા. પરિણામે અનેક જાતિ વચ્ચે વૈમનસ્ય સર્જાયું હતું વિશ્વામિત્રનું પુરોહિત પદ સુદાસે લઇ લીધું આથી ભરતો તત્સુઓ પર કોપાયમાન થયા હતા. બીજી બાજુ, ભેદના કાર્યથી અતિ કોપાયમાન બનેલા ભરતો અને તત્સુઓ ભેદને સજા આપવા તડપતા હતા. મુનશીએ આવો માહોલ રચીને કથાને રસપ્રદ બનાવી છે લાકડાં ભડકે બળતાં હોય અને એમાંય ઘી નાખવામા આવે તો અગ્નિ પુરી શક્તિથી ભભૂકી ઊઠે. એમ દાસો અને આર્યો વચ્ચે વસિષ્ઠમુનિ અને ભેદ ને કારણે કાઇ સર્જાઇ છે એવે સમયે વિશ્વામિત્ર શુન:શેપને ભરતોનો રાજા બનાવે તો ભરતો કઇ રીતે સાંખી લે! આ એક મોટો પ્રશ્ન હતો. દાસોના કટ્ટર વિરોધીઓ દાસને પોતાનો આધિપતી કઇ રીતે સ્વીકારી લે !

વિશ્વામિત્ર, જમદગ્નિ અને પોતાની પત્નીને સમજાવી શકતો નથી. તો એ ભરતોને કઇ રીતે સમજાવી શકે? બધાં એમને ગાંડાં ધારે છે. અહીં જમદગ્નિ અને શુન:શેપ, અને વિશ્વામિત્ર અને શુન:શેપના મિલન પ્રસંગોથી શુન:શેપના નિખાલસ વ્યક્તિત્વને આકાર આપવામાં આવ્યો છે વિશ્વામિત્ર ભેદ અને ઉગ્રાપુત્રને આર્ય માને છે પરંતુ આર્યો એ સ્વીકારવા તૈયાર નથી

મુનશીએ વિશ્વામિત્રના મનોમથનના ભાવ જગતને વર્ણવીને આર્યો પર ચાબૂક વ્હેરવવાનો પ્રયત્ન કર્યો છે ભેદ દાસ હતો અને એણે આર્ય કન્યાનું અપહરણ કર્યુ આથી એ આર્યોનો ગુનેગાર બન્યો પરંતુ એ ભેદ આર્ય હોત તો? આ બધું ચાલી જાત. અનેક આર્યો સાથે લગ્ન કરીને સ્વતત્રપણે દાસો સાથે સંબંધ બાંધી શકત તો અહીં જે વસિષ્ઠ આર્ય સંસ્કાર ઉપર ભાર આપે છે. એ કયા સંસ્કારો? આર્ય અને અનાર્ય માટે સંસ્કારોના નીતિ નિયમ એક સરખા હોય તો પછી ભેદ શાનો? મુનશીએ આ પ્રશ્નને ઊભો કરીને આર્યો પર વેધક કટાક્ષ કર્યો છે આ પ્રશ્નને ઉપસાવીને વર્ણદ્વેપ પ્રથાને નષ્ટ કરવાનો લેખકનો ઉચ્ચ અભિગમ છુપાયેલો છે

ભરતો શુન:શેપને પોતાનો રાજા સ્વીકારવા તૈયાર નથી. અને શુન:શેપને આવી કોઇ સત્તા લાલસા નથી એને તો માત્ર ઋષિઓના સાનિધ્યમાં મંત્રોચ્ચારને શીખવા છે મુનશીએ કટોકટી ભરી સ્થિતિને ઊભી કરીને અણધાર્યો વળાંક આપીને એમાંથી માર્ગ કાઢયો છે. જમદગ્નિ, રોહિણી, જયંત અને ભરતો કાંઇ વિચારી શકવા સમર્થ નથી. વિશ્વામિત્ર શુ કરશે? એ સમજવુ એમના માટે અઘરું બની જાય છે. એવે ક્ષણે વિશ્વામિત્ર દેવદત્તને ભરતોનો રાજા બનાવીને પુરોહિતપદેથી અને રાજપદ પરથી ય દૂર ખસી જાય છે. ખમીરવંતા ભરતોએ તત્સુઓના આધિપત્યને વિશ્વામિત્રને કારણે સ્વીકાર્યું હતુ પણ હવે વિશ્વામિત્ર દૂર થતાં જ એમના અંદરનો રોષ હતો એ ભભુકતો બહાર આવે છે.

લોમાએ વિશ્વામિત્રને પુરોહિતપદ ન છોડવાનું સૂચન કર્યું હતુ પરંતુ એમને તો એમના સત્ય અને આર્દશને અનુસરીને રાજપદ અને પુરોહિતપદ બન્ને છોડી દીધાં મુનશીએ પ્રેમ, પ્રતાપ, શૌર્ય, સાહસને સુપેરે ઉપસાવી આપ્યા છે એજ રીતે વાત્યલ્યભીના પ્રસંગોનું કુનેહપૂર્વક હૃદયસ્પર્શી આલેખન કર્યું છે વર્ષો પછી પિતા-પુત્રના મિલનનું આમ નિરૂપણ કરીને

વાત્સલ્યરસને ઉપસાવી આપવા માટે વિશ્વામિત્ર અને શુન શેપ વચ્ચે મુલાકાત ગોઠવી. પાત્રો પાસે વાર્તાલાપ નો વિનિયોગ આમ થયો છે

'જ્યાં આપના પગ પડશે, ત્યાંની રજ માથે ચડાવીશ એથી સરસ્વતીમા એમની મેળે આવશે.'

વિશ્વામિત્રનું હૈયું ઊર્મિવશ થયું : - ઉગ્રા - ભક્તિભીની શામ્બરી - પુરુષરૂપે - પુત્રરૂપે!

'પણ મારું ઠેકાણું નથી, ત્યારે બહું સહેવું પડશે.'

ઉગ્રા - ઉગ્રા - ઉગ્રા!' ઋષિના હૃદયમાં પ્રતિશબ્દ ગાજ્યો.

'ઠીક'

આજ્ઞા છે?'

વિશ્વામિત્ર હસ્યા : 'એક શિષ્ય ચાલશે '

શુન:શેપ નીચું જોઇ રહ્યો.

'ભગવાન્, લોમા કહેતી હતી કે હું આપનો પુત્ર છું.'

વિશ્વામિત્ર ચોક્યા

શુન શેપે ગદ્ગદ કઠે કહ્યુ 'મારે જાણવું નથી, મારે જવાબ જોઇતો નથી જવાબ દઇ મને મૂંઝવણમાં નાખશો નહિ '

'ભગવાન્, મને પિતાજી કહેવા દેશો?' બોલતાં શુન શેપનો અવાજ ત્રૂટયો

વિશ્વામિત્રની આખમાં ઝડઝડીયા આવ્યાં. તે ઊઠયા. છોકરાને છાતી સરસો ચાંપ્યો તેનું માથું સૂંઘ્યૂં.

'ઉગ્રા . . ... ઉગ્રા ઉગ્રા . . .! એમના હૃદયમાં પ્રતિશબ્દ ગુંજતો હતો [૧૪]

વિશ્વામિત્ર અને શુન.શેપ વચ્ચે મુનશીએ અર્થસભર, તીક્ષ્ણ અને હૃદયસ્પર્શી સવાદોને પ્રયોજીને પ્રસંગાનુંરૂપ ભાવોર્મિનું સચોટ આલેખન કરી આપ્યું છે

વિશ્વામિત્રે દેવદત્તને ભરતોનો રાજા બનાવ્યો છે એનાથી અજ્ઞાત એવો તત્સુ સેનાપતિ લોમાને લેવા માટે ત્યાં આવે છે. એ પૂર્વ દેવવ્રતને વિશ્વામિત્ર રાજા બનાવે છે એ સમયના વિશ્વામિત્રના પાત્ર નિરૂપણમાં સાંપ્રત સમયની યુગચેતના પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે. અલગ અલગ જાતિના લોકો વચ્ચે સંબંધનું રહસ્ય આર્યવર્તનો એકમાત્ર રાજા સુદાસ અને વિશ્વામિત્ર હતા પરંતુ બાળશત્ર એવા વિશ્વામિત્રને સ્થાન ભ્રષ્ટ કરીને ચક્રવર્તી પદ મેળવવાની સુદાસની મહત્વકાંક્ષાએ વિશ્વામિત્રને પુરોહિતપદેથી દૂર કરીને વસિષ્ઠને સ્થાપવાથી એકત્વના બંધનમાં બંધાયેલી પ્રજા ખંડ ખંડમાં વિભાજિત થઇ જાય છે. પોતાના રાજા અને ઋષિઓમાં શ્રેષ્ઠ એવા વિશ્વામિત્રનું અપમાન ખમીરવંતી, પ્રતાપી, સાહસી એવા ભરતો કઇ રીતે શાંખી લે? એમને તત્સુઓને પાઠ ભણાવવાનો નિશ્ચય કરી લીધો. એટલે ભરતોએ વર્ષોની ગુલામી ને ત્યાગીને હર્યશ્વને લોપા સોપવાની ના પાડી અને ભરતોને જાણ થાય છે કે સુદાસે સહસ્ત્રાર્જુન સાથે હાથ મિલાવીને આર્યવર્ત બોલાવ્યો છે ત્યારે ભરતો હર્યશ્વને જ નહીં એના સેનાપતિઓને કેદ કરી લે છે. અહીં ભરત જાતિનુ શૌર્ય પ્રગટી ઊઠે છે.

---

૧૪ એજન - પૃ ૧૭૬

સુદાસની યોજનાને અસફળ બનાવવા માટે જમદગ્નિ અને ભરતો લોમાને કુશાશ્વને ત્યા મોકલે છે પરંતુ અર્જુનના સૈનિકો આ બધાંને કેદ કરી લે છે ભરતોનો ક્રોધ ભભૂકી ઊઠતાં એઓ અર્જુન પર શસસ્ત્ર હુમલો કરે છે પણ અર્જુન અઠંગ ચાતુરીવાળો હોવાથી એ ત્યાથી ભાગી જાય છે.

સુદાસ લોમાને અર્જુન સાથે પરણાવીને ચક્રવર્તી રાજા બનવાની આકાંક્ષા લઇને બેઠો હતો. એમા વસિષ્ઠ સંમતિ આપે છે પરંતુ લોમા અર્જુનને અવગણે છે અને ભરતો આસૂરી વ્યક્તિત્વ ધરાવતા અર્જુન સાથે લોમાને વરાવવા તૈયાર ન હતો. આ જે માહોલ રચાય છે એમા વળી લોમા અર્જુનને હાથે પકડાઇ જાય છે. અહીં વિમદ અસત્યનો સહારો લઇને કુત્સ અને રોહિણીને ઉગારે લે છે અને લોમાને બચાવવા એને રામની બહેન બનાવી દે છે. આથી લોમ અર્જુનના પંજામાંથી ઉગરી જાય છે

મુનશીએ અર્જુનનાં પાત્રનો ખલનાયકની જેમ વિકાસ કર્યો છે. પાત્રના વ્યક્તિત્વને જે રીતે ચીતરવામાં આવ્યું છે. એ જોતાં આ પાત્ર લોમા સાથે કોઇપણ પ્રકારની છૂટછાટ લઇ શકે. પરંતુ આ પાત્ર આવી કોઇ છૂટછાટ ન લઇ શકે એ માટે લેખકે ભૃગુઓએ અર્જુનના વડવાઓને આપેલા શાપની કથાને આલેખીને અર્જુનને બંધનમાં જકડી રાખ્યો છે.

સકળ આર્યવર્ત રણભૂમિમા ફેરવાઇ ન જાય તે માટે અને લોમાને ઉગારી શકાય તે માટે 'જમદગ્નિ' આણ મૂકે છે પૂર્વ જીવનમા બનેલી ઘટના નાં માઠા પરીણામો સહસ્ત્રાર્જુન ભોગવતો હોવાથી એ ઋષિઓના તેજને અવગણવાનુ સાહસ કઇ રીતે કરી શકે?

વસિષ્ઠને અર્જુનનું આ અધમ કૃત્યુ ગમ્યું ન હતું છતાંય એમણે તો આર્યવર્તને સંસ્કારના રંગે રંગવાનુ બીડુ ઝડપ્યું હતું એટલે એ અર્જુનના આ કૃત્યને ચલાવી લે છે ત્યારે આ પાત્ર વિશ્વામિત્રની જેમ તટસ્થ રહી શકતું નથી. પોતાના વિચારને સાર્થક કરવાએ અર્જુન જેવા અધર્મી રાજાઓ સાથે બાંધછોડ કરે છે

અર્જુન તત્સુના નગરમાં જાય છે. અહીં લેખકે એક નવા પાત્રને પ્રવેશ અપાવીને ઉત્તરાર્ધ કૃતિઓ માટેનુ બીજારોપણ કર્યું છે ઋષિઓનો ક્રોધને ઉતારવા ભદ્રશ્રેણ્ય રામને વિનવે છે

મુનશીએ કથાનકના પ્રવાહમાં આવતાં અનેક પાત્રોને યોગ્ય ક્ષણે ખીલવીને પાત્રના આંતર બાહ્ય જગતને સરસ રીતે ઉઠાવ આપ્યો છે. આગળ આપને વિશ્વામિત્ર અને શુન.શેપના આવા વર્ણનનો જોયાં. અહીં કથાનુંસાર પરિવેશ સર્જીને પાત્રના મનમા ચાલતી મૂંઝવણોને મુનશી આ રીતે વર્ણવીને કથાને રસ તરબોળ બનાવી આપે છે. લોમાને પરણવા ઘણા બધા તૈયાર થાય છે શુન:શેપ.અને દેવવ્રત. આ સ્થિતિમાં લોમાના મનોજગતની વિચિત્ર સ્થિતિ થાય છે એનો નિર્દેશ કરાવીને લેખકે લોમાના હૃદયના ઊંડાણમાં રહેલા રામ પ્રત્યેનો અનુરાગને પ્રગટ કરાવ્યો છે. બાળપણથી જ રામના સાનિધ્યમાં ઉછરેલી લોમાના મનમાં આવા કોઇ વિચારો આવ્યા ન હતા પરંતુ ચારેબાજુએથી બધા એના લગ્નની ચર્ચાઓ કરે ત્યારે નાયિકા મનમાં પોતાને અનુરૂપ એવા પુરુષનો વિચાર કરે એ સહઝ છે. એનું વર્ણન આમ થયુ છે

"એ આકાશ સામે જોઇ રહી. ચંદ્ર ઊગ્યો હતો. આસપાસ ઝાડોની ઘટામાં પવન સુસવાટ કરતો હતો ચારે તરફ સૈનિકો ઘોરતા હતા કેવા હતા એ બધા - ગંદા, ગંધાતા, દાઢીવાળા

હૈહયો ! એના મનમાં ઉદ્વેવ તયો. પરણવુ પડશે? એમ થાય તો પછી એ શું કરશે? અને આ અર્જુન તો કેવો ભયંકર માણસ છે! ને દેવદત્ત રૂપાળો તો છે, પરતુ રામને છોડીને જવું પડે, એ કેમ બને? એના મનમાં આ વિચારો ગડમથલ મચાવી રહ્યા એણે નિસાસો નાંખ્યો. જોરથી પવન ફૂંક્યો. ચારે તરફ સૂતેલા સૈનિકોનાં નસકોરાંના ઘોર અવાજનું એને ભાન થયું એને બીક લાગી એટલે તે રામની નજીક ગઇને રામાના ડિલ પર હાથ મૂકી સ્થિર - અવાક્ પડી રહી. ઊંઘમાં રામે લોમાના હાથ પર પોતાનો હાથ મૂક્યો "[૧૫]

લોમા વિચારોમાંને વિચારોમાં પૂર્વના જીવનમાં રામ સાથેની વિતાવેલી પળોને વાગોળે છે. પાત્રને આ રીતે વિચારશીલ બનાવીને નાયિકાને નાયકની નિકટ લાવવાનો પ્રતીતિજન્ય પ્રયાસ થયો છે. હૃદયના ઊંડાણમાં રહેલો રામ પ્રત્યેનો પ્રણય ભાવ હવે આકારિત થવા માંડે છે. જેમ જેમ લોમા રામ અંગે વિચારતી ગઇ એમ એ એના પ્રત્યે આકર્ષણ અનુભવવા લાગે છે અને એ રામની પાસે જાય છે પરંતુ રામ લોમાના મનઅંતરના ભાવોથી અજાણ હોવાથી એ નિદોર્ષ અને નિખાલસતાથી વર્તે છે. આ જોઇને લોમાને દુ ખ થાય જ ને? -

ભદ્રશ્રેણ્ય સાથે ગુરૂની જેમ વર્તતો રામ લોમાના મનોગત ભાવોને સમજી ન શકે એ સ્વીકારવું કઠણ થઇ પડે છે. લોમા રામને પોતાના હૃદય ભાવોથી પરિચિત બનાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે રામે કહ્યું કે - હું તને પરણુ તો આ બધી પચાત ઊભી ન થાત અને એ લોમાએ રામને ચુંબન કર્યું એ લૂછી નાખતા આમ કહ્યુ . 'તું કેવી ગંદી છે!' ચૌદવર્ષનો આ નાયક નાયિકાના ભાવોને સમજી ન શકે એ કઇ રીતે સ્વીકારી લેવાય?

અર્જુનને જાણ થાય છે કે : લોમા રામની નહીં પણ સુદાસની બહેન છે. એના લગ્ન લોમા સાથે થવાનાં હતાં પરંતુ જમદગ્નિની આણને લીધે એ શક્ય ન હતું પરંતુ લોમાના બાહ્ય સૌંદર્ય લાલિત્યથી અર્જુનના મનમાં કામ જાગ્રત થાય છે એ રામને ઓરડામાંથી બહાર કાઢીને પોતાની વાસના તૃપ્ત કરવાનો પ્રયાસ કરવા માંગતો હતો પરંતુ લોમાએ અર્જુનની આંખોમાં વાસનાનો ભભૂકતો જવાળા જોઇ લીધો હતો એટલે એણે રામને બૂમ મારી ને મદદે બોલાવ્યો

આર્યવર્તમાં અર્જુને પોતાના નામની 'ધાક' પ્રવત્તાવી હતી એવો અતુલ બાહુબળવાળો શક્તિશાળી અર્જુન અને ચૌદવર્ષના કુમળા બાળક વચ્ચે ઝપાઝપી થાય છે અને રામ એ અર્જુનને માથું મારીને થથરભમર બનાવી મૂક્યો પરંતુ પ્રચંડ શક્તિશાળી અર્જુન આગળ રામ ક્યાં સુધી ટકે? અર્જુને રામનું પ્રચંડવેગ ગળું દબાવીને એને મારી નાંખવાનો પ્રયાસ કર્યો. રામની આંખોના ડોળા બહાર આવ્યા, નસો ઉપર તરી આવી. શ્વાસ રૂંધાવા લાગ્યો. આવે ક્ષણે મુનશીએ નાટયાત્મ ક્ષણ પ્રયોજને રામને અને લોમાને સિફતાપૂવર્ક ઉગારી લીધાં છે. અર્જુનનો સેનાપતિ ભદ્રશ્રેણ્ય ગુરૂપુત્રને અર્જુનને હાથે મરાતો અટકાવીને એના પ્રદેશને ભૃગુઓના શાપમાંથી ઉગારવો હતો એટલે એ પોતાનું ખડગ પોતાના રાજાના ગળે મૂકીને આ બન્ને ને ઉગારી લેવામા સફળ થાય છે. માત્ર એકાદ બે પ્રસંગમાં આવતું ગૌણ પાત્ર એનાં કાર્ય અને એના વ્યક્તિત્વથી કૃતિમાં જીવંત બની જાય છે. આવા અદભુત પાત્રો મુનશીની કલમે સહજ રીતે પ્રગટી ઊઠે છે.

---

૧૫. એજન - પૃ ૧૫૨.

વસિષ્ઠમુનિ અર્જુનની કેદમાંથી રામ અને જમદગ્નિના પુત્ર રામને ઉગારવા અર્જુનના પડાવે જાય છે પરતુ અર્જુન તો ત્યાથી ચાલ્યો જાય છે રામ અને લોમાના અપહરણથી આખા આર્યવર્તને મોટો આઘાત લાગે છે વસિષ્ઠમુનિએ જે વિચારો જોયા હતા અને એને સાર્થક કરવા સક્રિય બન્યા પરંતુ એમની યોજના તો ધૂળમાં ભળી ગઇ. મુનિ તપ કરીને શક્તિનો સંચય કરીને લોકોને સમજાવવા લાગે છે ફરી લોકોમાં સંસ્કારનું સિંચન કરીને દાસો વિરુધ્ધ ઉશ્કેરવા લાગ્યા અને આર્યો શશિયસીનો બદલો લેવા તત્પર બને છે અહી મુનશીના ચિંતનાત્મક ગદ્ય ધ્યાન ખેંચે છે આર્યોના કહેવાતા સંસ્કારોને ઉઘાડા પાડીને વર્ણદ્વેષ, જાતિય અસમાનતા ના ભાવોને નષ્ટ કરવાનો એમણે પ્રયત્ન કર્યો છે. આર્યોના કહેવાતા ઉચ્ચ એવા સંસ્કારોને મુનશીએ આમ છતા કર્યા છે.

"ભલે ભેદનો અત્યાચાર અર્જુનના જેવો જ હોય, પણ એવા દાસોનાં આવાં આચરણોને અંગે આખું આર્યવર્ત નિર્બળ થઇ રહ્યું હતું. આર્યવર્ત જો આવા દાસોને વશ કરી શકે, તો પછી અર્જુનને વશ કરવામાં કેટલી વાર ! મુનિવરે નિરંતર ધ્યાન કર્યું આખરે દેવો પ્રસન્ન થયા. એમને દષ્ટિ આપી આર્યાવર્તને સશકત કરતાં પહેલા ભેદનો વિનાશ જરૂરનો હતો " ૧૬

ચક્રવર્તીપસને ધારણ કરીને સમગ્ર આર્યવર્તમાં પોતાની આણને પ્રવર્તવનાર આર્ય અર્જુન આર્ય અપહરણ કરીને ચાલ્યો જાય છે

નવલકથાકારે આ કૃતિના આરભમાં ભેદ અને શશિયસી વચ્ચે પ્રણય પ્રસગનું આલેખન કરીને આર્ય અને અનાર્ય વચ્ચેના પ્રણય સંબંધને ઉપસાવ્યો છે અનાર્ય ભેદ શશિયસીને પ્રેમ કરે છે અને શશિયસી પણ ભેદને અન્ય ભાવે ચાહે છે. આ બન્ને પાત્રો વચ્ચે અતંરાય ઊભો કરીને બન્નેને છૂટાં પાડે છે. માત્ર પ્રણયી જીવોને નહીં પરંતું વિશ્વામિત્રે આર્ય અને અનાર્ય વચ્ચેના ભેદ ને ભુલાવીને સપ્તસિંધુંમાં 'એકત્વ' ને રચ્યુ હતું એ એકત્વ વસિષ્ઠમુનિની વિચાર ધારાને લીધે ખંડ ખંડમાં વહેચાઇ જાય છે ભરતો, તત્સુઓ દાસો એકબીજા થી છૂટા પડી જાય છે. એકબીજા પ્રત્યે વૈમનસ્ય ઊભું થાય છે. વસિષ્ઠ મુનિ સ્પષ્ટપણે રંગદ્વેષમાં માને છે. અનાર્યોમાં સંસ્કાર ન જ હોય આ વિચારધારાને લીધે આર્યો શશિયસીને ભેદથી છૂટી પાડીને દાસો પર કાળો કેર વરતાવે છે ભેદ શમ્બરરાજનો બળવાન પુત્ર હતો આમ સહજતાથી શરણાગતિ સ્વીકારવાને બદલે વીરત્વપૂર્ણ મૃત્યુને વરવામાં માને છે અહીં મુનશીની વિચારણાની અસર પાત્ર પર ઝીલાયેલી છે. ભેદ વસિષ્ઠના જ આશ્રમમાંથી શશિયસીનું હરણ કરી જાય છે. કૃતિના આરંભમાં આ ઘટના ઘટે છે આર્યકન્યા શશિયસીનું અનાર્ય રાજ ભેદ અપહરણ કરે છે. આર્ય પ્રત્યે રોષ અને ભેદ શશિયસીને ચાહે છે. આથી અપહરણ થાય છે જ્યારે કથાનકને અંતે આર્ય આર્યકન્યાનું અપહરણ કરે છે. ચક્રવર્તીસમ્રાટ સહસ્ત્રાર્જુન સુદાસના આમંત્રણથી પ્રેરાઇને આર્યવર્તમાં આવે છે અને આર્યવર્તના સંસ્કારોને ખુલ્લે આમ ભંગ કરીને સુદાસની બહેન લોમહર્ષિણી ને જમદગ્નિની આણ હોવા છતાંય એનું અપહરણ કરીને ચાલ્યો જાય છે આરંભ અને અંતમાં આ બે વિરોધાભાસી ઘટનાઓ વચ્ચે ઘણું બધુ બન્યું. અહીં પ્રશ્ન એ છે: વિશ્વામિત્રે સપ્તસિંધુને એકત્વના બંધને બાંધીને શાંતિ પ્રવર્તાવી હતી. અને જાતિ અસમાનતા, રંગદ્વેષ,

૧૬ એજન - પૃ ૧૭૦.

આર્ય અને અનાર્ય વચ્ચેના ખાલીપાને દૂર કર્યો હતો એ વસિષ્ઠમુનિની વિચારણાને પરિણામે એકત્વનું બંધન ક્ષણ માત્રમા તૂટી જાય છે અને આર્યો અને અનાર્ય વચ્ચે વૈમનસ્ય ઊભું થવાથી આર્યો દાસોપર અત્યાચાર કરે છે

વસિષ્ઠ એમ માને છે કે દાસોમાં સંસ્કાર નથી. આર્યોની સંસ્કાર શુધ્ધિ કરીને આર્યવર્તને ઉજાળવું હતું. એટલે ભેદ અપહરણનો બદલો લેવા થનગની ઊઠે છે પરંતુ આર્ય જ્યારે આર્ય સંસ્કારોને નેવે મૂકીને મુનિની સામે અને એના જ પ્રદેશમાંથી અપહરણ કરી જાય. મુનશીએ આ પ્રશ્નને ઉપસ્થિત કરીને કોનાં સંસ્કારો સારા છે? એ ઉપાસાવીને રંગદ્વેષ, જાતિય અસમાનતાના ભેદને નિવારવાનો પ્રયાસ કર્યો છે. પુરાણ સમયની કથાનકનો વિનિંયોગ કરીને લેખકે તત્કાલીન સમયના ભાવને મૂર્ત કરી આપ્યો છે. ૧૯૩૦ માં ગાંધીજી હરિજનોને એમના હક્કો અપાવવા સક્રિય થયા હતા એ ભાવ પ્રતિબિંબિત થયો છે.

'લોમહર્ષિણી' નવલકથામાં લેખકે સ્વાનુભવે પૌરાણિક પરિવેશને ઉપસાવવા માટે યજ્ઞ, તપ, મંત્રોચ્ચાર, મંડપ, આશ્રમ, રહેણી-કરણી, આચાર-વિચારો વગેરેનો સમર્થ પણે ઉપયોગ કર્યો છે. સાદી, સીધી અને સરળ ભાષાને પ્રયોજીને કથાનકના ભાવવિશ્વને, પ્રસંગને અને પાત્રોને ઉપસાવી આપ્યાં છે અહી કથન, સંવાદ, અને ચિંતનશૈલીનો વિનિયોગ થયો છે

કથાના આરંભે કથાનકના કેન્દ્રિય ભાવનું બીજ મુકાયા પછી પર્વત પરથી ધરાશયી થયેલી શીલા જેમ પર્વતની નીચે તરફ ધસમસતા વેગે પડવા લાગે છે એમ કથાબીજના પ્રસ્થાપન પછી કથાના અત સુધી ત્વરિત ગતિએ વધે છે, નાટયાત્મક સંવાદો, પ્રસંગોનું આલેખન, પાત્રાલેખન, અને વર્ણનોમાં મુનશીની પ્રતિભા શોળે કળાએ ખીલી ઊઠે છે. હરિશ્ચન્દ્રના નરમેધના આરંભથી આ યજ્ઞ પૂર્ણ થાય છે આ ટૂંકા સમયપટમાં ઘણા બધા અનઅપેક્ષિત બનાવો કથારસને જાળવી રાખે છે

મહત્વાકાક્ષી પાત્રો, શુરવીર, પરાક્રમી, સાહસી એવા પાત્રોનું નિરૂપણ કરવું મુનશીને સહજ છે વિશ્વામિત્ર વસિષ્ઠમુનિ, ભેદ, સુદાસ, જયંત, વિમદ, રામ, લોમા, ભદ્રશ્રેણ્ય આનાં ઉત્તમ ઉદાહરણો છે. સામે આવીને ઊભેલી પરિસ્થિતિને સ્વીકારી લેવાને બદલે એનાં સામે ઝઝૂમી ને પોતાને જે સત્યનું દર્શન થયું છે એ પ્રમાણે વર્તવામાં જ રાચે છે. એમનાં નારીપાત્રો પણ સ્વતંત્રપણે વિહરતાં જોવા મળે છે. લોમાને જ જુઓને - પોતાના ભાઇનો વિરોધ કરવામાં આ પાત્ર ક્યાંય ખચકાટ અનુભવવાને બદલે અથાગ પ્રયાસો કરીને ભાઇના અધર્મમય નિર્ણયને દૂર કરવા મથે છે આ બધામા શુન.શેપનું પાત્ર એની વ્યક્તિગત લાક્ષણિકતાની સચોટ છાપ ઉપસાવીને વાચક હૃદયમાં પોતાનું સ્થાન ક્યારે અને કઇ રીતે કરી લે છે એ સમજવું કપરું બની જાય છે. એમ અજિગર્ત પ્રત્યે ક્રોધાગ્નિ પ્રગટી ઊઠે અને સત્યનું જ્ઞાન થતાં એ આપણી સહાનુભૂતિનો હકદાર બની જાય છે. અહીં મુનશીની પાત્રનિરૂપણ કળા પૂર્ણપણે ખીલી ઊઠે છે.

# ભગવાન પરશુરામ

'ભગવાન પરશુરામ' એ 'લોમહર્ષિણી' નવલકથાનો ઉત્તરાર્ધ હોવા છતાંય સ્વતંત્ર અસ્તિત્વ ધરાવેછે કનૈયાલાલ મુનશીએ ઈ સ. ૧૯૨૧-૨૨ થી મહાભારત અને પુરાણોની પ્રેરણાથી પૌરાણિક વિષયો પર નાટક લખવાનું આરંભ્યું ત્યારે એમને મહાભારતની કથાના પૂર્વ પ્રસંગોની એક માળા લખવાનો સંકલ્પ કર્યો. 'પૌરાણિક નાટકો' અને 'લોપામુદ્રા' ના ચાર ભાગો એ સંકલ્પને સિધ્ધ કરવાના પુરુષાર્થનું મૂર્ત પરિણામ છે. નવલકથામાથી નાટક પર ઊતરી ગયેલા મુનશીએ પ્રથમ તો બાર નાટકોનું મહાનાટક લખવાનું નક્કી કરેલું. પણ પાછળથી એમને એવું સમજાયું કે નાટક તો ગુજરાતી વાચકને સુગમ નથી. એટલે મુનશીએ મહાનાટકના ઉત્તરાર્ધ માટે નાટક ને બદલે નવલકથાનું સ્વરૂપ સ્વીકાર્યું.

બાળપણથી જ પરશુરામ પ્રત્યે આર્કપાયેલા મુનશીએ ઉત્તરાવસ્થામાં સંક્રાન્તિકાળના અધિષ્ઠાતા પરશુરામને ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામને આ કથાના નાયક બનાવી એમના પ્રતાપી પાત્રથી ઉત્તરાર્ધને ભરી દીધો છે અને તે પણ તેમના જીવનનાં પહેલા ત્રીસ વરસની કથા થીજ બે ભાગમાં વહેંચાયેલી કથામાં 'લોમહર્ષિણી'મા રામના બાળપણ ને કિશોરજીવનને અને આ 'ભગવાન પરશુરામ' રામના યૌવન અને કાળમાં તેમણે કરેલા પરાક્રમોને આલેખે છે.

પુરોગામી કથા 'લોમહર્ષિણી 'નો અંત બતાવે છે તેમ માહિષ્મતીનો હૈહયરાજ સહસ્ત્રાર્જુન કાર્તવીર્ય લોમ અને રામને પકડીને પોતાની સાથે લેતો આવે છે દ્વારાવતીને દરિયાકિનારે એ બધા ઉતર્યા ત્યાંથી આ કૃતિનુ કથાવસ્તુ શરૂ થાય છે અને સહસ્ત્રાર્જુન વધ સાથે પૂરું થાય છે. એની વિગતે તપાસ કરીએ.

કૃતિના આરંભના પ્રસંગને સનસનાટીભર્યો આલેખવા સર્જકે હોડીવાળાઓ પાસે સંવાદો બોલાવીને સહસ્ત્રાર્જુનના વ્યક્તિત્વની રેખાઓ ઉપસાવી છે અને રામના ચમત્કારને નિરૂપીને રામના પાત્રને નક્કી કરેલી દિશામાં મુનશી લઇ જાય છે. સમુદ્રમાં ઊઠેલા તોફાનોને લીધે હોડીઓ હાલક ડોલક થવા લાગી. આવા ભયંકર તોફાનો પાછળ લોકો અર્જુનનાં પાપકાર્યોને જવાબદાર ઠેરવે છે અહી હૈહય પ્રજાના હૃદયના ઉંડાણમાં રહેલો હૈહયરાજ પ્રત્યેનો અણગમો પ્રગટ થાય છે આજ અણગમો રામને સહાયક ભૂમિકા પૂરી પાડે છે. ભાર્ગવ રામના આગમનને યાદવો અનેરા ઉમગથી વધાવી લે છે. કથાનકના કથાપ્રસંગો ઉલટસૂલટ નિરૂપીને રામના પાત્રના વ્યક્તિત્વને ઉઘાંડ આપવામાં આવ્યો છે. ડુબી જતી હોડીને રામ ચમત્કારિક શક્તિ દ્વારા સ્થિર કરીને હેમખેમ દરિયાકિનારે આવે છે. બે બનાવો લોકમાનસપટ પર ઝીલાય છે. ત્રણ પેઢી પહેલાં ભૃગુઋષિએ શાપ આપ્યો હતો, ત્યારથી અહીં પાપાચારે ઘર કર્યુંહતું આ પાપાચારેમાંથી મુક્ત થવાની ઝંખના દરેકમાં છે પણ હૈહયરાજ સામે મસ્તક ઊંચું કરી શકતા નથી અને રામનો ચમત્કાર આ પ્રજાને આંજી નાંખે છે

સહસ્ત્રાર્જુન તો લોમાનું અપહરણ કરવા માંગતો હતો. પરંતુ લોમા સાથે રામનેય લઇ આવવો પડે છે આના પાછળ ભદ્રશ્રેણ્ય કારણભૂત હતો. અર્જુન ભદ્રશ્રેણ્ય અને મૃગાથી ડરતો

હતો. રામને એ કેદી બનાવીને મારી નાખવાની વેતરણમાં પડ્યો હતો પરંતુ રામે એને જલસમૃદ્ધમાંથી ઉગાર્યો. આવા સમયે મુનશીએ રામના પ્રભાવને ઉપસાવવા માટે ગણતરીપૂર્વક ઘટનાપ્રસંગ પ્રયોજીને સહસ્ત્રાર્જુનને રામથી દૂર કર્યો છે. રામને મારી નાખવાના વિચારો કરતા અર્જુન સામે વિકટ પ્રશ્ન ઊભો થાય છે. લંકાનો રાવણ એના પર ચઢાઇ કરવા આવ્યો આથી એને યુધ્ધ મોરચા પર જવું પડેછે

અત્યાર સુધી સઘળી લડાઇમાં ભદ્રશ્રેણ્યને સાથે રાખીને યુદ્ધ કરનાર અર્જુન એને યુદ્ધ માંથી જ નહીં સેનાપતિ પદેથી દૂર કરીને લોમાને રામને સાચવવાની જવાબદારી સોંપતાં ધમકી આપે છે.

ભદ્રશ્રેણ્યને રામમાં અનન્ય એવા દર્શન થયાં એને લાગ્યું કે: રામ યાદવોને ઉધ્ધારીને ધર્મ શીખવશે. એવી અપેક્ષા એના મનમાં જાગ્રત થાય છે.

ભદ્રશ્રેણ્ય રામ તથા લોમાને ગિરનારની તળેટીએ જાય છે. હવે લેખકે ગિરનારની પરિસ્થિતિનું તાદ્રશ ચિત્ર આપીને યાદવોનું જીવન અને રહેણીકરણીને આલેખ્યાં છે.

" દરેક કુટુંબે પોતાના ગાડા આગળ છાવણીની નીચી ઝૂંપડીઓ કરી હતી. તેમાંબપોરે મરદો બેસતા અને રાતે ધણી ધણીયાણી સૂતાં થોડે દૂર દરેક કુટુંબના જુદાજુદાં ચૂલા પર ખાવાનુ રંધાતું.

સાંજ પડવા આવી હતી

દરેક કુટુંબના ચૂલાની આસપાસ સ્ત્રીઓ ધાંટાઘાંટી કરતી હતી. ખુલ્લી જગામાં છોકરાઓ રમતાં કે મારામારી કરતાં હતાં. સમૃદ્ધિવાન કુટુંબીઓ જંગલી નાગો પર ગાળોની વૃષ્ટિ કરતા કે તેમને સાટકાના માર મારતા. આ બધા અવાજોથી વાતાવરણ ભેદાઇ રહ્યું હતું.

યાદવો આર્ય હતા પણ સપ્તબિંદુના આર્યો કરતા શ્યામલા હતા. ઘણાખરા પુરુષોએ લંગોટી મારી હતી સ્ત્રીઓએ ટુંકડો કાછડો માર્યો હતો. કોઇકે જ સ્તન ઢાંક્યા હતાં. સમૃધ્ધિવાનોએ મૃગચર્મ પહર્યાં હતાં. ગરીબ સ્ત્રીપુરુષો ગંદાં, ગંધાતાં હતાં "[૧]

મુનશીએ અહીં કથાનક અનુસાર પ્રસંગોનું સર્જન કરીને યાદવ જાતિના લોકોની જીવનચર્ચાનો આલેખ આપીને કથાનકને વધારે રસપ્રદ બનાવવા વિચાર્યું છે યાદવોનું આવું ચરિત્ર નિરૂપીને એમની દયનીય સ્થિતિ, એમની વેદના, વ્યથા અને એમની અવઢવ તરફ લઇ જવાનો માર્ગ લેખકે કાઢ્યો છે.

યાદવપ્રજા મુખ્યત્વે તો પશુપાલનનો વ્યવસાય કરતી હોવાથી પરિભ્રમણ કરી જીવન જીવતી. એમનો રાજા ભદ્રશ્રેણ્ય અર્જુનનો સેનાપતિ હોવાથી એ એમની સાથે યુદ્ધમાં જોડાયેલા હોય ત્યારે આ આખા ગોત્રની જવાબદારી મુખીને માથે રહેતી. એમાંય અર્જુને આવીને એવી માહિતી આપી કે ભદ્રશ્રેણ્યને સેનાપતિપદેથી હઠાવી નાંખ્યો છે. યાદવ મુખી માટે આ સમાચાર આઘાત જનક બની રહે છે ઉનાળો હોવાથી ગિરનાર પરથી વહેતી ગોમતીનાં નીર સુકાવા લાગ્યાં પીવાના પાણીના વલકા પડતા હોય ત્યાં ઢોરને પાણી પીવાનું ક્યાથી મળે? અહી ઢોરને પાણી પીવડાવવાની બાબતે યાદવ સ્ત્રીઓ વચ્ચે તાંડવ ખેલાય છે. મુખી આ બન્ને ને છુટા પાડે

૧. 'ભગવાન પરશુરામ'. લે ક.મા મુનશી. પ્રકા વર્ષ ૧૯૪૬. પ્ર આ પૃ ૮

છે. પણ આ માત્ર બે સ્ત્રીઓનો જ પ્રશ્ન નથી આ તો યાદવ ગોત્રનો પ્રાણપ્રશ્ન છે મુનશીને આ પરિવેશનું સર્જન કરીને 'રામ' ના અલૌકિક સ્વરૂપનું આલેખન કરવું છે

કુક્ષિવંત માર્કંડેય યાદવ ગોત્રનો ગુરૂ છે આ પાત્રના બાહ્ય અને આતરજગતને મુનશીએ નીચેના વર્ણનમાં આમ ઉપસાવી આપ્યું છે.

"યાદવ ગોત્રનો ગુરૂ ને પશુપતિ સોમનાથનો પૂજારી કુક્ષિવત માર્કંડેય ચાળીસેક વર્ષનો સૂકો ને ઊંચો હતો. પોતે પોતાને ઋષિ કહેવડાવતો. પણ જે એને એમ કહેતા તે મેડમાં કે કટાક્ષમાં કહેતા. એના ખંધા મુખ પર ચંચળતા હતી. તપ એને સ્પર્શ્યું ન હોતું સારું ખાવુ, સારુ પીવું, ને મોજ કરવી એ એને ગમતું: એની વિદ્વત્તાની સીમા, જેમ તેમ ઉચ્ચારેલા બે-ચાર મંત્રોમાં હતી. માત્ર ગુરૂની પાખંડકલામાં એ પ્રવીણ હતો. એ બધાની નિર્બળતા જાણતો અને આડંબરથી ને ખટપટથી વહેમી ને અજ્ઞાન યાદવોને વશ રાખતો. મધુને એ હાથ પર રાખતો. કેટલાંય કુટુંબોમાં એ કજિયા ઊભા કરતો અને ગોત્રમાં પક્ષાપક્ષી ઊભી કરી હકુમત ચલાવતો. કોઇપણ યાદવની એના પર પ્રીતિ નહોતી ગુરૂ વિના દેવ ન રીઝે તેથી કેટલાક એને માન આપતા. સહસ્ત્રાર્જુનનો એ વિશ્વાસુ માણસ ગણાતો તેથી બધા એનાથી ડરતા."[૨]

અહી ચોક્કસ કહી શકાય એવા બીબામાં પાત્રને ઢાળી દેવામાં આવ્યું છે કથાનકમાં આવતા પ્રસંગોપાત પાત્રના વ્યક્તિત્વને ઉઘાડ આપ્યો હોત તો કદાચ આ પાત્ર વધારે સારી રીતે ઉઘડી શક્યું હોત

લેખકે દર્શાવ્યા છે એવા ગુરૂ પાસે યાદવ મુખી પોતાના પ્રશ્ન લઇને જાય તો એને શુ મળે? ગુરૂ એને ગિરનારને નહી છોડવાનો આદેશ આપે છે. મુખી સામે સંઘર્ષભરી સ્થિતિ સર્જાય છે પાણી વિના તો પશુ મરે અને પશુ મરે તો ગોત્ર ખલાસ થાય. આવી કટોકટીભરી સ્થિતિમાં ભદ્રશ્રેણ્યનું આગમન મુખી માટે આનંદજનક બની રહે છે. કારણ કે એ યાદવગોત્રના ઉદ્ધારાર્થે ગોત્રને સાબરમતી લઇ જવા માંગતો હતો પરંતુ કુક્ષિએ બેને સ્પષ્ટ 'ના' પાડી દીધી. આ ગોત્રના અસ્તિત્વનો મહાન પ્રશ્ન હલ થતો ન હતો એવી ક્ષણે જ મુનશી નાટ્યાત્મક ઘટના દ્વારા કથાનકના તતુનો વિકાસ સાધે છે ગોત્રમાં ભાર્ગવનું આગમન આનંદજનક બની રહે છે.

મુનશીએ મૂળ કથાનક સાથે રામ અને લોમના જીવનનો વિકાસ દર્શાવતો પ્રસંગ આલેખ્યો છે રાત્રીના એકાંતમાં લોમા રામની સાથે સુતી હોય છે. ઘસઘસાટ સૂતા રામે જોઇને લોમાના મનમાં રામ પ્રત્યે સ્નેહભાવ જાગ્રત થાય છે.

વહેલી સવારે રામ અને લોમા નહાવા જાય છે. મધુ એ ભદ્રશ્રેણ્યનો મોટો પુત્ર હતો એ કુક્ષિના કહેવાનુસાર વર્તતો અને આપખુદ શાસનમાં રાચતો આથી એના જુલ્મો સામે યાદવ ગોત્ર આંખ ઊંચી કરીને જોતા ય નહી પરંતુ રામે આ અભિમાની, ઉદ્ધત એવા મધુને ખુબજ માર્યો મુનશીએ રામના પરાક્રમી સ્વરૂપને ઉપસાવતાં નોંધ્યું છે કે -

"રામનું મુખ નિશ્ચલ થઇ ગયું એની તેજસ્વી આંખો વાઘની હોય એવી વિકરાળ બની ગઇ ધીમેથી સ્વસ્થતાથી તેણે પોતાનો ઘડો લોમાને આપી દીધો અને ટોળાની અંદર થઇ મધુનો હાથ પકડયો "

---

૨ એજન. પૃ.૧૩

અહી મુનશીએ બન્ને પાત્રો વચ્ચે ચાલતી ઝપાઝપીનુ વર્ણન કર્યુ છે

કુક્ષી વ્યક્તિના ચહેરા જોઇને એને માપી લેતો એટલે એ રામ વિરુધ્ધ ગોત્રને ભડકાવવાના પ્રયાસો કરવા લાગ્યો. યજ્ઞ કરતાં અપશુકન થયુ એવુ બહાનું કાઢીને રામને હલકો પાડવાનો પ્રયત્ન કર્યો. અને આવતી કાલે ગોત્રને સાબરમતી જવાનો આદેશ આપ્યો ગોત્રના મનમાં ચાલતા કાવાદાવા પાછળના ભાવને રામ પામી જાય છે અપમાનનો ઘા અસહ્ય બની ઊઠતા રામ મનોમન નિશ્ચય કરીને ગોમતીને દંડ દેવા ચાલી નીકળે છે રામે યજ્ઞનો આરંભ કર્યો મંત્રોચ્ચાર અને યજ્ઞમાં ઓતપ્રોત બનેલા રામે ઉગ્ર થઇને ગોમતીને શાપ આપ્યો

રામ કોઇપણ ભોગે યાદવોના પ્રાણપ્રશ્નને નિવારવાનો મક્કમ નિર્ધાર કરીને વરુણદેવને આરાધવા લાગ્યો. સાંજ પડવા આવી ને રામની આરાધના એનો યજ્ઞ સફળ થયો. ધોમધખતા તાપમાંથી વાદળાં બંધાયાંને ચારેબાજુ અંધકાર છવાઇ ગયો. પુષ્કળ વરસાદ વરસવા લાગ્યો. મુનશીએ અહી ચમત્કારિક ઘટનાઓનો આશ્રય લઇને રામના પ્રતાપી વ્યક્તિત્વને ઉપસાવી આપ્યું છે. મુનશીની દરેક નવલકથાનાં મુખ્ય પાત્રો ઉપરાંત ગૌણ પાત્રો પણ પોતાનો પ્રતાપ અન્ય પાત્રો પર પાડે છે એ આ કથાપ્રસગમાય જોવા મળે છે

ગિરનારમાં ગોમતી વહેતી થઇ આથી ભદ્રશ્રેણ્યનો પ્રાણ પ્રશ્ન હલ થઇ ગયો રામ, લોમા, પ્રતીપ, કુર્મા ને ઉજ્જયેત આશ્રમ સ્થળને યાદવગોત્રને ઉગારવાનો પ્રયત્ન કરવા લાગ્યા. રામના આગમનથી યાદવગોત્રનો ઉત્કર્ષ થવા લાગ્યો યાદવો હવે ઝૂપડાં કે કાચાં મકાનોને બદલે મહાલયોમાં રહેવા લાગ્યા આરંભમાં યાદવગોત્રનુ દારિદ્રયનું ચિત્ર અને અહી રામના આગમન પછી યાદવગોત્રનુ ચિત્ર ઘણું નોંધપાત્ર બની રહે છે.

યાદવ ગોત્રમાં હવે ધર્મ પ્રવર્તવા લાગ્યો પરંતુ હજીય એમાં સંસ્કાર શુધ્ધિ આવી નહોતી. રામે યાદવોને આર્યધર્મ શિખવવા અધર્મને આચરતી રૂરૂ અને સોમાને દંડ આપીને અધર્મને અટકાવ્યો અહી મુનશીએ પોતાની વિચાર સરણીને ગૂંથી લીધી છે. પત્ની હમેંશા પતિને જ આધીન હોય એવા આર્ય સંસ્કાર છે અહીં રામ ધર્મ અને સસ્કાર શીખવે છે આમ, યાદવ ગોત્રને ઉદ્ધારે છે.

કથાનો પ્રવાહ અન્ય દિશામાં ઝડપથી વહેવા લાગે છે. યાદવોના ગોત્રના સીમાડે 'નાગલોકો' રહેતા હતા. યાદવો આ નાગલોકોને અછૂત માનીને એમનું જેટલું શોષણ થાય એટલું કરવામાં ક્યારેય કચાસ રાખતા નહોતા આ નાગલોકો ક્યારેય યાદવો સામે ફરિયાદ કે વિરોધ કરતા નહી. નાનાં ગામોમાં જ નહીં મોટાં નગરોમાંય આવી જાતિને અછૂત ગણીને એમનું શોષણ થાય છે. સાંપ્રત સમયના આ પ્રશ્નને મુનશીએ પુરાણકથાના માધ્યમ વડે અભિવ્યક્ત કર્યો છે.

યાદવો આ નાગલોકો પાસે લાકડાં ફડાવતા અને એમની સ્ત્રીઓપર અત્યાચારો કરતાં.

યાદવ રખેવાળ નાગકન્યા પર અત્યાચાર કરીને એને માર મારીને ઘાયલ કરી નાખી અને નાગમાનવને દંડ દેવા તત્પર બન્યા ત્યારે રામ નાગલોકોનો પક્ષ લઇને યાદવ વિરુધ્ધ જાય છે. રામ સર્વ જાતિને માનવરૂપે જ જુએ છે. આથી એમનો ક્રોધ ભભૂકી ઊઠે છે. નાગલોકને સંરક્ષણ આપ્યું છે. રામનું આગમન થયું એ કુક્ષિને ગમ્યું ન હતું રામ ધીમે ધીમે પોતાનો પ્રભાવ યાદવો

પર ફેલાવવા લાગ્યો આથી કુક્ષિનો પ્રભાવ ઘટી ગયો. આ પ્રભાવને ફરી સ્થાપવા એ રામ વિરુધ્ધ જઇને યાદવોને ઉશ્કેરે છે કે નાગલોકોને યાદવ ગોત્રથી દૂર રાખો યાદવોએ રામને સમજાવવાનો નિશ્ચય કર્યો બીજી બાજુ, રામનો શિષ્ય કુર્મા રામની આ વિચારસરણીને પામી શક્યો નહીં આથી એ રામને છોડીને ચાલ્યો જાય છે પરંતુ ઘરે ગયા પછી એને ખ્યાલ આવ્યો કે રામના આગમન પછી જ આ ગોત્રમાં સુખ ને સમૃધ્ધિ આવી છે. એ રામ પાસે જાય છે મુનશીએ અહીં પાત્રનાં મનોવલયોને આલેખ્યાં હોત તો પ્રસંગ વધુ રોચક બનત પરંતુ તેઓ સડસડાટ આગળ વધે છે રામનો બીજો શિષ્ય પ્રતીપ પણ રામનો સાથ છોડીને ચાલ્યો જાય છે પરંતુ પ્રતીયની પત્ની વિશાખાને રામમાં અનન્ય વિશ્વાસ હોવાથી એ પ્રતીયને અસહ્ય એવાં વેણ સંભલાવે છે અહીં લેખકે વિશાખા અને પ્રતીપ વચ્ચેના સંવાદોને નિરૂપીને નાયિકાના આક્રોશને વર્ણવ્યો છે. રામના પગલાને અવિચારી પગલું સમજીને માર્ગ વિમુખ બનેલા પતિની ઝાટકણી કાઢી નાંખે છે. નાયિકાના ચરિત્રનું ચિત્રણ મુનશીએ આ રીતે કર્યું છે. -

"વિશાખા ગુસ્સો થઇ ગઇ 'તમારા યાદવો તો જાનવરો છે ગરીબ બિચારી નાગિણી ઉપર અત્યાચાર કર્યો તેનું કંઇ નહીં! ઠીક થયું કે ભાર્ગવે પાપીઓને દંડ દીધો ' તે પ્રતીપની સામે જઇ ઊભી 'તમે તો યાદવોનો પક્ષ કરીને ઊભા રહ્યા, કેમ? તમને લાજ આવે છે કે નહી? હાશ, રામે તમને કાઢી મૂક્યા તે મને ગમ્યું તમારા જેવા શિષ્ય રાખીને એ કરે શુ? ધૂળ?

'વિશાખા!' આ શબ્દપ્રવાહ રોકવાને અસમર્થ પ્રતીયે કહ્યું, 'નાગ-નાગિણીઓને ગામ વચ્ચેથી આણ્યાં તેમાં ગામમાં તોફાન થઇ રહ્યું છે. કોઇ એ પાપાચાર સાંખી શકતું નથી '

'ક્યાંથી સાંખે? ભાર્ગવ પેલી નાગકન્યાને લઇ તે મેં જોયું હતું. તમારી બહેન-દિકરીઓને કોઇ આમ રજાડે ત્યારે શું કહેશો? વિશાખાએ પથારી કરી આપી ને હતાશ પ્રતીય તેના પર બેઠો 'ને હવે તમે શું કરશો?'[3]

પતિના અવિચારી પગલાને વખોડીને રોહિણી અટકી જતી નથી એ પ્રતીયને આત્મભાન કરાવીને ધર્મમયમાર્ગે જવાનો અનુરોધ કરે છે માર્ગ ભૂલેલા પ્રતીયને ધર્મજ્ઞાન થતાં એ રામ પાસે જાય છે

યાદવ રખેવાળના મારથી મૃત્યુ પામેલી નાગકન્યાની અંતિમ વિધિ કરીને, કુક્ષિવંતે નાગલોકોને એક ખેતરમા રાખ્યા હતા એની વાડ તોડીને નાગલોકોને મુક્ત કરીને આઝાદી અપાવી નાગલોકોને ઉધ્ધારવા માટે રામે એમનું નેતૃત્વ ધારણ કરીને યાદવો સામે બંડ પોકાર્યું રામે યાદવોનો ત્યાગ કરીને નાગવસ્તીમાં રહેવાનો નિર્ધાર કર્યો યાદવગોત્ર સામે વિકટભર્યો પ્રશ્ન ઊભો થયો હવે શું કરવું? એમાંય યાદવગોત્રની સ્ત્રીઓ સ્વભાવે સ્નેહાળ હોવાથી અને ધર્મને સારી રીતે સમજતી હોવાથી એ રામના સાહસથી પ્રભાવીત થઇને નાગલોકોની વસ્તીમાં રામના દર્શન કરવા જાય છે. યાદવો માટે આ અણધારી ઘટના બની

નાગલોકોને સ્વતંત્ર બનાવીને બહાર કાઢ્યા એનો વિરોધ હોય છે ત્યાં તો એમની પત્નીઓ રામના કાર્યને અભિનંદવા જાય ત્યારે યાદવો શું કરી શકે? લેખકે આ ઘટના દ્વારા યાદવોના અક્કડ એવા વલણને નમાવવાનો પ્રયાસ કર્યો છે એમાંય ભાર્ગવ ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન

3 એજન પૃ.૩૮

કરવાની શક્તિ યાદવોમાં ન હોતી

યાદવગોત્ર અને નાગલોક વચ્ચે લેખકે અહી સંબધ પ્રસ્થાપિત કર્યો છે. રામના પુણ્ય પ્રકોપ સામે યાદવો કશુંય ઉચ્ચારી શકવા અસમર્થ બને છે યાદવો અને નાગલોકોના ગુરૂ બનીને રામે આ જાતિના ઉધ્ધારાર્થે અસ્ત્ર-શસ્ત્ર અને જ્ઞાન આપતી આ જાતિનો ઉત્કર્ષ કરવા માંગયો. આ પ્રવૃત્તિમાં રત બની ગયેલા રામને જોઇને લોમાના હૃદયમાં અવનવા ભાવો ઉદ્ભવવા લાગ્યા એ રામને કંઇ કહી શકવા અસમર્થ હતી.

રામ વિશાખાને આશ્રમની 'એલચી' બનાવે છે અહી પૌરાણિક નવલકથાના પરિવેશમાં 'એલચી' આધુનિક શબ્દ છે. રામ હવે આર્યવર્તમાં ઐક્યને પ્રસ્થાપિત કરવા વિશાખાનો ઉપયોગ કરીને આનંર્તરાજના યાદવ સાથે સંબંધ સ્થાપવાનો ગણતરીપૂર્વક વ્યૂહ રચે છે.

યાદવોના ઉધ્ધારક અને નાગલોકોના રક્ષક બનેલા રામમાં રહેલી અન્ય પ્રતિભાને ઉઠાવ આપવા માટે અહીં એક ઘટનાને નિરૂપવામાં આવી છે. યાદવો અને શાર્યાતો વ્યવસાય અર્તે આવતા વણઝારાઓની પોઠોને લૂંટી લેતા. રામે યાદવો અને શાર્યાતોની અધર્મી પ્રવૃત્તિઓનો નાશ કરીને વણઝારાઓને ભય મુક્ત કરાવ્યા. આથી તેઓ રામને ભેટો આપવા લાગ્યા. પરંતુ રામ એમની પાસેથી માત્ર ઘોડાઓ જ સ્વીકારતા રામ માત્ર ઘોડાઓને જ કેમ સ્વીકારતા' એ પ્રશ્ન સહજપણે થાય અહી ઉત્તરકાળની ઘટનાઓ સાથે આનો સંબધ છે. રામ માત્ર ગુરૂ કે યાદવ અને નાગલોકોનો નેતા છે એટલું જ નહી એનામાં અન્ય પ્રતિભા પણ છે વણઝારાઓને થતા અન્યાયને અટકાવીને તે રસ્તાઓનું સર્જન કરે છે

યાદવોના વધતા જતા પ્રતાપને લીધે શાર્યાતોના પેટમાં ઉકળતું તેલ રેડાવા લાગ્યું. એમના પ્રતાપને નષ્ટ કરવા એમનાં રાજા એના પુત્ર જયામઘને રામને તેડવા મોકલ્યો પરંતુ શાર્યાતોના વધામણાનો સહર્ષ સ્વીકાર કરવાને બદલે એણે જયામઘ સામે પોતાની શરતો મૂકી કે : "પચાસ શાર્યાત યુવકોને લઇને અહી પ્રતીપનો સાથ આપ. શાર્યાત થાણાંઓને લૂંટફાટ કરતાં ને સ્ત્રીઓનું અપહરણ કરતા અટકાવી દો નાગ સ્ત્રીઓ પરના અત્યાચારો અટકાવીને જેમ મહાભાગ ભદ્રશ્રેણ્ય વણજારાઓને અભયદાન આપે છે તેમ તમે દો. જ્યાં ધર્મ પ્રવર્ત્યો કે હું કાચે તાંતણે બંધાઇને ખેંચાઇ આવીશ."[૪]

રામના આવા વિચારો પર ચાલવું શાર્યાતો માટે દુધર્ષ હતુ આથી એને પરોક્ષપણે 'ના' પાડી. રામ દિવ્યદષ્ટા હોય એમ હવે પછી શું બનશે એ કળી ગયો. એણે યાદવોને ચેતવ્યા.

સતત પ્રવૃત રહીને અનિષ્ટ તત્ત્વોનો ખાત્મો કરવાના નિર્ધાર સાથે રામ આવ્યા હોય એમ કુક્ષિને એમણે સૂચન કર્યું કે - યાદવો અને શાર્યાતો દ્વારા થતા નર શિકારોને બંધ કરાવો. ખંધો કુક્ષિ રામની વાતને ઉડાડી મૂકે છે પણ રામે અડગ નિર્ણય કર્યો અને એમના પચ્ચાસ ચુનંદા સૈનિકોને સશસ્ત્ર તાલીમ આપી નરસંહાર કરતા યાદવો અને શાર્યાતો પર સશસ્ત્ર હુમલો કરીને તેમણે મૃત્યુના મુખમાં ધકેલી આપ્યા. અહીંયા 'લોમહર્ષિણી' કૃતિના નરમેધયજ્ઞનું સ્મરણ થઇ આવે છે. નરમેધયજ્ઞને અટકાવવા વિશ્વામિત્ર દેવોની આજ્ઞાની રાહ જુએ છે. રામ-વિશ્વામિત્રની જેમ દેવોની આજ્ઞા જુએ એવી પ્રકૃતિથી વિમુખ હોવાથી સઘળું સુકાન પોતાના

૪. એજન. પૃ ૪૮

હાથમા લઇને નરસહારને અટકાવીને અધર્મકાર્ય નષ્ટ કરી નાખે છે

જયામધના આગમનથી શાર્યાતો હવે પછી શું કરશે એનો ખ્યાલ આવી જવાથી યાદવોને સૂચન કરીને રામ સજાગ બની જાય છે યાદવો અને શાર્યાતો વચ્ચે વર્ષોથી વેર ચાલ્યા કરતું. આ વેરને નષ્ટ કરીને મિત્રતા સ્થાપવાનો વ્યૂહ રામના મનમાં ઘડાવા લાગ્યો. એ વ્યુહને સાકાર કરવા માટે કૃમાને શાર્યાતરાજને ત્યાં મોકલીને કહેડાવ્યું કે મોટી રાણી અને એના મધૂને પાછા મોકલો નરશિકાર બધ કરો અને વૈશાખ સુદ પૂર્ણિમાએભૃગુની જન્મતિથિ ઉજવવા આનર્તરાજના સીમાડે ગોકર્ણતીર્થમાં મળવા આવો.

રામના કાર્યને ભદ્રશ્રેણ્ય કાંઇ સમજી શક્યો નહીં. લેખકે આ પાત્રના મનમાં રહેલા ભાવોને પાત્ર પુરતા જ મર્યાદિત રાખીને પાત્રના ગૌરવ અને પરાક્રમને અસરકારક રીતે ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે આથી અન્ય યાદવોને પોતાની યોજના કોઇ રુપરેખા આપવાનું ટાળીને એ યાદવગોત્રનો પોતાની જરૂરિયાત મુજબ ઉપયોગ કરીને ઇચ્છેલા ધ્યેયને હાંસલ કરે છે. રામ માત્ર આછેરો સંકેત કરતાં ભદ્રશ્રેણ્યને કહ્યું વૈશાખી પૂર્ણિમાએ તમારી અને શાર્યાતરાજ વચ્ચે વેર પૂરું થઇ જશે. શાર્યતાને સજ્જડ હાર આપવા યાદવ પુરુષો નેજ નહી સ્ત્રીઓને પણ સશસ્ત્ર તાલીમ આપીને એમને તૈયાર કરવામા આવી. મુનશી મૂળ કથા સાથે અન્ય ઘટનાઓને આલેખીને મૂળ કથાનકને પુષ્ટ બનાવી આપવામા અનેરી સૂઝ ધરાવે છે જેમ નદીના પ્રવાહમા અન્ય પ્રવાહો ભળવાથી એ રમણીયરૂપ ધરે છે એમ અહી બનતી અન્ય ઘટનાઓ પણ મુખ્ય કથાને નવીન રૂપ અર્પે છે રામ પ્રત્યે આસક્ત થયેલી કલ્વિણીના પતિ કુક્ષિ શાર્યાત રાજના યજ્ઞમાં ગયો એકાંત મળવાથી પોતાના દેહમાં વ્યાપેલા કામાગ્નિને તૃપ્ત કરવા રામને ખોટું બહાનું કાઢીને બોલાવ્યો નાટકની રંગભૂમિ પર મૂકવામાં આવેલી વસ્તુઓનો નાટયાંતે કોઇને કોઇ રીતે ઉપયોગ થવો જોઇએ એવો નાટચ વિવેચકોનો મત રહ્યો છે. અહીં નવલકથાના સંદર્ભે આમ કહી શકાય કે મુનશીએ મૂળ કથાનક સાથે અન્ય કથાઓના બીજ મૂકીને યોગ્ય ક્ષણે એનો વિકાસ કર્યો છે. આગળ આપણે જોયું કે : કલ્વિણીનુ વ્યક્તિત્વ જોઇને લોમાને અનેક શકાકુશકાઓ થવા લાગી હતી આના પાછળ લોમાના હૃદયમાં રામ પ્રત્યેનો નિવ્યાજ સ્નેહ જ કારણભૂત હતો લોમાએ જે નિરીક્ષણ કર્યું એ જ પ્રમાણે કલ્વિણીનાએ રામને પોતાના મોહપાશમાં જકડીને પોતાની જાતીય તૃપ્તિ સંતોષવાનો પ્રયત્ન કર્યો રામ કલ્વિણીના કામાગ્નિને પાંમી ગયો ઓરડામા પડેલો સાટકો લઇને કલ્વિણીની છાતી પર અને એના નિતંબપર સાટકા મારીને ભાન ભૂલેલી કલ્વિણીને સ્ત્રીધર્મનું જ્ઞાન કરાવ્યું અહીં આર્ય સંસ્કારના હિમાયતી મુનશી દેખાય છે

અત્યાર સુધી લોમાથી વિમુખ બનીને રહેતા રામ હવે લોમાભિમુખ બને છે. લોમાને માત્ર પોતાની સખી માનીને અટકી ગયેલા રામના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. એણે મનોમન નિર્ણય કરી નાંખ્યો. આશ્રમમાં સૂતી લોમાને ઊંઘમાંથી લઇ જઇને પોતાના પ્રણયનો એકાકાર કર્યો અહી પ્રણય પ્રસંગનું હૃદયસ્પર્શી નિરૂપણ ધ્યાન ખેંચે એવું છે એવા એક વર્ણનને જોઇએ-

"તેણે નીચે વળી લોમાની સામે જોયા કર્યું. માત્ર આંખો મીંચી તે સૂઇ રહી હતી. તેની

પાંપણે પણ નિદ્ર વસી નહોતી  રામની આંખોમાંથી નીતરતા તેજથી દાઝી તેણે આંખો ઉઘાડી રામ, એનો રામ, માદક એકાગ્રતાથી એની સામે જોઇ રહ્યો. તેની આંખમાં અપરિચિત ઝનૂન હતુ  વિલાસ ભૂખ્યું, આલ્હાદક, હૃદયવેધક  તેના તારેતારમાં પ્રણયોર્મિઓ આંધીની માફક વાઇ રહી. સૃષ્ટિ આનંદથી ડોલતી હતી એમ તેને સ્પષ્ટ ભાસ્યું. સુખની અવધિના ભારથી તેની આખો તેણે મીચી દીધી.

રામનો શ્વાસ ઊંડો, ઘેરો આવતો ને જતો. એની આંખો ભભૂકતી. એણે વગર બોલે લોમાને ઊંચકી લીધી. એમા સ્નાયુબદ્ધ હાથોમાં એણે તેને ઊંચકી ને છાતીસરસી ચાંપી અને તેને આશ્રમની બહાર લઇ ગયો  લોમા આંખો મીંચી ઊંઘમાં સ્વર્ગ અનુભવતી હોય તેમ લપાઇ રહી. જે પળ માટે એ ઝંખી મરતી હતી તે આવી હતી.

નદી કિનારે જઇ રામ તેને ગિરનારની ટૂંક પર ઊંચકી ગયો, અને એક પથ્થર પર બેસાડી. હવે આંખો ઉઘાડ્યા વિના તેને છૂટકો ન હતો. ચંદ્ર ઊંચે ચઢયો હતો અને કૃષ્ણપક્ષની ફીકી ચંદ્રિકા નીચે નદી પર ક્ષિતિજ સુધી સૃષ્ટિ પર, આછો સ્વપ્નસૃષ્ટિનો હોય એવો, પ્રકાશ નાંખતી હતી. રામ તેના પગ આગળ બેસી ગયો. લોમાએ જોયું કે આ રામ બાલમિત્ર નહોતો, પ્રણયી હતો, સ્વામી હતો "[૫]

નાયકના મનમા જાગ્રત થયેલો લોમા પ્રત્યેનો સ્નેહ ભાવ અભિવ્યક્ત થયો છે. લોમા તો ગિરનાર આવ્યા ત્યારથી જ રામ પ્રત્યેનો સ્નેહભાવ ધરાવતી હતી. મનમાં શંકા હોવાને પરિણામે રામ આગળ પોતાના હૃદયના ભાવો કહેતાં ખચકાટ અનુભવ્યા કરતી. નાયિકાની સામે ચઢીને પ્રેમી આવે ત્યારે નાયિકાના આનંદણી સીમાઓનો અનેરો વિસ્તાર થઇ જાય

સડસડાટ વહી જતી કથામાં પ્રસંગો ચિત્રપટની જેમ પસાર થાય છે. લોમા અને રામ એકમેકની નિકટ આવ્યા ત્યાં વિમદનું આગમન થયું. અહીંયા મુનશીએ ફ્લેશબેકનો વિનિયોગ કરવાને બદલે કથાનાત્મક શૈલીનો પ્રયોગ કરીને લોમાને રામના અપહરણ પછી ઘટનાઓના આછા ઇતિહાસનો આલેખ આપીને વિમદના આગમન સાથેનો સંબંધ પ્રસ્થાપિત કરી આપ્યો છે

કુક્ષિએ શાર્યાત રાજા સાથે મંત્રણા કરીને ભદ્રશ્રેણ્યને પદભ્રષ્ટ કરવાનો વ્યૂહ રચ્યો. રામ તો પહેલેથી જ સઘળુ પામીને બેઠા હતા ત્યાં એક સૈનિકે આવીને રામના કાનમાં કશુંક કહ્યું. રામ ત્વરિત ગતિએ ગયો અને મધુને પરશુથી ઢાળી દીધો. રામના આવા અઘોર સાહસથી ભયભીત બનેલ પ્રતીપને આશ્વાસન આપીને શાર્યાતો સામે યુદ્ધનો આદેશ આપ્યો. શાર્યાતો સામેના યુદ્ધમાં પુરોહિતતો રાજા સાથે યુદ્ધમાં હોય. એ નીતિ અનુસાર કુક્ષિને લેવા ગયા કુક્ષિની સ્થિતિ  દયાજનક બની રહી યુદ્ધમાંથી બચવાનાં અનેક બહાનાંઓ કાઢવાનો પ્રયાસ કરતા કુક્ષિને કહ્યું કે - હવે જયામઘની રાહ જોવી નકામી છે. તમે મધુનો રાજ્યાભિષેક કરી શકશો નહીં. અહી રામનું મુત્સદ્દીપણું વ્યક્ત થયું છે. એની ઇચ્છા મુજબન બધું બને છે કુક્ષિની યોજના ધૂળમાં રોળાઇ જાય છે.

૫  એજન પૃ.૬૦

ભદ્રશ્રેણ્યના મોટા પુત્રનો વધ કરીને રામ કુક્ષિને યુધ્ધમાં લઇ જવા આવ્યો. કુક્ષિને બહાના કાઢતો જોઇને એને પણ મોતનો ભય બતાવીને પોતાને અનુકૂળ બનાવી લીધો. યાદવો અને શાર્યાતો વચ્ચે અત્યાર સુધી અનેક લડાઇઓ થઇ પરંતુ બન્ને જાતિઓ વચ્ચે ભાઇચારાના સંબંધ બંધાવાને બદલે અમિત્રતાના સંબંધો સ્થપાયા હતા. રામે આ સંબંધોને નષ્ટ કરીને મિત્રાચારીભર્યા સંબંધને પ્રસ્થાપિત કરવા ક્રૂર બનીને શાર્યાત યૌધ્ધાઓનો ઠંડે કલેજે ખાત્મો બોલાવીને મૃત્યુસદનમાં મોકલી આપ્યા. પ્રતીપ ગુરૂની રીત પામી શક્યો નહી. શાર્યાતગોત્રની સ્ત્રીઓ અને એમનાં બાળકોને યાદવગોત્રમાં ભેળવીને 'એકતા' નો સંબંધ સ્થાપિત કરી આપ્યો. અહીં અત્ર-તત્ર વિખેરાયેલી હિન્દુસ્તાનની પ્રજા એકત્વના ભાવથી બંધાઇ જાય તો એમનામાં અનેરી શક્તિ વધે અને અન્ય આક્રમણો ખાળવા તત્પર બની રહે. જ્યાં જ્યાં ગોત્રમાં રહેવાને પરિણામે રાષ્ટ્રની એકતા ખંડ ખંડમાં વિભાજિત થઇ જાય છે. અહીં આપણને મુનશીના જીવનમાં બનેલી ઘટનાની યાદ આવી જાય છે. ખંડ ખંડમાં વિભાજિત એવા ભારતને અખંડ ભારત બનાવવાને અર્થે હૈદરાબાદના નિઝામને સમજાવીને ભારત સાથે ભળી જવાનું સૂચન કરવા મુનશી ગયા. નિઝામે પોતાની સત્તાના નશામાં સ્પષ્ટપણે 'ના' પાડી પરિણામે મુનશીએ સરકારને કહીને લશ્કરી મદદ માંગીને નિઝામ સૈન્ય પરાસ્ત કરીને ભારત સાથે જોડીને 'અખંડ ભારત' બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

અર્જુનની ગેરહાજરીમાં આ બધું અતિ ઝડપથી બને છે હવે અર્જુનને આવવાનો સમય થયો હતો. એની ગેરહાજરીમાં આવા બનાવો બનવાથી એ યાદવગોત્રનો વિનાશ કરશે એમ રામને ખાતરી હોવાથી એ યાદવસ્ત્રીઓ અને એમનાં બાળકોને આનંર્તરાજને હવાલે સોપીને યાદવોને અર્જુનના પ્રકોપમાંથી ઉગારવા સપ્તસિંધૂ લઇ જવાની યોજના ઘડી નાખે છે.

બીજી બાજુ, રામ અને લોમાના લગ્ન થાય છે. યાદવો અને શાર્યાત સ્ત્રીઓ વચ્ચે પણ સંબધ બંધાયા શાર્યાત સ્ત્રીઓ અને એમનાં સંતાનો એ યાદવગોત્રનો સહર્ષ સ્વીકાર કર્યો. પરંતુ જ્યામઘ શાર્યાતગોત્રના સંહારને સહી શક્યો નહી. એ શાર્યાતોના નિકંદન માટે રામને દોષિત ઠેરવીને મારી નાંખવાની ધમકી આપે છે. મુનશીની કૃતિઓમાં આવતાં પાત્ર અતિમાનવ જેવાં હોય છે અથવા તો અસામાન્ય. શાર્યાત ગોત્ર આખું નષ્ટ થઇ ગયું છતાંય જયામઘ રામના પ્રભાવને વશ થવાને બદલે રામને પડકાર ફેંકે છે ત્યારે પાત્રમાં રહેલી શૌર્યતા ઝડહળી ઊઠે છે.

મુનશીએ બીજા ખંડના આરંભમાં માહિષ્મતિ નગરીનું દશ્યાત્મક વર્ણન કરીને આ નગરને પ્રત્યક્ષ કરી આપ્યું છે

"રેવા એની પ્રાગ્-ઐતિહાસિક નિ:સીમતામાં વહી જતી હતી. એના તરંગો ઊછળતા, વિસ્તરતા, તોફાની સાગરનું સ્મરણ કરાવતા ધસી જતા હતા.

એના ઉત્તમ તટ પર માહિષ્મતી નગરી આવી હતી. એના બંદરમાં પાતાલ, સુમેર ને મિસરનાં વહાણો નાંગર્યા હતાં. એના ઘાટો પર ચક્રવર્તી અર્જુન કાર્તવીર્યનું નૌકાસૈન્ય પડ્યું હતું. એનાં બજારોમા નવી નવી ભાતના લોકો, આર્યો, દ્રવિડો, નાગો, કોલ્લો, પાતલવાસીઓ, શોણિતનગરવાસીઓ જુદી જુદી બોલીમાં ઘાંટા ઘાંટ કરી મૂકતા હતા. આર્યાવર્તની વન્ય સંસ્કૃતિમા ઊછરેલાને આ શંભુમેળો અમાનુષ લાગ્યા વિના રહે નહીં."[૬]

---

૬ એજન પૃ.૮૦

માહિષ્મતીનગરીની સમૃધ્ધિનું વર્ણન કરીને આ નગરી ઉપર મૃગારાણીનો અનન્ય એવો પ્રભાવ હતો. લોકો એનાથી ડરતા. એ અર્જુનની પત્ની ન હતી છતાંય પત્નીથી ય વિશેષ હક્ક ભોગવતી. એ માત્ર નારી તરીકે જ નહીં પણ કુશળ રાજ્ય વ્યવસ્થાપક બનીને રાજ્યનું શાસન ચલાવવામાં ચતુર હતી. એમાંય ગુરૂ મુકુંદ જેવાનો સાથ મળી રહેવાથી એનું કાંય વધુ સફળ બની જતું. મુંકુંદ માહિષ્મતીનગરમાં ચાલતા વાતાવરણથી મૃગાને પરિચય કરાવતો. રામના આગમન પછી થયેલા આમૂલ પરિવર્તનને પરિણામે અર્જુનનો પ્રભાવ (ભય) દૂર થવા લાગ્યો રામના વ્યક્તિત્વનો કુક્ષિ પરિચય આપતો હતો તેમ તેમ મૃગાના મનમાં રામ પ્રત્યે કોઇ ભાવ બંધાવા લાગ્યો. અહીં પાત્રના ગુણગાન સાંભળીને મૃગા એના પ્રત્યે આકર્ષાય છે મૃગાના વ્યક્તિત્વનું ચરિત્રચિત્રણ આ ઘટના સાથે જોડાતાં એ નવું રૂપ ધરે છે.

અર્જુનના રાજ્યને સંભાળવા માટે એણે ભદ્રશ્રેણ્યને બોલાવ્યો. મૃગાની ધાક ધમકીને વશ બનવાને બદલે એણે રામનાં સ્વપ્નોને મુક્તપણે કહી સંભળાવ્યાં. અર્જુન અધર્મની રીતે સિંધુથી સિંહલને એક કરવા માંગતો પરંતુ, રામ ધર્મને પંથે એક કરવા માંગતો હતો. અહીં આર્યાવર્તને 'એકતા'ના બધને બાંધવાનો ઉમદા વિચાર છે પરંતુ બન્નેના વિચારોમાં ભેદ છે મૃગાના ભયથી પરિચિત બની ગયેલા રામે લોમાને આર્યનારી સંસ્કારનું જ્ઞાન પ્રદાન કરીને અધર્મતાનો સાથ છોડવાનો સંકેત કર્યો. અર્જુન સાથે અગ્નિસાંનિધ્યે લગ્ન કરીને આર્યનારી બનવાનો આદેશ આપ્યો રામના સત્ય દર્શનથી અંજાઇ ગયેલી મૃગાએ નક્કી કર્યું કે અગ્નિ સાનિધ્યે અર્જુનની પત્ની બનીશ. બીજી બાજુ રામ સહસ્ત્રાર્જુનના પ્રકોપથી ઉગારવા માટે સક્રિય બન્યા મુંકુંદ પોતાની યોજના અનુસારે વર્તવા માટે મજબૂર બનાવ્યો. અહી મુંકુંદ અને મૃગા માહિષ્મતી નગરીને આંગળીએ નચાવતાં હતાં પણ રામ આગળ તેઓ ફાવી શક્યા નહી આર્યશક્તિને એકત્રિત કરવા અને ધર્મ સંસ્થાપન કરવાને અર્થે યજ્ઞનો આરંભ કર્યો. વર્ષોથી અધર્મના માર્ગે ભટકી ગયેલી પ્રજામાં રામના આગમન અને એના કાર્યથી ધર્મમાં આસ્થા બંધાવા લાગી ચારે બાજુએથી લોકો આવવા લાગ્યા. યજ્ઞનો આરંભ થયો ને પૂર્ણતાને કિનારે આવ્યો. અહીં પોતાના કૂળનો પ્રતિશોધ લેવા માટે જયામધ રામ પર હુમલો કરવા જાય છે પરંતુ રામે તો નિભર્ય બનીને જયામધને પોતાનો વધ કરવાનુ સૂચન કર્યુ. રામના આવા સાહસથી અંજાઇ ગયેલો જયામધ પ્રાણ લેવાને બદલે પ્રાણ બચાવવા ભાગી છૂટયો મૃત્યુ સામે અડગતાથી ઊભૂ રહેવાનુ સાહસ તો મુનશીના પાત્રમાં જ હોય છે

રાવણ સાથે યુધ્ધ કરીને પાછા ફરતા અર્જુનને કાને રામના પ્રતાપની ગાથાઓ સાંભળવા મળતી. એમાંય એની પ્રજા વીર્યવાન બની. આથી એના મનમાં રામ પ્રત્યે વેરભાવ જાગ્રત થવા લાગ્યો. રાવણ સામેનો વિજય એને ફિક્કો લાગવા માંડયો. આમ પણ અર્જુનને રામ પ્રત્યે વેર તો હતું જ પણ એ ગુરૂપુત્ર હોવાથી કાંઇ કરી શકવા અસમર્થ હતો. આર્યવર્તથી જ અર્જુનને રામ પ્રત્યે વેર બંધાયું અને સમય જતાં એ વેરનું બીજ વિશાળ દેહ ધરીને પ્રગટ થાય છે અર્જુનના મનમાં રામ પ્રત્યે વેરને વટવૃક્ષ બનાવવા માટે લેખકે રામના કાર્યોને આલેખ્યાં છે. કથાને નિરૂપવાની અનન્ય સૂઝનાં દર્શન અહીં થાય છે. માહિષ્મતી જઇને રામને મારી નાંખવાનો મનસૂબો

નક્કી કર્યો પણ એની બદનસીબી જુઓ જેને એ મારી નાખવા ઉત્સુક હતો એ રામનાં ચરણોમા પ્રાણિપાત કરવા પડે છે અર્જુનનો અહમ્ ઘવાયો એ કંઇ કરી શકયો નહી આગમનથી અર્જુન સામે અમંગળ ઘટનાઓ ઘટવા લાગી. આવતાવેંત રામના પગે નમસ્કાર કરવા પડયા અને મૃગાએ પોતાનું પાણિગ્રહણ કરવાની વાત કરી આ પ્રસંગમા સહસ્ત્રાર્જુન અને મૃગા વચ્ચે સંવાદનો વિનિયોગ કરીને અર્જુનના મનમાં રામ પ્રત્યે રહેલો વેરભાવ આમ આલેખાયો છે .

'દુષ્ટા!' ક્રોધથી ગૂજળાતા સહસ્ત્રાર્જુને બરાડો માર્યો મૃગા ગભરાટથી અવાક્ બની ગઇ 'નીચ! કુલટા! ભિખારી! રસ્તામાં રઝળતી હતી ત્યાંથી ઉઠાવીને આ બધુ આપ્યું તે ઓછું પડયુ? આ કોણે શીખવ્યું? પેલા મારા વેરીએ? ને હવે એની થઇ બેઠી?' તેણે મૃગાને થાપટ મારી. પાટ પરથી ફેંકી દીધી 'તમે બે જણ સામંતોને વશ રાખશો. જંગલો ભેદશો. નવું આર્યાવર્ત બનાવશો - ને હું તમારો ઢીગલો બની ચક્રવર્તીપદ ભોગવીશ. એમ? હવે આ ભાર્ગવની ભક્તિ તને કેમ થઇ આવી તે મને સમજાયુ મારી જોડે લગ્ન કરવું છે? તારે? રખડેલ.' અને સહસ્ત્રાર્જુને ભોંયે પડેલી, સૂજેલે મુખે રડતી, મૃગાને જોથી લાત મારી. 'મારા રાજ્યમાં - હું જીવતે છેતે - તારે રાજ્ય કરવું છે? ઊભી રહે. હમણાં બતાવી આપું છું '[૭]

પાત્રોચિત ભાષાનો સમર્થ પ્રયોગ મુનશીએ કર્યો છે. અધમતાની પરાકાષ્ઠાએ પહોંચીને હિંસા આચરતા માનવની અદર રહેલા પ્રછન્ન ભાવોને આબેહૂબ આલેખ્યા છે અર્જુન એની સામે ઉદ્ભવેલી પરિસ્થિતિ પાછળ મૃગા અને રામને જુએ છે આથી એનો ક્રોધ ભભૂકી ઊઠતા મૃગાપર અમાનુષી અત્યાચાર આચરે છે પોતાના શત્રુઓને ઊગતા ડામવાનો પ્રયાસ આદરતા અર્જુને રામને સભાવનમા બોલાવ્યો. આ પહેલા મુંકુંદ રામને સઘળી માહિતી આપવા આવ્યો રામ તો નિડર હોવાથી એ કાયરોની ભાષા સમજતો ન હતો એ અર્જુનના સદેશાની પ્રતીક્ષા કરવા લાગ્યો. પાછા પગલા ભરીને ભયથી ભાગે એ ભાર્ગવ શાના! સામે રહીને પ્રતિસ્પર્ધીને મહાત કરવાના નિર્ધાર સાથે રામ અર્જુનના સંદેશાની રાહ જોતા બેઠા. લેખકે નાયકને વધુ સારી રીતે ઉપાસવવાને અર્થે અર્જુનના સેનાપતિ તાલબાહુને રામના પ્રભાવ નીચે લાવીને રામના ગૌરવને અકબધ રાખ્યું છે. રાજાના હુકમનો અનાદર કરવા અશક્તિમાન એવા તાલબાહું રામને કેદી બનાવીને નહીં પણ ગુરૂભાવે માનથી રાજમહેલ લઇ જાય છે. રામ પ્રત્યેનો પૂજ્ય ભાવને મુનશીએ તાલાબાહુના પાત્ર વડે અભિવ્યક્ત કર્યો છે

અર્જુન અને રામ વચ્ચે સવાદો રચીને બન્નેના વ્યક્તિત્વની છબિઓને જીવંત રતિ નિરૂપાઇ છે. રામ અર્જુનને ઉગારીને આર્યવર્તનો મહાન રાજા બનાવા માગતો હતો. પરંતુ અહમ્ અને અભિમાનમાં ચૂર રહેતો અર્જુન રામના કહેવા પ્રમાણે ચાલે તો તો આકાશ પૃથ્વી પર ઉતર્યું લાગે. અહીં રામના સંવાદમાં ગાધી વિચારોનું પ્રતિબિંબ પડતું લાગે છે.

"અર્જુન! સમજ ને સયમ રાખ હું તને ઉધ્ધારનો પંથ બતાવવા આવ્યો છુ તુ ત્રાસથી પ્રજાને વત્ર રાખે છે. હું તેને પ્રેમઘેલી કરી શકુ છુ. તું કલહ કરી શકે છે. હું તને શાંતિની શક્તિ આપી શકુ છું તું અંધકારમા રાચે છે. હું વિદ્યા શીખવી શકું છું આ જંગલી રાજ્યચક્ર છોડ. મારું માન તને ધર્મથી સુરક્ષિત રાજ્ય અપાવું. ચાલ "[૮]

---

૭ એજન પૃ.૧૦૦

૮ એજન પૃ.૧૦૦

અહીં શાંતિ, પ્રેમ અને ધર્મમય રાજ્યના ઉચ્ચાદર્શોની જિકર થઇ છે. આ ઉચ્ચ આદર્શો વિના 'સુરાજ્ય' સંભવી શકે જ નહીં પરંતુ અન્ય દ્વારા પ્રાપ્ત થયેલા આવા મહાપદને અભિમાની પ્રકૃતિનો અર્જુન પોતાના ગૌરવને ખંડિત કરવા સ્વીકારે ખરો? એ રામને ધમકી આપવા લાગ્યો. એના આવા અધર્મ સ્વરૂપથી ક્રોધાવિષ્ટ બનેલા રામે એને શાપ આપતાં કહ્યું 'તું કાગડાને મોતે મરીને કાલાન્ત સુધી મનુષ્યોમાં પિશાચરૂપે ભમ્યા કરીશ.' શાપના ભયથી ફફડાટ અનુભવતો અર્જુન ક્રોધે ભરાયો ને રામને બંદિવાન બનાવીને કેદ કરી લાવવાનો એણે આદેશ આપ્યો

એક પછી એક પોતાની સામે મુશ્કેલી આવ્યા કરે ને છતાંય રામ નિડરતાપૂર્વક સામે ચાલીને આવતી મુશ્કેલીને આવકારતા સજાગ બની રહે છે. મુકુંદએ રામને ચેતવ્યા અને હવે કેદમાં બંધ થયેલા રામને મૃગા વિનંતી કરીને ભાગી જવા વિનવે છે. ત્યારેય આ પાત્ર મૃગાને કહે છે કે. 'હું ચોરની માફક નહીં જાઉં.' મુનશીનાં પાત્રો અનેરી ખૂમારી ધરાવતાં હોય છે.

રામથી અપમાનિત થયેલો અર્જુન અઘોર રૂપ ધારન કરવા લાગ્યો. એણે ભાર્ગવોનો શિરચ્છેદ કરવાનો સૈનિકોને આદેશ આપ્યો એને રામને મારી નાંખવાનો નિર્ણય કર્યો રામનો ચોકી પહેરો સખત બનાવવાનો આદેશ આપતો હતો ત્યાં અણધારી ઘટના બનતાં અર્જુનના હોશકોશ ઊડી ગયા. સહસ્ત્રાર્જુનની કેદમાથી રામ ભાગી જાય છે એ વર્ણન તપાસીએ -

"આથમતા લાલ સૂર્યનાં કિરણો સામેના કાંગરા પર પડવા લાગ્યાં. 'જો જો! ધ્યાન રાખજે - એ રામ ભાર્ગવનું નામ કે નિશાન નહી રહેવા દેતા . ' અને સહસ્ત્રાર્જુન ગાંડો થઇગયો હોય તેમ કાંગરા તરફ ડોળા ફાડી જોઇ રહ્યો. બધાંની નજર તે તરફ વળી.

કોટના કાંગરા પર આથમતા સૂર્યના કિરણોએ તેજપૂંજ રચ્યો. તેમાં એક પરશુ દેખાઇ સૂર્યકિરણો તેમાંથી પાછાં તેજ મારતાં પછી જટા દેખાઇ, પછી કદાવર શરીર, કોઇની આંખ પલક મારતી નહી

ભાર્ગવ કાંગરા પર ઊભા, એમના મુખ પર સહસ્ત્ર સૂર્યનો પ્રકાશ ઓપતો, એમની પરશુમાંથી કિરણો ચમકતા એમનું કદાવર શરીર આથમતા પ્રકાશમાં ગગનને સ્પર્શતું દેખાયું "[૯]

પ્રકૃતિનો વિનિયોગ કરીને પાત્રની દિવ્યતાની આભાને ઉઠાવ અપાયો છે. રોજબરોજ બનતી ઘટનાનો વિશિષ્ટ રીતે વિનિયોગ કરીને મુનશીએ અનેરી સાહિત્યિક સૂઝ, સમજ દાખવીને પ્રસંગને અદ્ભુત રસમાં ઢાળીને હવે પછી બનવાની ઘટનાઓનું બીજ મૂકી આપ્યું છે. અર્જુનની કેદમાંથી ભાગીને રામ હવે ક્યાં જશે? અને અર્જુન હવે પછી શું કરશે? આ પ્રશ્નો કથાને જકડી રાખે છે

મૃગા પોતાની રખાત જ નહી પરંતુ ગુરૂ હતી. રાજ્યમાં આવી પડેલી વિટંબણાઓને એ કુનેહપૂર્વક ઉકેલી ને રાજ્ય માટે અને અર્જુન માટે ઉઠેલાં તોફાનોને શાંત કરાવવા અનેક લાશો બિછાવી દેતી મૃગાના રૂપલાલિત્ય વિના અર્જુનને સહેજેય ચાલતું ન હતું. યુદ્ધ માટે અનેક વર્ષો સુધી મૃગાથી દૂર રહેતા અર્જુનને મૃગા પ્રત્યે શંકા કુશંકાઓ જન્મતી. મૃગાય મહત્ત્વકાંક્ષી એવી અસામાન્ય નારી તરીકે કૃતિમા ઊપસે છે. માત્ર અર્જુન પર જ નહીં માહિષ્મતી નગરી પર

---

૯ એજન પૃ ૧૦૭

પોતાનો પ્રભાવ ફેલાવી રહેલી મૃગા એક અનોખું વ્યક્તિત્વ ધરાવે છે.

રામ જેવા ભાર્ગવને જોઇને મૃગાની વિલાસાકાંક્ષા ભભૂકી ઊઠી પણ એ પોતાની મર્યાદાને સારી રીતે સમજતી હોવાથી એ રામને પોતાનાથી દૂર કરવા માંગતી ન હતી

"એને પળવાર એવા વિચારો પણ આવ્યા હતા કે એ ભાર્ગવને સહસ્ત્રાર્જુનનો સહચાર સાધે અને પોતે એકની ગુરૂભક્તિ અને બીજાના પ્રેમમાં અણધારી આકાંક્ષાઓ સિધ્ધ કરે. પણ આ ધારના પહેલે પ્રયત્ને મૃગજળ નીકળી. પોતે એક રઝળતી સ્ત્રી હતી. એને વળી પરણવાના કોડ શા? એ કોડ સેવવામાં પોતે મૂર્ખાઇ કરી હતી તેની એને ખાતરી થઇ. પણ એ પલવારની ઝંખનાએ એને આત્મનિરીક્ષણ શીખવ્યું: પટરાણીઓ કરતાં એ શું ઓછી પવિત્ર હતી? એણે શું કમ સેવા કરી હતી, શું ઓછું તાદાત્મ્ય સાધ્યું હતું?"[10]

વેરના દાવાનળમાં અને શંકા-કુશંકાને લીધે પાગલ બનેલો અર્જુન એના પ્રત્યે અનન્ય પ્રણયભાવ ધરાવતી મૃગા પર પશુની જેમ હિંસા આચરીને અસહ્ય એવાં વેણો બોલીને એના આત્માને અનહદ આઘાત આવે છે. અર્જુનના પાત્રની આ ક્રિયાઓ એના અધર્મ યુક્ત વ્યક્તિત્વને છતું કરે છે

ભાગી ગયેલા રામ ગાડા બનેલા આખલાની જેમ સવર્ત્ર હાહાકાર મચાવવા લાગ્યો. રામને શોધવા ચારેબાજુ અર્જુન સશસ્ત્ર યોધ્ધાઓ મોકલ્યા ઝનૂની બનેલો અર્જુન રામને મારી નાંખવા આકાશ પાતાળ એક કરવા લાગ્યો. અર્જુનના આવા અધર્મ કાર્યથી મૃગા સામે સંઘર્ષભરી સ્થિતિ સર્જાઇ અર્જુનના પ્રકોપમાંથી રામને કઇ રીતે ઉગારવો એ ચિંતામાં મૃગા દુ:ખી થવા લાગી. એમાય ભાર્ગવ અઘોરી વનમાં મૃત્યુ પામ્યા એ સમાચારે મૃગાને ગાંડી સરખી બનાવી મૂકી એ આ વાતને સ્વીકારવા તૈયાર જ નહતી. પરંતુ ગુપ્તચરોની માહિતી પર વિશ્વાસ મૂકવાને બદલે એ અર્જુનથી છુપી રીતે ભાર્ગવને શોધવાનો પ્રયત્ન કરવા લાગી. અર્જુન હવે મૃગાથી ઘણી વાતો છુપી રાખવા લાગ્યો. રામના ગયા પછી મુકુંદ પાગલ સરખો બનીને ગમેતેમ લવારો કરવા લાગ્યો. મૃગા એને પ્રોત્સાહન આપીને એની હિંમત બાંધતી હતી.

અર્જુનનો અવિશ્વાસ અને પોતાના પર રખાવેલા ગુપ્તચરોની આંખમાં ધૂળ નાંખીને મૃગાએ રામને શોધવા પ્રયત્નો આદર્યા. ગુપ્ત માર્ગેએ ભગવતીને મળવા ગઇ. મુનશી મૃગા અને લોમહર્ષિણીના પાત્રો વચ્ચે સાદા અને સહજ એવા સંવાદો પ્રયોજીને લોમાના હૃદયમાં રહેલા રામના સ્થાનને અકબંધ રાખે છે. જોઇએ -

'ભગવતી, તમે અહીંયા કેમ આવ્યાં? અહીંયા તો બહુ ભયંકર પરિસ્થિતિ છે.'

'મને ગમે તે થાય તેની પરવા શી?' દઢ અવાજે ભગવતીએ કહ્યું : 'પણ ગુરૂદેવનું શું? કામ તો એમને શોધી કાઢું કે પછી જ્યાં એ ગયા છે ત્યા હું પણ જાઉં.'

મૃગા આ સ્ત્રીની નિશ્ચલ ભક્તિની અદેખાઇ કરી રહી. કોઇને માટે આવી ભક્તિ કરવાનો લહાવો એને પશુપતિએ આપ્યો જ નહોતો.

'પણ તમે અહીયા પકડાઇ જશો તો તમારું શું થશે?'

---

૧૦ એજન પૃ ૧૧૦

'ગુરૂદેવ ન મળે તો હું મરેલી જ છું. અર્જુન મને શું કરશે? હું એને મારીશ ને મરીશ '[11]

અહીયા મૃગા જે પરિસ્થિતિઓમાંથી માર્ગ કાઢીને રામને શોધવાનું સાહસ દાખવે છે એનાથી આ ભગવતી આગળ વધી જાય છે. મૃત્યુના ભોગેય પતિને શોધવા એ તત્પર બને છે. પતિ પ્રત્યેનો અપાર સ્નેહ એના સંવાદમાં પ્રગટ થાય છે.

મુનશીની આ એક લાક્ષણિકતા છે કે તેઓ નાટયાત્મક ઘટનાઓનું આલેખન કરીને પ્રસંગને ઉઠાવ આપે છે. અહી રામને શોધવા માટે કટિબધ્ધ થયેલાં આ બે પાત્રોને રામના મૃત્યુના વાવડ મળે ત્યારે એમના પગ તળેથી જમીન સરકી જાય છે. ભગવતીના હૃદય પર જબરજસ્ત આઘાત લાગ્યો. આઘાતની કળ વળતાં એણે દઢતાથી કહ્યું - 'ના-ના-ના, ભાર્ગવને કોઇ મારી શકે એમ નથી.' ગુપ્તચરની માહિતીને સ્વીકારવા ભગવતી તૈયાર ન હતી. અહીં લોમાના હૃદયમાં રહેલો રામ પ્રત્યેનો આગાધ પ્રેમ પ્રકટ થાય છે. લોમાને રામમાં વિશ્વાસ છે આથી એ ગુપ્તચરની વાંત ને કંઇ રીતે સ્વીકારી લે?

અર્જુનના કિલ્લાથી ભાગેલા રામ નાવડી મારફતે નદી પાર કરીને સુરક્ષિત સ્થાને ચાલ્યો જાય એવી વ્યવસ્થા મૃગાએ કરી હતી. પરંતુ કમનસીબે એ નાવડી ડૂબી ગઇ અને રામ પૂર્વપટમાં જતો રહ્યો ત્યા અઘોરવન હતું. એમાં ડકનાથ અઘોરીનું નિવાસસ્થાન હતું એ માનવનું લોહી પીતો હતો. આવા અઘોરવનમાંથી જીવતા પાછા ફરવું અસંભવિત હોવા છતાંય લોમાએ રામને શોધવાનો મક્કમ સંકલ્પ કર્યો. પોતાના પતિ રામને શોધવા અઘોરી પાસે તાંત્રિક વિદ્યા શીખવા લાગી ચમત્કારિક ઘટનાઓનું નિરૂપણ કરીને લેખકે લોમાના પતિપ્રેમને બિરદાવી અસામાન્ય એવું પ્રતાપી પાત્ર બનાવવા માટે ખાસ્સો એવા પરિશ્રમ ખેડયો છે.

ડકનાથ અઘોરીને પ્રસન્ન કરવાનો સંકલ્પ કરીને લોમાએ એ માટેનો પ્રારંભ કર્યો. વિમદ એને સાથ આપવા લાગ્યો. ડંકનાથ અઘોરી સ્મશાનમાં આવીને પશુપતિ મંદિરે ખોપરી વધેરીને ભયાનક અટ્ટહાસ્ય કરીને ચાલ્યો જાય છે. ભયાનક દ્રશ્યોનું વર્ણન કથારસને જાળવી રાખવામાં સહાયક બને છે. લોમાના પાત્રની ભવ્યતાને અભિવ્યક્ત કરવા માટે લેખકે વિમદ ઉપરાંત ભગુઓને પણ રાખ્યા છે. ડકનાથ અઘોરીને માનવની શંકા જાય છે અને એ એક ભગુને ગળામાં નખ મારીને એનું લોહી ચૂસીને પાછલા પગે ચાલ્યો જાય છે. આ જોઇને અન્ય ભગુઓ પોતાના પ્રાણની રક્ષાર્થે ભાગી ગયા વિમદ ભયથી ધ્રુજવા માંડયો અને આવા ભયાનક વાતાવરણમાં લોમા એકલી અનન્ય સાહસ દાખવે છે. પાત્રમાં ભયાનકતાને જોવાની શક્તિ એને ગજબની બહાદુર બતાવે છે.

યાદવગોત્રનો રામનો શિષ્ય રામને શોધવા જાતજાતના રૂપો લઇને માહિષ્મતીમાં ફરીને માહિતી મેળવવાનો પ્રયત્ન આદરે છે. કૃર્મા રામને મેળવવા માટે અર્જુનને ડકનાથ અઘોરી સાથે વેર બંધાવીને અર્જુનને ભયભીત બનાવવાની યોજના કરીને એ અર્જુનને ઉંધે માર્ગે દોરે છે.

અઘોરવનમાં નવો ગુરૂ અને એ પણ ગોરો, ઊંચો ને હાથમાં ફરસી રાખે છે. આવા સમાચારથી અર્જુનને ભય વ્યાપી વળ્યો. પ્રસંગોને ફિલ્મગતિએ આલેખવામાં આવ્યા છે. લોમા ડકનાથને પ્રસન્ન કરવા સ્મશાનમાં અઘોરચક્ર રચીને આરાધના કરે છે. અર્જુનને રામનો ભય લાગે છે. કુર્મા અર્જુનને ભયભીત બનાવવામાં સફળ થાય છે. ડકનાથ એક પછી એક માનવોને

૧૧. એજન. પૃ ૧૧૬

મારી એનું લોહી ચૂસીને ફેંકી દે છે. આ બધી ઘટનાઓ કથાને ભયંકર વાતાવરણમાં જકડી રાખે છે.

ડકનાથ અઘોરી મહિનામાં એક માનવીને મારી નાંખતો પણ છેલ્લા કેટલાય દિવસથી રોજના માનવો મરતા જોઇને અર્જુન ગભરાયો. એ અઘોરીના ગુરૂને રીઝવીને પોતાના પ્રાણને સુરક્ષિત બનાવવા લાગ્યો. માછીમારનો સંપર્ક સાધવાનો પ્રયત્ન કરવા લાગ્યો માછીમાર રૂપે રહેલો કુર્મા આ કોઇ સમાચારની પ્રતીક્ષા સેવીને બેઠો હતો. કુર્માના વ્યૂહ પ્રમાણે બધું બનવા લાગ્યું. ડકનાથ અઘોરીને મળતા એક અઘોરી તાંત્રિક સાથે સહસ્ત્રાર્જુનની મુલાકાત ગોઠવી આપી. આ અઘોરી તાંત્રિક એ લોમા જ હતી લોમા તાંત્રિક વિદ્યાથી ડકનાથ સાથે સંપર્ક બનાવવામાં સફળ બની એને ડંકનાથ સાઇ વાર્તાલાપ કર્યો. અહીં રામના સંકેતો પ્રાપ્ત થતાં એનામામ અનેરો ઉત્સાહ આવ્યો બીજી બાજુએ કુર્માની યોજના પ્રમાણે ભગવતી અઘોરી વેશે અર્જુનના મહેલમાં જાય છે. આ પૂર્વે ભગવતી મક્કમ નિર્ધાર કરીને તાંત્રિકવિદ્યાને શીખીને ડંકનાથ અઘોરી સાથે સંબંધ સ્થાપી દે છે. નાયિકાનું ચરિત્ર ચિત્રણ મહત્વાકાંક્ષી નારી તરીકે ખડું થાય છે. નાયિકાના મનના મક્કમ ઇરાદાઓ અને એ ધ્યેયને હાંસલ કરવા માટેની એની મથામણો અસરકારક રીતે ઉપસાવાઇ છે અમાવસ્યાની ભયાનક રાત્રીએ સ્મશાનમાં અઘોરચક્ર રચીને ડકનાથને પ્રસન્ન કરવાનું સાહસ લોમા કરે છે અને એ એમાં સફળ થાય છે લોમા અને ડકનાથ વચ્ચે સંવાદને રચીને મુનશીએ સાંપ્રત સમયના માનવીઓ પર આકરા પ્રહાર કર્યા છે. આધુનિક સમયમાં ભુલાતા જતાં માનવ્યભાવોને ટકાવી રાખવાનો ઉચ્ચઆદર્શ અહી રખાયો છે. ડકનાથ સ્પષ્ટ પણે માને છે કે માનવો સ્વાર્થી છે, સ્વાર્થવિના એ કોઇને ભજતા નથી. અહીં ભગવતીને ભાર્ગવનો સંકેત મળે છે. ભગવતી વધુ માહિતી મેળવે એ પહેલાં નાટ્યાત્મક વળાંક આવ્યો. કોઇના પગરવ સંભલાતાં ડકનાથ ચાલ્યો ગયો

સહસ્ત્રાર્જુન અઘોરી છોકરાં દ્વારા પોતાને સુરક્ષિત બનાવવા મથામણ અનુભવે છે. અઘોરીના કહેવાનુસાર નિર્દોષોને, ભાર્ગવોને રંજાડવાનું અર્જુન બંધ કરાવ્યું. બે ચાર દિવસ ડકનાથનાં અત્યાચારનો કોઇ ભોગ ન બન્યું. ભયભીત થયેલા અર્જુનમાં હિંમત આવવા લાગી ફરી પાછી એની અભિમાની પ્રકૃતિ પ્રદિપ્ત બનવા લાગી. એનો મનોસંઘર્ષ જોઇએ -

"હિંમત આવી એટલે ચક્રવર્તીનું હૈયું પુકાર કરી રહ્યું . એ, ત્રણ ભુવનોનો સ્વામિ, લંકાશીશને જીતનાર સહસ્ત્રબાહુ અર્જુન નાના છોકરાની જેમ થર થર કાંપ્યો હતો! મૃગા જેવીનો પાલવ પકડીને બેસી રહ્યો હતો! અને એક દુષ્ટ પિશાચથી ગભરાઇ તેને વચન આપ્યાં હતાં! એક માછીના છોકરા આગળ એને પ્રણિપાત કરવો બાકી મૂક્યો હતો. મૃકંડ ને મૃગા - જેને એ તિરસ્કારતો હતો - તેમને પગે પડી જીવતદાન માગી લીધું! એના અભિમાનના ચૂરેચૂરા થઇ ગયા હતા અને જેમ એ કચ્ચરો ભેગો કરવા લાગ્યો, તેમ એનો ક્રોધ વધવા લાગ્યો."[૧૨]

મૃત્યુના ભયથી ફફડાટ અનુભવતાં અર્જુનમાં ડકનાથનો ભય દૂર થતાં એને ડંકનાથને મારી નાખવાનો વ્યૂહ રચ્યો પોતે રચેલા વ્યૂહની મૃગા કે મુંકુંદને ય ગંધ ન આવે એમ થોડા વિશ્વાસુ યોધ્ધાઓને લઇ અમાવાસ્યની રાત્રિએ સ્મશાનમાં જઇને ડંકનાથ અઘોરીની પ્રતિક્ષા

૧૨ એજન પૃ ૧૩૫

કરવા લાગ્યો. ડકુનાથ આવ્યો. ભગવતીને રામના પૂર્ણ સમાચાર મળવાથી આનંદઘેલી બની ઉઠી. ડકુનાથ એને દશ દિવસમાં રામને મેળવી આપવાની ખાતરી આપીને પાછો ફરતો હતો ત્યારે સહસ્ત્રાર્જુન ડકુનાથને મારીને પોતાના શત્રુથી સુરક્ષિત બનવાના ઇરાદાએ ગદાથી પ્રહાર કરવાનો પ્રયત્ન કરતો હતો પરંતુ ડકુનાથ તો અઘોરી હતો માનવની સુગંધ આવતાની સાથે એ આમ તેમ જોવા લાગ્યો. ભગવતીએ અર્જુનનડકુનાથ પર હુમલો કરતો જોઇને કેડે બાંધેલું ચક્ર અર્જુન પર ફેંકીને ઘાયલ કર્યો. અર્જુન અને લોમા વચ્ચે ખડગ યુધ્ધ તયું ને લોમા ઘવાતાં, ડકુનાથે અર્જુનને મારી નાંખવાનો પ્રયત્ન કર્યો એ મૃત્યુના મુખમાં હતો પરંતુ ભગવતીએ મૃગાને આપેલા વચનને સિધ્ધ કરવા અર્જુનને ડકુનાથના કાળ પંજામાંથી ઉગારી લીધો. સહસ્ત્રાર્જુનની તલવારથી ઘવાયલી લોમા બેભાન બની. આથી ડકુનાથ એને અઘોરવનમાં લઇ ગયો. પ્રસંગનું આલેખન કરવામાં મુનશીની સૂઝ અને સમજ પ્રગટ થાય છે. એક પછી એક તીવ્ર ગતીએ બન્યા કરે છે. એકમેક સાથે અભિન્નતાએ જોડાઇને આવતી ઘટનાઓ કૃતિને રસપ્રદ બનાવી આપે છે

કથાપ્રવાહમાં બનતા પ્રસંગોના ક્રમોને મુનશીએ ઉલટાવીને આપ્યા છે અર્જુનને ત્યાંથી રામ ભાગી ગયા પછી એમનો જીવનમાં બનેલી ઘટનાઓને ફ્લેશબેક પધ્ધતિથી નિરૂપી છે બબ્બે વાર રામને મારવામાં નિષ્ફળ રહેલો જયામઘ રામને મારી નાખવા માટે નાવડીમાં બેસી ગયો મધ્યરાત્રિએ નાવડીમાં બાકોરું પાડીને હોડીને ડુબાડી દેવાનો પ્રયત્ન કર્યો. નદીના મધ્ય પ્રવાહમાં અસખ્ય મગરો રહેતા હતા. આવામાં નાવડી ડૂબવા લાગી. રામને મારવા આવેલા જયામઘ જ મગર મુખમાં ઝડપાઇ ગયો રામે એને ઉગારીને જીવતદાન આપ્યું. અને એને નદીને કિનારે લઇ ગયા. પરંતુ એ અઘોરીઓના વિસ્તારમાં આવી ગયા. અઘોરી આ બન્નેને પકડીને એમને આવાસે લઇ જાય છે. મુનશીના હાથે રામનું પાત્ર અનન્ય લાગણીભાવે વિહરતું હોય એવી છાપ ઊભી થાય છે અઘોરીના હાથમાં આવેલા માનવોનું મૃત્યુ જ નિશ્ચિત હોય ત્યાં આગળ આ રામ નિડરતાથી વર્તે છે. ભય એને સ્પર્શતો નથી. રામની નિંડરતા અને હિંમતથી પ્રભાવીત બનીને ડકુનાથે એમને મુક્ત કર્યા. રામના પ્રભાવને અઘોરીઓ પર ફેલાવવા માટે મુનશીએ બે ઘટનાઓનો આશ્રય લીધો છે અને ડકુનાથના ભત્રીજાને મૃત્યુના મુખમાંથી આર્યશક્તિ દ્વારા એને ફરી જીવાડે છે. 'વિશ્વરથ' નવલકથાના પ્રસંગો જેવા જ પ્રસંગો અહી બીબાંઢાળ જોવા મળે છે. એક જ સરખા બનાવોને મુનશી કથાને ઉપયોગિતા પ્રમાણે પ્રયોજીને મુખ્ય પાત્રના ઓજસને વધુ ઉપસાવીને અન્ય પાત્રોને એનાથી આંજી દીધાં છે. વિશ્વરથ અને ઋક્ષને શમ્બરના સૈનિકો બંદિવાન બનાવીને લઇ જાય છે. અનાર્ય સંસ્કાર, રીત રિવાજથી ઋક્ષને શૃંગ ચઢે છે એને અનાર્યો પર ભારે ક્રોધ ઊમટી પડે છે. અહીંયા જયામઘનું પાત્ર ઋક્ષના પાત્રની સાથે સરખાવી શકાય એટલું જ નહીં પણ એનું પ્રતિબિંબ પાત્રમાં ઝીલાયેલું દષ્ટે પડે છે શમ્બરના ગઢમાં બિમાર પુત્રને ઉગારીને વિશ્વરથ બધાંનો બાનીતો બની જાય છે એમ અહીયા ડંકનાથ અઘોરીના ભત્રીજાને મૃત્ય મુખમાંથી બચાવીને નવજીવન અર્પીને અઘોરીઓ પર અને એમના ગુરૂ ડકુનાથ ઉપર રામનો પ્રભાવ છવાઇ જાય છે. શમ્બરપુત્રી ઉગ્રા વિશ્વરથને પ્રેમ કરે છે એમ

અહીયા પણ ડફનાથગુરૂની પુત્રી રામને પ્રેમ કરે છે પરંતુ ભાર્ગવ તો આર્ય સંસ્કારને પૂર્ણપણે વળગી રહીને એના પ્રણયનો અસ્વીકાર કરે છે

આ બધામાં જયામઘની સ્થિતિ વિચિત્ર થવા લાગી અઘોરીઓના વાતાવરણમાં એ ગૂંગળાવવા લાગ્યો અને એમાંથી ઉગરવા માટે આપઘાત કરવા માટે ગયો પરંતુ અહીયા નાટયાત્મક ઘટના ઘટતાએ આપઘાતને માર્ગેથી વિમુખ બનીને અઘોરી સ્ત્રીના મોહપાસમાં ઋક્ષની જેમ ખોવાઇ જાય છે. બીજી બાજુ રામ ડફનાથનો પુત્ર બનીને રહે છે. મુનશીએ રામના જીવનમાં બનતી ઘટનાઓને નિરૂપીને પાત્રના ભવ્યપણાની આભાને સમર્થતાથી ઉપસાવી આપવા ભારે મહેનત લીધી છે યાદવોનો ઉધ્ધાર, નાગોનો ઉધ્ધાર અને અહીંયા ડફનાથ પર પોતાનો વિરલ પ્રભાવ ફેલાવીને એ ડફનાથને પોતાના વશમાં કરી લે છે.

અઘોરવનનો ડફનાથ અઘોરી માનવભક્ષી હતો. માનવોના રુધિર પીઇને એની ખોપરીને વઘેરી ચાલ્યો જતા અઘોરી સાથે માત્ર બે જ માનવોનો સંપર્ક હતો કોઇ માનવ અઘોરીગુરૂ સાથે વાર્તાલાપ કરી શકે કે કેમ? એ પ્રશ્ન તો પછીનો છે પણ આચાર્ય પુત્ર વિમદ અને ભાર્ગવને બોલાવવા ડફનાથને સંદેશો કઇ રીતે કહે? માનવના લોહી તરસ્યા એવા ડફનાથને મૃગાએ કોના દ્વારા સમાચાર મોકલાવ્યા? એ પ્રશ્ન ખૂંચે ચે પ્રસગમા આ ઘટના કથાનક પ્રતીતિકર રીતે નિરૂપાયેલી નથી કથાનકને પુષ્ટ કરવાને બદલે આ કથાને અતરાય બનીને ઊભી થાય છે અહી લેખકના મનમા રહેલી કથા પ્રમાણે જ પ્રસંગ તાલમેલિયો અથવા તો સગવડિયો બને છે અહી મુનશીની મર્યાદા પ્રગટ થાય છે. જે ડફનાથને શોધવા માટે ભગવતીને અનેક વિટંબણાઓ માંથી પસાર થવુ પડયું હતું અને અહીં મૃગા સહજતાથી ડફનાથને સંદેશો પહોચાડી શકે છે. મુનશીએ અસંભવિત ઘટનાનો આશ્રય લઇને મૃગાના પાત્રનો વિકાસ સાધ્યો છે સહસ્ત્રાર્જુનથી રામને બચાવવાનો મૃગા પ્રયાસ કરે છે અનન્ય પરાક્રમ કરવાની ક્ષમતા ધરાવતા રામ અર્જુનથી ડરે. એતો સામે ચાલીને મૃત્યુના મુખમાં જઇને હેમખેમ પાછા ફરે એવી એમની પ્રતિભા છે ખરેખર તો અર્જુન રામના ભયથી ફફડે છે

મુનશીની નવલકથાઓમાં અને નાટકોમાં નિરૂપાયેલાં નારી પાત્રો અસામાન્ય કોટીનાં હોય છે. 'વરું તે વર બાકી બધા પર' આ ઉક્તિના ઉદ્દઘોષક બનીને આવે છે. અહીં મૃગાને અર્જુનને છોડવાનું સૂચન કર્યુ. પણ બાળપણથી જેને પોતાનુ સર્વસ્વ સોપ્યું છે એનો દ્રોહ એ કઇ રીતે કરી શેક? નાયિકાને પડેલા દુ:ખને કારને કરુણભાવ વર્ણવતાં લેખક નોંધે છે કે :

'ગુરૂદેવ! હું એને છોડી શકું એમ નથી. દુષ્ટ, કૃતઘ્ની, એ મારા જીવનમાં વણાઇ ગયો છે. ભાર્ગવ! મેં માતાપિતા જાણ્યા નથી. બાળપણનાં સ્મરણો છે ત્યારથી પુરુષોની વાસનાના કીચડમાં હું નાચતી ને દકૂદતી આવી છું. વૃદ્ધો, આછેડો, જુવાનો, બાળકોએ પતંગિયાંની માફક મારામાં ઝંપલાવ્યું છે. પણ હું વેશ્યા નથી જ્યાં આપું છું ત્યાં સર્વસ્વ આપું છું હું ગુગળાઉ છું પણ વેલની માફક વીટાઇને મને છૂટવું ગમતું નથી.

હેતભરી આંખે ભાગર્વ જોઇ રહ્યા. 'સહસ્ત્રાર્જુન પદર વર્ષનો હતો ત્યારથી મેં તેને સર્વસ્વ સોંપી દીધું છે. મેં તેને સર્વસ્વ સોપી દીધું છે મેં એને મારી જુવાની આપી, ઉત્સાહ ને શક્તિ

આપ્યાં એને ખાતર મેં રાજખટપટ કરી, લોકોને માર્યા ને મરાવ્યા. એણે મને મારી છે - અનેક વાર. બે વખત મને ઝેર દેવાનો પ્રયત્ન એને કર્યો. એનો જીવ લેવો એ તો મારે રમત વાત હતી આજે પણ છે પણ એનો સ્વછંદી સ્વભાવ, એની તોછડી, ક્રૂર દૃષ્ટિ, એની શરીરના સ્નાયુઓ સ્નાયુ મારામાં જડાઇ ગયા છે. એના વિના હું જીવતી મરેલી છું. મેં અનેકની સોડ સેવી છે, પળની મોજ ખાતર. એની સોડ મારું સર્વસ્વ છે એમ કેમ છોડું?'[૧૩]

મૃગાના પંદર વર્ષ પછીના જીવનમાં કેવી ઘટનાઓ ઘટી એનો સંક્ષિપ્ત આલેખ આપીને મુનશીએ પાત્રના ભવ્યતાનો સાદી, સીધી અને સહજ એવી ભાષાશૈલીથી સવાદના માધ્યમથી ઉપાસવીને વાચકમન પર કરુણતા પ્રસરાવી છે, અભિમાનની અને અધર્મતાની દલદલમાં ફસાયેલા અર્જુન જેવા તિરસ્કારવા એટલું જ નહીં પરંતુ ગોળીએ દેવાય એવા ક્રૂર અને ઘાતકી પાત્રને મૃગા પોતાના પ્રાણથી ય અધિક વહાલું બનાવે છે ત્યારે આ નાયિકા અસામાન્ય નાયિકા વિશિષ્ટ છાપ ઊભી કરે છે.

મૃગાને ઉગારવા રામ એને વિનંતી કરે છે પરંતુ અર્જુનના મોહપાશને વશ બનેલી એ ઉગરવાનુ પસંદ કરતી નથી. પતંગિયું જાણે છે છતાંય એ જ્યોતમાં જઇને પોતાની આહુતિ આપી દે એમ અર્જુન માટે પોતાના પ્રાણનો બલિ ચઢાવવા સુધી આ પાત્ર જઇ શકે છે મૃગાના હૃદયભાવોથી ગદગદિત બનેલા રામે એને અગ્નિનસિાખે પોતાના કુળમા સ્થાન આપ્યુ અને પોતાની મોટી બહેન બનાવીને આર્યસંસ્કારનુમ જ્ઞાન આપી ભાર્ગવનારી બનાવી.

અત્યાર સુધી કૂળ અને કુટુંબને ન ઓળકાતી મૃગામાં અનન્ય કુટુંબ પ્રેમ ભભૂકવા લાગ્યો ભાર્ગવ કુળની મર્યાદાને સાચવવા એને મક્કમ નિર્ધાર કર્યો કે: અર્જુન પ્રાણિગ્રહણ ન કરે તો એને સ્પર્શ ન કરવા દેવો મૃગાની મક્કમતા ને ટકાવી રાખવા અને આર્ય સંસ્કારને જાળવી રાખવા એના શીલની રક્ષાર્થે રામે એક છરો આપ્યો. અને એ ભારે હૃદયે ભાર્ગવથી છુટી થઇને પોતાને મહેલમાં ગઇ અર્જુનને આનંદ આપવા હંમેશા પોતાનો પ્રાણ રેડીને પરતૃપ્તિનો અનુભવ કરાવતી મૃગા ભાર્ગવની બહેન બનતાં જ એનામાં પરિવર્તન આવ્યું. મૃગામાં ન જોયું હોય એવું તેજ જોઇને અર્જુનના મનમાં કામાગ્નિ ભભૂકવા લાગ્યો. એમાંય એ સૂરાના નશામાં ચકચૂર બની આવ્યો હતો. આર્યસંસ્કારને જાળવવા માટે મૃગાએ કામી પુરુષના લક્ષણોને પારખી લેતાં જ શરત મૂકી કે પ્રાણિગ્રહણ કરો અને પછી જ મારા દેહને સ્પર્શો . અર્જુનને એક ઝાટકો વાગ્યો પોતાની રખાત અને આજે પોતાને પરપુરુષ કહીને નવાજે છે. વાસનાના વકરેલા કીડાને તૃપ્ત કરવા માટે એ મૃગાને સમજાવવા લાગ્યો, મનાવવા લાગ્યો. પણ ભાર્ગવનો અનેરો પ્રતાપ એનામાં છવાઇ ગયો અને એ વેશ્યા મટીને ભાર્ગવી બની ગઇ. મન, આત્માથી જેને પોતાનો સ્વીકાર્યો એનો તિરસ્કાર કરીને એને હૂળધૂત કર્યો. અહીં મૃગાના વ્યક્તિત્વમાં આવેલા પરિવર્તન પાછળ રામનો મહત્વનો હાથ હોવાથી અર્જુનના ક્રોધ્ધ વધારે ભભૂકી ઊઠયો. કામમાં તપતો અર્જુન મૃગાને પામવા એના પર ધસ્યો. પરંતુ ભાર્ગવ કૂળની આમાન્યાને રક્ષવા માટે ગુરૂએ આપેલી કટારીને પેટમાં ખોસીને મૃગાએ પોતાના ભાર્ગવદેહને પવિત્ર રાખ્યો. મુનશીએ આ પ્રણયના કરુણ પરિણામ દ્વારા ઋષિ પરશુરામને ભગવાનનું રૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે.

૧૩ એજન પૃ.૧૫૩

"એણે સામે મૃગા જોઇ - મોહક, તેજસ્વી, અણબીડયા હોઠે ને ઊછળતી છાતીએ ફાટે ડોળે એક તરફ જોતી. સહસ્ત્રાર્જુને તે તરફ જોયુ અંધારા ખૂણામાં તેજના વર્તુળ ભાર્ગવ જામદગ્નેય ઊભા હતા - એક ખાંધે પરશુ લઇને. બીજી ખાંધે ધનુષ્ય લઇને અને એની આંખો સહસ્ત્રાર્જુનને ભેદી રહી હતી "[૧૪]

અહી અર્જુન સામે તો આ ભ્રામક ઘટના ઘટે છે ખરેખર તો મૃગાની આંખો સમક્ષ ભાર્ગવ દેખાય. એના પાછળના ચૌકકસ કારણો જવાબદાર છે. અનન્ય એવા ભક્તિભાવ અને પ્રણયભાવથી ભજતી મૃગાના અંતિમ શ્વાસે એની આંખો સમક્ષ પોતાના અતિપ્રિય એવા ભાર્ગવનું ચિત્ર ખડું થાય છે પણ અહીયા મુનશી બન્નેના મનની પરિસ્થિતિને પામી ને એનો લાભ લઇને ભાર્ગવને માનવમાંથી ભગવાન સુધી લઇ ગયા છે. અર્જુનને પણ રામનો ભયાનક ભય હતો અને વળી રામે મૃગાને ભાર્ગવી બનાવી એટલે એને ભય વધુ લાગવા માંડયો પરિણામે અર્જુનને ય 'રામ' ના દર્શન થતાં ભયભીત બની જાય છે

ત્રીજા ખંડના આરંભમાં અર્જુને રામને જ નહી પણ ભૃગુઓ અને યાદવોને પણ મારી નાંખવાનો સંકલ્પ કર્યો. અર્જુનના આક્રમણને મુહતોડ જવાબ આપવા રામે પોતાના યોધ્ધાઓની ગણતરી કરીને એમને સજ્જ રહેવાનો આદેશ આપ્યો સહસ્ત્રાર્જુનના કોપમાંથી ભદ્રશ્રેણ્ય અને યાદવ ગોત્રને ઉગારવા માટે રામે એમને અવંતીમાર્ગે જંગલમા જવાનો આદેશ આપ્યો અવંતીગોત્રનો રાજા વિતિહોત્ર ભદ્રશ્રેણ્યનો મસિયાઇ ભાઇ હોવાથી એને સહસ્ત્રાર્જુનના કોપને વહોરવાને બદલે આંખ આડા કાન કરીને ભદ્રશ્રેણ્યે પડાવ નાંખ્યો હતો એને ધ્યાનમાં લીધું નહી

અનન્ય એવા ભક્તિભાવથી રામના પાત્રને ભાવાંજલિ અર્પવા માટે મુનશીએ અહીયા ચમત્કારિક ઘટનાનો વિનિયોગ કરીને રામના દૈવત્વને ઉઠાવ આપ્યો છે. વિતિહોત્રને છ - છ સ્ત્રીઓ હોવા છતાંય તે અપુત્ર હતો પોતાના જ નગરમાં કાપાલિકોની ગુરૂ મહાદેવી હજારો વર્ષથી રાખ ખાઇને તપ કરતી હતી વિતિહોત્ર મહાદેવીને પ્રસન્ન કરીને પુત્ર પામવાના આશયથી એમને ભજતો હતો. ઉત્તર સમયમાં બનતી ઘટનાને અસરકારક બનાવીને પાત્રના ભવ્યપણાને સમર્થતા પૂવર્ક અભિવ્યક્ત કરવા અહીં મૂળકથાનક સાથે બાહ્યકથાપ્રસંગનો વિનિયોગ કરવામાં આવ્યો છે. મહાદેવી કાપાલિકોની અધિષ્ઠાતી છે. રાખ ખાઇને જીવતી અને ત્રિકાળદર્શી ના આશીર્વાદ મેળવવા વિતિહોત્રે ઘણો પ્રયત્ન કર્યો. મહાદેવીને સમાધિમાંથી જગાડવાનું સાહસ કરવું એન મૃત્યુને નિમંત્રણ પાઠવવાં બરાબર હોવાથી એ વિતિહોત્રે એ સાહસ ન કર્યુ.

વર્ષોથી મહાદંતી રામના આગમનની પ્રતીક્ષા કરતી હતી અને રામના આગમનના એંધાણ વર્તાતાં એમને સમાધિ છોડીને વિતિહોત્રને બોલાવીને રામનો આવકાર કરવાની સૂચના કરી. મુનશીએ ચમત્કારના વિનિયોગ દ્વારા રામના માર્ગમાં આવતા વિઘ્નોને દુર કરીને રામને વિકસવાનો માર્ગ કરી આપ્યો છે કાપાલિકોની અધિષ્ઠાત્રી રામના આગમનને ભવ્ય ગણીને અને એમનો સત્કાર માટે પ્રસન્ન થાય ત્યારે આપણને એવો ભાવ થાય છે કે : રામના પાત્રમાં કોઇ એવો પરાક્રમી અને દૈવત્વનો અંશ હોવો જ જોઇએ એટલે તો આ મહાતપસ્વીની એમને મળવા આતુર બને છે. ત્રણ વર્ષે સમાધિ છોડીને એના અસ્તિત્વમાં સમાઇ ગઇ. મહાદંતી નું તેજ

૧૪ એજન પૃ ૧૫૮

રામમાં સમાઇ જાય છે અહી નીચેના સંવાદ નિરૂપણમાં રામની અનન્ય પ્રતિભાને આમ ઉઠાવ આપવામાં આવ્યો છે -

'જોઉં છું તમને - સહસ્ત્રાર્જુનને કંપાવતા, ડકુનાથને વશ કરતા, મૃગારાણીને ભાર્ગવી કરતા-

'દેવી!' રામે અજાયબ થઇ પૂછયું, 'તમે કોણ છો?' 'હું? તમારી માફક, ભૂત - વર્તમાન - ને ભાવિ.. જામદગ્નેય' હું ગાજતી જોઉં છું તમારી વિજયઘોષણા સર્વદિશામાં. તમારાં મંદિરો ખંડેખંડે જગતના નાથ! ભય સંહારો ને જગત ઉધ્ધારો '

ભાર્ગવ મુંગે મોઢે જોઇ રહ્યા

'ભગવાન જામદગ્નેય!' મહાદંતીએ પૂજ્યભાવે કહ્યું, 'હું વાટ જોઇ થાકી મને સત્કારો.'[૧૫]

મુનશીએ અહીં મહાદંતી અને રામના પાત્રો વચ્ચે સંવાદ રચીને રામની વિરલ પ્રતિભાને પ્રગટાવી આપી છે. મહાદંતીને પોતાના તેજમાં સમાવીને વિતિહોત્રની રાણીને પુત્રપ્રાપ્તિના આશીર્વાદ આપીને જયામઘને વિનિહોત્રને સોપે છે. ભવિષ્યને સારી રીતે જાણતા રામને ખાતરી હતી કે હવે યાદવો પર શાર્યાતો વેર લેશે. અને જયામઘના હૃદયમાં રહેલો યાદવો પ્રત્યેનો દ્વેષભાવ ભભૂકી ઊઠશે આથી એને વિતિહોત્રને સોપ્યો. પણ જયામઘ રામના પ્રભાવથી અજાયેલો હોવાથી રામનુ શરણ છોડવું એને માટે કપરું હતું અહી ગાધીવિચારધારાનો રણકો સભળાય છે -

'હું આ યાદવોથી થાક્યો છુ ગુરૂદેવ' ક્યાં સુધી આ કાપાકાપી ચાલશે? આ લોહી વહેતાં ક્યારે બંધ થશે? તમે એનો રસ્તો નહી કાઢો તો કોણ કાઢશે?'

'જયામઘ, માણસના દ્વેષને માત્ર ભયની સીમા છે - બીજી નથી પોતાની મેળે પોતાના દ્વેષની સીમા મૂકે એવા મહાત્મા કોઇ એક જ થાય. આ કાપા કાપી અટકાવવાનો એક જ રસ્તો છે [૧૬]

ધર્મ, અહિંસા અને આત્મશુધ્ધિના વિચારો જયામઘ અને રામના પાત્રમાં જોવા મળે છે મુનશીએ અહી 'મહાત્મા' શબ્દનો પ્રયોગ પણ ગાંધીજી માટે જ કર્યો હોય એવી છાપ ઊપસે છે.

પુરાણ કથાનકના વાઘામામ મુનશીએ સાંપ્રત સમયખડમા બનતી ઘટનાઓને ગૂથી લેવાનો પ્રયાસ કર્યો હોય એમ લાગે છે. સહસ્ત્રઅર્જુનના જુલ્મો અને એકચક્રી શાસનથી કોપાયમાન થયેલા નાનાંનાનાં ગોત્ર અર્જુન વીરુધ્ધ બળવો કરીને સ્વતત્રતાની ઝંખના સેવે છે એ દ્રશ્યને મુનશીએ આમ ઉપસાવ્યું છે.

"બધો સમૂહ તાનમાં હતો જાણે મોટી જાત્રાએ નીકળ્યાં હોય એમ બધાને લાગતું હતુ સ્ત્રીઓ ગાતી, વૃધ્ધો કીર્તન કરતા, બાળકો કૂદતાં, સૈનિકો ચાલતા ને તડાકા મારતા.

આખું વાતાવરણ આશા ને ઉત્સાહભર્યુ હતું. બધાં સહસ્ત્રાર્જુનના ભયમાં ઊછર્યા હતા, જીવ્યા હતાં. આજે એ ભય દૂર જતો હતો સ્વતત્રતા પ્રેરક હવા બધાંને નવું ચેતન આપી રહી હતી.'[૧૭]

---

૧૫ એજન પૃ ૧૯૫
૧૬ એજન પૃ ૧૧૮
૧૭ એજન પૃ ૧૯૯

બ્રિટીશરોએ ભારતને પોતાની સત્તા નીચે લાવીને હિંદુસ્તાની પ્રજા ઉપર અમાનુષી દમનનો કોરડો વિંઝી અઘોર અત્યાચાર આદર્યો. પરિણામે ભારત ભરની પ્રજાએ આ અત્યાચારનો જડબાતોડ જવાબ આપ્યો. ગુલામીની જંજીરો માંથી મુક્ત થવા માટે કરેલા સત્યાગ્રહોનું ચિત્ર અહીં પ્રગટ થતું દેખાય છે.

યાદવોને ઉગારીને સિંધુથી સિંહલને એકત્વના બંધને બાંધવાના મક્કમ નિર્ધાર સાથે રામ સક્રિય બન્યા. કુર્મા, વિમદ અને ભગવતીને ઉત્સાહ પ્રેરીને આવનારી કોઇપણ આપત્તિનો પ્રતિકાર કરવા સજ્જ બનાવીને યાદવોને હેમખેમ રીતે આર્યાવર્તમાં લઇ જવાનો સંકલ્પ સિદ્ધ કરવા પ્રયત્નશીલ બનવા લાગ્યા. પ્રતીપ માર્ગ વ્યવસ્થામાં રોકાયો, રામ માર્ગમાં આવતા નાનાં નાના ગોત્રો કે વસ્તીનો સહકાર મેળવીને આગળ વધતા. કાપાલિકોના રાજાને પોતાનો બનાવીને એમણે પોતાને અને યાદવગોત્રને ઉગારવાનો રસ્તો કર્યો.

પ્રતીપ સૈન્યેને મારી નાંખવા માટે અર્જુનનો સેનાપતિ રુરુ પાછળ પડ્યો. રુરુના આગમન થતા પૂર્વે પ્રતીપ પોતાના સૈન્યને લઇને ભાગી જતો. ભાર્ગવ અને રુરુના સૈન્યને પડતી અનેક મુશ્કેલીઓનું નાટ્યાત્મક વર્ણન મુનશીએ કર્યું છે. નરમ, હૈહય સાથેનું યુદ્ધ અને ભૂંડનો સંહાર, આ બધા પ્રસંગો મુખ્ય કથાને પોષક બની રહે છે. રાજવ્યવસ્થાની ખટપટો અને એમાંથી જન્મલેતી અનેક ઘટનાઓને આલેખવાની સૂઝ - સમજ મુનશીમાં અનેરી હોય એમ લાગે છે

અર્જુનના ભયે ભાગતા યાદવોને પડતી અનેક વિટંબણાઓ કથાને જકડી રાખે છે. દિવસોના દિવસો પાણી અને અન્ન વિના ટળવળતા હોય, પશુ સંપત્તિ અને યોદ્ધાઓની શક્તિ ક્ષિણ થતી હોય, મૃત્યુના ભયમાં સતત તરફડ્યા કરવું પડતું હોય. આ બધી ઢટનાઓ હૃદયસ્પર્શી બની જાય છે. બધાં પાત્રો સામે સંઘર્ષાત્મક સ્થિતિ ઉદ્ભવે છે. રુરુનું સૈન્ય પ્રતીપના ગોત્રને પકડી પાવાની ક્ષણમાં હોય છે. કટોકટી ભરી સ્થિતિ ઉત્પન્ન થાય છે એ સમયે મુનશીએ પાત્રો વચ્ચે સંવાદો રચી હળવાશ લાવવાના પ્રયત્ન કર્યો છે.

રુરુનું સૈન્ય નિકટ હતું. રામે સંકલ્પ કર્યો કે : યાદવોને સરસ્વતી કાંઠે પહોચાડું અથવા તો એ યાદવો ખપતા પહેલા પોતે ખપી જાય.' આ પાત્રમાં રહેલી મક્કમતા અને અપ્રતિમ સાહસ સ્પર્શી જાય એવું છે. ભાર્ગવ તો આમ માને છે : 'અડગતામાં મરવું એ જ જીવન.'

માનવ સામે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ સામે ઝઝૂમવું અને ઝઝૂમતાં ઝઝૂમતાં મૃત્યુ પણ મળે તો એનો સહર્ષ સ્વીકાર કરવો. મુનશી આ સિદ્ધાંતને માને છે. પોતાની વિચારધારાઓની છબિઓ એમના પાત્રોમાં જોવા મળે છે. રામના પાત્રમાં મુનશીએ પોતાને અભિપ્રેત આદર્શ વિચારોને આલેખ્યા છે.

રામથી છૂટો થયેલો જયામઘ રુરુના સૈન્યમાં ભળીને પોતાનાં કુળનું વેર લેવા ભદ્રશ્રેણ્યની પાછળ પડ્યો. રુરુએ અર્જુનનો સેનાપતિ છે એટલે એનેતો રાજાની આજ્ઞાનુસાર રામ પર પ્રહાર કરવો જોઇએ પણ આ પાત્ર એમ કરવાને બદલે જયામઘ રામની આગતા સ્વાગતા કરે છે ત્યારે અનિચ્છાએ જોઇ રહે છે. મુનશીને તો ભાર્ગવ વંશજ પરશુરામના પરાક્રમી વ્યક્તિત્વની સુદૃઢ એવી છાપ ઉપસાવીને એમના પ્રત્યેનો પૂજ્યભાવ કરવો છે ને! એટલે રુરુ રામની સામે

કોઇ પગલાં લેતો નથી.

અહી બીજી એક ઘટના બને છે ભાર્ગવ જયામઘને કહે છે કે 'હું તારે હાથે મારો શિરચ્છેદ માંગી લઉં છું '[૧૮] યાદવોને ઉદ્ધારવાનું સહાસ દાખવે છે એ જ પાત્રની મહત્તા અને પ્રતિભા છે. જયામઘના હૃદયમાં રહેલો યાદવગોત્ર પ્રત્યેનો દ્વેષ ભાવ નષ્ટ કરીને નાનાં નાનાં ગોત્રને એકતાના બંધને બાંધીને નવા આર્યવર્ત બનાવવા નો પ્રયાસ કરવા લાગ્યા. જયામઘ તો રામને મારી શકે એમ તો નથી આથી એણે યાદવો અને શાર્યાતો વચ્ચે સુલેહ કરાવવાનો પ્રયત્ન આદર્યો પરંતુ કુળ અભિમાન માં રાચતો એવો જયામઘે યાદવો સાથે ભળવાની 'ના' પાડી દીધી. અહીં મુનશી પાત્રના આંતર જગતમાં અનુભવાતા સૂક્ષ્મત્તમ ભાવસંચલોને નિરૂપે છે. જુઓ -

'હું નહીં આવું. હું કેમ આવી શકું. ગુરૂદેવ?' તેણે કાંપતે સ્વરે કહ્યું.' હું શાર્યાત નથી. હું વીર નથી. હું તો નિર્બળ છું. પ્રવાહોમાં તરતું તણખલું છું. આપ મહાન છો. ભગવાન! તમારી આંચ મને પણ આવવા દો. તમે મને કુરુ પાસે જવાની આજ્ઞા કરી હું હવે એને કેમ છોડું? ના-ના-ના. મારે તો અહીયા જ રહી મરુવં રહ્યું. એજ મારો સ્વધર્મ.'[૧૯]

જયામઘ સામે ઉપસ્થિત થયેલી સ્થિતિમાં આ પાત્રની સામે મૂંઝવણભરી સ્થિતિ જન્માતાં એ મથામણ અનુભવે છે. અને એમાંથી એને પોતાનો 'સ્વધર્મ' સાંપડે છે. એવી ભક્તિ ભરી આજીજી કરે છે મુનશીએ પાત્રને ઉપસાવવા અર્થપૂર્ણ એવા હૃદયસોસરા સંવાદોને પ્રયોજ્યા છે અહીં સંવાદકલાથી પાત્રનું ચરિત્રનું ચિત્રણ થયું છે.

સનસનાટી ભર્યા દશ્યોનું આલેખન કથાને આકર્ષક બનાવી આપે છે હાથવેંતમાં પીવાનો પ્યાલો હોય અને તે ઢોળાઇ જાય ત્યારે જેમ માનવ તરસ્યો મરવા પડે એમ જ અર્જુનના ક્રોધથી બચવા માટે રામ યાદવોને આર્યવર્ત લઇ આવ્યો. હવે માત્ર સરસ્વતી નદી ઓળંગવાની બાકી હતી ત્યાં તો નદીમાં જુવાળ આવ્યો ને નદીના પટ પર કાંપ પથરાઇ ગયો. પાણી ઓસરી ગયું પણ જુવાળાને પરિણામે નદી કિનારે માણસપુર કાંપ છવાઇ ગયો યાદવો સામે કાંઠે કઇ રીતે જઇ શકે? બે દિવસ બેસી રહ્યા. પણ કાંઠો સુકાયો નહી. સામે છેડે વિમદ અને એનું સૈન્ય યાદવોને આવકારવા ઉમંગભેર ઊભું હતું પાછળ કુરુનું સૈન્ય હતું અને વચ્ચે આ નદીમાં છવાયેલો કાંપ હતો. વિચિત્ર પરિસ્થિતિ સામે લાચાર બની રહેવું શિવાય અન્યથા કોઇ માર્ગ રહ્યો નહી.

નવલકથાકારે અહીંયા પ્રસંગોને એવી રીતે મૂક્યા છે કે કથાતત્ત્વમામ ઉત્સુકતા અને જીજ્ઞાસા ઉત્પન્ન થયા કરે વાણી વિવેચકોએ કહ્યું છે કે : સનસનાટી ભર્યા પ્રસંગો વાચકોને જકડી રાખે છે. એમ અહીંયા જોવા મળે છે. શું થશે? એ પ્રશ્ન કથાને પકડી રાખવા પ્રયત્ન કરે છે. સંઘર્ષાત્મક સ્થિતિને મુનશી સારી રીતે ઉપસાવી શકે છે. એમની આ સંવાદાત્મક નિરૂપણકલા કથાનો પ્રાણ બની રહે છે. યાદવોને નિ:સહાય બનાવીને મુનશીએ રામના અનન્ય સાહસનું ગૌરવ કરવાનો મનસૂબો ઘડયો છે. નિ:સહાય યાદવો રામને જોતાં જ પોતાની નિ:સહાય સ્થિતિમાંથી ઉગારવાની યાચના કરતા હોય એમ એમને જુએ છે. કોઇ પણ સ્થિતિમાંથી માર્ગ

---

૧૮. એજન. પૃ ૧૮૨
૧૯ એજન પૃ.૧૮૪

કાઢવા તત્પર રહેતા રામે ગાડાઓને જોડીને એક પછી એક ગાડાને ગરકાવીને સામે કનિારે જવાનો માર્ગ બનાવ્યો. અહી બળદોના ભોગે માગર બને છે. યાદવોને ઉગારવા માટે રામે મુંગા પશુઓને કાંપમાં નાંખીને માર્ગ બનાવ્યો છે ત્યારે એ નિદર્ય બની જાય છે. આના માટે એની સામે ઉત્પન્ન થયેલી સ્થિતિ જવાબદાર હોય છે. બે દિવસના અગાધ પ્રયત્નમાં કેટલાં મુંગાં પશુઓના અને માનવોના ભોગ લેવાયા સામે કિનારે આવતાં મુક્તિના આનંદમાં રાચતા યાદવો સરસ્વતીના નીરમાં મજા કરવા લાગ્યા રુરુનું સૈન્ય એમનો પીછો કરતું આવ્યું. જે કાંપ ઓળંગતા બે દિવસનો સમય યુગો જેવા લાગ્યો એ કાંપ રુરુએ ક્ષણમાં કાપ્યો અને સામે કિનારે આવ્યો. યાદવગોત્રનો પીછો કરતા કરતાં રુરુ સૈન્યે પાણી જોયુ ન હોતું સરસ્વતીના નીરને જોઇને આનંદિત બની ઊઠેલું સૈન્ય એન એનાં પ્રાણીઓ સ્નાન કરવા લાગ્યાં. આ બન્ને ગોત્રો ભેગાં થયાં. રુરુની તરસ છીપાતા આનંદમાં મગ્ન એવા યાદવો-શાર્યાતો વચ્ચે દાવાનળ પ્રગટી ઊઠયો. રામે રુરુનો વધ કરીને યુધ્ધને થંભાવી દીધું. જયામઘના પાત્રને લેખકે કૃતિના આરંભથી જ અનેરા રંગોએ રંગીને પાત્રના કાર્ય, વર્તન, વ્યવહારથી વિકસાવ્યું છે. શાર્યાતોનો પ્રતિશોધ લેવા બે વાર રામ પર હુમલો કર્યો એજ પછી રામનો શિષ્ય બન્યો અને રામને હાથે મૃત્યુની ભીખ માંગી રામે એને ભીખ ન આપી ત્યારે પોતાની જાતે પાણીમાં ડુબીને પ્રાણની આહુતી આપી દીધી. પાત્રની ક્રિયા અને એનુ વ્યક્તિત્વ અનિચ્છાએ આપણી હમદર્દી મેળવી લેતું લાગે છે

યાદવોને હજી ઉગાર્યાનો શ્વાસ લેવાયો ન હતો ત્યાં તો આર્યવર્તમાં દાશરાજ્ઞ પ્રગટયાના સમાચારથી અને જમદગ્નિ એકલા રહે છે - આ સમાચાર કથાનકને વિકસાવવાનો માર્ગ ઊભો કરી આપે છે

રોહિણીએ પરપુરપને સેવ્યો, એથી એણે આર્ય સંસ્કારનો લોપ કર્યો. આથી જમદગ્નિએ એનો ત્યાગ કર્યો અને એકલા આશ્રમમાં રહેવા લાગ્યા. મુનશીએ જમદગ્નિ અને રામના સંવાદ દ્વારા આ ઘટના નિરૂપાઇ છે કલ્વિણી કે યાદવ ગોત્રની નારી આર્યસંસ્કારની મર્યાદા લોપતી તો રામ હિંસાત્મક પગલાથી એને આર્યસંસ્કારનું ભાન કરાવતો એને માતાને માટે ય આજ અભિગમ રાખ્યો રેણુકાની શોધ કરતો એ એની પાસે પહોંચ્યો. રેણુકાએ પરપુરુષને સેવ્યો ન હતો પણ ગંધર્વરાજના સૈન્ય અને રાજાને રક્તપીત્તનો ભયંકર રોગ થયો હતો. રેણુકા આર્યધર્મ બજાવવા માટે પોતાના પતિનો ય ત્યાગ કરીને આ રોગમાં પીડાતા માનવોની સેવા કરવા લાગી હતી. જમદગ્નિએ રામ પહેલાં પણ રેણુકાનો વધ કરવા બે પુત્રોને મોકલ્યા. માતાની સાચી સ્થિતિ જાણતાં જ તેઓ માતાનો વધ કરવાને બદલે માતાના કાર્યને અભિનંદીને પાછા ફ્ર્યા. રામ આ બે ભાઇઓથી ભિન્ન વિચારસરણી ધરાવતો હોવાથી પિતાને દુ:ખદ સ્થિતિમાંથી ઉગારવા અને રેણુકાના માથે લાગેલી કાળી ટીલ્લીને દૂર કરવા માટે હિંસા આદરીને રક્તપીત્તના મહાભયંકર રોગમાં રીબાતા એવા ત્રીસ માનવોની રામે પરશુથી ઠંડે કલેજે કત્લ કરીને એમને રોગમુક્ત બનાવ્યા. સોમુ અને કલ્વિાણીની સામે ય આ પાત્ર ક્રુર અને ઘાતકી બને છે એમ જ અહીંયા નિર્દોષ, નિર્માલ્ય માનવીઓને અકારણ ઘાણ કાઢી નાંખે છે. ત્યારે પાત્રમાં રહેલી માનવતા નષ્ટ થઇ જાય છે એમ રતિલાલ નાયક અને સોમાભાઇ પટેલ કહે છે.[૨૦] ડડુનાથ અઘોરીના ભત્રીજાને

૨૦. મુનશી - અભ્યાસ, જીવન અને સાહિત્ય, લે રતિલાલ નાયક, પૃ ૧૧૯

મૃત્યુના મુખમાંથી ઉગારીને એને નવજીવન અપાવતો હોય. મહાદંતી જેવી કાપાલિકોની ગુરૂ રામના તેજમા સમાઇ જતી હોય એવા રામને હાથે રોગમાં પીડાતા માનવોનો ભોગ લેવાય એ ઘટના પાત્રના ગૌરવને ઠેસ પહોંચાડતી હોય લાગે છે. આ રોગમાંથી મુક્તિ ન મળવાની હોય એન મૃત્યુ સુધી પીડાને જ વેઠવાની હોય એનો અર્થ આ રોગથી પીડાતા માનવોને બેરહેમીથી હત્યા કરવામાં આવે મુનશીને સંપૂર્ણ ખ્યાલ હતો કે : આવો પ્રશ્ન ઉદ્દભવશે. એટલે જ એમને રેણુકાના રોગી પ્રત્યેના વાત્સલ્ય ભાવના બે ત્રણ ચિત્રોને નિરૂપીને રામના ગૌરવને ખંડિત થતું અટકાવ્યું છે. રોગી પ્રત્યેના આશક્ત એવી પોતાની માતા એમને છોડીને જમદગ્નિ પાસે આવશે નહીં એમ જાણી જવાથી જ રામે આ ત્રીસ રોગીઓની નિર્મમ હત્યા કરે.

વર્ષોથી ખોવાયેલા પુત્રને જોતાં માતાના હૃદયમાં ઉત્પન્ન થતા ભાવોમાં રામના બાહ્ય અને પ્રભાવને નીચેના વર્ણનમાં આમ ઉપસાવી આપ્યા છે.

'રેણુકાએ વર્ષો સુધી ગુમાવેલા પુત્રને નવે સ્વરૂપે જોયો. એનુમ અંગે અંગ સુશ્લિષ્ટ અને સુંદર હતું. એ કેસરીની માફક ડગ ભરતો એનાં શસ્ત્રો એણે કોઇના નહીં જોયાં હોય એવાં મોટા હતાં. એની આંખોમાં કદી શિશિરના સૂર્યની આહ્‌લાદકતા હતી. કવચિત્ એમાં પર્વત પર પડતામ કિરણોની તેજસ્વી તટસ્થતા હતી કવચિત્ એમાં ઉનાળાનાં મધ્યાહન તપતો. કવચિત્ વિજળી ચમકતી. ને કોઇવાર નીસરતી વહિતી સરિતા એના થોડા બોલો રીઝવતા. હૃદય ભેદતા. વિનાશકતા. ભક્તિ ને શ્રધ્ધા પ્રગટાવતા. કોઇકવાર જાણે ખૂબ દૂર જઇ વિરાટ સ્વરૂપ ધારતો હોય એવો લાગતો. ત્યારે એની પ્રશાંત ને એકાગ્ર ઉગ્રતામાં એ લપેટાઇ જતો. અને એની આસપાસ તેજનું વર્તુળ થઇ જતું લાગતું. રેણુકા થાક. અપયશ. એકલતા. પતિને પુત્રના વિયોગનું દુ:ખ આ શક્તિના અવતાર સરખા પુત્રના સાનિધ્યમાં વીસરી ગઇ."

રામ રેણુકાને લઇને રણક્ષેત્ર જતા હોય છે. માર્ગમાં એક ઘટના બને છે રેણુકાને વટેમાર્ગુએ ઓળખીને રેણુકાની વાતો કરવા લાગ્યા. રામ એની પાસે જઇને રણક્ષેત્ર કેટલું દૂર છે એ પૂછે છે મુનશી સામાન્ય એવા બનાવોમાં પણ રામના પાત્રને ખીલવવાનું ચૂક્યા નથી. 'મારે એની તલવાર' ના સિધ્ધાંતને રામ વળગી રહ્યા છે. યુધ્ધની માહિતી પૂછતા રામને ભૃગુએ કહ્યું કે : વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચે યુધ્ધ ચાલે છે. મહાઋષિઓના નામને સામાન્ય માનવના નામોની જેમ ઉચ્ચારતા ભૃગુઓ પ્રત્યે રામનો ક્રોધ ભભૂકી ઉઠયો અને આર્ય શિષ્ટાચાર શીખવાડવા એક ભૃગુને ઉંચકીને ફેંકી દીધો. અહીં પણ રામનું વ્યક્તિત્વ નીચેની ઉક્તિમાં છલકાતું જોવા મળે છે

'હું નહીં શીખવું ત્યારે તને કોણ શીખવશે?'

રામ સર્વસત્તાધીશની જેમ વર્તીને પોતાને યોગ્ય હોય એજ માર્ગે અન્યને વાળવાનો પ્રયાસ કરે છે. મુનશીએ દાશરાજ્ઞમાં થયેલા યુધ્ધના પ્રસંગોને અનેરી સૂઝ અને સમજથી દૂર રાખ્યા છે.

રામના અનન્ય પ્રભાવ અને કાર્યથી પ્રભાવિત થયેલો વૃશ્વિક અને એની પોઠ રામને ગુરૂ તરીકે સ્વીકારે છે સુદાસના સૈન્યથી પરાજય પામેલા દાસો પોતાના પ્રાણને રક્ષવા માટે ભાગી જતા હતા. નિ:સહાય બનેલા દાસોને ઉગારવા રામ આગળ આવ્યો. પણ દાસોને રામમાં વિશ્વાસ

ન હોવાથી ભાગી ગયા ત્યારે રામે આમ કહ્યું કે -

'મારી સાથે આવો - મારા શિષ્ય તરીકે કોઇ તમારો વાળ વાંકો નહી કરે, હું જીવતો છું ત્યાં સુધી. પણ તમને શ્રદ્ધા નથી. તમારે કર્મે રખડવાનું સર્જાયું છે જાઓ '

પાત્રમાં રહેલી આ ખુમારીજ પાત્રને અસામાન્ય બનાવી આપે છે

યુધ્ધભૂમિમાં મૃત્યુ પામેલા વિશ્વામિત્ર, ભેદ અને અન્ય વ્યક્તિઓનાં શબોની ઉત્તરવિધિ કરવા, એમનાં શબો શોધવા, રામ રણભૂમિ પર ગયા. . વિશ્વામિત્રનું શબ એમને ન મળ્યું. ભેદનું અસંખ્ય જગ્યાએ ઘવાયલું શરીર મળી આવ્યું

બીજી બાજુ એ સુદાસને વિશ્વામિત્ર પ્રત્યે બાળપણથી દ્વેષ હોવાથી એ વિશ્વામિત્રને મારી નાખવવા માગતા હતા અને આર્યવર્તનું ચક્રવર્તીય પદ પામવા ઇચ્છતા હતા આજે એની બન્ને આકાંક્ષાઓ પૂર્ણ થઇ રામે યુધ્ધભૂમિમાંથી મેળવેલા શબોની અંતિમ વિધિ માટે વસિષ્ઠને સૂચન કર્યુંને મુનિએ સહર્ષ એનો સ્વીકાર કર્યો. અહીંયા લેખકે રામ અને વસિષ્ઠ વચ્ચે વાર્તાલાપ પ્રયોજીને ઉત્તરમાં બનતી ઘટનાઓના તાંતણાંઓને ગૂંથી લેવાનો પ્રયત્ન કર્યો છે રેણુકાને જોતાં વસિષ્ઠે રામને 'આર્ય આણને સાચવવાની સલાહ આપી રામે તો નક્કી કર્યુ હતુ કે : પિતાની આજ્ઞાનું પાલન કરીને પોતેય માતાના ખોળામાં સૂઇ જશે અહી પાત્રના મનમા માતા પ્રત્યેનો અપાર વાત્સલ્યભાવ જણાય છે

વસિષ્ઠ અને રેણુકાના સંવાદોમા મુનશીએ પુરાણ માં રહેલા ભારતીય સંસ્કારના ઉચ્ચ વિચારને અભિવ્યક્ત કરીને આર્યનારીની રેખાને આમ અકિત કરાવી આપી છે -

'રેણુકા , તારા જેવી સાધ્વીઓ ધર્મ કરવા જતાં પણ શિષ્ટાચારમાથી જરા અલગ થાય તેના પરિણામ તેં ક્યાં નથી જોયાં? સ્ત્રી એ સ્વચ્છંદનું સાધન એ તો અનાર્ય દષ્ટિ: એ તો પિશાચોને પાલવે. એના પતિના હાડની હાડ ને રુધિરની રુધિર, ને પુત્રોની માતા એ આર્યદષ્ટિ એ નિયમ તૂટે છે એવા રોજ જોઇએ છીએ પણ એ નિયમ તૂટતાં આપણે પુણ્યપ્રકોપ ન અનુભવીએ તો આપણું આર્યત્વ ટકવાનું નથી.'

અંબાએ આંખો મીચીને કહ્યું ' 'હા, બધો ભાર સ્ત્રીને જ માથે '

'હા! સ્ત્રીએ જ વિશુધ્ધિની ખાણ છે પુરુષ પતિત થાય તો એકલો જ ને સ્ત્રી પડે તો એની આખી સૃષ્ટિ લઇને '[૨૧]

આર્યનારીના સંસ્કારો પર મુનશીએ વિશેષ ભાર આપ્યો છે. એ વસિષ્ઠના પાત્ર દ્વારા સૂચવ્યું છે. વિશુધ્ધ નારીની મુનશી જિકર કરે છે.

ઋષિના જીવનમાં બનેલી ઘટનાઓનો અછળતો એવો સંકેત કરીને ઋક્ષના પ્રભાવિત એવા વ્યક્તિત્વને ઉઘાડ આપીને પાત્રની ઉદારતા અને માનવતા અને વિશ્વામિત્ર પ્રત્યેના અગાધ ભાવને ઉપસાવીને આ પાત્રને લેખકે ભવિષ્યમાં બનનારી ઘટના માટે સજાવ્યું છે. યુધ્ધોને નકારતા એવા ઋક્ષઋષિ શાંતિ પ્રિય હતા યુધ્ધની ભયાનકતાથી એ દૂર શાંતિમાં રહેતા યુધ્ધથી દૂર રહેતો એવો ઋક્ષ યુધ્ધભૂમિએ જઇને અસંખ્ય જગ્યાએ ઘવાયેલા વિશ્વામિત્રના દેહને અપાર મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢીને લઇ જાય છે. રામ વિશ્વામિત્રને મળ્યા ત્યારે -

---

૨૧ એજન પૃ.૨૨૦

"સૂર્યકિરણોની સુવર્ણરંગી ભભકતાં ભાર્ગવે મુખ જોયું. ઓળખ્યુ સુદર મુખ. વિશાર નેત્રો. ભવ્ય કપાળ. અભેદ ગૌરવ. સર્વને આર્ગિતી મમતા. જગતની વેદના જાણે ભરી હોય એવો નયનતેજ. સ્વસ્થતા જેની કદી સરતી નહીં એવા ભાર્ગવને ઉમળકો થઇ આવ્યો તે દોડયા ને પગે પડયા : 'મામા! મામા!"[૨૨]

જીવનના આરંભ કાળથી જ સમગ્ર જાતિઓને 'એકતા' ના સંબંધે મુનશી જોડાવ માંગતા હતા એ એમની મહત્વાકાંક્ષા 'દાશરાજ્ઞ' ના મહાવિનાશક યુધ્ધના અંતે સંતોષાઇ

મૃત્યુના મુખમાં રહેલા વિશ્વામિત્ર પોતાની પુત્રીના પુત્રને ભરતોની રાજ્યગાદીએ બેસાડવા રામને સૂચન કરે છે.

'લોપામુદ્રા' ના પ્રથમ ખંડ 'વિશ્વરથ' નવલકથામાં વિશ્વામિત્રના બાળપણથી યુવાવસ્થાના સમયની કથાને ઉપસાવીને શમ્બરના ગઢમાં કેદી બની ગયા પછી વિશ્વરથ આર્ય-અનાર્ય વચ્ચે ભેદને નષ્ટ કરીને માત્ર 'માનવ' રૂપે જોવાનો એમનો અભિગમ રહ્યો છે. 'લોપામુદ્રા' નવલકથા ત્રણ નાટકો - અનુક્રમે 'શમ્બર કથા, દેવે- દીધેલી અને ઋષિવિશ્વામિત્ર' માં આલેખાઇ છે. આજ કથાના પ્રવાહ અહીં 'ભગવાન પરશુરામ' નવલકથામાં જોડાઇ જવાથી મુનશીએ જે 'બાર નાટકોની દીર્ઘશ્રેણીને સર્જવાનું સ્વપ્ન જોયું હતું એ શ્રેણી સાથે આ કૃતિ સંબંધ સ્થાપે છે યુવાવસ્થાથી જ વસિષ્ઠમુનિના વિચારોને જુદી રીતે જોઇને પોતાને અભિપ્રેત એવા દર્શનને સાર્થક બનાવવા અનેક પારાવાર મુશ્કેલીઓમાંથી ઉગરતા ઉગરતાં એ દાશરાજ્ઞના યજ્ઞમા મૃત્યુ પામીને પોતાના આર્દશોને સિદ્ધ થતાં જુએ છે

મૃત્યુની અંતિમ ક્ષણમાં વિશ્વરથના મુખે 'ગાયત્રીનો શ્લોક' મુકીને મુનશીએ એમને ગાયત્રીના મંત્રદૃષ્ટા તરીકે ઉઘાડી આપ્યા છે. અંતે એ મૃત્યુ પામે છે.

બીજી બાજુએ વસિષ્ઠ મુનિના દર્શન પ્રમાણે આર્ય ધર્મને નિભાવવા માટે રામ પોતાની માતાનો શિરચ્છેદ કરે છે તેઓ 'ભીષ્મપ્રતિજ્ઞા' લે છે. ભીષ્મ પ્રતિજ્ઞા તો આ સમય પછીના અનેક વર્ષો પછીની કથા છે. રામની પ્રતિજ્ઞાથી આર્યવર્ત ખડભળી ઉઠયું. રામ એમની પ્રતિજ્ઞામાં મક્કમ હતા. રેણુકાને લઇને એ જમદગ્નિના આશ્રયે જાય છે જમદગ્નિ, રામ અને રેણુકા વચ્ચે સંવાદ પ્રયોજીને પ્રસંગના ભાવને મૂર્ત કરાવ્યો છે.

જમદગ્નિ આર્ય પરંપરાના સંસ્કાર જાળવવાને અર્થે પત્નીનો વધ કરવા ઉત્સુક હતો રેણુકા અસહ્ય અપમાન સહન કરવા કરતાં મૃત્યુ ને વહાલું બનાવવા પુત્રને શિરચ્છેદ કરવાનું સૂચન કરે અને આ સઘળા બનાવોમાં રામ અનેરું દુ:ખ અનુભવે છે. પિતા એમની વિચારસરણીએ સાચા હતા. રેણુકા ય એનાં ધર્મ પ્રમાણે સાચી હતી. પોતાનાજ પતિને પોતાનો પુત્ર સઘળી પ્રજા સામે અપમાનિત કરે એ કઇ આર્ય નારી સ્વીકારી લે? એમાંય આ તો જમદગ્નિ ભાર્ગવની પત્ની પોતાના પુત્રને પુત્ર તરીકેની લક્ષ્મણરેખાને બતાવીને પિતાના વચનને સિધ્ધ કરવાનો પુત્રધર્મનો બોધ આપવા લાગી. અને પોતાનો શિરચ્છેદ કરવા આજ્ઞા કરતાં કહ્યું કે : પુત્રનું માથુંતો પિતાના શરણમાં જ હોય ને! માતા અને પુત્ર વચ્ચેના સંવાદોમાં મુનશીએ માતૃપ્રેમ, પુત્રપ્રેમ, પતિપ્રેમ અને દરેકના ધર્મ કેવા હોવા જોઇએ એ ઉપદેશ આ શાસ્ત્રકથા દ્વારા સમજાવ્યો

૨૨ એજન પૃ ૨૨૫

છે. ભારતીય સંસ્કારોની છબિ અહી પ્રગટ થાય છે અંધત્વમાં કરેલા અધર્મ સંકલ્પમાંથી જાગ્રત થયેલા જમદગ્નિને સત્ય ધીમે ધીમે લાધવા લાગ્યું અને એ રામને પોતાના હૃદયસરસો ચાંપીને પ્રેમથી ભેટી પડયા

અહી મુનશીની આગવી શૈલી સ્પર્શી જાય છે. રામે રેણુકાને ઉગારીને જમદગ્નિ ને ફરી પાછા ચેતનવંતા બનાવ્યા.

દાશરાજ્ઞ થવાથી અનાર્યરાજ ભેદની પત્ની સામે મૂંઝવણ ભરી સ્થિતિ સર્જાય છે. વસિષ્ઠ શશિપસીને આર્ય સંસ્કારોથી શુધ્ધિ કરીને એના ફરી કુશાશ્વ સાથે લગ્ન કરાવીને આર્યનારીની મર્યાદાને પ્રસ્થાપિત કરવા માંગતા હતા. શશિપસી રાજા ભેદની પત્ની બની રેહવા માંગતી હતી. કુશાશ્વ એને સમજાવવાનો ઘણો પ્રયત્ન કરી જોયો પણ એમાં એ ફાવી શક્યો નહી. શશિયસી સામે મુશ્કેલ ભરી પરિસ્થિતિ સર્જાતા એમાંથી ઉગરવાનો માર્ગ એને મળતો ન હતો. લેખક પાત્રની સામે મુશ્કેલી મૂકીને પાત્રને ગુંગળાવી નાંખે છે અને પાત્રની મૂંઝવણ પરાકાષ્ઠાએ પહોંચે ત્યાં તો અણધાર્યો વળાંક આપીને એને એ અવઢવમાંથી હેમખેમ બહાર કાઢે છે એમ બિલાડીવેશે લોપા આવીને શશિવસી અને એન પુત્ર શિબિનું અપહરણ કરી જાય છે.

દાશરાજ્ઞમાં વિજયી બનેલા સુદાસને ખબર પડી કે ભરતોના રાજ્યપદે કોઇ ભાર્ગવે વિશ્વામિત્રના પ્રપૌત્રને સ્થાપ્યો. ત્યારે સુદાસની ઊંઘ ઊડી ગઇ દોડતો દોડતો વસિષ્ઠમુનિ પાસે પોતાનો ઊભરો ઠાલવવા લાગ્યો. આ એક મુશ્કેલીમાંથી ઉગરવા આવેલા સુદાસને શશિયસીના અપહરણે પાગલ જેવો બનાવી મૂક્યો. શશિયસીને પાછી લઇ આવવા તત્પર બનેલા સુદાસને વસિષ્ઠે અને મર્યાદા નો ખ્યાલ આપીને શાંત પાડયો. ભાર્ગવ સામે યુધ્ધે ચઢવા માંગતા સુદાસને વસિષ્ઠમુનિ કહ્યું -

'પણ તમો આ ભાર્ગવને આડે શા માટે આવવા દઇએ?'

'કારણ, તમે ને હું ગઇ કાલના છીએ - એ આજનો ને આવતી કાલનો?

'એવો તે કેવોક છે!'

'જો જો. એની ઇચ્છા વગર આર્યાવર્તમાં સળી હાલવાની નથી. રાજન્' અમારા બધાનો પુરોહિત યુગ સંકેલાઇ ગયો. ને એને ગુરૂ સ્વીકારશે તે બચશે. મારું માનો તો એને જઇ લઇ આવો ને મારી જગ્યા એ સ્થાપો. હવે વસિષ્ઠ તમને કાંઇ નહીં અપાવી શકે. વિદ્યા ને તપ મારી બધી શક્તિ માંગી રહ્યાં છે [૨૩]

સંસ્કાર પર વિશેષ ભાર આપનાર, સુદાસને દાશરાજ્ઞમાં વિજય અપાવીને ચક્રવર્તીરાજા બનાવનાર વસિષ્ઠ જેવા બ્રહ્મર્ષિ પણ રામના પાત્રની પ્રશંસા કરે છે ત્યારે રામ મહામાનવ હોવાની પ્રતીતિ થાય છે રામ હિંસા દ્વારા આર્યત્વને એકત્વના બંધને બાંધવા તૈયાર થયા હોય એવી છાપ ઉપસતી જાય છે.

સિંધુથી સિંહલને એક કરવા માટે રામે શસ્ત્રવિદ્યાનું જ્ઞાન આપીને યુવાનોને તૈયાર કરીને એમના સંકલ્પને પૂર્ણ કરવાનો યજ્ઞને આરંભ્યો. વર્ણદ્વેશ, જાતિ અસમાનતા ભુલાઇ જવાથી પ્રજા સંસ્કારથી આર્ય બનવા લાગી. આવે સમયે રામનું અભિમાન કોઇને સમજાતું ન હોતું. આ અંગે

૨૩ એજન પૃ.૨૪૮

સુદાસ, શિબિ દુષ્યંત અને અન્ય રાજાઓ ઋષિઓ ચર્ચા કરે છે. લેખકે આ પરિવેશને ઊભો કરીને રાજ્ય વ્યવસ્થા કેવી હોવી જોઇએ એના આદર્શ વિચારો નીચેના વર્ણનમાં દર્શાવ્યા છે.

'આર્યત્વ ક્ષીણ બને તેનો તમને ડર છે, તેને વિશુદ્ધ રાખવાનો એક જ માર્ગ છે. વિદ્યા, તપ ને સંયમ સેવતા હોય તેને નિર્ભય કરવા. રાજ્યશક્તિ ને વૈશ્યવૃત્તિ ન સ્પર્શે ત્યાં તેમને રાખવા.'

આદર્શ રાજ્ય માટેના ગૃહિતો અહીં નિરૂપાયેલાં છે. આર્યવર્તમાં શાંતિ અને સુલેહભર્યું વાતાવરણ સર્જાયું ત્યારે રામે અનેક યોદ્ધાઓને સશસ્ત્ર તાલીમ આપીને તૈયાર બનાવવા પાછળ એમની દુરંદેશી નજર હતી. એમને ખાતરી હતી કે : અર્જુન ક્યારેક તો આર્યવર્ત પર હુમલો કરશે જ

અર્જુન પોતાનું સૈન્યને લઇને આર્યવર્ત પર ચઢી આવ્યો. ત્યારે પરાશરમુનિ આર્યવર્ત પર આવનારી ભયંકર આંધિને દૂર કરવા પરાશર મુનિએ આસિન્દિવત્‌ના રાજા ત્રૈચ્યારણને યુધ્ધમાં થનારી ભયાનક સ્થિતિનો ચિતાર આપીને અર્જુનનો મુકાબલો સશસ્ત્ર રીતે નહી પણ અહિંસાને માર્ગે કરવાનું સૂચન કર્યું, આજીજી કરી પણ શૌર્ય અને સાહસમાં રાચતી આ પ્રજાએ પરાશરના સત્ય વચનો તૃણ વચનો સમજીને એમની હાંસી ઉડાવવા લાગ્યા.

હિંસાથી આર્યત્વને એક બનાવવા મથતાં પરશુરામમાં મુનશીના વિચારો જ પ્રતિબિંબિત થયા છે પરંતુ હિંસાના જોરે સત્તા ચલાવવા માંગતા મુનશીએ ગાંધી વિચારોને અને એમના આદર્શોને ય સહર્ષ સ્વીકાર્યા છે. ત્રેપ્યાસણને સમજાવતા પરાશરમુનિ સંવાદમાં ગાંધીવિચાર ભાવને આમ ગૂંથી લીધા છે.

'હિંસાથી કાંઇ વળે એમ નથી. માત્ર હિંસા વધશે.' મુનિવરે કહ્યું.

'એટલે શું કરીએ? હાથ જોડી બેસી રહીએ?' કંટાળીને સેનાપતિએ પૂછયું.

'તૈયારી કરવી છોડી દો.' મુનિએ કહ્યું.

'એટલે હું કાયર થઇ શરણે જાઉં - કે નાસી જાઉં?' જરા ગુસ્સે થઇ ત્રૈચ્યારણે પૂછયું.

'ના, એને શરણે જાઓ. એની હિંસાને તમારી અહિંસાથી જીતી લો. નહીં તો આસિન્દિવત્‌ છોડી જતા રહો - જંગલોમાં - જ્યાં એ દાવાનળની આંચ ન પહોંચે ત્યાં.'[૨૪]

આસિન્દિતના યોધ્ધાઓમાં રાષ્ટ્ર પ્રત્યેના અનહદ રાષ્ટ્રભાવને પરિણામે એ સહસ્ત્રાર્જુનના સૈન્ય સાથે મુકાબલો કરીને પોતાના રાષ્ટ્રને ઉગારવા ઉત્સુક એવા પ્રતાપી. શૌર્યવાન યોધ્ધાઓ પરાશરમુનિના આંતર દર્શનને સમજવામાં ઊણાં ઊતર્યા. પોતાના વીરત્વનું ભારોભાર અપમાન થયું હોય એમ લાગવાથી પરાશરમુનિને અપમાનિત કરીને મારીને કાઢી મૂક્યો. અપમાનિત થયેલા એવા પરાશરમુનિ આ રાષ્ટ્રને ઉગારવાના અડગ સંકલ્પધારીને અર્જુનના માર્ગે ઊભા રહ્યા. મુનશીએ અહીયા પરાશરમુનિના મનોગતને સુપેરે વર્ણવ્યું છે. એમનું અભિજ્ઞાન એમને અભિશાપ રૂપ લાગ્યું. કોઇપણ ભોગે ત્રચ્યારણ રાજાને ઉગારવા એ અર્જુનને માર્ગે ઊભા રહ્યા. અર્જુન એના સૈન્યને લઇને આવ્યો. એમના સૈન્યની આડા ઊભા રહીને વિનવવા લાગ્યો, પાછા ફરવાનું સૂચન કરવા લાગ્યો. કાકલૂદી - આજીજી કરવા લાગ્યો. પણ વેરના નશામાં અંધ બનીને આવેલો એતો અર્જુન ગાંડા જેવા મુનિને મારીને એમને માર્ગે આગળ વધ્યો. અર્જુનથી

૨૪. એજન પૃ.૨૫૮

ઘાયલ બનેલા મુનિ બેભાન થઇને પડયા.

બેભાન બનેલા મુનિને માછીકન્યા લઇ જાય છે. અહીં લેખકે 'કૃષ્ણાવતાર' નવલકથાના છઠ્ઠાખંડ 'કૃષ્ણ દ્વૈપાયનવ્યાસ' ની પૂર્વભૂમિકાને બાંધી આપી છે.

અર્જુનને સશસ્ત્ર યોધ્ધાઓ લઇને આવતો જોઇને વસિષ્ઠે રામની ગેરહાજરીમાં આર્યોને ઉગારવા ગમે ત્યાં છુપાઇ જવાની સૂચના આપી. ઋષિના સંસ્કારનું અક્ષરસ: પાલન કરતા હોય એમ પોતે આશ્રમને છોડવાની સ્પષ્ટ ના પાડી. આર્યાવર્તને ઉગારવા અથવા તો આર્યાવર્ત માટે પ્રાણ ન્યોછાવર કરવાના મક્કમ નિર્ણય સાથે તે આશ્રમમાં બેઠા. આસિન્દિવત્‌ને લૂંટીને આગળ વધતાં અર્જુનને કોઇ પડકાર ફેંકે એવો રાજા મળ્યો નહીં. એના વિસ્મયનો પાર ન રહ્યો. ભૃગુઓને મારી નાખવાની મેલી દાનતે આવેલો અર્જુન વસિષ્ઠના આશ્રમને ખાલી જોતાં અસંતુષ્ટ થયો. વસિષ્ઠને એ મારવા ગયો પણ મહાન ઋષિએ પોતાના તપોબળથી પ્રાણ છોડયો.

ઋષિઓના પાત્રને ગૌરવશાળી બનાવવા અહીં વસિષ્ઠમુનિને તપોબળ દ્વારા મૃત્યુ કરાવ્યું છે. અર્જુનનું શૌર્ય અને વસિષ્ઠની ભક્તિ આ બેમાંથી ભક્તિ સર્વેસર્વા બનીને ઊભી રહે છે. ઋષિ આગળ તાકાત ન ચાલવાથી ક્રોધિત થયેલો અર્જુન આશ્રમને લૂંટીને સળગાવીને આગળ વધ્યો. એ જમદગ્નિને આશ્રમે ગયો. આ આશ્રમને જોતાં જ એને મૃગાનું મૃત્યુ રુરુનું મૃત્યુ અને હજારો સૈનિક યોધ્ધાઓના મૃત્યુનું સ્મરણ થઇ આવ્યું લેખકે પાત્રના ક્રોધને પરાકાષ્ઠાએ લઇ જવા અહીં પૂર્વ ઘટનાઓનું સ્મરણ કરાવ્યું છે. કથા પ્રસંગને જીવંત બનાવવા સહસ્ત્રાર્જુન અને જમદગ્નિ આ બે પાત્રો વચ્ચે તલવારબાજી જેવા ચબરાકિયા સંવાદો પ્રયોજીને અર્જુનના અધર્મીપણાને અને ઋષિના ભવ્યપનાને વર્ણવ્યાં છે. ભયને બતાવીને પોતાના પુરોહિત બનાવવાનો પ્રયત્ન કરતા અર્જુનને જમદગ્નિએ એના ભયને તૃણ તોલે ગણીને એનું અસહ્ય અપમાન કર્યું. અપમાનિત થયેલો અર્જુન ઋષિને મારી નાંખવાની ધમકી આપવા લાગ્યો. છતાંય અચળ એવા ઋષિએ અર્જુનના ભયને ન ઓળખ્યો. આથી કોપાયમાન બનીને ઋષિને ઝાડ સાથે બાંધી દીધોને પોતાને લાગેલા શાપમાંથી મુક્તિ આપવા અત્યાચાર આદરવા માંડયો. પરંતુ એ ઋષિને હલાવી શક્યો નહી ત્યારે એને એમનાં ખભા પર તીર મારીને ઘાયલ કરીને આગળ વધ્યો. અર્જુન તો ગયો. પરંતુ તીરથી ઘાયલ થયેલો ઋષિ રામને યાદ કરવા લાગ્યા. તત્સુઓને યુધ્ધ આપીને ફરી પાછો આશ્રમે આવીને ઋષિપર અત્યાચાર આદરવા લાગ્યો. આર્યવર્તને ધૂળમાં રોળવાની મહેચ્છાએ અર્જુન આવ્યો પણ એ વસિષ્ઠ ઋષિ અને જમદગ્નિને ય ધૂળમાં ન મેળવી શક્યો. બીજી બાજુએ રામ, ભરત, યદુ, તુર્વસુ, અનુ અને દ્રહ્યુ યોધ્ધાઓને લઇને ભાર્ગવના થાણે આવ્યો. અર્જુનનો પૂરેપૂરો પ્રતિકાર કરવાના બુલંદ ઇરાદાથી રામે અનેક સૈન્યના રાજાઓને ચારેય દિશાઓમાં મોકલીને વ્યૂહ ગોઠવ્યો. અહીં યુધ્ધ વ્યવસ્થામાં રામનું મુત્સદીપણું પ્રગટ થાય છે. સહસ્ત્રાર્જુનનો મુકાબલો કરવા માટે રામે ગોઠવેલી યુધ્ધ રચનને અંતરાય અવળે બીજા વિશ્વયુધ્ધમાંની રશિયનની વ્યૂહરચનાનો મુનશીએ કરેલો અનુકરણ જેવા લાગે છે.[૨૫] ચોથે દિવસે રામે છ હજાર સુંદર ઘોડા, છ હજાર કસાયેલા ભાર્ગવ યોધ્ધાઓ, છ હજાર પરશુઓ, છ હજાર મહારથીયો સાથે તત્સુગામમાં પ્રવેશ કર્યો. ત્યારે આબાલવૃધ્ધોના મુખપર આનંદના

૨૫. એજન પૃ.૨૧૨

ભાવ પ્રગટી ઊઠયા. સૌ કોઇના મુખે અર્જુનના ખૌફમાંથી ઉગરવાનો એક જ માર્ગ હોય એમ રામ તરફ જોવા લાગ્યા 'ભાર્ગવ આવે છે.' આ ઉક્તિને વારંવાર બોલાવીને રામ અહી અતિમાનવ હોવાની પ્રતીતિ કરાવે છે.

બીજી બાજુએ, અર્જુન જમદગ્નિ પર તીર મારીને ઘાયલ કરતો અને એ તીર કાઢીને ફરી તીર મારીને ઋષિને પારાવાર પીડાનો અહેસાસ કરાવીને પોતાની પાશવીયતા પ્રદર્શિત કરતો

'ટેકરી પર ઘોડાઓ થનગનતા. અણગણ પરશુનાં વનો ઊભાં હતાં. બધાની વચ્ચે, બધાથી આગળ એક કાળો ઘોડો હતો. જાણે અગ્નિજવાળાઓનો શ્વાસનિશ્વાસ લેતો. તેના પર એ જ શરીર - એ જ મુખ, - એ જ કાળી જટા ને દાઢી પણ જરા વધારે ભરાવદાર - એ જ પરશુ પણ જરા વધારે મોટી, - એ જ આંખો, એને કોરતી દઝાડતી!

વન ઝંઝાવાતથી થીંઝાઇ જાય, તેમ આ સૈન્ય હૈહયદળને વીંઝી નાખ્યું. અપ્રતિહતવીર્ય તેમના દારુણ અથડાટથી હૈહયસમૂહ થરથર્યો, વળ્યો, તૂટયો ને ભાગ્યો. કુહાડાઓના ઘાથી શિરો છેદાયાં ને ધડો ભોંયે પડયાં. ઘોડાઓએ માણસો છૂંદી નાખ્યાં, રથો ઉથલાવી પાડયા. ભાર્ગવોના ઘોડા અડોઅડ, જાણે એકબીજા સાથે જોડાયા હોય તેમ, ઘૂઘવાતો, રેલનો ઘોડો વધે તેમ, વેગભર્યા આગળ વધ્યા.

હજારો હૈહયો હણાયા હજારો છૂંદાઇ ગયા, હજારો નદીમાં પડી ડુબી ગયા. હજારો નાસી ગયા - ચાતો દોડીને નદી તરીને -[૨૯]

અર્જુનના સૈન્યનો ખાત્મો કરીને રામે સહસ્ત્રાર્જુનને યુદ્ધ આપ્યું. અર્જુન અને રામ વચ્ચે અઘોર યુદ્ધ થવા લાગ્યું. રામને મારી નાખવા તત્પર થયેલા અર્જુનના એક પછી એક ઘા નિષ્ફળ થવા લાગ્યાં. જેમ જેમ અર્જુન નિષ્ફળ જવા લાગ્યો તેમ તેમ એનો ક્રોધ ભભૂકી ઊઠવા લાગ્યો અને એ પ્રચંડ વેગે રામ પર પ્રહાર કરવા લાગ્યો. રામ અર્જુનથી ય બાહોશ અને ચતુર યોધ્ધાની જેમ એને પછડાટ આપવા લાગ્યો અને અંતે રામે અર્જુનની છાતી પર ચઢીને માર્યો. અર્જુન બેભાન બની ગયો. રામે અર્જુનને બાંધી દેવાનો આદેશ આપ્યો. બીજીબાજુ એ પોતાના પિતાની અવદશા અને પીડાકારક સ્થિતિને જોતાં જ હૃદયથી કંપી ગયેલો રામ 'પિતાજી - પિતાજી!' કહીને જમદગ્નિ પાસે ગયો

યુધ્ધકળામાં પ્રવિણ એવો, રામથી ઘવાયેલો માહિષ્મતી નો ચક્રવર્તી રાજા કોપાયમાન થઇને અંતે ય પોતાની અધર્મીવૃત્તિને વશવર્તીને એક સાથે બે નિશાન તાકીને જમદગ્નિ અને રેણુકા ને મારી નાંખે છે. અહીં મુનશીએ રામના શૌર્યને બિરદાવ્યું છે.

અર્જુનને તીરમાર્યું એ જ ક્ષણે રામે ડંકનાથને ત્યાંથી અઘોરી વિદ્યા શીખી હતી એનો પ્રયોગ અહીંયા થયો છે. ડંકનાથની જેમ ભયાનક ચિચિયારી સાથે અર્જુનપર કુદકો મારીને એના ગળામાં નખ માર્યા. અર્જુનના ગળામાંથી લોહીની ધારાઓ વહેલા લાગી અને એ મૃત્યુ પામ્યો.

આમ આ નવલકથાનો અંત અર્જુનના મૃત્યુથી થાય છે અને રામ સિંધુથી સિંહલને એકતાના બંધનમાં બાંધવામાં પૂર્ણપણે સફળ થાય છે.

---

૨૯ એજન પૃ.૨૯૮

"'લોમહર્ષિણી' નવલકથાનો નાનકડો રામ આ કૃતિમાં 'ભગવાન જામદગ્નિય' બની જાય એવું આ કથામાં થયેલું તેનું આલેખન નાટકી લાગવાનું."[૨૭] મુનશીની મર્યાદા નો નિર્દેશ કર્યા પછી તેઓએ કહ્યું છે કે ' પણ એવું આલેખનરૂઢિ. અને મર્યાદા ગણો તો મર્યાદા છે ' આમ બે પ્રકારે મુનશીને મૂલવવાનો એમનો દષ્ટિકોણ રહ્યો છે. મારી દષ્ટિએ અહીં આ કૃતિમાં મુનશીએ રામને 'ભગવાન પરશુરામ' બનાવવા સુધીનું લક્ષ્યને રાખ્યું છે શીર્ષક જ એ વાતનો નિર્દેશ કરે છે. પુરાણોમાં ક્યાંય પરશુરામના પાત્રને ભગવાન રૂપે ઓળખાવવાનો પ્રયત્ન થયો નથી. એ ભગવાન નથી અને છતાંય એ પાત્રનાં અપ્રતિમ પરાક્રમોને કારણે મુનશી એને માનવમાંથી ભગવાન સુધી લઇ ગયા છે.

મુનશીના જીવનકાળની આ એક 'મહાગાથા' છે. એમની આ યશસ્વી કૃતિ બની રહી છે. રામએ આ કૃતિનું પ્રમુખ પાત્ર છે અને નાયિકા લોમા છે કાર્તવીર્ય સહસ્ત્રાર્જુન ખલનાયક તરીકેનું કામ કરે છે. સમગ્ર કૃતિના કેન્દ્રસ્થાને રહેતાં પાત્રો પોતાનો પ્રભાવ કૃતિપર છોડી જાય એમાં તો સર્જકની સર્જકતાની કસોટી થતી હોય. પરંતુ આ કૃતિમાં આવતાં ગૌણ પાત્રો પણ આગવી છાપ ઉપસાવીને જીવત બની જાય છે

દા ત. ભદ્રશ્રેણ્ય. મૃગા. વિમદ. પ્રતીચ. અને રોહિણી વગેરે

---

૨૭. ગદ્યાક્ષાત અનતરાય રાવળ. પૃ ૨૪૮.

## 'કૃષ્ણાવતાર'

પૂર્ણપુરુષ કૃષ્ણનું ચરિત્ર આલેખન આ નવલકથાનો આશય છે તેથી જ વિસ્તાર ઘણો થઇ જાય એ સ્વાભાવિક છે. આ નવલકથા આઠ/નવ ખંડમાં વ્યાપી છે. એ સઘળા ખંડોમાં કથનકેન્દ્રનું અને કથનકલાનું સાતત્ય જળવાઇ રહેતું હોવાથી સળંગ રીતે ચર્ચા કરવાનું ઉચિત માન્યું છે. નાયક પુરાણકથાનો છે અને સર્જનકૃતિ નવલકથા છે એટલે પાત્રો અને વિગતો પરત્વે ઘણું ઘણું નવું અહીં મળે છે તેની ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે. મુનશીની અન્ય નવલકથાઓ કરતાં આ કૃતિના ખંડોમાં ક્યાં ક્યાં મુનશીનું અભિવ્યક્તિ શિલ્પ નજરે ચઢતું નથી તેની પણ વિગતે છણાવટ કરી છે

જીવનનાં અંતિમ વર્ષોમાં કનૈયાલાલ મુનશીએ પૌરાણિક કથાનકોને આધારે નવલકથાઓનું સર્જન કર્યું છે 'લોપામુદ્રા' નો પ્રથમ ખંડ 'વિશ્વરથ', 'લોમહર્ષિણી', 'ભગવાન પરશુરામ' અને છેલ્લે 'કૃષ્ણાવતાર' એમની પાસેથી મળે છે પ્રતાપી અને મહત્વકાંક્ષી, શૌર્યથી ઉભરાતાં, અનેરું સાહસ કરીને પોતનો પ્રબળ પ્રભાવને અનેક પર પાડતાં એવાં 'અતિ માનવ' કહી શકાય એવાં પાત્રોને ઉપસાવતા મુનશીના હાથે 'કૃષ્ણ'નું પાત્ર કઇ રીતે દૂર રહી શકે?

પોતાના બાળપણથી જ કલ્પના સૃષ્ટિમાં જડાઇ ગયેલી શ્રી કૃષ્ણની છબિની વાંત કરતાં પ્રસ્તાવનામાં તેઓ નોંધે છે કે -

"મને એમનાં જીવન અને પરાક્રમોની કથા નવેસરથી રચવાની વારંવાર ઇચ્છા રહ્યા કરતી હતી. આ કાર્ય અશક્ય હતું, છતાં ભારતના અસંખ્ય સાહિત્યકારો માફક હું પણ મારી પાસે જે કઇ કલ્પના તથા રચનાત્મક સર્જન શક્તિ છે એ વડે એમને નાની શી અંજલિ આપ્યા વિના રહી શક્યો નહી "

આ કૃતિ લખવા માટે એમને મુખ્યત્વે હરિવંશ, અન્ય પુરાણો, દંતકથાઓ અને પોતાની કલ્પના દ્વારા સર્જિત ઘટનાઓનો વિનિયોગ કર્યો છે. હવે કૃતિને આધારે કૃતિની તપાસ કરીએ.

"કૃષ્ણાવતાર" ના આરંભમાં પૃથ્વી વિષ્ણુ પાસે જઇને પોતાના પર ફાલી રહેલા પાપાચારોને નષ્ટ કરવા માટે ફરિયાદ કરે છે. ભગવાને એ પાપાચારો દૂર કરવા માટે વચન આપ્યું. કૃષ્ણના આગમનનું કારણ જ આ છે. કૃતિ માટેની ભૂમિકા બાંધીને મુનશીએ બ્રહ્માના બે પુત્રો અત્રિ અને દક્ષની અને પછીના વંશવેલાનો સંક્ષિપ્ત અહેવાલ આપીને વસુદેવ અને મથુરાના રાજા સુધીની માહિતી આપી છે. કંસ અને નારદ વચ્ચેના મિલન પ્રસંગમાં પાછળ બનનારી ઘટનાઓનું બીજ મુકાયું છે. ઉધ્ધત, અભિમાની, પાપાચારી અને અધર્મી એવો કંસને લેખકે પાત્રની ક્રિયાઓ, વાણી, વર્તનથી ઉઠાવ આપીને પાત્રના આંતર અને બાહ્ય જગતની રૂપરેખાને ચિત્રણ કરવાને બદલે વિશેષણો વાપરીને પાત્રને ચોક્કસ કહી શકાય એવા ચોકઠામાં બેસાડયું છે.

અભિમાની સ્વભાવના કંસને અધર્મની સીમાને ઓળંગતો જોઇને નારદમુનિએ કહ્યું કે: 'તારા કાકાની પુત્રી દેવકીનું આઠમું સંતાન તારો સંહાર કરશે.' [૧]

મૂળકથાનકમાં આપણે ઉપલબ્ધ થાય છે એ જ પ્રમાણે કંસ દેવકીને મારી નાંખવાનો પ્રયાસ કરે છે પરંતુ વસુદેવે દેવકીને બચાવવા પોતાના પુત્રોને કંસને આપી દેવાનું વચન આપ્યું. આથી કંસે દેવકી-વસુદેવને કારાગારમાં પૂરીને એમના પર સખત ચોકી પહેરો મૂક્યો. કંસના આવા વર્તનથી ડઘાઇ ગયેલી પ્રજા એના પ્રત્યે તિરસ્કાર વર્તાવા લાગી.

પોતાના મૃત્યુને ખાળવા તત્પર બનેલો કંસ પાપાચાર, અને અધર્મી આચરણ કરીને પ્રજાને ત્રાહિમામ્ પોકારાવતો. બીજી બાજુએ, મહત્વાકાંક્ષી કંસે બાણના સહયોગથી જરાસંઘની બે પુત્રીઓ અસ્તિ-પ્રાપ્તિ સાથે લગ્ન કરીને પોતાની તાકાત વધારી.

સમય જતાં દેવકીએ પ્રથમ સંતાનને જન્મ આપ્યો. સત્યવક્તા વસુદેવે વચન પ્રમાણે પોતાના વહાલસોયા પુત્રને કઠોર હૃદયે કંસને સોંપ્યો. અક્રૂર કંસને અધર્મ કાર્ય કરતાં અટકાવવાનો પ્રયાસ કર્યો પરંતુ પોતાના જીવનના ભોગે કોઇ જોખમ ઉઠાવવા કંસ તૈયાર ન હતો. એને નિર્દયતાથી દેવકીના સંતાનને મારી નાંખ્યું.

મુનશીએ કંસના આ દુષ્કૃત્યને, પ્રજાના પ્રતિભાવો એન વસુદેવ દેવકીના હૃદય સ્પર્શી કરુણ વિલાપથી ઉપસાવ્યો હોત તો પ્રસંગ વધુ હૃદય સ્પર્શી બનત

વ્યાસમુનિનુ આગમન અહીં દેવકી-વસુદેવને આશ્વાસનરૂપ બનીને અટકી જાય છે. વ્યાસના આગમન પૂર્વે કંસ અને અક્રૂર વચ્ચે રચાયેલા સંવાદોના માધ્યમથી સર્જકે હસ્તિનાપુર નરેશ ભીષ્મ અને હસ્તિનાપુરની રાજ્યવ્યવસ્થાની ઝાંખી કરાવે છે. મૂળ કથાનકની સાથે સાથે હસ્તિનાપુરની કથા એટલે કે કુંતીના જીવનમાં બનતી ઘટનાઓ આલેખાઇ છે.

સત્યવતી સામે વિકટ સ્થિતિ ઉત્પન્ન થવાથી એમણે વ્યાસમુનિને તત્કાળ પાછા બોલાવ્યા. આ પ્રસંગનું આમ નિરૂપણ થયું છે.

"ભીષ્મે કહ્યું: 'પાંડુની પત્ની કુંતી વંધ્યત્વનું દુ:ખ સહન કરી શકતી નથી; એટલે તેણે અગ્નિપ્રવેશ કરવાનો નિર્ણય કર્યો છે.'

'અરે, આના કરતાં તો હું મૃત્યુ પામી હોત તો સારું થાત!' સત્યવતીએ ઉદ્ગાર કાઢ્યો અને નિરાશ બનીને કપાળ પર હાથ મૂક્યો." [૨]

કુંતીએ તરુણ અવસ્થામાં 'પુત્ર પ્રાપ્તિ' નો મંત્ર દુર્વાસામુનિ પાસેથી વરદાન રૂપે મળ્યો હતો. એ મંત્ર વિશે એનામાં શંકા-કુશંકાઓ જાગવાથી મંત્રને ચકાસવા જતાં 'કર્ણ' નામનો કવચ-કુંડળધારી પુત્રને જન્મ આપ્યો. મૃગરૂપે સંવનન કરતા ઋષિ પર પાંડુએ બાણ છોડીને એમની હત્યા કરી આથી ઋષિએ શાપ આપતાં કહ્યું કે: જેમ હું સંવનન કરતાં મૃત્યુ પામ્યો એમ તુંય મૃત્યુ પામીશ.' આવી પરિસ્થિતિ કુંતી સામે ઊભી થઇ હોવા છતાંય આ પાત્ર પોતાની પાસે રહેલા "પુત્રમંત્ર" નો પ્રયોગ કર્યો ન હતો. પરંતુ પાંડુરાજાની આજ્ઞાને અનુસરવા એણે મંત્ર પ્રયોગ કરીને પુત્રોને જન્મ આપ્યો હતો. લેખકના મનમાં આ કથાનાં બીજ હોવા છતાંય એમણે

---

૧ 'કૃષ્ણવતાર', લે. ક.મા.મુનશી, પ્ર.વર્ષ ૧૯૮૪, પાંચમી આ. પૃ.૭

૨. એજન. - પૃ.૨૬

અહીંયા કુંતી પુત્રને જન્મ આપવા થનગનતી અને પુત્ર માટે તલસતી વ્યાકુળ થઇ ઉઠતી સામાન્ય નારી તરીકે ઉપસાવી છે કુંતીની વેદના વ્યક્ત કરતાં મુનશીએ લખ્યુ છે કે-

'અરે, સુખ મને કદાપિ મળવાનું નથી; મારે તો મરવું જ રહ્યું' બાળકો મને કેટલાં વહાલાં છે તે તો તમે જાણો છો. મારા બાળકનું મોઢું એ જન્મ્યો ત્યારે મેં જોયું. ફરી બીજી વાર મેં એ જોયું નથી! પણ રાત ને દિવસ મારે માટે તલસતો અને મારી વાટ જોતો મારો એ લાડીલો મારી નજર આગળ તર્યા જ કરે છે. જન્મતાવાર તેનો ત્યાગ કરનારી હું તેની માતા ગોઝારી છું. તમે એને ન લઇ ગયા - અહા, કેવો સુંદર હતો એ!... ... પ્રભુ મને ક્ષમા કરો! હું ગાંડી થઇ ગઇ છું અને મારે પેટે જન્મવા અધીરાં થયેલા મારા બાળકો મૃત્યુ સુધી મારો કેડો મૂકશે નહીં. મારે હવે મરવું જ છે. પ્રભુ મારે માટે એ જ માર્ગ રહ્યો છે."[3]

દેવકીના પ્રથમ સંતાનને યમના દ્વારે કંસે મોકલી આપ્યું પછીનાં પાંચ સંતાનોની વાતને મુનશી કલાકિય સૂઝથી કાઢીને કથાને ઉપયોગી એવા સાતમા સંતાન પર આવી જાય છે. પોતાના કાળને ઊગતો ડામી કઇને પોતાને સુરક્ષિત બનાવવા કૃતનિશ્ચયી બનેલા કંસે દેવકીના સાતમા સંતાનના જન્મ પૂર્વે સખત પહેરો ગોઠવી દીધો અને બારીક તપાસ કરવા લાગ્યો. અપૂરતા સમયે ગર્ભને કાઢીને ગંર્ગાચાર્ય બાળકને લઇને નંદને ત્યાં મૂકીને મૃત્યુ પામેલી બાળકીનો દેહને કંસ સામે મૂકવામા આવ્યુ છે કસથી સાતમા બાળકને બચાવવા માટે અક્રૂર અને ગર્ગાચાર સક્રિય બનીને વ્યૂહરચના ગોઠવે છે. એમના વ્યૂહ પ્રમાણે કંસ એમાં ફસાઇ જાય છે.

હવે આઠમા બાળકની રાહ જોતાં મથુરાલોકોમાં શું વાર્તાલાપ ચર્ચાય છે એ જાણીને પોતને કેવા પગલાં લેવા પડશે એ માટે કટિબધ્ધ થયેલો કંસ નંદને બોલાવીને 'તારણહાર' વિશે પૂછપરછ કરે છે. કથાનકમા આવતાં પ્રસંગો અહીયા અત્ર તત્ર વિખરાયેલા હોય એવી છાપને ઉપસાવે છે. પ્રસંગો, એક મેકમાં ગૂંથાઇને પ્રસંગોની શૃંખલા રચાતી નથી ક્યાંક કશુંક ખૂટે છે. પ્રસંગો એકમેક સાથે અનુસંધાન સાધવામાં ઊણાં ઉતર્યા છે.

'તારણહાર જન્મશે જ!' એમ લોકો માનવા લાગ્યા. સાતમા બાળકનો ઉદ્ધાર થયેલો જાણી ને પોતાનો આઠમો બાળક પણ ઉગરી જશે એવી દેવકી આસ્થા ધરાવવા લાગી. પોતાના મૃત્યુના નિમિત્તને ઉગતો ડામી દેવા કંસે કાળઝાળ બનીને પોતાનાં વિરોધી તત્ત્વોને કડક હાથે દાબી દેવા સિવાય છૂટકો જ નહોતો. પણ અહીં આ પાત્ર આટલું ગતિશીલ બનતું નથી. કોઇપણ વસ્તુને ઉપસાવવા એની પ્રશ્ચાદભૂમિકાને ઉઠાવ આપવો પડે. કંસ અધર્મને આંબીને પાપાવચારની સીમા ઉલ્લંઘન કરીને ક્રૂર અત્યાચાર આચરતો હતો એવા કંસને મારવા વિષ્ણુએ પૃથ્વી પર અવતરવાનું પૃથ્વીને વચન આપ્યું. સહસ્ત્રાર્જુન જેવા ખલનાયકનું ચરિત્ર ચિત્રણ કરનાર કે શમ્બર ના ચરિત્રને સમર્થતાપૂવર્ક ઉપસાવનાર મુનશી ઉતરાર્ધ સમયમાં 'કંસ' ના પાત્રને યોગ્ય ન્યાય આપી શક્યા નથી એમ લાગે છે.

છ-છ બાળકોની નિર્મમ હત્યા કરનાર કંસના હાથે આઠમું સંતાન ઉગરશ કે કેમ? આ વિચારે દેવકીની શ્રદધા ડગમગી જતી હતી. પછી પુરાણ કથામાં મળે છે તેવા કૃષ્ણના જન્મ સમયના ચમત્કારોનું સંક્ષિપ્ત આલેખન કરીને લેખક આગળ વધે છે. સાતમા બાળક વખતે મૃત

3. એજન. - પૃ ૪૫.

છોકરીનો દેહ કંસને આપ્યો એમ આઠમા સંતાન વખતે ય આપે છે.

આઠમા સંતાન પૂર્વે કંસની મન:સ્થિતિનું વર્ણન કરતાં લેખક લખે છે.

'પોતાના માનસનો કબજો કરી બેઠેલો ભય, કંસ કોઇ પણ રીતે દૂર કરી શક્યો નહીં, કેમે કરી એની રાત વીતી નહીં. કોઇનો સહારો લઇ શકાય તેમ નહોતું એના પોતાના માણસો એનાથી ગભરાતા હતા; એની પત્નીઓ સુધ્ધાં એનાથી ડરતી હતી.' એના હજૂરિયાઓ એનાથી ગભરાતા હતા. અરે, ખુદ પોતાની જાતનો પણ એને ડર લાગતો હતો. પણ એને મનને મનાવવાનો પ્રયત્ન કર્યો કે આ બધું થોડી વારમાં વીતી જશે. એક વાર દેવકીના આઠમા બાળકને સ્વધામ પહોંચાડી દીધો કે પછી કોઇ જાતના ભયનું કારણ રહેશે નહીં!'[૪]

કંસ આઠમા બાળકને મારી નાંખવાનો પ્રયાસ કરે છે ત્યારે બાળકી અદ્રશ્ય બની જાય છે અને આકાશવાણી થાય છે કે કંસનો કાળ જન્મી ચૂક્યો છે. કંસે એ કાળને શોધીને એને મારી નાંખવાનો પ્રયત્ન કરવો પડે એ સ્વાભાવિક બની જાય, લોકો તારણહાર જન્મી ચૂક્યાના આનંદમાં ઝુમે છે. કંસ આ આનંદને કડક હાથે ડામવાને બદલે સાધુ પુરુષોને ભ્રષ્ટ કરીને અધર્મને માર્ગે લઇ જવાનો પ્રયત્ન કરે છે.

બીજી બાજુ, દેવકી પુત્ર વિયોગે દુ ખી બની અને નવજાત શિશુની મૂર્તિ બનાવીને એમાં પુત્રના દર્શન કરવા લાગી. અહીં મુનશીએ માતૃ હૃદયની મમતાને ચરિતાર્થ કરાવી આપી છે

લેખક ઝડપભેર આગળ વધે છે આથી કથા પ્રસંગો માત્ર પ્રસગો જ બની જાય છે એમાં કલાતત્ત્વની માવજત નજરે ચઢતી નથી. કૃષ્ણના નામકરણનો પ્રસંગ, બાળકૃષ્ણે લાત મારીને ગાડું ઊંધું કર્યું એ પ્રસંગ વગેરેનો દસ્તાવેજ મળે છે.

કંસ પોતાના કાળનો નાશ કરવા પૂતના નામની રાક્ષસીને શ્રાવણ માસમાં જન્મેલા બાળકોને ઝેરી સ્તનપાન કરાવીને મારી નાંખવાનું સૂચન કરે છે પોતાના રાજા કાળને મારી નાંખવા કૃતનિશ્ચયી થઇને મથુરાં અને એના આજુબાજુના વિસ્તારના તે સમયનાં બાળકોને પૂતના મારી નાંખવા લાગી. આવા સમયે નંદને ઘેર પુત્રજન્મના સમાચારથી શંકાથી પ્રેરાયેલા કંસે પૂતનાને આદેશ આપ્યો. પૂતનાએ યશોદાના પુત્રને મારી નાંખવા 'ના' પાડી. મુનશીએ મૂળ કથાનકમાં છૂટછાટ લઇને પૂતનાના પાત્રને થોડું સારું બતાવ્યું છે. કંસની આજ્ઞાની અવગણના કરવાના એના સાહસને લેખકે બિરદાવ્યું છે અને પૂતનાના હૃદયનું પરિવર્તન કરાવ્યું છે. નાનાં નાનાં બાળકોની હત્યા કરવાથી એનું લોકોમાં સ્થાન ઊતરી ગયું હતું. લોકો એને ધિક્કારવા લાગ્યા હતા. પૂતનાથી આ સહન થઇ શકતું ન હતું. તડપતાપુત્રનું મૃત્યુ અને પોતાના પતિ અને આઠ સંતાનોને મારી નાંખવાની ધમકીને લીધે પાત્ર ભારે ભીંસ અનુભવે છે. એકબાજુ આત્મ તિરસ્કાર અને પતિ પુત્રનું મોત છે અને બીજી બાજું કૃષ્ણને મારી નાંખવાની જવાબદારી સામે ઊભી છે. પોતાના સ્વજનને બચાવવા પૂતના કંસના આદેશને અનુસરે છે. નાનાં બાળકોને ઝેરી સ્તનપાન કરાવીને મૃત્યુને ઘાટ ઉતારનારી ક્રૂર હત્યારીણી પૂતના 'તારણહાર' ને મારતાં કેવી મૂંઝવણ અનુભવે છે એના મનોમથનને લેખકે નીચે પ્રમાણે વર્ણવ્યું છે -

---

૩. એજન, - પૃ.૪૬

"આવા સુંદર બાળકની હત્યા કરવાની ! એક ક્ષણભર એને એ કામ પડતું મૂકવાનું મન થઇ આવ્યું. આ બાળકની હત્યા કરવા કરતાં તો મરવું સારું. પણ, હવે એ માટે ના કેમ પાડી શકાય? પોતે માથે લીધેલું કામ એણે પૂરું કરવું જ રહ્યું.' પોતે જો એ કામ નહીં કરે, તો પોતાનો ને પોતાના પતિ પ્રદ્યોતનો, બન્નેનો મૃત્યુ વિના બીજો કોઇ આરો ન રહે. પોતાનાં આઠે આઠ સંતાનોની હત્યા કરવામાં આવે; અને પોતાંના આખા કુટુંબ પર કંસનો પ્રકોપ ફરી વળે. ગમે તે થાય. પણ આ બાળકનો નિકાલ કરવો જ રહ્યો. એના પછી તો પોતાનો છૂટકો થશે ને? એ પછી કોઇની હત્યા કરવાનું કામ માથે નહીં લેવું પડે!"[૫]

નટખટ અને નિર્દોષ એવા કૃષ્ણને જોતાં અંજાઇ ગયેલી પૂતના ક્ષણવાર એની હત્યા કરતા પૂર્વે ખચકાટ અનુભવે છે. એનું માતૃત્વ જાગ્રત થતાં લાગણીના પ્રવાહમાં તણાય છે જે એને હત્યા કરતાં રોકે છે પરંતુ ફરીથી માથાપર ભય સવાર થતાં સ્તનપાન કરાવવા લાગી. કૃષ્ણ તો આનંદપૂર્વક સ્તનપાન કરવા લાગ્યો. જીવનભર ન અનુભવ્યું હોય એવૂ અકલ્પ્ય સુખ માણતી પૂતનાની સ્થિતિ વર્ણવતાં મુનશીએ નોંધ્યું છે-

'હા, હું તારા પર મારું સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર છું મારા લાલ' એના મગજમા એક વિચાર ઝબકી ઊઠયો, 'હું તારી જ છું!'[૬]

પૂતનાને મુનશીએ કૃષ્ણની ગજબની મોહિની લગાવીને-કૃષ્ણને આત્મ સમર્પણ કરતી આલેખી છે સ્તનપાન કરાવતાં કરાવતા પૂતના મૃત્યુના મુખમાં જતી રહ્યા પછી એના મુખપર માતૃત્વનું તેજ વિલસી રહ્યુ. પૂતનાનો પ્રસંગ રસ પૂર્વક નિરૂપાયો છે પણ તૃર્ણાવતનો પ્રસંગ સપાટી પરનો પ્રસંગ બની રહે છે. કૃષ્ણે આ તૃર્ણાવતને કઇ રીતે માર્યો એ રહસ્યનો આલેખન અહીં અપાયો છે. આજ રીતિનો આધાર લઇને 'વસ્ત્રાહરણ' અને 'યમલાર્જુન' પ્રસંગનું નિરૂપણ મળે છે માત્ર રાધાનો અહીં પ્રવેશ કરાવીને કૃષ્ણ-રાધાના સંવાદોમાં કૃષ્ણનું નટખટપણું અને રાધાનો કૃષ્ણ પ્રત્યેનો અનન્ય એવો પ્રેમ કથારસને જાળવી રાખે છે

'વસ્ત્રાહરૅન' કથા પ્રસંગમાં મુનશીએ કૃષ્ણના બાળમાનસને આમ નિરૂપ્યું છે. નાહી ધોઇને બહાર આવતી ગોપીઓ પોતાનાં કપડાં શોધે છે. બદલો લેવાનાં ઇરાદાથી કૃષ્ણ ગોપીઓનાં કપડા લઇને ઝાડ પર ચઢી જાય છે. એ પ્રસંગનું વર્ણન આમ થયું છે.

'એ બધીએ આ મઝા કેવા પ્રકારની હશે! ગોપીઓ કહે છે કે સારું છે કે સાત વરસનો છે, પણ કૃષ્ણ કહે છે!

'સાતને બદલે હું સત્તર વરસનો હોત તો શો ફેર પડયો હોત તે મારાથી સમજાયું નહિ.'[૭]

કૃષ્ણની નિર્દોષતાને અભિવ્યક્ત કરવા માટે મુનશીએ આ સંવાદને પ્રયોજ્યો છે. છ વર્ષના કૃષ્ણ ગોપી સાથે આવા પ્રકારની વાત કરે ત્યારે કૃષ્ણની ઉંમર નાની હોવા છતા એ વધારે બુધ્ધિશાળી અથવા તો પરિપકવ હોય એવી છાપ ઊભી કરે છે. છ વર્ષના બાળક પાસે આવા

---

૫ એજન. - પૃ.૬૪

૬ એજન. - પૃ ૭૭

૭ એજન. - પૃ.૮૬-૮૭

વર્તનની અપેક્ષા રાખી જ ન શકાય. આથી જ ભોળાભાઇ પટેલે આમ નોંધ્યું છે કે 'તે બાલમાનસના કોઇડાના પૃથક્કરણને કોરાણે મૂકે છે.'[૮]

વસુદેવ અને દેવકી યાત્રાએ જાય છે અહી કુંતી અને એના પુત્રના જીવનમાં બનેલી એવી ઘટનાઓ અને ભવિષ્યમા ઉત્પન્ન થનારી વેદના ને ઘટનાનો સંકેત કરાયો છે. આજ સમયે શકુનીને હસ્તિનાપુર જતો બતાવ્યો છે. કુંતી સામે પણ પ્રશ્નો ઉપસ્થિત થયા હતા એમાં શકુનીના આગમનમાં અમંગળના એંધાણ કુંતીને વર્તાય છે.

ગોવાળો ગોકુળ છોડીને વૃંદાવન જાય છે અંહી રાધા અને કૃષ્ણના પ્રેમનો વિકાસ જોવા મળે છે. વૃંદાવનના વનવિહાર સ્થાનોમાં કૃષ્ણ-રાધાનો પ્રણય પ્રાગરવા લાગે છે. બંનેના હ્રદયના પ્રણયપુષ્પ ખીલવા લાગે છે.

આરંભકાળથી અનેક સાહિત્ય સ્વરૂપોને ખેડનાર મુનશી 'કવિતા' થી અલિપ્ત રહ્યા છે. જીવનની ઉત્તરાવસ્થામાં આપને શુદધ કાવ્યકૃતિ તો નહીં પણ કાવ્ય જેવું ગીત આપવાનો આ કૃતિમાં પ્રયાસ થયો છે. રાધાના હ્રદયમાં કૃષ્ણ પ્રત્યેના ભાવને 'ગીત' દ્વારા એમને પ્રતિબિંબિત કર્યો છે.

"મારા કહાન-ઓ મારા કહાન!
આવી ઉતાવળી હું વન-વાટમાં,

. . .

અમિનેપ નયને તારી વાટ જોતી,
ત્યાં તેં વચન પાળ્યું - તું આવ્યો... ...
આખરે આવ્યો!"[૯]

ગોપાલો વચ્ચે ચર્ચાલાપ કરાવીને મુનશીએ કૃષ્ણની 'હસ્તિન' પરની સવારીના પ્રસંગની માંડણી કરી છે.

'કાલિનાગ-દમન' ની ઘટના દ્વારા બાળ પરાક્રમનો આલેખ અહીં અપાયો છે. આલેખ કહેવા પાછળ મારો દષ્ટિકોણ એ છે કે મૂળ કથાનક અને ત્યાર પછીના પુરાણોમાં તથા અન્ય સર્જકોની કૃતિઓમા 'કાલિ નાગ-દમન' નો પ્રસંગ જે રીતે આલેખાયો છે એ રીતે અહીં ઉપસતો નથી કૃષ્ણ અને નાગ વચ્ચેની લડાઇ અને અંતે કેવી રીતે નાગ કૃષ્ણને શરણે થઇને આ કુંડમાંથી જતો રહેવા તૈયાર થાય છે એ સઘળી ઘટનાઓ લોપાઇ જવાને પરિણામે અહી અહેવાલ રૂપે પ્રસંગ નિરૂપાયો હોવાથી નિરસ બની ગયો છે અહીંયા મને સહજતાથી નરસિંહ મહેતાની કવિતાનું સ્મરણ થઇ આવે છે

'જળ કમળ છાંડી જાને બાળા,
સ્વામી અમારો જાગશે, જાગશે તને મારશે મેન બાળ હત્યા લાગશે.'

કૃષ્ણ કુંડમાં દડો લેવા માટે કૂદે છે ત્યારે કાલિનાગ ઊંઘમાં હોય છે કાલિનાગની પત્નીઓ સુકુમાર બાળકને બચાવવા માટે એ પછી એક એને પાછાં જવાની વિનંતી કરે છે. પણ કૃષ્ણ આ

---

૮. 'પૂર્વાપાર' . લે. ભોળાભાઇ પટેલ. પ્રકા.વર્ષ૧૯૯૬. પ્ર.ભગતભાઇ ભૂરાલાલ શેઠ. આર આર.શેઠની કંપની. મુબઇ-અમદાવાદ

૯ 'કૃષ્ણાવતાર'. લે ક.મા.મુનશી. ખંડ-૧. પૃ ૧૫.૧૬.૧૭

વિનંતીને સ્વીકારતો નથી આ આખો પ્રસગ નયનમા વસી જાય એવો બની જાય છે. પરંતુ મુનશીએ અહી નાગદમનના પ્રસગને પ્રત્યક્ષ બનાવવાનું ઉચિત માન્યુ નથી.

રાધા કૃષ્ણને પ્રેમ કરે છે એ વાતનો સ્ફોટ થવાથી વૃષભાનુ અને એનો પુત્ર તથા માતા એના પર ઘરમાથી બહાર નીકળવા પર પ્રતિબંધ મૂકે છે કૃષ્ણથી વિખૂટી થયેલી રાધા, કૃષ્ણના વિચારોમાં ખોવાઇ જવા લાગી. એને પળે પળે કૃષ્ણની યાદ સતાવવા લાગી અને એમાંય પૂર્ણિમાએ રાસ રમવાનો દિવસ આવતા એનું હ્રદય કાંપવા લાગ્યું એનેય કૃષ્ણ સાથે રાસ રમીને આનંદ પ્રમોદ કરવો હતો પરંતુ રાધા એ કરી શકે એમ ન હતી એને નિ સહાય સ્થિતિ કોરી ખાવા લાગી. બીજી બાજુ રાધા વિના રાસ ન હોય. એમાં મજાય ન હોય એટલે કૃષ્ણ છત પર જઇને રાધાને વૃષભાનું ની નજરથી બચાવીને રાસ રમવા લઇ જાય છે

રાધાને પરણવા માટે કૃષ્ણ પોતાના માતા-પિતા સાથે ઉગ્ર ચર્ચા કરે છે. ખરેખર, મૂળ કથાનકમાં કૃષ્ણ ક્યારેય રાધાને પરણવાની વાત કરતા નથી.

નંદ, ગર્ગાચાર્ય અને સાંદિપની ઋષિએ કૃષ્ણને એની ફરજનુ ભાન કરાવીને કહ્યું કે 'તારે અમને બધાંને કસના બધનમાંથી મુક્ત કરાવવાના છે, છેલ્લા પચ્ચીસ વર્ષથી યાદવો આ મુક્તિ માટે વાટ જોઇ રહ્યા છે '[૧૦]

રાધા અને કૃષ્ણના લગ્ન માટે આ કારણ ઔચિત્ય ભર્યુ લાગતુ નથી કૃષ્ણ સામેનુ કર્તવ્ય અને લગ્ન આ બન્ને વચ્ચેનો કોઇ સબધ સ્થપાતો હોય એમ ન લાગવાથી કથાનક નબળુ પડે છે નદ, ગર્ગાચાર્ય અને સાંદિપની વચ્ચે સવાદોને પ્રયોજીને ઉત્તરકાળમા બનતી ઘટનાનુ બીજ અહી મૂકાયું છે

'ઇન્દ્રોત્સવ' મા યજમાન પદનો સ્વીકાર કરવાની 'ના' પાડીને શ્રીદામાને યજમાન પદે બેસાડાવનો કૃષ્ણે પ્રયત્ન કર્યો પણ પછી એ કથા ત્યાથી અટકી જાય છે

પુરાણ કથાનકમા લેખકને માટે અનેક એવા અવસરો પ્રાપ્ત થાય છે જેમા એ પ્રકૃતિના સુંદર, રમણીય વર્ણનોને આલેખી શકે, પરતુ મુનશી પાસે આપણને પ્રકૃતિનાં સુંદર વર્ણનો ઝાઝાં મળ્યા નથી અહીયા એક પ્રકૃતિના ચિત્ર જોઇએ

'- અને લીલાંછમ તૃણ અને શીતળ છાયાવાળાં વૃક્ષોથી હર્યાભર્યા લાગતા અને સુદર પીછાવાળાં પક્ષીઓ અને રમણીય ઝરણાંઓ વડે શોભતો ગોવર્ધનની પણ હું આનંદ પૂવર્ક પૂજા કરુ '[૧૧]

અચ્યૂત રાધાનો પતિ છે રાધાના લગ્ન એની સાથે નક્કી થયાં હોવાથી અચ્યૂતને કૃષ્ણ પ્રત્યે ભારોભાર ક્રોધ ઊભરાઇ આવે છે પરંતુ એ તો કૃષ્ણને જોતા જ પાછો વળી જાય છે. મુનશી અન્ય નવલકથાઓમાં આવતાં ગૌણપાત્રો ય પ્રભાવ શાળી અને પરાક્રમથી છલોછલ જોવા મળે છે પણ અહી એવી કોઇ નોંધપાત્ર વિગતો જોવા મળતી નથી.

મૂળકથાનકને વળગી રહીને 'ગોવર્ધન ઉદ્ધરણ' નું આલેખન કરીને કૃષ્ણના ચમત્કારને અભિવ્યક્ત કરાવ્યો છે

૧૦ એજન પૃ ૧૪૯

૧૧ એજન પૃ ૧૫૧

કંસને કૃષ્ણ વિષયક માહિતી મળી રહેતા એ ફરી સક્રિય બને છે. પ્રદ્યોત અને કંસના સવાદનું નિરૂપણ કરીને લેખકે પ્રદ્યોતના પાત્રનો હૃદય પલટો કરાવ્યો છે કૃષ્ણ વિષય સઘળી હકીકત જાણતો હોવા છતાય પ્રદ્યોતે કસથી આ વાત છુપાવી રાખી પોતાનો વિશ્વાસુ જ પોતાની પાસે છળકપટ આદરે તો કસ એ કઇ રીતે સહન કરે? કંસનો પૂર્ણપણે વિરોધ કરવાની શક્તિ પ્રદ્યોતમાં જેવા મળતી નથી પણ ધીમે અવાજે કંસને એણે આમ કહ્યું

'કારણ કે મહર્ષિ વ્યાસની વાણી સાચી જ હતી એ તો ખુદ ઇશ્વરનો જ અવતાર છે.'[૧ (૧૬૬/૧)]

મૃત્યુના ભયને નષ્ટ કરવા માટે આકાશ પાતાળ એક કરીને અધર્મ અને પાપાચાર આચરીને નિર્દયી બનીને જુલમ કરીને પોતે સુરક્ષિત બનવા માટે સક્રિય બનતો કંસ અહીં સામાન્ય માનવની જેમ પગલાં લે છે યાદવોની સભા ભરે ને સભામાં ઉત્સવની વાત કરે છે. આ બધુંતો વાચક પાસે હોય છે કશુંક નવીન હોય તો જ કથાનકની પકડ મજબૂત બને કંસની વ્યૂહ રચનાઓ આલેખીને કથાપ્રસંગને જકડી રાખવાનો પ્રયાસ કર્યો હોત તો કથાપ્રસંગ વધુ રોચક બની રહ્યો હોત

હૃદય પરિવર્તન પામેલા પ્રદ્યોતની સ્થિતિ અસહ્ય બની જાય છે. એક બાજુ તારણ હારને બચાવવો છે અને બીજી બાજુ કંસનો ભય પૂતના જે અનુભવે છે એ જ પ્રદ્યોત અનુભવે છે મનનો ભાર અસહ્ય બની ઉઠતા એ ભાર ને હળવો કરવા અને દેવકીના આઠમા પુત્રને ઉગારવા યાદવોના મત્રી અક્રૂર આગળ કસે સોપેલા કાર્યની વાત કહી સંભળાવે છે. કંસના કહેવા પ્રમાણે અક્રૂર કૃષ્ણને લેવા માટે જાય છે. એ પૂર્વેના પ્રસગમા અક્રૂરના પાત્રને મુનશીનો સ્પર્શ થયો હોવાથી પાત્ર જીવંત બની ગયું છે.

કંસની ભરી સભામાં મૃત્યુને ગણકાર્યા વિના અક્રૂરે કંસને આમ કહ્યું હતું -

"અક્રૂરે પરિસ્થિતિ માપી લીધી એણે પ્રદ્યોત સામે દષ્ટિ કરી અને પછી નમ્ર સરળભાવે કહ્યુ, 'મહારાજ, ક્રોધને કારણે વિવેકબુદ્ધિને વિસારશો નહી. ક્રોધતો ગાંડપણ કહેવાય વસુદેવના આઠમા સંતાન વિશે આપ જાણવા ઇચ્છો છો, ખરું ને?'

'હા'

'દેવકીનું આઠમુ સંતાન પુત્ર હતો. એ વૃંદાવનમાં છે કે નહીં તે આપને જાણવું છે? હુ કહું છુ, હા, એ ત્યાં જ છે બીજા કોઇએ નહી પણ મેં પોતે જ આપને છેતર્યા છે. દેવકીના પુત્રને લઇને એને સ્થાને નંદની પુત્રીને મૂકી દેવાની યોજના પણ મે જ કરી હતી.'

'તમે કરી હતી, એમ? શા માટે વધતા જતા ક્રોધને મહામહેનતે દબાવીને કંસે પૂછ્યું

'દેવકીના બધા જ પુત્રોની હત્યા કરવાના પાપમાંથી તમને ઉગારી લેવા માટે,' અક્રૂરે સ્મિત કરતા કહ્યું 'હું તમને તમારી જાતથી બચાવવા માંગતો હતો'"[૧૨]

પોતાના રાજા સામેય મૃત્યુનો ભય રાખ્યા વિના અક્રૂર સત્યાત જણાવે છે ત્યારે રાજા સામે બળવો પોકારીને રાજાનો વિરોધ કરવાનો એક માત્ર ઇરાદો જોવા મળતો નથી પણ અધર્મ માંથી રાજાને બચાવવાનો અક્રૂરનો પ્રયાસ છે એમ વર્ણવાયુ છે.

---

૧૨ એજન પૃ ૧૭૮

અક્રૂર ગોકુળમાં કૃષ્ણને લેવા આવ્યા એ રાત્રે મુનશીએ કૃષ્ણ અને રાધાના મિલનને પ્રયોજવું છે પોતાનો પ્રિયતમ કૃષ્ણ પોતાને છોડીને મથુરાં જવાનો છે. ગોકુળના ગોપલકમાંથી મથુરાંનો રાજા બનવા જવાનો છે. પાછો ક્યારે ફરશે એ અંગે ચોક્કસ માહિતી જ ન હોય તો પ્રિયતમને જતો અટકાવવા માટે નો પ્રયાસ કરે. પ્રિયતમ પણ પોતાની પ્રિયાને છોડી જવાનુ ઘેરુ દુ ખ અનુભવે ત્યારે આ પ્રેમ વધારે આસ્વાદ્ય બને એમ આપણને લાગે. પરંતુ અહી તો પ્રથમ મુલાકાતે બોલાતા સંવાદો 'મને ભૂલી તો નહી જાય ને' એટલું જ કહેવાયું છે. અહી પ્રિયતમ અને પિયુ એક બીજાને ગુમાવવાનો કોઇ અનુભવ કરતાં નથી આ બન્ને તો મિલનની મજા માણે છે મિલન પછી વિયોગનાં સંવેદનોને સંવાદો દ્વારા લેખકે અભિવ્યક્ત કર્યા છે.

કૃષ્ણ ધીમે ધીમે રહસ્યો ઉકેલતો જાય છે. રાધા આ રહસ્યો જેમ જેમ જાણે છે એમ એને અંદરથી ભય જાગે છે. એનું મન સત્ય સ્વીકારવાની મૂંઝવણ અનુભવતું હોય ત્યાં કૃષ્ણ એને રાણી બનાવવાની વાત કરે છે. પરંતુ નિવ્યાર્જ સ્નેહને વરેલી રાધાએ કૃષ્ણની વાતને ઉડાડી મૂકતા કહ્યું કે

'ના. ના' રાધાએ ફરી માથું હલાવીને કંઇક વિચારમાં સરી પડીને એ નદી તરફ જોઇ રહી. 'પછી તુ મારો ક્હાન નહીં રહે પછી તું મુકુટમણિ ધારણ કરશે. હાથમાં શસ્ત્રો ધારણ કરીને રણાંગણમાં જશે . મોટા મોટા વીર યોધ્ધાઓની - કઠોર. ક્રૂર. લોહીતરસ્યાં યૌધ્ધાઓની વચ્ચે તુ ઘૂમતો હશે ના. ના. એવે વખતે હુ તો ફક્ત ભારરૂપ થઇ પડું! તે વેળા હુ તારી આનંદમૂર્તિ નહી બની શકુ. તારા જ દેહના એક અગ સમી નહી રહી શકું. રાસમા તારી ભેરુ પણ નહી બની શકુ. .'[૧૩]

રાધાના ચિત્તમાં તો ગોકુળનો વાંસળીવાળો ક્હાન જડાયેલો છે. એ બીજા ક્હાનના વિચાર માત્રથી કંપી ઊઠે છે એને તો એનો વ્રજનો ક્હાન ગમે છે. એને કૃષ્ણ સાથે રાસ રમવાની ના પાડી છતાંય એના હ્રદયનો પ્રેમ તો અકબંધ છે. અહીં કવિ દયારામનું 'શ્યામ રંગ સમીપે ન જાઉ' કાવ્યનુ સ્મરણ થાય છે જેમાં કાળાશ છે તે બધું રાધા વર્જ્ય ગણે છે અને છતાં કાવ્યાંતે કહે છે - 'મન કહે જે પલક ન નિભાવું' આ અભિન્નતાના. અદ્વૈતના પ્રતીક તરીકે રાધા શ્યામ અમર બની ગયાં છે. એટલે જ એણે કહ્યું: મારી વ્યથાને દબાવીને તારાં પગલાંની રાહ જોઇશ '

અક્રૂર બળરામ અને કૃષ્ણને લઇને મથુરાને માર્ગે જાય છે. માર્ગમાં નદીમાં સ્નાન કરે છે એ વેળા અક્રૂરને પાણીમા ડુબકી મારતા નારાયણનાં દર્શન થાય છે.

યાદવોએ કંસના છળકપટને ધ્યાનમાં લઇને પ્રાણના ભોગે કૃષ્ણને બચાવવા મરણિયા બનવાનો નિર્ધાર કર્યો. પરંતુ ખરી મૂંઝવણતો કંસ અનુભવે છે. જેમ જેમ સમય પસાર થતો જાય છે એમ એની બેચેની તીવ્ર બનતી જાય છે. ભય વ્યાપી વળે છે-એમાંથી બહાર આવવા માટે 'વરદા' માં ખોવાઇ જાય છે. પોતાના દુ.ખ અને ભયને નિવારવા માટે કંસે વરદાનું સાનિધ્ય લીધું પણ એજ વરદાએ પૂછ્યુ કે: 'આવતી કાલે દેવકીનો આઠમો પુત્ર આવવાનો છે ' વરદાના વાક્યથી છંછેડાયેલો કસ ક્રોધથી જોવા લાગ્યો અહી રાજ્યમા શી હિલચાલ ચાલે છે એની

૧૩ એજન પૃ ૨૦૩

માહિતી કંસને મળે છે કંસ કાર્યાન્વિત બનીને સરદારો પર જાસૂસ મૂકે છે. એવામાં અઘક આવીને કંસને ચેતવણી આપે છે પોતાની ચેતવણીને કસ અવગણે છે એમ જોઇને અંઘક ઘમકી આપે છે કે -

'યાદવોનો તું દુશ્મન થઇને બેઠો છે અને એના તારણહારનો તું વિનાશ કરવા ઇચ્છે છે પણ સાભળી લે. એક પણ યાદવ જીવતો હશે ત્યાં સુધી કોઇ પણ કૃષ્ણનો પ્રાણ લઇ શકે એમ નથી કૃષ્ણ તો યાદવો માટેનું અંતિમ આઘારસ્થાન છે. અને. જો તું સમજી શકે એમ હોય તો તારે માટે પણ '[૧૪]

અંઘકની ઉક્તિમાં કંસનો એને ભય નથી પણ કસનું ભલું ઇચ્છ્યું છે મુનશીના ચોટદાર સંવાદો તો એમનું અનેરું જમા પાસું છે.

ત્રિવક્રા એક મહત્ત્વનુ પાત્ર અહીં પ્રવેશે છે ત્રણ જગ્યાએ વાંકી થઇ જવાને પરિણામે એને ત્રિવક્રા નામે સૌ ઓળખતાં હતાં. પોતાની અસુંદરતામાંથી કૃષ્ણ એને સુંદર જ નહી પણ સ્વરૂપવાન બનાવશે એવો વિશ્વાસ એને હતો રંગારાની દુકાન અને રુકમી વચ્ચેની ઝપાઝપીના પ્રસંગમાં સાચું સત્ત્વ નિખરતું નથી

રુકમી સાથેની ઝપાઝપીમાં કૃષ્ણ અને રુક્મિણી વચ્ચે પ્રથમ પ્રેમ સ્પંદન જાગ્રત થાય છે આ પ્રથમ પ્રણય ભાવને લેખકે વ્યંગાત્મક વાણી દ્વારા ઉપસાવ્યો છે. કૃષ્ણ કહે છે 'ઘ્યાન રાખજે જનાવરોનુ સરસ જોડી છે '[૧૫] મથુરામાં એક સાથે ત્રણ બનાવો બતાવીને મુનશીએ કૃષ્ણના દૈવી રૂપનો પરચો આપીને યાદવોની અનન્ય શ્રદ્ઘા વ્યક્ત કરી છે યાદવો અને પ્રદ્યોતને સંપૂર્ણ ખાતરી થઇ જાય છે કે કૃષ્ણજ દેવકીનું આઠમું સંતાન અને યાદવોનો તારણહાર છે આથી પ્રદ્યોત કૃષ્ણને ખાતરી કરવા માટે કસે બનાવેલ ઘનુષ્ય પાસે લઇ જાય છે અહી સહજતાથી ઘનુષ્ય તૂટે છે પાછળના બનાવો સાથે અનુબંઘ જાળવવા મુનશી આ ઘનુષ્ય ભંગના પ્રસગને વઘુ આસ્વાદ્ય બનાવી શક્યા હોત પરંતુ અહી પ્રસંગ ગૂથણીમાં થોડી અસંગતિ વરતાય છે

ઘનુષ્યભગ થવાથી કંસ પોતાની વ્યૂહરચનાઓમાં ફેરફાર કર્યા. 'કુવલયાપીડ' ના ચમત્કારિક પ્રસંગને બુદ્ધિગમ્ય બનાવવા મુનશીએ ખાસ્સી એવી જહેમત કરી છે ત્રિવક્રાના અગારક નામના વ્યક્તિ સાથે લગ્ન થવાના હતાં પરંતુ સંઘિવાને લીધે ત્રિવક્રા ત્રણે જગ્યાએથી વાંકી વળી ગઇ હોવાથી અંગારકે એની સાથે લગ્ન કર્યા નહી વિચિત્ર દેખાવ વાળી ત્રિવક્રાને સર્વાગસુંદર જોતાં જ અંગારકને કૃષ્ણમાં વિશ્વાસ જાગ્રત થાય છે. આથી એ કંસે સોપેલી જવાબદારી ની ગુપ્તવાત ત્રિવક્રાને કહે છે. અહી કંસની યોજના ફરી એકવાર ઘૂળમાં ભળી જાય છે. ત્રિવક્રા અને અંગારક કુવલયાપીડને વિચિત્ર પ્રકારની વનસ્પતિ ખવડાવીને કૃષ્ણને ઉગારી લે છે મૂળ કથાનકમાં કૃષ્ણની આગળ કુવલાયાપીડને કૃષ્ણને વશ વર્તતો બતાવાયો છે અહીંતો હાથીને એ પહેલેથી જ ઝેરી વનસ્પતિ ખવડાવીને એની શક્તિ હણી લેવાનો પ્રયાસ થયો છે

પુરાણ પ્રચલિત કથા પ્રસંગોને અનુસરીને ચાણૂર અને 'કૃષ્ણનું દ્વન્દ્વ યુદ્ઘ' અને 'કંસનો વઘ' પ્રસગો આલેખાયા છે ચાણૂર અને કૃષ્ણના દ્વન્દ્વ યુદ્ઘનુ વર્ણન ઠીક ઠીક ઉપસ્યું છે

૧૪ એજન પૃ ૧૦૩.

૧૫ એજન પૃ ૨૧૭

કંસ વધ પછીના આનદને અભિવ્યકત કરવાનું ટાળીને કૃષ્ણ અને દેવકીનુ મિલન અને રાજમુગટની ઘટનાઓના નિરૂપણ શિથિલ કહી શકાય એવા છે મથુરાંની રાજગાદીપર ન બેસવાનાં કારણો પ્રતીતિકાર રીતે ઉપસી શકયા નથી. રુકમણી અનેસુવ્રતા વચ્ચે ચાલતી શાબ્દિક ટપાટપીમા મુનશીએ કૃષ્ણ પ્રત્યેના રુકમણીના ભાવને અભિવ્યકત કર્યો છે રુકમીએ બહેન તથા પત્ની વચ્ચેના શીતયુધ્ધ (શાબ્દિક) માંથી કૃષ્ણ વિષયક માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો છે. કૃષ્ણના હાથનો માર ખાઇ ચૂકેલા રુકમીએ પરાક્રમી કંસનો વધ થતો જોયો છતાય એ કૃષ્ણના ઉપનયન સસ્કાર વિધિમાં જવાનો નકાર ભણતા કહે છે- 'મારે એ ગોવાળિયા સાથે કશો સંબંધ નથી!'[૧૬] રુકમી મનમાં રહેલો કૃષ્ણ પ્રત્યેનો દ્વેષભાવ અહી પ્રગટ થતો જોવા મળે છે.

આપણે જાણીએ છીએ કે આ કથાનક બે પ્રવાહમાં વહે છે - કૃષ્ણની કથા અને કુંતીની કથા પાંડવો અને કૃષ્ણનું મિલન કરાવીને મુનશીએ અર્જુન અને કૃષ્ણની મૈત્રીનું નવું અર્થઘટન કરાવ્યું છે. ઇન્દ્રે કૃષ્ણ પાસેથી વચન મેળવ્યું હતું કે 'મારો એક પુત્ર છે એની સહાયતા કરશો અહીંયા કથાપ્રસંગો વચ્ચેના સંબંધને પ્રસ્થાપીત કરવા માટે લેખકે સ્વકલ્પના ને બળે નવીન-ઘટનાને સર્જીને અર્જુન-કૃષ્ણની મૈત્રી પાછળના રહસ્યને આમ અભિવ્યકત કરીને કથાપ્રસગને પ્રતીતિકર નિરૂપણ કર્યુ છે પાંડવો અને કૃષ્ણ મિલનમા પાચેય ભાઇની વ્યક્તિ પ્રતિભાને ઉઘાડ આપીને કુરુક્ષેત્રમા થનારા યુદ્ધની ભૂમિકાના બીજ અહી સૂક્ષ્મતા થી મૂકી અપાયા છે

બીજી તરફ ઉધ્ધવ વૃદાવનમા જાય છે આ પ્રસગને નિમિત્તે રાધાના નિવ્યાર્જ પ્રેમને અભિવ્યકત કરીને લેખકે રાધાના પ્રેમની પરાકાષ્ઠાનું હુબહુ આલેખન કર્યુ છે

"ઉધ્ધવ થોડી ક્ષણો અવાક્ બની ગયા, રાધા તો હતી એવીજ પ્રસન્ન હતી 'ઉધ્ધવ', ફરી તેણે કહ્યું, 'ઉધ્ધવ, તમે અધ પણ છો અને બધિર પણ છો ! અહી જ છે મારો કહાન - એ મારો કહાન - એ મારા શ્વાસમા વણાયો છે, મારી ગતિમાં અંકાયો છે ! હું જ્યાં જઉ છું ત્યાં એ જ છે હવે મારે બીજુ શું જોઇએ?'[૧૭]

કૃષ્ણ તથા બળરામ સાદિપની ઋષિને ત્યાં અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા શીખવા માટે જાય છે અહીંયા આશ્રમના વાતાવરણ ઊભું કરાવીને લેખકે સાંદિપની ઋષિના પુત્રને પંચજન્ય કઇ રીતે ઉઠાવી ગયો એ કથા નુ નિરૂપણ થયું છે. મૂળ કથાનકમાં સાદિપની મુનિનો પુત્ર સમુદ્રમાં મૃત્યુ પામ્યો હતો અને કૃષ્ણે ગુરૂદક્ષિના રૂપે મુનિના મૃત પુત્રને યમના હાથમાથી પાછો લાવી આપ્યો હતો મુનશીએ મૂળ કથાનક સાથે છૂટછાટ લઇને પોતાને અભિપ્રેત એવા કથા પ્રસંગ માટેનો માહોલ રચી આપ્યો છે

પુનર્દત્ત પંચજન્ય નામનો રાક્ષસ ઉપાડી ગયો હતો. મુનશીએ આ પ્રસંગની કેફિયત આપતાં નોધ મૂકી છે. પુનર્દત્તને યમ લઇ ગયા. પંચજન્યે પુનર્દત્તને નાગલોકોમાં વેચી દીધો હતો કૃષ્ણ નાગલોકમાં પુનર્દત્તને છોડાવવા માટે પંચજન્યના જહાજમાં જાય છે. અહીયા સુથાર પર પચજન્ય અમાનુષી અત્યાચાર કરે છે એ કૃષ્ણને કાષ્ઠપિંજરમાં બંધ કરવામા આવે છે એ અને પંચજન્યનો

૧૬ એજન ભાગ ૨, પૃ ૩૭

૧૭ એજન પૃ

વધ આ પ્રસંગોમાં કૃષ્ણના પાત્રનું અદભુત વ્યક્તિત્વને ચરિતાર્થ કરાવી અપાયું છે. સુથાર પ્રત્યે હમદર્દી દાખવતો કૃષ્ણ, નિદોર્ષ બાળક પ્રત્યેનો સ્નેહભાવ તથા પંચજન્ય પર અદભુત રીતે રાસ વડે સજા કરતો કૃષ્ણ આ ત્રણેય ઘટનામા કૃષ્નનુ ઓજસ છૂપું રહ્યું નથી.

નાગલોકોમા રાણી રાજ્યવ્યવસ્થા ચલાવતી અને સર્વ સત્તાધીશ રહેતી એનો પતિ માત્ર નામ પૂરતો જ બની રહેતો આ લોકો પાસે ય અદભુત એવી શક્તિઓ હતી રાજ્યપદે બેસેલી રાણીના પતિ સાથે આંગતુક વ્યક્તિ એ યુધ્ધ કરવું પડતું રાણીનો પતિ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે ય એને આંગતુકનો સામનો કરે એટલું જ નહીં પણ એની હત્યા કરી પુનર્દત્ત નાગલોકની રાણીનો પતિ છે. અને કૃષ્ણ નાગલોકોમાં આગંતુક છે. આ આખી સંઘર્ષાત્મક સ્થિતિ ઉપસાવવામાં મુનશીએ ખાસ્સો કસબ દાખવ્યો છે. અહીં પ્રસંગો એકબીજામાં ગૂંચવાઇને આવે છે. પુનર્દત્તને છોડાવવા આવેલા કૃષ્ણ સામે અનેક વિટંબના ઊભી થાય છે. પુનર્દત્ત રાણીનો પતિ હતો એને છોડાવવો લગભગ અશક્ય કાર્ય હતું. રાણીના નિયમાનુસાર પુનર્દત્ત સામે કૃષ્ણને લડવાની નોબત આવી પુનર્દત્તને બચાવવા જતાં પોતે પ્રાણ ગુમાવવા પડે અને પોતાના પ્રાણની રક્ષા કરવા જતાં પુનર્દત્ત માર્યો જાય એમાંય પુનર્દત્તને અહીયાનું વિલાસી વૈભવી જીવન પ્રિય થઇ પડયું હોવાથી એ નાગરાણીને છોડવા તત્પર ન હતો તથા રાણીની નાની બહેન આશિકા કૃષ્ણને પ્રથમ દષ્ટિએ ચાહવા લાગી હતી આ બધા બનાવો વાચકને જકડી રાખે છે આ કપરુ કાર્ય પાર પાડી ગુરુપુત્ર પાછો સોપવનો હતો મુનશી 'યમ' ને પરશુરામનો શિષ્ય બનાવીને કૃષ્ણનો માર્ગ સરળ કરે છે

'વર-ઉત્સવ' મા પુનર્દત્ત - કૃષ્ણ વચ્ચેનું યુધ્ધ થાય છે પૂર્વે કૃષ્ણ અને યમ તથા કૃષ્ણ અને આશિકા વચ્ચેના સંવેદનશીલ પ્રસંગોનું આલેખન હૃદયસ્પર્શી બન્યું છે. પોતાની વહાલસોઇ પુત્રીને ઉગારવા કાલાવાલ કરતા યમના પાત્રમાં પિતૃહૃદયની વાત્સલ્યતા અને આશિકાનો મુગ્ધ પ્રેમ કથાને રસપ્રદ બનાવી આપે છે આશિકા કોઇપણ ભોગે કૃષ્ણને પોતાનો બનાવવા માંગતી હોય છે પરંતુ રાજ્ય વ્યવસ્થા પ્રમાણે એને પોતાના પ્રિયતમને પોતાની બહેનના પતિ તરીકે જોવાની નોબત આવીને ઊભી રહે છે. આશિકા સામેય સંઘર્ષભરી સ્થિતિ રચાતાં એમાંથી ઊગરવાનો કોઇ માર્ગ એને દેખાતો નથી પુનર્દત્ત અને કૃષ્ણ વચ્ચે ઔપચારિક યુધ્ધ થવા લાગ્યું. રાણીને સંદેહ જવાથી આ બન્નેના વધનો આદેશ આપવામાં આવ્યો પરંતુ યમ કૃષ્ણ તરફી હોવાથી અને આશિકા કૃષ્ણ આગળ આવીને યમથી બચાવવા કૃષ્ણ આગાળ આવીને ઊભી રહે - આ બધી ઘટનાઓ ફિલ્મી સ્ટાઇલમાં બનતી હોવાની છાપ ધરાવતી હોવાથી પ્રસંગ રોમાંચક બની રહે છે. કૃષ્ણ આશિકાને લઇને જહાજમાં બેસે છે અને જહાજ ઊપડે છે. અહીં નાગલોકોની રીત-રસમોની જાણકારી આપી છે. રાણીએ આશિકાને પાછા ફરવાનો આદેશ આપ્યો અને એ આદેશથી પ્રેરાઇલી આશિકા સમુદ્રમાં કૂદીને કૃષ્ણ સાથે જવાને બદલે પાછી માતા સાથે ફરે છે ત્યારે અહી 'પ્રેમ વૈફલ્ય' નો પ્રસગ બને છે

મુનશીએ મધ્યકાલીન સાહિત્યને 'ઉછળતા જીવનનું કસ્સ્રીયું' કહીને નવાજીને જીવનના ઉલ્લાસની મહત્તાને સ્વીકારી છે. સત્તા વિહોણા રાણીણા પતિ હોવા છતાંય રાણીના અપાર

સ્નેહાનુબંધથી બધાયેલા પુનર્દત્તની પરિસ્થિતિને મુનશીએ સંવાદકલાની રીતિનો વિનિયોગ કરીને 'જીવનના ઉલ્લાસ' ને આમ રજૂ કર્યો છે.

"વાસુદેવ, અહીં હું એક વરસથી છું. અને અહી જે પ્રકારનું જીવન જીવ્યો છું એ પછી મારા પિતા જે કપરા આચાર નિયમો વાળું જીવન જીવે છે એ ફરી જીવવાની મને ઇચ્છા નથી. અહી આવ્યો ત્યારે હુ ઉદાસ રહેતો હતો અને શક્ય હોય તો, પાછો નાસી જવા ઝંખતો હતો, પણ હવે આ જીવનનો દાસ છું.' પુનર્દત્તે સહેજ ડંખવાળા સ્વરે કહ્યુ, ' હું અહી વિલાસમાં છું. મારી પાસે સત્તા છે કેવળ લારિકા જ આપી શકે એવો સંગ મેં માણ્યો છે તું આપણી ભૂમિની નમ્ર અને સયમિત સ્ત્રીઓ વચ્ચે વસ્યો છે એટલે નાગકન્યા જે ઉલ્લાસ અને આનંદની ક્ષણો આપી શકે છે એની તને કલ્પના પણ નહીં આપે."[૧૮]

આ બધી વાતો સાંભળ્યાં છતાં કૃષ્ણ ગુરુપુત્રને લઇને પાછો આવે છે. અસ્તિ તથા પ્રાપ્તિનું સૌભાગ્યનો ચાંલ્લો કૃષ્ણે ભૂંસી નાખ્યો હોવાથી જરાસંઘે આ બે બાળકોને પ્રાણદંડ દેવાનાં નિર્ધાર સાથે સૈન્ય મોકલ્યું સાંદિપનીનો પુત્ર ગુરૂદક્ષિનામાં આપીને મથુરાંમાં પગ મૂક્યો ત્યાં જ નવીન મુશ્કેલી કૃષ્ણની સામે ઊભી થાય છે. મથુરાને જરાસંઘના પ્રકોપમાંથી ઉગારી લેવા માટે બન્ને ભાઇઓએ અહીથી નાસી જવાનું નક્કી કર્યું આ પૂર્વે જરાસઘનો સામનો થઇ શકે કે કેમ? આ પ્રસગને ચર્ચાત્મક વર્ણન દ્વારા કૃષ્ણના નાસી જવાના પગલાને ઔચિત્યપૂર્ણ બનાવવાનો પ્રયત્ન થયો છે

યાદવોની યોજનાના સાર રૂપે અક્રૂર અને બૃહદબલને જરાસઘ પાસે મોકલીને કૃષ્ણ-બળરામ મથુરાંથી નાસી ગયાના સમાચાર કહેવળાવે છે લેખકે અહીંયા પણ સ્વકલ્પનાનો આશ્રય લીધો છે બૃહદબલના પાત્રને મહત્વકાંક્ષી બનાવીને કૃષ્ણ વિરોધી તરીકે આલેખાયુ છે. મથુરાંની રાજગાદી પોતાને પ્રાપ્ત થાય એવાં અરમાનો સેવેતાં બૃહદબલને જરાસંઘનો સાથ અને સહાયતા મળતા એને મથુરાંના રાજ બનવાની પ્રબળ ઇચ્છા જાગવા લાગી અને યાદવોની ગુપ્ત માહિતી જરાસંઘને આપવા માંડી. કૃષ્ણ કઇ દિશામાં ગયો છે એ માહિતી મળતાં જ જરાસંઘનો માર્ગ સરળ બની જાય છે

બીજી બાજુ બળરામ-કૃષ્ણ મથુરાંથી ભાગી જાય છે. અહીં પરશુરામ સાથેની એમની મુલાકાત, કૃષ્ણની ધર્મ પ્રત્યેની આસ્થાને ટકાવી રાખવાની પ્રેરણા આપવા અને એમને સુરક્ષિત સ્થાને મૂકવા સિવાય વિશેષ કંઇ લેખક પ્રગટાવી શક્યા નથી. બાળપણમાં વાંચેલાં 'અરેબિયન નાઇટ્સ અને હાતિમતાઇ' નાં પરાક્રમો પુસ્તકોનો ઝીલાયેલા પ્રભાવને કારણે મુનશીની લેખિનીને ફાવતું મળતાં, અનેરી રીતે મ્હોરી ઊઠી હોય એવી છાપ ઊભી થાય છે. 'ભગવાન પરશુરામ' માં 'અઘોરી ડડ્ડનાથ' કથા પ્રસંગમાં નિરૂપાયેલી અનેરી ચમત્કારિક ઘટનાઓ તથા અહીં 'ગોમંતક ટેકરી' માં બનતી ઘટના વગેરે .

હસતો, રમતો અને શસ્ત્રો વાપરીને પોતાની વસ્તીની રક્ષા કરતો મુખીના પુત્રને કોઇક બિમારીથી એના શરીરનું વીર્ય હણાંઇ જાય છે. જે પગે એ કરવીરપુર ઉડીને જતો એ પગ નિષ્પ્રાણ

૧૩ એજન. પૃ ૬૫

બની ગયા હતા. પૂર્વેનુ સુખદ જીવન વૈનતેયનથી વિમુખ બન્યું. અસહાય એવી સ્થિતિનું એને ભારોભાર દુ:ખ છે સાજો થવાનો કોઇ માર્ગ ન હતો. એવામાં કૃષ્ણ અને ગુરૂનુ આગમન એના દુ:ખી હૃદયમા આશાનું કિરણ જન્માવે છે. મુખ્ય પાત્રો પર સર્જકની વિશેષમાત્રામા નજર હોવાથી સ્વાભાવિક પણે જ કથાનકમાં બનતી ઘટનાઓ એ પાત્રના વ્યક્તિત્વના ઘોતક રૂપે જ આવતી હોય. અહીયા પણ કૃષ્ણના ચમત્કારને જ અભિવ્યક્ત કરાયો હોવા છતાં મુનશીએ વૈનતૈનના પાત્રને એનાં આતરજગત બાહ્યજગતને અભિવ્યક્ત કરીને વૈનતૈયની ગડમથલ એની મૂંઝવણ અને એનું દુ:ખ વગેરેને આલેખીને વૈનતૈનના પાત્રને જીવંત બનાવી અપાયુ છે. આપણે એક અવતરણ જોઇએ-

"વૈનતેયને પોતાની એ ખેલકૂદ, એ પરાક્રમો, એ ચાંદની રાતોનો વનવિહાર - બધુંયે યાદ આવી રહ્યું હતું કેટલીયે વાર જાણે એ એક રાતમાં કરવીરપુર જઇ પાછો ફર્યો હોય એવાં સ્વપ્નો આવતાં; પણ હવે એ સ્વપ્નોયે ઓછાં થઇ ગયાં હતાં. અને સ્વપ્નો આવતાં તો પણ એ પછીની જાગૃતિ વધારે ત્રાસદાયક બની જતી.

રોજ સાંજ પડતી ત્યારે એ આવાં સ્વપ્નોની ઝંખના કરતો આ સ્વપ્નો પછીની યાતાના અસહ્ય હતી તોયે સવાર ઊગતું અને પોતાનઅિસહાયતાનું કરુણ નાટક ભજવાતું જોવા તત્પર રહેતો કોઇની અવગનના, કોઇનો તિરસ્કાર, કોઇની ધૃણા કે કોઇનો બડબડાટ - આ બધુયે તેને સહન કરવું પડતુ

"વૈનતેયનુ ગૌરવ હણાઇ ચૂક્યુ હતું. એને થતું કે આવું અવગણનાથી ભરેલું જીવન જીવવા કરતા મૃત્યુ આવે તો બહેતર ..."[૧૯]

કૃષ્ણના દર્શનથી પોતાની અપંગ સ્થિતિમાંથી રાહત થશે એવા અનન્ય ભક્તિભાવથીપ્રેરાઇને વૈનતેને અપૂર્વ હિંમતથી કૃષ્ણનુ દર્શન કરવાનું સાહસ કર્યું આમ પણ મુનશીના પાત્રો અનન્ય સાહસો માટે જાણીતાછે. જેમકે શમ્બર, વસિષ્ઠ, પરશુરામ,અર્જુન,ભદ્રશ્રૈણ્ય,મૃગા ,લોમા ,ભેદ વિશ્વામિત્ર.વિગેરે અપંગ અવસ્થામાં કૃષ્ણને મળવા વૈનેતેને રાત્રિના અંધકારમા ઘસડાતા ઘસડાતાં કૃષ્ણની ઝૂપડીએ જવાનો પ્રયત્ન કર્યો. શરીરે કાટાં,ઝાંખરા, ઝાળી, ઘાસ વાગવાથી લોહી નીકળીપડતું,અસહ્ય વેદના થતી, છતાંય મક્કમ નિર્ધાર સાથે આવનારી મુશ્કેલીઓનો હસ્તે મુખે સામનો કરતો આગળને આગળ વધતો જતો હતો લેખકે અહી સાપ અને વનપશુની ઘટનાને અભિવ્યક્ત કરીને વૈનતેનની આશાને ટકાવી રાખવાનો પ્રયત્ન કર્યો છે વનપશુ અને સાપના મુખેથી ઉગરવાથી વૈનતેયની આશા પ્રબળ બને છે. અસહ્ય મુશ્કેલીનો સામનો કરીને મંઝિલ સુધી આવેલો વૈનતેય ખાડામાં પડયો છતાંય વૈનતેયનો વિશ્વાસ તૂટતો નથી એનો કૃષ્ણમા પૂર્ણ વિશ્વાસ છે. વૈનતેય ખાડામાં પડયો ત્યાં સુધી તો સવાર થઇ ગયું અને કૃષ્ણ આવીને વૈનતેયને બહાર કાઢીને એને સારો કરે છે. અહીં ચમત્કારિક ઘટનાનો વિનિયોગ કરીને કૃષ્ણના પાત્રને માનવથી પર બનાવ્યું હોવાથી કૃષ્ણનુ પાત્ર અસાધારણ માનવ તરીકે કૃતિમા ઊપસે છે

---

૧૯ એજન પૃ ૧૦૫

પુનર્દત્તની જેમ બળરામ નું પાત્ર પણ જીવનના ઉલ્લાસના પ્રતિનિધિરૂપે નિરૂપાયું છે જરાસંધના ભયને નિવારવા માટે કૃષ્ણે યજ્ઞ અને આહુતીથી વજનું નિર્માણ કરીને સુદર્શનચક્ર, સાંરાગ અને કૌમોદકી ગદાનું સર્જન કરવાના કાર્યમાં મશગુલ બન્યા બીજી બાજુ બળદેવ જીવનના આનંદને મનાવવામાં પડયો. આ બે વિરોધી સ્થિતિનું સર્જન કરીને લેખકે કૃષ્ણની દૂરંદેશી નજર અને આવનારા ભયને નિવારવાની પૂર્વતૈયારીના કાર્યથી કૃષ્ણના પાત્રને જીવંત બનાવ્યુ છે

જરાસંધને બૃહદબલની માહિતી ઉપયોગી થઇ પડતાં એ કૃષ્ણનો પીછો કરતા ગોમંતક સુધી આવી પહોંચ્યો. કૃષ્ણને જરાસંધના આગમનના સમાચાર મળતા એ અને બળરામ સહિત ગરૂડયૌધ્ધાઓ યુધ્ધ માટે તત્પર બન્યા. મુનશીએ કથાનકમાં ગોમંતક માર્ગની અટપટી માર્ગ વ્યવસ્થાનું વર્ણન કરાવીને જરાસંધનાં માર્ગમા વિઘ્ન ઊભું કરી આપ્યું છે. જરાસંધની ગોમંતકની સ્થિતિને લેખકે નીચેના વર્ણન દ્વારા ઉપસાવી આપી છે

"વિદર્ભથી જંગલની કેડીઓ પર આગળ વધવું પડયું. પર્વતોની કરાડો ઓળંગવી પડી આ પ્રયાસ કંટાળા ભર્યો હતો. ખોરાક અને પીવાના પાણીની મુશ્કેલી ડગલે ને પગલે પડતી હતી ડુંગરાળ કેડીઓ પર આગળ વધવાનુ બહુ જ મુશ્કેલ હતુ આ કાફલાના એકેએક રાજવીની ધીરજ ખૂટવા આવી હતી. એકલવાયી ટેકરી પર રહેતા બે તરુણોને પકડવા માટે આ આટલો શ્રમ ઉઠાવવામાં કઇ સાર્થકતા છે એની ચર્ચા પણ તેઓ અંદરોઅંદર કરી લેતા હતા પરતુ જરાસઘ સહેજે નમતું આપવા માગતો ન હતો એની ઇચ્છાને વશ થયા વિના છૂટકો ન હતો "[૨૦]

કૃષ્ણને મારી નાખવાનો દઢ સંકલ્પ લઇને આવેલા જરાસંધ માટે મૂંઝવણ ભરી સ્થિતિ ઉત્પન્ન થાય છે. અટપટા માર્ગ, એમાય કેડી જેવા દુર્ગમ રસ્તા પર એક વ્યક્તિ જ જઇ શકે અને એ પણ વનચર પ્રાણી અને રસ્તાની ભયાનકતાને સાચવી સાચવીને. ત્યાં સૈન્ય લઇને ગોમતક પર ચઢવું લોખંડના ચણા ચાવવા જેવું કામ હતુ ઉપર ચઢવું કઠિન હતું અને નીચે પડાવ નાંખીને બેસી રહેવું યોગ્ય ન હતું. પાછા ફરવું એ તો નાક કપાવવા જેવું હતું. આમાંથી જરાસંધને કોઇ માર્ગ દેખાતો નથી. સંઘર્ષભરી સ્થિતિને ઉપસાવી આપવાની લેખકની અદભુત સૂઝ અહી પ્રગટ થતી જોવા મળે છે આવી પરિસ્થિતિ રચીને કથામા આવતા દમઘોપના પાત્રને સક્રિય બનાવીને કથાના વહેણને વહેતું રખાયું છે જરાસંધનો વિરોધ કરતા દમઘોપે શક્તિના અભાવને પરિણામે જરાસંઘનુ સામતપદ સ્વીકાર્યું હતુ. અંદરખાને એ જરાસંધની વિરુદધમા હતો કૃષ્ણમાં એવાં દર્શન થવાથી એને ઉગારવા માટે એણે ગોમંતકને આગ લગાવીને પાછા ફરવાનું સૂચન કર્યું શું કરવુ? એ પ્રશ્નમાં ખોવાઇગયેલા જરાસંધને આ સૂચન ગમી જતાં એનું અનુસરણ કર્યું.

ચમત્કારથી વૈનતેયને ચાલતો કરનાર કૃષ્ણ ગોમંતકની આગને ઓલવવા માટે સમુદ્રના માર્ગના અવરોધને દૂર કરીને ગોમતકને બુઝાવે છે ત્યાં એનું દૈવીપણું અદશ્ય થતુ જણાય છે ગોમતકની આગને બુઝાવવાનુ કાર્ય પૂર્ણ કરીને જરાસંધના સૈન્યપર ઓચિંતો હુમલો કરીને કૃષ્ણ એમના સૈન્યનો ખાત્મો બોલાવીને જરાસઘને પરાસ્ત કરે છે યુદધના પ્રસંગમાં પ્રયોજાયેલાં

૨૦ એજન પૃ.૧૩૩

શસ્ત્રો જેવાંકે મૂશળ, કૌમુદી, સુદર્શન ચક્ર- પૌરાણિક કાળનો પરિવેશ સર્જી આપે છે મુનશીએ મૂળ કથાનકને વળગીને પ્રસગના અંતનું આલેખન કર્યુ છે ચક્રવર્તી સમ્રાટ નાના બાળકો પાસે જીવની ભીખ માંગવાની અપમાનિત સ્થિતિમાં મુકાઇ જાય છે જેને એ મારવાના સંકલ્પ સાથે સશસ્ત્ર તૈયારી સાથે આવ્યો હતો એની જ પાસે જીવન માટે દયાના હાથ લબાવવાની સ્થિતિ એને માટે અસહ્ય થઇ પડે છે. આ સ્થિતિ જ જરાસંઘને ફરીવાર વેર લેવાની ફરજ પાડશે એવું બીજ અહી મુકાયું છે.

મુનશીએ ઘણાં નવાં પાત્રોનાં ઉમેરણ કર્યા છે. કૃષ્ણ સાથે અન્ય એક વાસુદેવકૃષ્ણ પોતાને પ્રભુનો અવતાર માનતો અને મનાવતો હતો. અતે એ કૃષ્ણને હાથે મોક્ષ પામે છે. આ કથા પ્રસંગમાં મુનશીએ અનેક ઘટનાઓનું મિશ્રણ કરીને કથા પ્રસંગને રોમાંચક બનાવવાનો પ્રયાસ કર્યો છે

કરવીરપુરના રાજા શુંગવલ પોતાને 'કૃષ્ણ વાસુદેવ' માનતા અને મનાવવા માટે લોકોપર સામ, દામ, દંડ અને ભેદનો ઉપયોગ કરતા. ધર્મસંસ્થાપક એવા ઋષિઓ એમને પ્રભુના અવતાર તરીકે ન સ્વીકારતા એણે ઋષિઓને 'નરક' માં પૂર્યા હતા કૃષ્ણે જરાસંઘને પરાસ્ત કરીને ઉદ્ધવને કરવીરપુર મોકલ્યો હતો ઉદ્ધવે કૃષ્ણના આગમનને સત્કારવાનું સૂચન કર્યુ પરંતુ અભિમાની પ્રકૃતિનામ રાજાએ પોતાને ભગવાન તરીકે સ્વીકારવાનું ઉદ્ધવ પર દબાણ કર્યુ અહીયા શ્વેતકેતુ અને પુનર્દત્તનુ મિલન વિકટભરી સ્થિતિમા થાય છે ત્રણેય પાત્રો સુંગવલની જાળમાં કઇ રીતે ફસાયા એ કથાને સંવાદો દ્વારા વેગ મળ્યો છે પુનર્દત્ત પોતાના દાદાને છોડાવવા આવ્યો હતો પરંતુ શ્વેતકેતુ માં તો આચાર્ય થાય એવી ક્ષમતાઓ હોવા છતાં અહીં એને શુંગવલના સેવક તરીકે જોતાં ઉદ્ધવનો આત્મા કકળી ઊઠયો શ્વેતકેતુએ પોતાના અધઃપતનનો વૃતાત કહી સભળાવ્યો શુગવલની સ્વરૂપવાન બહેનના મોહપાશમાં બધાઇને એ અહી સુધી આવી પહોચ્યો હતો શૈબ્યાની પ્રથમ મુલાકાત અને પછીની બે મુલાકાતમાં લેખકે શ્વેતકેતુ અને ઉદ્ધવ બે ભેગા મળીને કૃષ્ણને બચાવવા માટે શુંગવલના મહેલમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધી કાઢે છે શ્વેતકેતુએ ઉદ્ધવને શુંગવલના સેવકનો પોશાક પહેરાવીને નરકમાંથી બહાર કાઢયો અહી પોતાની જાતને પ્રભુનો અંશ બતાવીને પૂજા પાઠ કરાવતા શુંગવલની પૂજા ચાલતી હોય છે લેખકે આ પ્રસગ નિરૂપણમાં ઉદ્ધવને શૈબ્યા તરફ ઢળતો બતાવીને શ્વેતકેતુના અધઃપતનને પુષ્ટિ આપીને ઉત્તરમાં રચાતાં પ્રણય ત્રિકોણની ભૂમિકાઓ બાધી આપી છે.

કૃષ્ણનું આગમન અને કરવીરપુરના શુંગવલનું મૃત્યુ એ પ્રસંગને લેખકે યથાર્થ રીતે જાળવી રાખ્યો છે પરતુ પુરાણ કથાના પ્રસંગમાં શ્વેતકેતુ, પુનર્દત્ત અને ઉદ્ધવ તથા શૈબ્યાના પાત્રને વિભિન્ન ઘટનાઓ દ્વારા ઉઘાડ આપવામાં આવ્યો છે. પોતાના કાકાના મૃત્યુથી શિર છત્ર ગુમાવનારી શૈબ્યા ના વિલાપને લેખકે નીચે પ્રમાણે અભિવ્યક્તિ આપી છે-

'ખૂની! હત્યારા! .. તારુ સત્યાનાશ જજો!' એ ચિત્કારી ઊઠી.

એણે કમરે હાથ દીધો. ખંજર ચમક્યું, અને એ કૃષ્ણ પર ધસી, પાછળથી શ્વેતકેતુ દોડી આવ્યો. તેણે એને પાછળથી પકડી લીધી અને એના હાથમાંનુ ખંજર છીનવી લેવા પ્રયત્ન કર્યો.

ભૂખી વાઘણની માફક પાછળ ફરીને એ શ્વેતકેતુની પકડમાંથી હાથ છોડાવવા મથી રહી 'કાયર, હિચકારા, હુ તને અહીં લાવી  તને માનભર્યું સ્થાન દીધું. મારું હૃદય આપ્યુ. તે ભગવાનનો દ્રોહ કર્યો અને આ દુષ્ટનો નાશ ન કર્યો!' શૈબ્યાના મુખ પર ફીણ આવી ગયાં  એની આંખો પાગલની માફક ચકળવકળ થતી હતી "[૨૧]

શુંગવલના મૃત્યુથી મહાસંકટમા મૂકાયેલી શૈબ્યાનો રોષ, કરુણતા, દયનીય સ્થિતિને શૈબ્યાના કાર્ય, વાણી, વર્તન અને એની પ્રતિક્રિયાઓ અહીં સારી રીતે વર્ણવાઇ છે. એજ રીતે ભાન ભુલેલા શ્વેતકેતુના મનમા પડી રહેલા લાવારસનું વર્ણન પણ સ્પર્શી જાય છે

અહીયા એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે. ઉદ્ધવ કૃષ્ણના પૂર્વેના પરાક્રમોથી પરિચિત હોવા છતાં 'કૃષ્ણને 'નરક' માં નાંખી દેશે! એવો વિચાર કઇ રીતે કરી શકે? અસંખ્ય રાજાઓથી રક્ષાયેલા ગીરીરાજ સમ્રાટે જીવની ભીખ માંગવી પડે ત્યારે શુંગવલની કઇ તાકાત હતી કે એ કૃષ્ણને 'નરક' માં નાંખે? કથાપ્રસંગમાં અવનવા બનાવોને મૂકીને કથાપ્રસંગને આકર્ષક બનાવવાના પ્રયાસમા કથા પ્રસગનુ અને પાત્રોનું સત્વ જોખમાતું લાગે છે

શૈબ્યાને બહેન તરીકે સ્વીકારીને કૃષ્ણ મથુરા લઇ જાય છે, અહી અધર્મના શાસનનો અત આણીને કૃષ્ણ ધર્મનું સંસ્થાપન કર્યુ

અઘોર અપમાનનું વેર લેવા માટે જરાસધે કુટીલ નીતિનો આશ્રય લેવા માડયો  પોતાની પૌત્રીને રુકમી સાથે અને શિશુપાળને રુકિમણી સાથે લગ્ન કરાવીને પોતાની તાકાતને વધારવા અને ગુમાવેલી પ્રતિષ્ઠાને સાચવવાનો પ્રયત્ન કરવા લાગ્યો

વિદર્ભ રાજ્યની પરંપરા રહી હતી કે દિકરીનો સ્વયવર ભરાય અને એમાંથી શ્રેષ્ઠ વીર નરને વિદર્ભ કન્યા વરમાળા આરોપીને પતિ તરીકે સ્વીકારતી. જરાસંઘ તો રુકમણીને શિશુપાળ સાથે પરણાવા છળકપટનો આશ્રય લેવા લાગ્યો  જરાસઘ અને રુકમીના માર્ગમાં કૈશિક અને રુકિમણી વિઘ્નરૂપ બનીને ઊભા રહે છે.

રુકિમણી કૃષ્ણને ચાહે છે અને સુવર્તા શૌક્ય લાવવા તૈયાર ન હતી. સુવર્તાનો ફાયદો લઇને રુકિમણી સ્વુયંવરને ટાળવા સક્રિય બને છે. અહીં શ્વેતકેતુનું આગમન રુકિમણીની આકાંક્ષાઓને પુષ્ટિકારક બને છે  કરવીરપુરના બનાવો જાણીને રુકિમણીનું મન પ્રસન્નતા અનુભવે છે  કરવીરપુરના પ્રેમની કથા સાથે શૈબ્યાની રોમાંચક કથાના વહેણને લેખકે અનેક ચઢાવ ઉતાર આપીને આકર્ષક ઓપ આપવાનો પ્રયત્ન કર્યો છે  શ્વેતકેતુ શૈબ્યાને ચાહતો હતો ઉદ્ધવ આ જાણતો હોવા છતાં શૈબ્યાના અનુપમરૂપથી અંજાઇને એના પ્રત્યે પ્રણયભાવ દાખવતો હતો. ઉદ્ધવ વિચિત્ર સ્થિતિમાં મુકાઇ જાય છે  એ મિત્રનો દ્રોહ કરીને પ્રેમના મિનારા સર્જવા નહોતો માંગતો અને શૈબ્યા વિના રહી શકતો ન હતો  કૃષ્ણ ઉદ્ધવના મનની મૂંઝવણને જાણીને એને 'પ્રેમ વેદી' નું જ્ઞાન આપીને સાંત્વન આપે છે.

કથાનકમાં આવતા અનેક પ્રસંગોને ઘટનાઓના તાણા વાણાને અદભુત રીતે ગૂંથીને કથાને સુશ્લિષ્ટ કલાદેહ મુનશીએ આપ્યો છે  શૈબ્યા, ઉદ્ધવ, શ્વેતકેતુ, બૃહદબલ આ બધાં પાત્રો પોતાની મુશ્કેલીઓ લઇને આવે છે એમાંથી ઉગરવાનો માર્ગ એમની પાસે ન હતો. ગૌણ પાત્રોની

૨૧ એજન પૃ ૧૬૮

પોતાની મૂંઝવણો અહીં કૃષ્ણની સાથે જોડાઇ જાય છે. શૈબ્યા, કાકાનું વેર લેવા તત્પર છે, શ્વેતકેતુ જરાસંધની યોજનાને ધૂળમાં રોળવા અને શૈબ્યાને વરવા તત્પર છે. ઉધ્ધવ મિત્ર દ્રોહ કરીને શૈબ્યાને પામવા માગતો ન હતો, બૃહદબલ મથુરાની રાજગાદીએ બેસવા માટે સાત્યકિ અને સત્રાજિત તથા અન્ય યાદવોનો વિશ્વાસ મેળવીને પોતાની શક્તિ વધારવા ભગીરથ પ્રયાસો આદરે છે. એમા કેશા, બૃહદબલને પ્રોત્સાહન આપે છે. આ સઘળા બનાવો સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા હોવા છતાં એ અંતે કૃષ્ણની સાથે સંકળાઇ જઇને મૂળ કથાનકને પુષ્ટિ આપે છે.

કૃષ્ણ પ્રત્યેનો ધિક્કાર, તિરસ્કાર અંતે કૃષ્ણના મોહિનીમય રૂપમાં સમાઇ જાય છે અને શૈલ્યા કૃષ્ણને ચાહવા લાગે છે. પાત્રના આ પરિવર્તનને પ્રતીતિકર બનાવવા અનેક ઘટનાઓને લેખક રસપૂવર્ક આલેખી છે. કૃષ્ણ વારંવાર શૈબ્યાને મળીને ભેટ સોગાદો આપે છે, ત્રિવક્રા શૈબ્યા આગળ કૃષ્ણ વિશે વાતો કરે છે, આખું મથુરાં કૃષ્ણને ભગવાન માને છે, ઉધ્ધવ કૃષ્ણના સેવક બનીને એમની પાછળ ફર્યા કરે છે. આ બધી ઘટનાઓ શૈબ્યાનાં પાત્રમાં પરિવર્તન લાવવામાં અસરકારક ભૂમિકા ભજવે છે.

શ્વેતકેતુ જરાસંધની યોજના નિષ્ફળ બનાવવા શૈબ્યાને લેવા માટે આવે છે. મથુરામા બૃહદબલ યુવરાજપદ માટે યાદવોનો સહકાર સાધે છે, કેશા શૈબ્યાને પોતાની પ્રપંચજાળમાં ફસાવીને કૃષ્ણની હત્યા કરવા પ્રેરે છે શૈબ્યા શ્વેતકેતુને મદદ કરવાની ઘરાર 'ના' પાડી દે છે એજ રાત્રે એ કૃષ્ણની હત્યા કરવા જાય છે પરંતુ ત્રિવક્રાએ શૈબ્યાના મનના ઊંડા ભાવને પ્રદિપ્ત બનાવી આપતાં કહ્યું કે 'તું કૃષ્ણને ચાહે છે.' મુનશીની કલમે પાત્રો પોતાની વ્યક્તિતાની આગવી છાપ કૃતિમાં છોડી જાય છે. કૃષ્ણની હત્યા કરવા જતી નાયિકાના આંતરજગતના સૂક્ષ્મતમ ભાવિશ્વનું આલેખન થયું છે. શૈબ્યા સતત ભય પ્રેરિત હોય એમ કૃષ્ણનું ખૂન કર્યું છે એમ વિચારે છે કૃષ્ણના ખૂન કર્યા પછી શૈબ્યાને આખું મથુરા કૃષ્ણના અવસાન પર કરુણ આક્રંદો કરતું લાગે છે. આબાલવૃધ્ધ સૌ કોઇ ગમગીન અને દુ:ખી હતા, ઘેરા આઘાતમા ડૂબી ગયા હતા. શૈલ્યા સામે અસહ્ય એવી સ્થિતિ રચાતા શૈબ્યા ભાંગી પડી. એવે સમયે કૃષ્ણનું આગમન એને આશ્વાસનરૂપ બની રહ્યુ

મૂળ કથાનકના પ્રવાહોમા અન્ય પ્રવાહનું મિલન મૂળ કથાનક ને આકર્ષક બનાવવામાં સહાયક ભૂમિકા પૂરી પાડે એમ અહીંયા બળરામ-રેવતીની પ્રણયકથાનું રસપ્રદ નિરૂપણ થયું છે. પ્રેમ અને શૌર્યની કથાના આલેખનની જડીબુટ્ટી મુનશીને હાથવગી હોય એમ લાગે છે

રેવતીના પિતાનું કુશસ્થલીનું રાજ્ય પંચજન્ય નામના રાક્ષસોએ જીતી લીધું. કકુહ્મીને પુત્રી હતી એ નિ:સહાય હોવાથી રેવતીને શસ્ત્ર શિક્ષણ આપ્યું. અહીયા અસહાય સ્થિતિમાં રાજ્યને પ્રાપ્ત કરવા મથતા પિતા-પુત્રીને મદદ કરવા માટે બળરામે ઝુકાવ્યું અને કુશસ્થલી પર આક્રમણ કરવાની તૈયારી આદરી. જે જહાજ પર કૃષ્ણ પુનર્દત્તને છોડવવા માટે ગયો હતો એ ભીકુનું જહાજ બળરામને મળે છે અને એ પ્રયાણ કરે છે. વિના વિઘ્ને કાર્ય સંપન્ન થાય તો એમા રસ ન પડે એ વાતથી પરિચિત હોવાથી મુનશી અહીં સમુદ્રને તોફાની બનાવ્યો છે. બળરામ સામાન્ય માનવમાંથી અસામાન્ય માનવ બની જાય છે અને તોફાની સમુદ્રને શાંત રહેવાનો આદેશ

આપવો પડે છે આમ, માર્ગ માથી અવરોધ દૂર થતાં કુશસ્થલીપર ઓચિંતો હુમલો કરીને રેવતીને અનુ રાજ્ય પાછુ આપે છે. પરાક્રમી બળરામના વ્યક્તિત્વથી અજાઇને કકુદ્મી પોતાની પુત્રીનો હાથ એના હાથમાં આપે છે

રેવતી પ્રત્યેના પ્રણયભાવને અને એનાં પરાક્રમને અભિવ્યક્ત કરીને તથા એને પ્રબળ મહત્વાકાક્ષી બનાવવા માટે કઠોર એવી શસ્ત્ર તાલીમ લેવડાવીને રેવતીને 'પુરુષ સમોવડી' બનાવવાનું લક્ષ્ય અહી લેખકે પાર પાડ્યું છે

ગોમંતક ભાગી ગયેલા કૃષ્ણ-બળરામ પાછા નહી ફરે એમ માનીને બૃહદ્બલ મથુરાના યુવરાજપદે બેસાવની તૈયારી કરવા લાગ્યો. અને કૃષ્ણ વિરોધી અસંતુષ્ટ યાદવોએ કૃષ્ણને બોલાવીને 'બૃહદ્બલ' ને યુવરાજ બનાવવાનું સૂચન કર્યુ. કૃષ્ણ સૂચનનો સહર્ષ સ્વીકાર કરીને એને કટોકટી ભર્યા પ્રસંગે યુવરાજ બનાવ્યો કુંડિનપુરમાં રુકિમણીના સ્વયંવરમાં મથુરાને નિમંત્રણ આપવામાં ન આવ્યું હોવાથી યાદવોનું અપમાન થયું હતું યાદવોનો રાજા ઉગ્રસેન વૃધ્ધ હતો અને યુવરાજ પદે કોઇને સ્થાપવામાં આવ્યો ન હતો એટલે સ્વયંવરનું નિમંત્રણ ન અપાયું એ સહજ હતુ. કૃષ્ણે અહીયા તત્કાલીન પરિસ્થિતિને સાચવવાનો ઉત્તમ માર્ગને પકડી પાડયો યાદવોના અસંતુષ્ટપણાને અને બૃહદ્બલને ન્યાય મળી રહે તથા આવનારા જરાસધના પ્રકોપ સામે ટકી રહેવા માટે યાદવોને શૂરવીર બનાવી શકાય એવા હેતુસર યોગ્ય ક્ષણે મથુરાના યુવરાજ પદે બૃહદ્બલને સ્થાપવાનું ઉગ્રસેનને સૂચન કર્યુ કૃષ્ણની આ ઉદારતાથી યાદવોમાં રહેલો અસંતોપ નષ્ટ થયો અને સૌ કૃષ્ણના ત્યાગને અહોભાવથી જોવા લાગ્યા. કૃષ્ણનું મુત્સદ્દીપણું અને દૂરંદેશી નજરનો અહીં મહીમા થયો છે

બૃહદ્બલના વ્યક્તિત્વથી સુપરિચિત ઉગ્રસેનને આ ન ગમ્યુ અક્રૂરને આમાં કૃષ્ણની લીલા દેખાઇ ઉગ્રસેને બૃહદ્બલને યુવરાજપદની ઘોષણા કરી બૃહદ્બલ યુવરાજ બનતાં ભીસમાં મુકાઇ ગયો સ્વયંવરમાંથી રુકિમણીનું હરણ કરવુ એટલે મૃત્યુના મુખમાં બેસવાનુ સાહસ. જ્યાં યમરૂપે જરાસંઘ, રુકમી અને શિશુપાળ જેવા યૌધ્ધાઓ બેઠેલા હોય સિંહની બોડમાં હાથ નાખવા જતા મૃત્યુ નિશ્ચિત હોવાનો ભય બૃહદ્બલમાં છવાયો તો યુવરાજ પદનો અસ્વીકાર કરીને 'કાયરતા' નું બીરુદ મેળવીને જીવવું એ અસહ્ય હતું 'હા' બોલે તો માથું કપાય ને 'ના' બોલે તો નાક કપાય આવી વિચિત્ર સ્થિતિમા બૃહદ્બલ મૂંઝવણ અનુભવે છે શું કરવું? શું ન કરવું? દ્વિધાભરી સ્થિતિમાં રહેંસાતો એ આમાંથી માર્ગ ઉકેલવા મિત્રો પાસે ને માતા પાસે જાય છે પરંતુ માર્ગ મળતો નથી અંતે એ પત્ની પાસે જાય છે વિશાખા તો વરીપુરુષની પત્ની બનવાનું ગૌરવ લેવામાં રાચતી હોવાથી એણે કહ્યું. 'આ તો તમારી લાયકાત બતાવી આપવા માટે જીવનમાં ક્યારેય ને મળે એવી તક મળી છે.'[૨૨] પતિના હલબલી ગયેલા આત્મવિશ્વાસને અડગ રાકવા માટે એને પ્રોત્સાહન આપ્યું. પરંતુ મૃત્યુના ભયથી કંપી ગયેલા બૃહદબલ શૂરવીરતાના નામે કાળુ કલંક હતું સાહસ કરવાની શક્તિ એનામાં ન હતી. આથી એમાંથી ઉગરવા માટે બૃહદ્બલ ઉગ્રસેનને આમ કહે છે:

---

૨૨ એજન પૃ ૨૪૩

'શ્રીકૃષ્ણે ખૂબ જ ઔદાર્યપૂર્વક સૂચવ્યુ કે મારે યુવરાજપદ સ્વીકારવુ  પરતુ યાદવોના સાચા તારણહાર કૃષ્ણે તો બચપણથી જ કેવા કેવા ચમત્કારો કર્યા છે! એ ભગવાન ન હોય. તો એ ભગવાન જેવા તો છે જ! બીજા કોઇનીયે સહાય વિના એણે અને બળરામે જરાસંઘને હફાવ્યો હતો  એ આપના સૌમા મહાન છે અને ધર્માનુરાગી છે  મથુરામાં પણ આપના પછી એનું જ સ્થાન હોઇ સકે  એની સારપનો ગેરલાભ લઈ હું એ સ્થાન પચાવી પાડું એ મને ઠીક લાગતું નથી ' બૃહદે કહ્યું [23]

આરંભથી બૃહદ્બલના વ્યક્તિત્વને ઉઘાડ આપીને યુવરાજ પદ માટે મહત્વકાક્ષી બનાવીને એને પરાકાષ્ઠાએ લઇ જઇને 'ધોબી પછાડ' ની જેમ પછાડયું છે. વાસ્તવિક જગતથી દૂર સ્વપ્નોના આકાશમાં ઉડાડીને મુનશીએ પાત્રને છોડયું, ત્યારે એને વાસ્તવિકતાનું ભાન થતાં જ યુવરાજ પદનો ઇન્કાર માટે કેવા પોકળ શબ્દોનો સહારો લેવા માંડયો અને પોતાની જાતને મૃત્યુના મુખમાંથી ઉગારવા મથામણ કરવા લાગ્યો!

આ કથા પ્રસંગો છે એમ બેધડક કહેતા અચકાઇ જવું પડે એમ છે  'વરુ તે વર' ની નીતિને અનુસરીને વર્તતા મુનશીનાં નારીપાત્રોની જેમ રુકિમણીએ પણ નિશ્ચય કર્યો કે કૃષ્ણને જ વરવું. શૈબ્યા કૃષ્ણને સહાય બનવા માટે શ્વેતકેતુ સાથે કુંડિનપુર આવીને રુકિમણીની આસ્થાને અડગ બનાવે છે  રુકિમણીની મૂંઝવણો વધી જાય છે  હવે શુ થશે?  અને પોતાની જાતને બચાવવા પોતાને શુ કરવુ જોઇએ! રુકમી તો કુવામા નાખવાનો પૂર્ણ પ્રબધ કરીને આવ્યો હતો  શિશુપાળને એ વરવા માંગતી ન હતી ને કૃષ્ણ રાજા ન હતો  બે પરિસ્થિતિમાં રુકિમણી રહેંસાય છે છતાય સામે ઊભી થયેલી સ્થિતિની સામે હાથ જોડીને બેસી રહે એવી એ નથી. આમાથી ઉગરવાનો માર્ગ શોધવાનો પ્રયત્ન કરવા લાગી

કૃષ્ણ જરાસંઘના ભયને નિવારવા અને અધર્મયુક્ત સ્વયવરને બંધ રખાવવા માટે યાદવોને સશસ્ત્ર તાલીમ આપીને 'રથ સ્પર્ધા' નું આયોજન કરીને યાદવોની શક્તિમાં ચેતના જાગ્રત કરે છે.  શૂરવીર અને સાહસમાં માનનાર યાદવ યૌધ્ધા કૃષ્ણનો પ્રત્યેક બોલ ઝીલવા તત્પર હતા એમાં સાત્યકિ તો યુધ્ધઘેલો હતો  કૃષ્ણની ઇચ્છાનુસાર બધું હેમખેમ થવા લાગ્યું.

શ્વેતકેતુને ચમત્કારની આશાનાં કોઇ ચિન્હો ન જણાતાં કુંડિનપુરનું આચાર્યપદ ત્યજી દેવા તત્પર થાય છે  શિષ્યોએ આચાર્યના નિર્ણયને જાણવાનો પ્રયત્ન કર્યો પણ કંઇ પામી શક્યા નહીં.  પરતુ ભીમક રાજા હતો સ્વયંવર જેવા મંગળ પ્રસંગે આચાર્ય વિદાય થાય એ તો અપશુકન ગણાય એટલે એમણે શ્વેતકેતુના મનને પામવાનો પ્રયત્ન કર્યો  પરોક્ષ રીતે શ્વેતકેતુએ અધર્મયુક્ત સ્વયંવરને બંધ રાકવાનું સૂચન કર્યુ.  પરંતુ જરાસંઘની ધમકીથી ગભરાઇને અસત્યનો આશરો લે - એ શ્વેતકેતુની પ્રકૃતિ ન હતી.  એ નગ્ન સત્ય હકીકત ભીષ્મક સહિત અનેક રાજાઓ સમક્ષ કેવી સૂઝ-સમજથી કહે છે.  અહીયા પાત્રના ગૌરવને છાજે એવી વાણી અને વર્તનનું સમર્થ આલેખન મુનશીએ કર્યુ છે.

"'ચક્રવર્તી સમ્રાટ, તમે તમારી હાજરીમાં બોલાતા સત્યને જીરવી શકશો?  શ્વેતકેતુએ પૂછ્યું

---

૨૩  એજન  પૃ ૨૪૧

'કેમ? મારી શુ ભૂલ છે?' જરાસઘે ભવાં ચડાવીને પૂછયું

'હુ જાણું છુ કે તમને સાંભળવુ ગમે એવુ જ તમારી આસપાસના લોકો બોલે એમ તમે ઇચ્છો છો હું જે વિચારતો હોઉ કે કહેતો હોઉ એ સાભળવુ તમને કદાચ નયે ગમે,' શ્વેતકેતુએ દઢતાથી કહ્યુ "

શ્વેતકેતુ કુંડિનપુર છોડવા પાછળના કારણને કહેવા ન હતો માગતો પરંતુ જરાસંઘે ધમકી ભર્યા સૂરમાં કુંડિનપુર ન છોડવાનો આદેશ આપ્યો ત્યારે એ ધમકીને મૂગે મોઢે સહન કરે એવું આ પાત્ર ક્યા હતુ? એણે તો સર્વ રાજાઓની વચ્ચે આમ કહ્યું!

"'આ સ્વયંવરમા બધુ જ ખોટું છે, ચક્રવર્તી!' શ્વેતકેતુએ ઉત્તર આપ્યો, 'અત્યાર સુધી મેં કુંડિનપુરના લોકોમાં ફેલાતી અફવાઓ પર ધ્યાન આપ્યું ન હતું. ગઇ કાલે રાજકુમાર અનુંવિંદે કહ્યું ત્યારે મી આખ ઉઘડી તમે વર પસંદ કરી જ લીધો છે. તમારી આજ્ઞા થઇ છે એટલે અન્ય રાજવીઓ એ વર જ કન્યાને જીતી જાય છે માટે સંમત થયા છે! તમારા ભયથી બીજા કોઇ રાજા શસ્ત્રવિદ્યામાં શિશુપાળ સાથે સ્પર્ધામાં ઉતરવા તૈયાર નથી. જો કન્યા પોતે પસંદગી કરે તો પણ એને સ્વીકારવાની કોઇની હિમત નથી મારી નાની બહેન જેવી રાજકુમારી રુકિમણીનું તમારી પૌત્રી સાથે સાટુ થઇ રહ્યુ છે મને આશા હતી, ભગવાન મહાદેવ મારી પ્રાર્થના સાભળશે અને આ સ્વયવરને અટકાવવા ચમત્કાર કરશે પરતુ એમની કૃપા આ ભૂમી પર લાગતી નથી સત્તાની શતરજ પર રાજકુમારીનો ભોગ અપાશે જ! હુ એ અટકાવી પણ શકુ એમ નથી એમા આશિષ પણ આપી શકુ એમ નથી અને તેથી જાઉ છું '"[૨૪]

શ્વેતકેતુનુ દર્શન અને એનું વ્યક્તિત્વ જ અને જીવંત બનાવી આપે છે

એક બાજુએ રથસ્પર્ધાની તૈયારી તડામાર ચાલે છે તો બીજી બાજુ સાત્યકિ અને ઉદ્ધવ અચાનક ગૂમ થયા હતા એમ આ રથસ્પર્ધાના ચારસો રથીઓ અદ્રશ્ય થયા મુનશીએ યાદવોને આ રીતે ગૂમ કરવાને બદલે ભવ્ય રીતે કુંડિનપુર મોકલ્યા હોત તો પ્રસગ વધારે રસપ્રદ બન્યો હોત અને આ યાત્રાનું સુંદર વર્ણન કરવાનો લેખકને અવસર પ્રાપ્ત થયો હોત

વણનોતર્યા મહેમાન બનીને આવેલા મથુરાંના યાદવોનું આગમન થતાં જરાસંઘની ટોળીમાં સન્નાટો છવાઇ ગયો સશસ્ત્ર આગમન કરનાર કૃષ્ણ સામે યુદ્ધ કરવું નરી મુર્ખતાથી વિશેષ કાંઇ નથી, એમ માનીને બીજીવારના અપમાનનો વિષમય ઘૂટડો પીવા સિવાય જરાસંઘ સામે કોઇ માર્ગ ન રહ્યો ભીષ્મકે કૈશિકે કૃષ્ણના આગમનને સહર્ષ સ્વીકારીને રાજવીનેય છાજે એમ ભવ્યતાથી સ્વાગત કર્યુ. પોતની જ જાળમાં જરાસંઘ ફસાયો, એની પ્રપંચલીલાએ એને સાથ ન આપ્યો, અનેક ઘટનાઓના શંભુમેળાનું વિદ્વદ્યતાથી રસપ્રદ આલેખન કરીને કૃષ્ણના પાત્રને 'સુપરમેન' જેવા બનાવવામાં ધારી સફળતાઓ લેખકે પ્રાપ્ત કરી છે

જરાસંઘની યોજના ધૂળમાં મળી અને રુકિમણીનો સ્વયંવર બંધ રહ્યો પરંતુ બબ્બે અઘોર અપમાન ને જરાસઘ કઇ રીતે જીરવી શકે? યાદવો તો શસ્ત્ર વિનાના વિજયના ઉન્માદમા આનંદિત બનીને ખુશી મનાવવા લાગ્યા એક માત્ર કૃષ્ણનેજ આવનારી ભયંકર આપત્તિની ચિંતા હતી

---

૨૪. એજન. પૃ ૨૮૯

કૃષ્ણની શકાને પુષ્ટિ અપાવવા માટે મુનશીએ ભીમનુ આગમન કરાવ્યુ મહાભારતમાં ઉપલબ્ધ ન હોય એવી ઘટનાને લેખકે સ્વ કલ્પનાથી ઉપસાવીને કથાપ્રસંગના ભાવને વધારે પ્રગાઢ બનાવવા અને કથાનકમાં ખૂટતી કડી મૂકીને એનો વધુ પ્રતીતિકર બનાવવા આ પ્રસંગ અલેખાયો છે વિદુર, જરાસંઘની ભાવી યોજનાના સમાચાર ભીમ દ્વારા મોકલાવે છે કથા પ્રસંગમાં પ્રત્યક્ષ ન આવવા છતાંય વિદુરની જે પુરાણમાં છાપ છે એ છાપ અહી અખડિત રહે છે કથાનકમાં ભીમનું આગમન અને વિદુરનો ગુપ્ત સંદેશો આગન્તુક નહી પરંતુ અંતર્ગત બની જાય છે. મૂળ કથામાં સર્જક દ્વારા પૂરવામાં આવેલા રંગો ક્યારેક ઘણા અસરકારક બને છે.

આવનારી મહા વિપત્તિની વાત યાદવો સમક્ષ તો નહીં પરંતુ પ્રિય એવા ઉદ્ધવને ય કૃષ્ણ કહેતા નથી. એમની મૂંઝવણ માત્ર એમની જ રહે છે. યાદવ શ્રેષ્ઠો આવનારા ભયથી પરિચિત હતા જરાસંઘના ભયને નિવારવાનો કોઇ માર્ગ રહ્યો ન હતો સર્વે દિશામાં ધૂંધળું તાતાવરણ રચાયુ. યાદવોનું અસંતુષ્ટ વર્તુળ મથુરાંપર તોળાતા ભયનું મૂળ કારણ કૃષ્ણ' ને ઠેરવવા લાગ્યા. માત્ર અસંતુષ્ટ નહી પણ મથુરાંલોક કૃષ્ણને લીધે જ આ સર્વનાશ થવાનો છે એમ માનવા લાગ્યા. અહીયા પ્રસગાનુરૂપ વાતાવરણને સર્જવા માટે સભાગૃહની ચર્ચા અને લોકોક્તિનું વર્ણન કર્યુ છે કૃષ્ણની અતિ પ્રશંસા કરતા મથુરાના લોકો કૃષ્ણ પર આજે ધિટકાર વરસાવવા લાગ્યા હવે મૃત્યુ નિશ્ચિત હતું લોકોમાં વિશ્વાસ જ ન હોય તો એમાથી ઉગરવુ કૃષ્ણને અશક્ય લાગે છે એમાંય એના માતા-પિતા શ્રદ્ધા ગુમાવી દે છે આખુય મથુરા કૃષ્ણ વિરોધી બની જતા કૃષ્ણની શ્રદ્ધા ડગવા લાગી એક માત્ર ઉદ્ધવને જ કૃષ્ણમાં પૂર્ણ વિશ્વાસ હતો કૃષ્ણને બરોબર ભીસમા લે એવો માહોલ સર્જાયો, માર્ગ જડવો અશક્ય હોય છે ત્યાં કૃષ્ણને અદૃશ્ય કરાવીને ઉત્તર સમયની ઘટના સાથે સબંધ સ્થાપી અપાયો છે. કૃષ્ણનું અચાનક મથુરાં છોડી જવાનું કારણ કોઇને સમજાતુ ન હોતું જરાસંઘને કાલયવન રૂપી ભય માથાપર જોખમાતો હતો ત્યાં કૃષ્ણ ગૂમ થવાથી અસહાય સ્થિતિમા મુકાયેલા યાદવો કૃષ્ણને અસહ્ય વેણ કહેવા બદલ પશ્ચાતાપ કરવા લાગ્યા

કૃષ્ણના અદૃશ્ય થવાના રહસ્યના તાંતણાઓને જરાસંઘ અને કાલયવનની ભાવિ યોજના સાથે સાંકળવામાં આવ્યા છે. કાલયવન ને અને એની વિનાશક શક્તિનો તાગ કાઢીને એમાંથી ઉગરવાના એક માત્ર ઉપાયને યાદવો સમક્ષ કહીને યાદવોને આપેલા વચનને સાર્થક કરવા માટે કૃષ્ણ યાદવોને મથુરાંથી દૂર કુશસ્થલી લઇ જવા માગે છે. કૃષ્ણ પ્રત્યે અને ધર્મ પ્રત્યેની આસ્થા ગુમાવનાર યાદવોએ કૃષ્ણની યોજનાનો સહર્ષ સ્વીકાર કર્યો કહેવા કરતાં સ્વીકાર કરવો પડ્યો એમ કહી શકાય

યાદવો કુશસ્થલી પ્રયાણ કરે છે પરંતુ પ્રયાણના વર્ણનો આપવાનું ટાળીને મહત્વપૂર્ણ ઘટનાનું આલેખન કરવાનું જ સર્જક કર્મ યોગ્ય રીતે ખીલ્યું છે કાલયવન અને યાદવો વચ્ચે બે-ત્રણ દિવસનું અંતર રહ્યુ. ફરી એકવાર સઘર્ષભરી સ્થિતિ ઉત્પન્ન થઇ. કાલયવનના રાક્ષસી પજામાંથી ઉગારવા અથવા તો 'યાદવોના મૃત્યુ પહેલા મૃત્યુને ભેટવા માટે' કૃષ્ણ બધાને કુશસ્થલી જવાનો આદેશ આપીને પોતે કાલયવનને મળવા જાય છે અહીયા અપૂર્વ મક્કમતા અને અડગતામાં એમનું વ્યક્તિત્વ ખીલી ઊઠે છે મૃત્યુના મુખમા બેસવાનું સાહસ કૃષ્ણ કરે છે.

કૃષ્ણના આ કાર્યના પરિણામને અહી ગોપનીય રાખ્યું છે અને ભવિષ્યની ઘટના સાથે અનુસંધાન જોડયુ છે.

ચતુરાઇ પૂર્વક યાદવોને ઉગારવા કાલયવનનો વિશ્વાસ જીતીને એને માર્ગે લઇ જઇને યાદવોને કુશસ્થલી જવાનો સમય કરી આપે છે. પરંતુ કાલયવનના એક સૈનિકે કૃષ્ણને ઓળખી નાખ્યો કાલયવનથી છુટવા માટે કૃષ્ણ તીવ્રવેગે ઘોડાને લઇને ભાગ્યો કાલયવને એનો પીછો કર્યો કૃષ્ણ ઘોડાને છોડીને કેડી માર્ગે મુચકુંદની ગૂફામાં ગયો અહીયા વાત જાણીએ છીએ કે કાલયવનનુ મૃત્યુ ઋષિના હાથે થાય છે.

એક વિટંબણા પૂર્ણ થાય એ પહેલાં બીજી વિટંબણા સામે ઊભી થાય એમ જ મુનશી એક પછી એક વિટંબણાને ઊભી કરીને પછી એની સમસ્યા હલ કરીને પાત્રને અનન્ય પાત્ર બનાવી આપવાનો પ્રયાસ કર્યો છે. કૃષ્ણના ગમન પછી નિ:સહાય બનેલી, હતાશ બનેલી યાદવ પ્રજા પારાવાર દુ:ખ અનુભવે છે. એમાંય કૃષ્ણની આજ્ઞાને અનુસરીને ધર્મની રક્ષાર્થે રુકિમણીના સ્વયવરને અટકાવીને રુકિમણીને બચાવવા યાદવો કુંડિનપુર જાય છે આવા કપરા સંજોગોમાં કૃષ્ણનુ આગમન થયુ રુકિમણીનો વિશ્વાસ તૂટી ગયો કૃષ્ણની આશા રાખવી અર્થ વિનાની હતી જીવન જીવવાની એપણાજ લુપ્ત થઇ ગઇ સુવર્તા અને કૌશિકે પણ સાથ છોડયો જરાસંઘ કૃતનિશ્ચયી બન્યો શિશુપાળ રુકિમણીને વરવા અધીરો બન્યો યાદવો આમાથી ઉગારવા આવતા હતા પરતુ કૃષ્ણ વિના એ સાવ અધૂરી હોય એવી વારવારની પ્રતીતિ થયા કરતી રુકિમણીના મનમા ચાલતી સંઘર્ષમય સ્થિતિનું આલેખન થયું છે દુ ખમય અને આઘાતજનક ઘટનાઓમાં શૈબ્યાનું આગમન એને માટે આશ્વાસન રૂપ રહે છે છતાંય કૃષ્ણ વિના જીવવું અસહ્ય લાગે એને નિવારવા ચિતામા ચઢીને જીવનનો અંત લાવવો પણ અન્ય પુરુષની પત્ની તો ન જ બનવાનો મક્કમ નિર્ધા કર્યો

કથાના પ્રવાહમા સટસડાટ ઘટનાઓ બને છે. સ્વયંવરનો દિવસ આવ્યો ને રુકિમણી મંદિરમા જઇને ચિતામાં પ્રવેશ કરવાનો સંકલ્પ કરીને આગળ વધતી હતી ત્યાં જ કૃષ્ણનું આગમન થયું અને રુકિમણી મૃત્યુના મુખેથી ઉગરી ગઇ. પોતાની બહેનને ગોવાળિયાથી બચાવીને સમ્રાટની નજરોમાં વસવા માટે કૃષ્ણનો પીછો કરીને રુકિમણી છોડાવવા ગયેલો રુકમી સુદર્શન ચક્રના મુખમાં હોમાતો હતો ત્યાં જ રુકિમણીએ રુકમીને છોડવવા વિનંતી કરી અહીંયા રુકમી અને કૃષ્ણ વચ્ચેના યુદધ પ્રસંગોનું નિરૂપણ થયું હોત તો 'વીરરસ' પ્રાપ્ત થયો હોત પરંતુ મુનશીને યુદધ વર્ણનમાં રસ ન હોય એમ આગળ વધે છે.

રુકિમણીના સ્વયંવરમા કૃષ્ણ ધર્મસ્થાપક તરીકે બહાર આવ્યા, ત્યા તો યાદવોનાં જહાજ ભયંકર સમુદ્રી તોફાનમાં ફસાઇ ગયાં એમને ઉગારવા કૃષ્ણને દોડવું પડે છે.

આરંભથી કથાનકના બે પ્રવાહમા કૃષ્ણની કથા અને પાડવોની કથાના વહેણો વહેતાં થયા છે એમાંય ખંડ ત્રણનું શીર્ષક જ 'પાંચ પાંડવો' અપાયું છે એટલે કે આ ખંડના કેન્દ્ર સ્થાને પાડવોની કથા હોય એ સહજ સ્પષ્ટ છે

દ્રુપદના પાત્રના મનોગત સચલનો દ્વારા દ્રોણ અને દ્રુપદની મિત્રતા શત્રુતામા કેમ પરિણમી અને દ્રુપદ દ્રોણને અને એના શિષ્યોને પરાજિત કરવા કેમ માગે છે એનો નિર્દેશ થયો છે બે

પુત્રમા વીરત્વ ન હોવાથી દઢ સકલ્પને દ્રુપદ પુરો કરી શકે એમ ન હોવાથી આર્યવર્તના મહાન ધનુર્ધર કહીને અર્જુનનો અને પિતાની શપથને પૂર્ણ કરવા સજાગ યુવતીમા દ્રૌપદીનુ પાત્ર છતુ થાય છે. સાંદિપનીઋષિ સાથે મહાન ધનુર્ધરની તપાસ કરતા દ્રુપદને લાગ્યુ કે એક અર્જુન અને બીજો કર્ણ છે અર્જુન તો દ્રોણનો જમણો હાથ છે અને કર્ણ સૂતપુત્ર છે. એટલે આ બન્ને દ્રૌપદી માટે નકામા હતા અંતે કૃષ્ણ પર પસંદગી ઢોળે છે સકળ આર્યવર્તમાં એકમાત્ર મહાસમર્થ ધનુર્ધર જ નહી, ચમત્કારો ય કરી જાણનાર કૃષ્ણ જ દ્રૌપદીને યોગ્ય વર છે અને એજ પોતાના અપમાનનો બદલો લેવા સમર્થ છે એમ માનીને દ્રુપદે ગર્ગાચાર્યને આ અગે ભલામણ કરી પરંતુ પોતાની ફોઇને અને એના પુત્રોને અનહદ ચાહતો કૃષ્ણ આ પ્રસ્તાવને સ્વીકારતો નથી.

અર્જુન પ્રત્યે ખિન્ન એવો અશ્વસ્ત્થામા પોતાના પિતાને કહીને સજાગ બનાવીને દુર્યોધન માટેનો માર્ગ મોકળો કરી આપેછે.કૃષ્ણનો સંદેશો લઇને ઉધ્ધવ હસ્તિનાપુર ગયો હતો મુનશી એ અહીયા "લાક્ષાગૃહ" ની ઘટનાને સિફતપૂંવક કાઢીને કથાને કૃષ્ણની આજુબાજુ પરિભ્રમણ કરાવીને કૃતિના કેન્દ્રસ્થાને કૃષ્ણના પાત્રને યથાર્થ પણે જાળવી રાખવાનો ભારે શ્રમ કર્યો છે 'કંઇક અમગળ બનવાનુછે.' અનો સકેત ભીમના મુખે ઉચ્ચારાય છે. ઉદધવ કૌરવોની રાજરમતને પામી શકતો નથી એ ત્યાની સીમાને ઓળગતું વ્યક્તિત્વ લેખકે આમ ચરિતાર્થ કરાવ્યુંછે

'સધર્ષ નિવારવા માટે અમે અમારાથી બનતુ બધુ જ કરવા તૈયાર છીએ ' યુધિષ્ઠિરે કહ્યું'રાજય સિહાસનનો ભોગ આપવાથી પણ જો ભાઇઓ વચ્ચે શાતિ સ્થપાતી હોયતો મને તો રાજયનો પણ મોહ નથી.'યુધિષ્ઠિરે કહ્યું"હસ્તિનાપુરને 'ભાવુયુદધ' માંથી ઉગારીને એના અસ્તિત્વને ટકાવી રાખવા પ્રયાસ કરતા ભીષ્મ અને ધર્મમય બનીને 'શાતિ'સ્થાપવા અદભૂત ત્યાગ કરવા તત્પર બનેલ યુધિષ્ઠિર બંને આગવાં વ્યક્તિત્વ લઇને આવેછે

ભીષ્મે યુધિષ્ઠિરને આવનાર ભયને નિવારવાની ટકોર કરી આ શેનો ભય છે એ ગોપનીય રખાયો છે.આ ગોપનીયવાદી ઉદધવ કૃષ્ણને કહે છે ત્યાં બહાર આવે છે કે પાંડવો સહિત કુંતી લાક્ષાગૃહમાં સળગી મર્યાછે ' લાક્ષાગૃહની ઘટનાનું નિરૂપણ ન થયું હોવા છતાં એ ઘટના પ્રત્યક્ષ બની જાય છે

ધર્મ સ્થાનમા પાંડવોની મદદની આશા તૂટી જવાથી કૃષ્ણ દુ.ખ અનુભવે છે અને એ સાચા કારણને શોધવા હસ્તિાનાપુર જાય છે.કૃષ્ણથી સવાયા બનવાના પ્રયત્નોમા શકુનિ,કર્ણ અને દુર્યોધનના મન સંચાલનો વ્યક્ત થયાં છે છળકપટમા કુનેહ એવો ખંધો શકુનિ ભાણેજને ચક્રવર્તી બનાવવા કાંઇ પણ કરવા તત્પર હતો કૃષ્ણના આગમન પાછળના રહસ્યને જાણીને એ માર્ગ કાઢે છે. દુયોધન ગદાયુદધ અને મલ્લયુદધ માં નિપુણ હતો. રાજગાદી એ બેસાવા અધમ કક્ષાના માર્ગો અપનાવવા અને અત્યાચારો આદરવા તૈયાર હતો કર્ણ મિત્ર સ્નેહના બધનમાં વહેતો અર્જુન સમોવળો ધર્નુધર હતો. આ ત્રણેય 'લાક્ષાગૃહ'ગોપનીયતા જળવાઇ રહે એ માટે કૃષ્ણને રીઝવવાનું નાટક કરતા હતા પોતાના રચેલા અતિ નાટકમાં તેઓ ફસાઇ જાય છે

કૃષ્ણને કોઇ સુરાગ મળતો ન હતો માત્ર ભીષ્મ સાથેની મુલાકાતમાં વિદુર મુખે 'પાડવો મરાયા છે કે જીવતા છે ' એ 'રહસ્ય' છે એનો સંકેત મળેછે.દુર્યોધન ભાનુમતીને પ્યાદા તરીકે

ઉપયોગ કરે છે કૃષ્ણને રીઝવી લઇને રાજપદ સાચવાનો પ્રયાસ કરે છે બાળપણ થી બધાને મોહિની લગાડનાર કૃષ્ણની મોહિનીના તેજ માં ભાનુમતિ અંજાય જાય છે ભાનુમતિના ચિત્રણમા રુકમણિ નુ ચિત્ર યાદ આવે એવુ વર્ણન -

'હા' ભાનુમતી એ નિ શ્વાસ મૂકતા કહ્યું 'પિતામહતો અહીના જીવનને એવુ બનાવી દે છે રાજકન્યા જન્મી એ કરતા વૃદાવનમા ગોપી થઇ હોત તો'"[૨૫]

રુકમણિ પોતાના સ્વયવરમા કૃષ્ણ રાજા તરીકે સ્થાન પામી શકે એમ ન હોવાથી જે લાગણી અનુભવે છે એ અહીયા ભાનુમતી અનુભવે છે પુરાણ કથામા તો ભાનુમતિનો નામ માત્ર ઉલ્લેખ જોવા મળે છે એની કોઇ સક્રિયતા જોવા મળતી નથી પરંતુ અહીં લેખકે પોતાના રગો પૂર્યા છે દુયોધન કૃષ્ણને ભાનુમતીથી જીતવા ગૌરીપુજા ના બહાને મિત્રતા બાંધવાનો પ્રયત્ન કરે છે મૂળકથાનકમાં ક્યાંય ન જડે એવો અભદ્ર પ્રસંગ મુનશીની કલમે નિરૂપાય ત્યારે થોડુ આશ્ચર્ય થાય છે કૃષ્ણને જીતવા અન્ય કોઇ રીતનો પ્રયોગ થયો હોત પરંતુ અહીયા તો ઉચ્ચ કુળના સ્વજનો ગૌરીમંદિરમા નશામા લીન થઇને જાતીય આનદ મનાવેછે આ પ્રસંગ બાધક બનવાને બદલે કૃષ્ણની ઉદારતા અને ધર્મને અકિત કરવા માટે જાતીયતાના આનંદના નશામા મદમસ્ત બનેલા કુરુઓના હાથમાથી ભાનુમતિ ના ચારિત્ર્યની રક્ષાર્થે કૃષ્ણે ભાનુમતીને લઇને ગાધારી ના હાથમા સુપરત કરીને ' આર્ય સરકાર' નુ ભાન કરાવ્યુ છે જ્યારે દુર્યોધન રાજગાદીને મેળવવા ભોળી પત્નિનો ઉપયોગ કરવાની અધમતાએ જતા કોઇ ખચકાટ અનુભવતો નથી કૃષ્ણને સત્યવતી પાસેથી પાંડવો જીવતા છે ની માહિતી મળતાં પ્રસન્ન થઇ જાય છે આ વાત ઉદધવને કહીને એમણે 'પાંડવોને શોધવાનો નિશ્ચય કર્યો કૃષ્ણ હસ્તિનાપુરની વિદાય લઇને 'પાંચાલ' જાય છે લેખકે સાવ સામાન્ય ઘટના તરીકે 'મહાભારત' મા વર્ણવાયેલી 'દ્રુપદ-દ્રોણ' ની કથાને અહીયા નવીન રીતે અર્થઘટન કરીને મૂકી આપી છે.

દ્રોણ દ્વારા થયેલા અસહ્ય અપમાનનો બદલો લેવા દ્રુપદ કટિબધ્ધ થયા આર્યવર્તના મહાસમર્થ કૃષ્ણને પોતાની પુત્રી પરણાવીને 'દ્રોણ' ને પરાસ્ત કરવાની યોજના ઘડી પરંતુ કૃષ્ણને કૃષ્ણા વચ્ચેના સવાદોમા આ કથા ઉકલે છે.

કૃષ્ણ આર્યત્વમા ધર્મસંસ્થાપન કરવા ઇચ્છે છે ને દ્રુપદ વેરના દાવાનળમા કૃષ્ણ નહી તો જરાસધના પૌત્ર મેઘસધિ સાથે કૃષ્ણના લગ્ન કરીને વેરની પરિતૃપ્તિ કરવા તૈયાર થાય છે આથી તો આર્યવર્તમાં અધર્મ પૂર્ણ પણે ફેલાઇ જાય છે. કૃષ્ણ વિકટ પરિસ્થિતિને નિવારવા દ્રુપદને સહાયતા આપવા અને દ્રૌપદીને દ્રુપદની ઇચ્છાનુસાર આર્યવર્તના મહાધનુર્ધર સાથે લગ્ન કરાવી આપવાનું આશ્વાસન આપીને 'સ્વયંવર' યોજવવાનું સૂચન કરે છે 'સ્વયંવર' પાછળ કૃષ્ણના મનમા કોઇ યોજના ઘડાઇ હોય એમ લાગે છે. અહીયા દ્રુપદ અને દ્રૌપદી બન્નેય કૃષ્ણની મીઠી વાણીમા આવી જાય છે

સત્યવતી પાસેથી પાડવોના રહસ્ય જાણીને કૃષ્ણ વ્યાસમુનિને મળ્યા એક સવાદ જોઇએ-

"મહમુનિએ અર્થપૂર્ણ સ્મિત કર્યુ 'જો હુ આવા વિચારોમા પડયો હોત તો હું એક પણ

---

૨૫ એજન પૃ ૮૦

દિવસ રહી શક્યો ન હોત. વાસુદેવ, હું નાનો હતો ત્યારે આર્યોએ આંતરિક કલહોથી આખુંયે આર્યાવર્ત રોળી નાખ્યું હતું. વેદો વીસરાઇ ગયા હતા, આશ્રમો નિર્જન બની ગયા હતા.' 'અને તમે ત્યાં ધર્મ પ્રવર્તાવ્યો, ખરું ને? એ કઇ રીતે બન્યું? કૃષ્ણે પૂછયું.

'મને શ્રધ્ધા હતી કે ધર્મ કાલતીત છે. કોઇક વાર એ વાદળોથી આવરાઇ જાય એવું બને, પણ એ ક્યારેય મરતો નથી.' મહામુનિ એ દઢતાપૂર્વક કહ્યું.

'પરંતુ જરાસંધ કે કંસ જેવા રાજવીઓ એનો નાશ કરવા તત્પર હોય છે. એનું શું?'

'હું ક્યારેય રાજાઓમાં શ્રધ્ધા રાખતો જ નથી. ઘણીયે વાર તેઓ ધિક્કાર અને અવિશ્વાસ, ભય અને ઇર્ષાથી દોરવાઇ જવા હોય છે.' વેદવ્યાસે કહ્યું. 'હું આશ્રમોમાં શ્રધ્ધા મૂકુ છું. હું આશ્રમે આશ્રમે ફરું છું ત્યારે, એ વિદ્યા અને તપસના ધામમાં, ઋષિઓને સ્થૂલ જીવનનાં પ્રલોભનોથી પર બનીને અસત્યના તમામ રૂપો સામે લડતા જોઉ છું.'

'હા, ભગવાન, આશ્રમોમાં જે શ્રધ્ધા ધબકે છે એ તમારી પ્રેરનાનું ફળ છે.'[૨૬]

કથાનકના વહેણને આગળ વિસ્તરતો રાખવા માટે લેખકે વ્યાસમુનિની મુલાકાતમાં ઉધ્ધવને 'ગાયબ' કર્યો છે. શ્વેતકેતુને આનું આશ્ચર્ય થાય છે પણ એય આચાર્યપદ પર બેઠેલા હોવાથી ઉધ્ધવનું અદશ્ય થવાનુ પ્રયોજનને કંઇક અંશે પામી જાય છે હવે કથાનકનો પ્રવાહ ને આલેખીને કથાને આકર્ષક બનાવવાની જૂની કહી શકાય એવી મુનશીની ટેકનીક જોવા મળે છે જેમ 'વિશ્વરથને ઉગ્રા પ્રેમ કરે છે. પોતનું સર્વસ્વ સમર્પિત કરે છે 'ભગવાન પરશુરામ' માં ડડનાથ અઘોરીની ભત્રીજી પરશુરામને ચાહે છે. 'કૃષ્ણાવતાર' માં નાગકન્યા કૃષ્ણને સર્વશ્વ અર્પણ કરવા તત્પર બને છે એમ અહીંયા જૂની રચનાશક્તિનો વિનિયોગ થયો છે. આર્યક કુળની કપિલા ને મંગલા બન્ને બહેનો ઉધ્ધવને પ્રેમ કરે છે જીવનના ઉલ્લાસને પૂર્ણ પણે ભોગવવાની હિમાયત કરતા મુનશીની વિચારણા અહીં પ્રગટ થાય છે. સંયમી જીવન વિતાવતો ઉધ્ધવ કપિલા અને મંગળાના નિર્વ્યાજ પ્રેમ જોઇને ગૂંગળામણ અનુભવે છે. સાધુ જેવાં પુરુષ ચરિત્રને લેખકે શૈલ્યા તરફ ઢળતો બતાવ્યો છે. બન્ને બહેનોના મોહપાશમાંથી છુટવાનો કોઇ માર્ગ દેખાતો નથી. પિંગલા એને કપિલાનો ઉધ્ધવે અસ્વીકાર કર્યો હોવાથી સભા ભરાઇ ને ઉધ્ધવના કાર્યને નિંદનીય ગણાવીને બન્ને બહેનો સાથે લગ્ન કરવામાં સમજાવવામાં આવે છે એ વેળાના સંવાદોથી લેખકે ઉધ્ધવ તથા વ્યાસમુનિના વ્યક્તિત્વની આભાને કેવી સહજ રીતે ઉપસાવી છે તે જોઇએ -

"'મહામુનિની આંખમાં સ્મિત ચમકી ઊઠયું.

'મહામુનિ, તમે તો અત્યારે સૌથી મોટા તપસ્વી છો. જો સવિનય થાય તો ક્ષમા કરજો, પણ તમે મને પ્રતિજ્ઞાનો ભંગ કરી લગ્ન કરવાનું કેમ કહી શકો?' ઉધ્ધવે પૂછયું.

'મેં તપસ્વી થવાના પ્રયત્ન કર્યા છે, એટલે જ કામદેવ સામે લડવું એ શું છે એ પણ હું જાણું છું. તું જાણે છે કે મારે પણ પુત્ર છે, શુક. સૌ કોંઇ કામ પર વિજય મેળવી શકે એમ માનવું એ મૂઢતા છે. બહુ થોડા માણસોના નસીબમાં આ લખાયું હોય છે, બાકીનાને તો કામદેવ સાથે

---

૨૬ એજન પૃ ૧૦૧

સમાધાન સાધી લેવાનું હોય છે.' મહામુનિએ કહ્યું.[૨૭]

વિચિત્ર સ્થિતિમાં મૂકાયેલા ઉધ્ધવને કોઇ માર્ગ જડતો ન હતો. એવી જ ક્ષણે આર્યકે પાંડવોની શોધખોળ માટે મોકલેલા સૈનિકો માંનો એક સિંગુરી એક રાક્ષસને લઇને પ્રવેશે છે. અહીં ઉધ્ધવ સામે ઊભી થયેલી દ્વિધાત્મક પરિસ્થિતિ પર પડદો પાડી વાચકોને લેખક પાંડવોની થતી શોધખોળ તરફ લઇ જાય છે. બ્રહ્મચર્યનું પાલન ન થાય તો મૃત્યુના મુખમાં જવાના મક્કમ નિર્ધાર સાથે ઉધ્ધવ રાક્ષસબાળ સાથે રાક્ષસવનમામ પ્રયાણ કરે છે. રોમાંચક અને સાહસ ભર્યા પ્રસંગ નિર્માણમાં સવિશેષ રસ દાખવતા લેખકે એમને અનુરૂપ પરિવેશ રચી આપ્યો છે. મુનશીએ અહીં પણ મૂળકથાનક સાથે છૂટછાટ લઇને કપિલા પિંગળાની પ્રણય કથા તથા આર્યકરાજાને ત્યાં બનતાં બનાવોને સ્વ કલ્પના દ્વારા સર્જયા છે. 'લાક્ષાગૃહ' માંથી પાંડવો 'દ્રૌપદી સ્વયંવર' માં પ્રગટ થાય છે ત્યાં સુધી પાંડવોનો કોઇનીય સાથે ભેટો થતો નથી. પરંતુ અહીં ઉધ્ધવ અને વ્યાસમુનિ સાથે ભેટો થાય છે. આ બધા સુધારા પાછળનું લેખકનું એક માત્ર પ્રયોજન દેખાઇ આવે છે કે દરેક કથા પ્રસંગોમાં કૃષ્ણ કયાંને કયાંક સંકળાયેલા છે અને એજ સર્વને ઉગારવા સક્ષમ છે બાળરાક્ષસને અતિ પ્રેમ આપીને, એનો સ્નેહ સંપાદન કરીને પાંડવોનું પગેરું મેળવીને ઉધ્ધવ એની સાથે રાક્ષસવનમાં જાય છે. મૂળ મહાભારત કે અન્ય પુરાણોમાં આ ઘટના નથી. પહાડ ખાડી, વન, ખાડા ટેકરાવાળો વનવિસ્તાર વગેરેનું શબ્દચિત્ર આપતાં વનની ભયાનકતા સાથે રાક્ષસોની ભયાનકતાને ઉપસાવવામાં આવી છે. રાક્ષસોના ટોળાને જોઇને બાળરાક્ષસ ઉધ્ધવને વૃક્ષની ઊંચે ચઢવાનું સૂચન કરે છે અને નીચે ન ઉતરવાની સલાહ આપીને પોતે અદ્રશ્ય થઇ જાય છે. માનવની સુગંધ આવતાં વૃક્ષ નીચે આવીને રાક્ષસો ઉધ્ધવને નીચે ઉતારવાના અનેક પ્રયાસો કરવા લાગ્યા રાક્ષસોની ચીસો નૃત્ય અને એમની ક્રિયાઓથી ભયાનક વાતાવરણ ખડું થાય છે. ઉધ્ધવ માટે આ સ્થિતિમાં રહેવું મુશ્કેલ બની રહે છે નીચે ઉતરે તો મૃત્યુ હતું ને ઉપર રહેતો ભૂખે-તરસે રહીને મૃત્યુ પામે. બન્ને બાજુ મૃત્યુ હતું. એમાંય નરને અગ્નિમાં શેકીને ખાતા રાક્ષસોને જોઇને ઉધ્ધવે જીવવાની આશા છોડી મૂકી. અહીં એને કૃષ્ણનું સ્મરણ કર્યું. લેખકે આવી વિચિત્ર સ્થિતિમાં ઉધ્ધવને મૂકીને 'તારણહાર' ના બિરુદ માટે કૃષ્ણને યોગ્ય ઠેરવવા વિચાર્યું છે. અહીં 'લોમહર્ષિણી' નવલકથાનો પ્રસંગ યાદ આવી જાય છે વૃધ્ધાને મળવા ગયેલો રામ વનલોકોનો બંદિવાન બને છે. વનલોકોય નૃત્ય ચિચિયારી કરે છે અને રામના ઘોડાને મારીને એનું માસ અગ્નિમાં શેકીને અહીં વનલોકોને સ્થાને રાક્ષસલોકો છે, પશુ માસને બદલે માનવમાસ છે અને રામને બદલે ઉધ્ધવ છે.

રાક્ષસોના ટોળાને જોઇને ભાગી ગયેલો બાળરાક્ષસ ગાઢ જંગલોમાં અદશ્ય થઇને 'વૃકોદર' રાજાને લઇને આવે છે હૃદય બંધ પાડી મૂકે એવી ભયાનક ચિચિયારી સાંભળીને પોતાની જાતને કૃષ્ણને સર્મપિત કરનાર ઉધ્ધવ ભયથી ફફડાટ અનુભવે છે. દિલને થંભાવી દે અને રુંવાડો ઊભાં કરી આપે એવા પ્રસંગેને લેખકે સુખદ અન્ત આપીને કથાને વહેવાનો રાજમાર્ગ કરી આપ્યો છે. દેવવાણીમાં ભીમે ઉધ્ધવને નીચે ઉતરવાનું કહ્યું અને ઉધ્ધવ ભીમ પર પડતું મૂકે છે. આમ ઉધ્ધવ ભીમ ના આગમનને કારણે બચી જાય છે.

૨૭ એજન. પૃ ૧૦૨.

હવે કથાનકના પૂર્વના પ્રસંગોને ફ્લેશબેક પધ્ધતિથી અહીં ભીમ અને ઉધ્ધવ વચ્ચે સંવાદકલાની રીતિનો પ્રયોગ કરીને પાંડવો સાથે ઘટેલી ઘટનાઓને આલેખ આપીને ભીમના 'અતૂલબળ' અને પરાક્રમને રજૂ કરીને પાત્રને એની પુરાણ છાપને વધુ દઢ બનાવી આપી છે.

લાક્ષાગૃહમાંથી બચીને પાંડવો રાક્ષસવનમાં આવ્યા. હિડિમ્બ સાથેનું યુધ્ધ, હિડિમ્બા સાથેનું ભીમનું લગ્ન, અને ભીમ વૃકોદર કઇ રીતે બને છે એ પ્રસંગનો રસપ્રદ આલેખ અહીં મળે છે રાક્ષસોના મુખમાંથી ચારભાઇને માતાને બચાવવાની ફરજ ભીમ સામે આવી પડતાં એને હિડિમ્બનો ખાત્મો બોલાવ્યો. હવે ત્યાંના રીતરિવાજો પ્રમાણે પોતાના રાજાને હણનારને 'રાજા' બનાવવામાં આવતો. રાજા બનતા પહેલા એક પરીક્ષણ થતું રાજ્યના મુખી સામે જમવાનું ને એમાં જે વધુ આરોગે એ રાજાપદને લાયક બને. ભીમે તો સામેવાળાના પ્રાણ જાય ત્યાં સુધી ખાધુંને ખવડાવ્યું. અંતે સામે વાળાનો પ્રાણ જતો રહેતા ભીમ રાક્ષસવનનો રાજા 'વૃકોદર' બને છે. મૂળ કથાનકથી જુદાં પડીને પોતાને અભિપ્રેત એવી કથામાં વિરહતા એવા મુનશીને અહીં પુરાણ કથા સાથે કામ પાડવાનું સહેલું લાગતું હોય એમ મૂળ પ્રસંગોને આમૂલ ફેરફાર કરીને કથાને ઉપયોગી રીતે કંડારવાનું સાહસ કર્યું છે. મૂળ સાથે ઘણી બધી છૂટ લીધી હોવા છતાંય એમણે નિરૂપેલા પ્રસંગો મૂળ કથા પ્રસંગોના હોય એવી દઢ છાપ ઊભી કરી આપે એવા સક્ષમ છે.

ઉધ્ધવ અને ભીમ અન્ય ભાઇઓને તથા માતાને મળે છે. આ મિલન મુલાકાતમાં ચર્ચાલાપ કરાવીને લેખકે પાંચેય ભાઇઓના વ્યક્તિગત ગમા-અણગમાને ઉપસાવીને અંતે એમની 'એકતા'ને સ્થાપીત કરી છે ભીમ, અર્જુન અને નકુળ કુરુઓનો સખત વિરોધ કરીને એમની સાથે યુધ્ધ કરવા તત્પર છે પરંતુ ધર્મમાર્ગે ચાલનાર વડિલોની આમાન્ય જાળવી રાખવાની સાથે કુરુકુળને ભ્રાતૃયુધ્ધમાંથી ઉગારવા સર્વસ્વ ન્યૌછાવર કરવા તત્પર રહેતા યુધિષ્ઠિર નાના ભાઇઓને અનેરા સ્નેહથી સમજાવી લે છે રાક્ષસવનથી થાકી ગયેલા પાંડવો બહાર આવવા ઝંખે છે. અહી યુધિષ્ઠિરના કહેવાથી સહદેવે કહ્યું કે: 'હું ક્યારનો તારાઓ જોયા કરતો હતો, મને લાગે છે કે રોહિણી નક્ષત્રમાં જન્મેલી વ્યક્તિ તરફથી આપણને રાહત મળશે - આપણા પરિચિતોમાંથી માત્ર કૃષ્ણ જ રોહિણી નક્ષત્રમાં જન્મેલ છે.'[૨૮]

દ્રુપદ અને દ્રૌપદીને અપાયલું વચન અને સ્વયંવરને યોજવા પાછળના રહસ્યનું જોડાણ અહીં થાય છે. સહદેવની ભવિષ્ય વાણીને આધારે એક વર્ષ સુધી રાક્ષસવર્તમાંથી બહાર નીકળવાનો માર્ગ ન હતો અને ભીમ હિડિમ્બા પુત્રને જન્મ આપે ત્યાં સુધી રાક્ષસવર્ત છોડી શકે એમ ન હતો.

બીજી બાજુ, કૃષ્ણ નાગલોકમાં આવે છે. અહીંયા એક આશ્ચર્ય થાય છે કે! યમ સરખા રાક્ષસોના મુખમાં જવાનો ઉધ્ધવે નિર્ણય લીધો હતો ત્યારે જે પરિવેશને ઊભો કરવો જોઇએ એ લેખકે નથી કર્યો. એનાં કારણો એમને મતે જુદાં હોઇ શકે એ સમયે મુનશી ઉધ્ધવને રાક્ષસર્વતમાં જવાનો માર્ગ કરવામાં જ પ્રવૃત રહ્યા હતા. હવે કૃષ્ણનું આગમન થાય છે ત્યારે કપિલા ને

૨૮ એજન- ખડ-૩, પૃ ૧૭૪

પિંગળા નાગલોકોનો 'કાયર બાપલા' કહીને તિરસ્કાર કરે છે અહીં આ બન્નેય બહેનો તિરસ્કાર પાત્રને ઉપસાવવામાં પોષક બની રહે છે. આ પાત્રળ ઉધ્ધવ પ્રત્યેનો પ્રેમ જ જવાબદાર હોય એમ માની લેવું પડે છે. કૃષ્ણનું વ્યક્તિત્વ જ અનોખી માટીમાંથી બન્યું હોય એમ એ કપિલા-પિંગળા અને આર્યના પ્રશ્નોને રૂડીપેરે પાર પાડે છે.

ચેકિતાનના રાજા પર દુર્યોધને આક્રમણ કરીને ભગાડી મૂક્યો. આ રાજાને નાગલોકમાં આશ્રય મળ્યો અને તેથી જ આ બન્ને વચ્ચે મૈત્રીભર્યા સંબંધને પ્રસ્થાપિત થયા. રાક્ષસલોક અને નાગલોક આ રીતે જ મૈત્રીભર્યા સમબંધથી જોડાય છે.

કૃષ્ણના મનની અંદર રમાતી રમતો અને એમની ગણતરીઓથી કૃષ્ણના પાત્રને મુત્સદ્દી બનાવીને અન્ય પાત્રોથી જુદું બનાવવામાં લેખકે ભારે પરિશ્રમ કર્યો છે. મૂળ મહાભારતની કથામામ ગંધર્વથી પુરુષપણું મેળવનાર શિખંડીને મુનશીએ જુદી રીતે કંડારીને શિખંડીની જીવનમાં કૃષ્ણનું આગમન કરવ્યું છે. કૃષ્ણના કહેવાથી શિંખડી દ્રોણને ત્યાં શસ્ત્રવિદ્યા શિખવા માટે જાય છે. અનેક માનવો જેમ કૃષ્ણના પ્રભાવથી પ્રભાવિત બની જાય છે. એમ દ્રોણ કૃષ્ણથી પ્રભાવિત થઇને શિખંડીને શિષ્યરૂપે સ્વીકારે છે. આ પછી કુરુકુળમાં કે યાદવોમાં કેવી ઘટનાઓ બને છે એ પ્રશ્વાદ્દભૂમાં રહે છે અને કથાને ઉપયોગી ઘટનાથી કથાનો તતું વિકસે છે. કૃષ્ણના કહેવાથી ઉધ્ધવ કુરુઓ પાસે સંદેશો લઇને જાય છે. આ સંદેશામાં કૃષ્ણે કહેવડાવ્યું હતું કે: ચેકિતાનને એનું રાજ્ય પાછું આપો. કૃષ્ણને ખાતરી હતી કે દુર્યોધન એમ રાજ્ય પાછું આપવા તૈયાર નહી જ થાય એટલે એમને શાંતિના સંદેશામાં તાકાત નો ભય દર્શાવવા આમ કહ્યું.

'પિતામહ, કૃષ્ણ વાસુદેવે આપને કહેવાનો એક બીજો સંદેશો પણ મને આપ્યો. એમણે કહ્યું છે કે, યાદવો કુરુઓ જોડે લડવા નથી આવતા. પુષ્કર ખાતે રોકાઇને અમે સૌ દ્રૌપદી-સ્વયંવરમાં જઇશું. રાજા ચેકિતાનને પણ નિમંત્રણ મળ્યું છે, તે પણ અમારી સાથે આવવાનો છે અને પુષ્કર વિશે યુદ્ધ થાય એવું અમે ઇચ્છતા નથી.' ઉધ્ધવે કહ્યું.[૨૯]

દુર્યોધન દ્રૌપદી સ્વયંવરમાં જઇને એને વરવાના સ્વપ્નો સજાવીને બેઠો છે, ભાનુમતી પોતાનો પતિ બીજી પત્ની લાવે એ પસંદ ન હતું એથી દ્રોણની મદદ લઇને દુર્યોધનને સ્વયંવર માં જતો અટકાવવા કાકલૂદી કરે છે, દ્રોણ દુર્યોધન સ્વયંવરમાં ન જાય એ માટે સક્રિય બને છે, સભાજનોને ય દ્રૌપદી કુરુકુળની વધૂ બને એ સ્વીકાર્ય ન હતું પરંતુ દુર્યોધન અને એના મિત્રો સ્વયંવરમાં જાય એમ માનતા હતાં. આવી વિચિત્રંભરી સ્થિતિમાં કૃષ્ણનો સંદેશો એમને મળ્યો. કૃષ્ણની પ્રયુક્તિ પ્રમાણે ધાર્યું નિશાન પાર પડે છે. સ્વયંવરમાં જતાં પહેલા યુધ્ધ કરવું નિષેધ હતું. આથી કુરુઓને કૃષ્ણના સંદેશાનો સહર્ષ સ્વીકાર કરવાની ફરજ બની જાય છે

દ્રુપદ અને કૃષ્ણને સ્વયંવર રચવાનું કહ્યું. બીજી બાજુ પાંડવોને સ્વયંવરમાં આવવાનું નિમંત્રણ અપાયું. કુરુઓને ભયથી ડરાવ્યા. આ બધી ઘટનાઓ પાછળ દ્રૌપદીનું અર્જુન સાથે લગ્ન કરાવીને આર્યાવર્તના સકળ રાજવીઓની સામે પાંડવોને બહાર લાવવાની કૃષ્ણની યોજનાનું રહસ્ય ઉધ્ધવ અને સત્યવતીની ચર્ચા દ્દવારા ઉઘાડી આપ્યું છે. પાંડવો બહાર આવે એવો માર્ગ ઊભો થાય છે ત્યાં એક વિધ્ન આવે છે.

---

૨૯. એજન -ખંડ-૩, પૃ ૨૩૧.

ભીમ રાક્ષસવર્ત છોડવા માંગતો ન હતો. આથી સત્યવતીએ વ્યાસમુનિને ભીમને સમજાવીને 'સ્વયંવર' માં માટે લઇ આવવા માટે મોકલ્યા. અહીં ધર્મયુક્ત કાર્યમાં વ્યાસને સક્રિય બનાવીને વ્યાસના વ્યક્તિત્વ અનુરૂપ કાર્યક્ષેત્રમાં વિનિયોગ થવાથી ચરિત્ર ચિત્રણ રૂચે તે રીતે થયું છે.

વ્યાસમુનિ ભીમને સમજાવવા રાક્ષસવર્તમાં જાય છે. એ રાક્ષસવર્તમાં ઘટતી ઘટનાઓથી પ્રગટ થાય છે. વ્યાસમુનિ ઘટોત્કચને આર્યવર્તમાં લઇ જશે એવી બીકથી પ્રેરાઇને રાક્ષસોએ વ્યાસમુનિને મારી નાખવાનું હિડિમ્બા સાથે કાવતરું ઘડ્યું. રાત્રિમાં રાક્ષસો ટોળાં થઇને ફરે તો કંઇક અનિષ્ટ થવાનું છે એ નિશ્ચિત હોવાથી અર્જુને પોતાની શંકા ભીમ ને કહી અને બંધાં સજાગ બન્યાં ભીમ કે અર્જુનને રાક્ષસોની યોજનાનું કંઇ પણ ભાન ન હોવા છતાં એ માથા પર હાથ ધરીને બેસી રહે એમ તો નહોતા જ. પોતાને અભિપ્રેત વિચારો પ્રમાણે ઘટોત્કચને હિડિમ્બાથી દુર કરીને વ્યાસમુનિ ખોળામાં મૂકીને ભીમ હિડિમ્બાની સાથે સૂઇ જાય છે ને અર્જુન રાક્ષસોના ભયને નિવારવા ધનુષ્ય સજાવીને રાત્રિના અંધકારમાં ચકોરની જેમ બેસી રહે છે વ્યાસને મારીને ઘટોત્કચને બચાવવા આવેલા રાક્ષસો ઘટોત્કચને વ્યાસ સાથે રમતો જોઇને આશ્ચર્યમાં મુકાઇ જાય છે હવે તેઓ કાંઇ કરી શકે એમ ન હોતા. એ જ રીતે સવારે ઉઠતાં જ હિડિમ્બાને આશ્ચર્ય થયું એ પોતાના પુત્રની શોધખોળ કરવા લાગે છે રાક્ષસો સાથે બનાવેલી યોજના સાકાર થઇ ન હોતી એનું એને ભાન થયું. ભીમ પણ કંઇ જ જાણતો ન હોય એમ ઘટોત્કચને શોધવા લાગ્યો. અંતે ઘટોત્કચને વ્યાસ સાથે જોતાં બન્ને પ્રસન્ન થાય છે. વ્યાસમુનિ રાક્ષસોને સમજાવીને 'ઘટોત્કચ' નો યુવરાજ તરીકે અભિષેક કરીને પાંડવોને સ્વયંવરમાં જવાનો રસ્તો ઊભો કરી આપે છે.

અહીંયા આપણને આશ્ચર્ય થાય છે કે કૃતિને ઉપયોગી કથાપ્રસંગોને સ્વકલ્પનાથી નિરૂપણ કરે એમાં લેખક સામે કોઇ વાંધો ન હોઇ શકે. પરંતુ કથાને પોષક તરીકે ન હોય એવા પ્રસંગોનું નિરૂપણ કરે ત્યારે લેખક સામે વાંધો હોઇ શકે. અહીં વ્યાસમુનિ રાક્ષસવર્તમાં ગયા પછી જે પ્રસંગો બને છે એનાથી લેખકનું કર્મ માત્ર સનસનાટી ભર્યા પ્રસંગનું આલેખન કરીને પાત્રના ગૌરવને વધુ દૃઢ બનાવવાથી વિશેષ કંઇ નિષ્પન્ન કરાવી શક્યા નથી. મૂળ મહાભારતથી અપરિચિત વાચક આ પ્રસંગને પુરાણ પ્રસંગનું રૂપ આપે તો નવાઇ ન કહેવાય.

પાંડવો માટેનો સ્વયંવરમાં આવવાનો માર્ગ થયો. પરંતુ હસ્તિનાપુરમાં અનેક પ્રશ્નો હજીય ઊભા હતા. દ્રૌપદીને વરવાની આકાંક્ષા લઇને દુર્યોધન બેઠો હતો. એ ભાનુમતીના ભોળપણનો ફાયદો ઉઠાવીને દ્રૌપદી પોતાને વરે એ માટે કૃષ્ણ પાસે યાચના કરવા માટે ભાનુમતીને મોકલે છે. ભાનુમતીના ભોળપણનો ફાયદો ઉઠાવવા માટે દુર્યોધને નાટક કરીને એનો સ્નેહ સંપાદન તો કર્યો પરંતુ એના પર વિશ્વાસ મૂકવાનું જોખમ ખેડવા માંગતો ન હોવાથી એની સાથે શકુનિને મોકલે છે. દુર્યોધનના આચાર-વિચાર અને એની પ્રવૃત્તિઓનું આલેખન કરીને દુર્યોધનના વ્યક્તિત્વને 'ખલનાયક' તરીકે લેખકે સુપેરે ઉપસાવ્યું છે.

નાગલોકમાં, હસ્તિનાપુરમાં, રાક્ષસવર્તમાં સ્વયંવર પૂર્વે અનેક પ્રશ્નો ઉપસ્થિ થવાથી મૂંઝવણ વધી જાય છે અને એનું નિવારણ કોઇકને કોઇ રીતે થાય છે એમ યાદવોમાંય પ્રશ્નો ઉભા

થાય છે  કૃષ્ણ ગયા પછી યાદવો સૂરા જુગટુમાં ખોવાઇ નિશ્ચિત બનીને પ્રમાદી જીવન જીવવા લાગ્યા. આમાં સત્રાજિત જવાબદાર હતો. એ પોતાની અઢળક સંપતિથી યાદવોને ખરીદીને કૃષ્ણ વિરુધ્ધ ભડકાવીને પ્રમાદી બનાવતો હતો. આવા પરિવેશમાં કૃષ્ણ કઇ રીતે પોતાના વચનને સાર્થક કરવાનો પ્રયત્ન કરે! કૃષ્ણે ચેકિતાનને આપેલું વચન અને સ્વયંવર સફળ થશે જ એનું વચન પાળવા માટે યાદવોની સહાયતા માંગી  પ્રમાદી બનેલા યાદવશ્રેષ્ઠો બિનજરૂરી મુશ્કેલી વહોરીને જરાસંઘ કે અન્ય રાષ્ટ્રોની દુશ્મની વહોરવા તૈયાર ન હોવાથી કૃષ્ણને સાથ આપવાની સ્પષ્ટ 'ના' પાડેછે. અરે જ્યાં બળરામ જ એૈયાસી જીવનમાં મસ્ત બનીને કૃષ્ણની યોજનાને જાણ્યા વિચાર્યા વિના 'ના' પાડી ત્યારે 'યાદવો' કઇ રીતે 'હા' પાડે! આવી સ્થિતિને ઊભી કરીને લેખકે કૃષ્ણના પાત્રને ચિંતન કરાવીને 'સાચો ધર્મ' ક્યો છે? એનું જ્ઞાન કરાવ્યું છે. અહીં કૃષ્ણના ચિંતનમાં મુનશી એ પોતાને અભિપ્રેત ધર્મવિષયક ખ્યાલો આપ્યા છે. કૃષ્ણ સામે આવેલી પરિસ્થિતિને નિવારવા પરંતુ યાદવોને એમા ધર્મ દેખાતો નથી કે કૃષ્ણમાં શ્રધ્ધાય નથી. હવે શું કરવું? ચેકિતાનને એનું રાજ્ય પાછું અપાવવું હતું. દ્રૌપદીને આર્યવર્તના શ્રેષ્ઠ ધનુર્ધર સાથે લગ્ન કરાવવું હતું અને પાંડવોને માનભેર આર્યવર્તમાં બહાર લાવવા હતા. આ બધાને વચન આપ્યા હતા. એટલે વચનને પાળવાનો ધર્મ કૃષ્ણની સામે હતો. યાદવો કે અન્ય સાથ-સહકાર આપે તો પણ અને સાથ ન મળે તો પણ ધર્મને સંસ્થાપન તો કરવો જ પડે. વચનને સિધ્ધ કરવા માટે મથુરામાં આ પહેલાં કૃષ્ણ ગયા હતા એમ ફરી એકવાર મથુરાંને કહ્યા વિના જતા રહે છે પરંતુ આ વખતે કૃષ્ણ બળરામ માટે સંદેશો છોડીને જાય છે.

બળરામે યાદવોએ કૃષ્ણને ત્યજ્યો હતો પરંતુ આ સંદેશો સાંભળતાં જ બળરામને પ્રમાદી જીવન પ્રત્યે તિરસ્કાર થઇ જાય છે. પ્રમાદને ખંખેતીને યાદવશ્રેષ્ઠને છાજે એમ યાદવોને આજીજી નહીં પણ કૃષ્ણે સહાય કરવા માટેનો આદેશ આપે છે. કટોકટી ભરી સ્થિતિ ઊભી છે. સમય ઓછો છે એમાં યાદવો સહકાર આપવા તૈયાર નથી છતાંય કૃષ્ણ ધર્મને વળગી રહીને પોતાના વચનોને સાકાર કરવાનું સાહસ કરવા નીકળી પડે છે.

પાંડવો લાક્ષાગૃહમાં મૃત્યુ પામ્યા નથી પરંતુ જીવતા છે એમને આર્યવર્તના સકળરાજાઓમાં માનભેર પ્રકટ કરવાનો આ એક સુવર્ણ અવસર છે એનું જ્ઞાન કૃષ્ણના સંદેશાથી થતાં બળરામ કૃષ્ણને ન સમજાયાનું દુઃખ અનુભવવાની સાથે સક્રિય થઇને કૃષ્ણની મદદે જાય છે. મૂળ મહાભારતમાં દ્રૌપદી સ્વયંવરનાં અને કુરુકુળનાં પ્રસંગો જોવા મળે છે.

રાક્ષસવર્તની ઘટનાને પોતાની કલ્પના શક્તિથી ઉપસાવીને કૃતિને અનોખું રૂપ આપવાનો પ્રયાસ મુનશીએ કર્યો હતો એમ જ 'સાત્યકિના અપહરણની ઘટના' નું નિરૂપણ કર્યું છે. કૃષ્ણ ગૂમ થવાની સાથે જ સાત્યકિ ગૂમ થાય છે. મથુરા માટે આ આશ્ચર્યજનક ઘટના બને છે. બળરામને સત્રાજિત પર જ શંકા હોવાથી એને ધમકી આપતાં કહ્યું કે સાત્યકિ નહીં મળે તો તને મારી નાંખીશ. મૂળકથાનકમાં આ આડકથાપ્રસંગ પ્રથમ નજરે થોડું આશ્ચર્ય ઊભું કરી આપે છે  કૃષ્ણ વિરોધી વાતાવરણ સર્જાતાં કૃષ્ણને સહાયતા કરવા માટે અને જયસેનના હાથે સાત્યકિને ઉગારીને કૃષ્ણ સહાયે મોકલવા માટે સત્રાજિતની અનુપમ રૂપ લાવણ્ય ધરાવતી સત્યાએ સાત્યકિનું

અપહરણ કર્યું સત્યા સાત્યકિનું અપહરણ કરે તો એમાં નવાઇ ન થાય. પરંતુ એની આજુ બાજુની કથા જોઇએ ત્યારે સત્યાનું પાત્ર કૃતિમાં અનોખી રીતે એટલે કે 'કૃષ્ણ પ્રિયા' તરીકે ઉઘડતું જાય છે. સત્રાજિતની પુત્રીને પરણવાની 'ના' પાડી હોવાથી સત્યાએ અપહરણ કર્યું એમ સમજતાં સાત્યકિને સત્યાએ કહ્યું કે હું તો કૃષ્ણને ચાહું છું અને એ તારણહાર બની રહે એ અર્થે જ એમને મદદ કરવા માગું છું. કૃષ્ણ વિરોધી સત્રાજિતની પુત્રી પર વિશ્વાસ એ નરી મુર્ખતા લાગવાથી ઉદ્ધવના સંગેને કૃષ્ણના રંગે રંગાયેલા સાત્યકિએ સત્યાની ચકાસણી કરીને પછી વિશ્વાસ કર્યો વનમાર્ગ, ઝાડ, ઝાંખરા અને ગૂફાઓનો સરસ રીતે વિનિયોગ કર્યો છે. ભાનુમતી પતિના માટે કૃષ્ણ પાસે સહાયતા માગે છે. કૃષ્ણે ભાનુમતીને વચન આપ્યું કે 'તું ચિંતા ન કરતી ભાનુમતી! હું તો મારું વચન પાળીશ, પણ દ્રૌપદી દુર્યોધનને ક્યારેય નહીં વરે! એક બાજું ભાનુમતીને વચન આપે છે ને બીજી બાજું દુર્યોધનનો દ્રૌપદી સાથે મેળાપ કરાવવાનું વચન આપે છે. કૃષ્નના આ કાર્ય પાછળ કયું પ્રયોજન છે એ વિશે અટકળો ઊભી થાય છે.

દુર્યોધનને કૃષ્ણના વચનમાં અશ્રધ્ધા હોવાથી કૃષ્ણને સામાન્ય ગોવાળ કહીને અપમાન કરવાનું સાહસ કર્યુ ત્યારે શકુનિના પાત્ર પાસે મુનશીએ આ સંવાદ મૂક્યો છે.

"દુર્યોધન, મેં તને કેટલી વાર કહ્યું કે તું જીભને કાબૂમાં રાકતાં શીખ. એ ગોવાળિયો નથી.' શકુનિએ ભારપૂર્વક કહ્યું· 'એ કૃષ્ણ વાસુદેવ છે, પ્રતાપી નરવીર છે રાજાઓ એને મળવા પગનાં તળિયા ઘસે છે. આજથી પ્રતિજ્ઞા લે કે તું ક્યારેય એને ગોવાળિયો નહી કહે!"[30]

કૃષ્ણ એ સામાન્ય માનવ નહી પરંતુ અસાધારણ માનવ તરીકે શકુનિએ સ્વીકાર્યો છે. કૃષ્ન કાંઇપણ ચમત્કાર કરી શકે છે એમ શકુનિ માને છે એટલે જ દુર્યોધનને કૃષ્ણની મિત્રતા કરવાનું એ સૂચન કરે છે. કૃષ્ણની મિત્રતાને નિભાવવા માટે અશ્વત્થામા પાસે દુર્યોધને વચન મેળવ્યું કે દ્રૌપદી પોતાને વરે તો દ્રૌણ કુરુકુળનો ત્યાગ નહી કરે.

અશ્વત્થામા પોતાનો આક્રોશ કાઢવા કર્ણ પાસે આવ્યો પણ કર્ણ નિત્ય ક્રમ પ્રમાણે સ્નાન કરી, સૂર્યને અર્ધ્ય આપી, ગરીબોને અન્ન વહેંચીને પછી જ અન્ન લેતો હતો. અશ્વત્થામા આવ્યો ત્યારે કર્ણ આ પ્રવૃત્તિમાં હોવાથી અશ્વત્થામાં એ કર્ણની પ્રતીક્ષા કરવી પડે છે. કર્ણને ઉદારચરિત્રની ભૂમિકાને નિરૂપીને એના હૃદયમાં રહેલી મિત્રતાના ઉચ્ચ આદર્શોને કર્ણના સંવાદથી લેખક આમ અભિવ્યક્ત કરી આપ્યા છે. દુર્યોધન અધર્મના શિખરે બેસીને દ્રૌપદીને પામવા તત્પર હતો એ જાણવા છતાં કર્ણ અશ્વત્થામાને કહ્યું કે અશ્વત્થામાં, દુર્યોધન પર ગુસ્સે ન થા ' 'એણે દ્રૌપદીને વરવાનો નિર્ણય કર્યો છે. એને અત્યાર સુધી ખૂબ અન્યાય થયો છે. આ લગ્નથી એને રાજવંશી દરજ્જામાં ખૂબ જ વધારો થશે. આપણે એનાં મિત્રો છીએ. એણે આપણા માટે ઘણું કર્યું છે. એની મહત્વકાંક્ષા પૂર્ણ કરવામાં આપણે એને સહાય કરવી જ જોઇએ.'[31]

સાચું જાણવા છતાંય દુર્યોધન પર અપાર વાત્સલ્ય ભાવ કર્ણમાં જોવા મળે છે આ વાત્સલ્યભાવ પાછળ દુર્યોધને કરેલી સહાય મુખ્યત્વે છે એથીએ મિત્રદ્રોહ કરવાનું વિચારી શકતો નથી અને અશ્વત્થામાને પણ સમજાવે છે. કર્ણ અશ્વત્થામાને જણાવ્યું કે 'હું સારથીપુત્ર હોવાથી

30. એજન ખડ-3 પૃ ૩૧૪

૩૧ એજન ખડ-3 પૃ ૩૨૩

સ્વયંવરમાં ભાગ ન લઇ શકું. જો હું ભાગ લઉં તો એટલું જ બતાવવા કે ત્રિભુવનમાં શ્રેષ્ઠ ગણાતો ધનુર્ધારી દુર્યોધનની આજ્ઞામા રહે છે '

જરાસંધ પોતાના પુત્ર મેઘસંધિની સાથે દ્રૌપદીને પરણાવવા માટે દ્રુપદને ધમકી આપીને અને ધમકીથી ન માને તો દ્રૌપદીનું અપહરણ કરવાન સુધી જવા તત્પર હતો. એણે સહદેવ સાથે દ્રુપદને સંદેશો મોકલાવ્યો. પરંતુ કૃષ્ણનું આગમન દબદબાપૂર્વક થવાથી એનો રોષ ભભૂકી ઊઠયો. વારંવાર કૃષ્ણે એને મહાત કર્યો હોવાથી જરાસંધની સ્થિતિ દયનીય બની રહી.

મણિમાન પુરા સૈન્ય સાથે આવીને પાંડવોને શોધવા લાગ્યો. પાંડવોનો ક્યાંય પત્તો ન હોવાથી મૂંઝવણ અનુભવતો હતો.

દરેક જણ રાજખટપટમાં પાવરધા હતા અને દરેક પોતાને સફળતા મળે એમ ઇચ્છતા હતા. આમાં દ્રૌપદી અને દ્રુપદની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થઇ. કૃષ્ણે વચન આપ્યું હોવા છતાં દ્રૌપદીને દુર્યોધનની મુલાકાત કરાવવા માંગતા હતા. એ સમજાતું ન હોતું. કૃષ્ણ પ્રત્યેની શ્રધ્ધા દ્રુપદ અને દ્રૌપદી ગુમાવવા લાગ્યાં. સ્વયંવરનું શું થશે? દ્રૌપદીને ધનુર્ધર વીર મળશે કે કેમ? આવા ગંભીર પ્રશ્નોમાં મુરઝાઇ ગયેલા દ્રુપદને જરાસંધને સ્પર્ધામાં ઉતારીને દ્રૌપદીને દુર્યોધન કે અશ્વત્થામાને વરતી અટકાવવાનો વિચાર કરતો હોય ત્યાં જરાસંધની ધમકીઓ લઇને સહદેવ આવે છે. લેખકે દ્રુપદ સામે કેવી મૂંઝવણ ભરી સ્થિતિને ઊભી કરીને પાગલ સરખો બનાવી દીધો છે. મહત્વાકાંક્ષા ધરાવતો દ્રુપદ કોઇના શરણે થવાને બદલે પરિસ્થિતિની સામે અડગ થઇને ઊભા રહેવાનું સાહસ દાખવે છે.

કૃષ્ણની યોજનામાં ફસાઇ ગયાની અનુભૂતિ થવાથી દ્રુપદ ને દ્રૌપદી કૃષ્ણ પર ક્રોધિત બન્યાં આ સમયે જ શિખંડીનું આગમન થયું. પિતાની અપમાનજનક સ્થિતિ ન થાય એ માટે પારાવાર મુશ્કેલીનો સામનો કરીને 'પુરુષતત્ત્વ' ને પામીને અનેરા ઉમંગભેર પાંચાલપતિને મળવા આવ્યો. પણ શિખંડીનું આગમન કોઇને રુચ્યું નહીં. એમાંય પોતાના શત્રુ પાસેથી પુરુષપણું અને શસ્ત્રવિદ્યા મેળવી એટલે દ્રુપદનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠયો. એને અસહ્ય અપમાન ભર્યાં વચનો કહીને હડધૂત કરવામાં આવ્યો. કુળનું ગૌરવ વધારવા માટે આકરી અગ્નિ કસોટીમાંથી પસાર થવાનો પ્રયત્ન એળે જવાથી શિખંડીનું હૃદય ભાંગી પડ્યું. એ મુક્તપણે રડી પડ્યો. મુનશીએ શિખંડીના પાત્રને દ્રોણ સાથેની અને અહી પાંચલ સાથેની મુલાકાત પ્રયોજીને શિખંડીને કુળાભિમાની અને વીરપુરુષ તથા લાગણીથી છલકતા પુત્ર તરીકે ઉપસાવી આપ્યો છે. અઘોર અપમાન થવાથી અને પોતાની લાગણીને ઠેસ પહોંચવાથી શિખંડી પિતાનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે. દ્રૌપદી સામે અનેરી મૂંઝવણ ઊભી થાય છે. બધાય માર્ગો બંધ થઇ ગયાની અનુભૂતી થવાથી દ્રૌપદી ભીંસમાંથી ઉગારવાનો વિચાર કરે છે. બધું ધૂધળું લાગે છે ત્યાં કૃષ્ણનું આગમન થાય છે. આ બન્ને પાત્રો વચ્ચેના સંવાદોમાં બન્નેની વિકટ સ્થિતિ પ્રગટ થાય છે. અશ્વત્થામા કે દુર્યોધન વરીને દાસી બનવા અને જરાસંધની પુત્રવધુ બનવા કરતાં મૃત્યુના મુખમાં રહેવાનું પસંદ કરતી દ્રૌપદી કૃષ્ણની ઝાટકણી કાઢી નાંખે છે. કૃષ્ણ ધગધગતા લાવા જેવી દ્રૌપદીને 'શ્રધ્ધા' રાખવાનું સૂચન કરે છે. અહીંયા કૃષ્ણના વિરલ પ્રભાવમાં દ્રૌપદી અંજાઇ જતાં એ એમના પર

વિશ્વાસ મૂકે છે. પાંચાલ, હસ્તિનાપુર, પુષ્કર અને યાદવો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધ સ્થાપવાની કૃષ્ણની મથામણમાં અહી 'રાષ્ટ્રીય એકતા' નો ભાવ અને ગાંધીજીની વિચારણા કૃષ્ણના પાત્રમાં જોવા મળતી હોય એમ લાગે છે. આ બધા રાષ્ટ્રોને એકતાના બંધને બાંધવા માટેનો આ સ્વયંવર જ એક માત્ર રસ્તો હોવાથી કૃષ્ણે રાષ્ટ્રની એકતાને સ્થાપીને અધર્મી રાજાઓનો નાશ કરીને ધર્મમય રાષ્ટ્ર બનાવવાનો પ્રયાસ કર્યો છે. દ્રૌપદી તો કોઇપણ ભોગે પોતાના પિતાના અપમાનનો બદલો લેવા માંગતી હતી ત્યારે કૃષ્ણે કહ્યું કે. 'આપણે લડાઇ કર્યા વિના દ્રોણને જીતી ન શકીએ?'[32]

માનવજાતમાં ઉત્પન્ન થતા અનેક વિચારોને એ પોતાના પૂરતા સીમિત રાખતો નથી. ક્યાંક ને ક્યાંક પોતાના સમભાવી વ્યક્તિ આગળ એ હળવો થઇને પોતાની દરેક મૂંઝવણને કહી દે છે.

કૃષ્ણના કહેવા પ્રમાણે અહંકારીને ઘમંડી એવો અશ્વત્થામા દ્રુપદને વચન આપ્યું કે કુરુકુળમાં દ્રૌપદી વરે તો દ્રોણ હસ્તિનાપુર નહી છોડે. આ પ્રસંગમાં શિખંડીને બોલકું બનાવીને ઉઘાડી આપવામાં આવ્યું છે વચન આપતા તો અપાયું એ અશ્વત્થામાથી પળાશે કે કેમ? શિખંડીએ પ્રશ્ન કરીને એના ગર્વનો ચૂરો કરી નાંખ્યો શિખંડીએ આવું સાહસ કેમ કર્યું? એ દ્રુપદને ન સમજાયું ત્યારે શિખંડીએ 'વાર્ણાવર્ત' માં બનેલી અઘટિત ઘટના પાછળ રહેલા દુર્યોધન, કર્ણ, શકુનિ ને અશ્વત્થામાના હાથને ગણાવીને એના પુરાવા રૂપે 'સ્થૂલકર્ણ' ને આપે છે. એક ક્ષણે પુત્રનો તિરસ્કાર કરનાર દ્રુપદ પુત્રના પરાક્રમ અને બુધ્ધિપ્રતિભાથી અંજાઇ જાય છે.

સ્વયંવરની આગલી રાત્રે બનતી રોમાંચક ઘટનાથી રૂંવાડા ઊભાં થઇ જાય છે. યમના બારણા ખખડાવીને મૃત્યુને આધીન થવાનું તો કૃષ્ણ જ સાહસ કરી શકે. જરાસંઘ દ્રૌપદીનું અપહરણ કરશે જ એમ સ્પષ્ટપણે માનતા કૃષ્ણે જરાસંઘને ઉતારે મધ્ય રાત્રિએ જઇને ધમકી આપી ત્યારે કૃષ્ણમાં રહેલો અપૂર્વ વિશ્વાસ અને નિડરતા જોવા મળે છે. કૃષ્ણની ધમકીને વશ ન થતાં જરાસંઘને કૃષ્ણે કહ્યું કે. 'હું ધમકીઓ નથી ઉચ્ચારતો.' જરાસંઘને એની છાવણીમાં જઇને સ્વયંવરમાં અઘટિત કાર્ય કરવા પર પ્રતિબંધ મુકાવવા જવાનું દુ:સાહસ એક માત્ર કૃષ્ણ જ દાખવી શકે.

કૃષ્ણે પોતાની યોજનાનુસાર સઘળી વ્યવસ્થા કરી પણ હજીય પાંડવોનો કોઇ પત્તો લાગ્યો ન હોવાથી કૃષ્ણને ચિંતા થાય છે. પોતે તો સ્વયંવરમાં ભાગ લઈ શકે નહીં અને અન્યમાં વિશ્વાસ ન હતો. કૃષ્ણની મૂંઝવણને પામી જતાં કૃષ્ણની યોજના સાકાર કરવા ઉદ્ધવે પોતાના પ્રાણનો ત્યાગ કરીને દ્રૌપદીને દુર્યોધન, અશ્વત્થામા કે મેઘસંધિ સાથે વરતી અટકાવવાનો મક્કમ નિર્ધાર કર્યો. ઉદ્ધવના પાત્રને અહીં સક્રિય બનાવીને એના હૃદયમાં રહેલી કૃષ્ણ પ્રીતિ વ્યક્ત થઇ છે.

લેખકે દ્રૌપદીની નજરે સ્વયંવર મંડપનું આલેખન કર્યું છે. સ્વયંવરમાં બેઠેલા રાજાઓનાં તેજસ્વી આભૂષણો ઝગારા મારતાં હતાં. મંત્રોચ્ચાર અને યજ્ઞ આહુતિથી વાતાવરણ પ્રસન્ન હતું દ્રૌપદી કેટલાક રાજાને ઓળખતી હતી. આ નિમિત્તે લેખકે જરાસંઘને કૃષ્ણના ખોટા વર્ણનનું

---

૩૨ એજન ખંડ-૩ પૃ ૩૫૧.

નિરૂપણ કર્યું છે. દ્રૌપદીને વરવા આવેલા રાજાઓને દ્રૌપદીને પામવાના કામના હોય જ પરંતુ અહીં મુનશીએ દ્રૌપદીના અંદરના જગતની સ્થિતિને આમ અભિવ્યક્ત કરી છે. આલંકારિક ભાષાશૈલીથી દ્રૌપદીના મનોગત ભાવને આલેખ્યા છે -

"બધાય રાજાઓ એકમેકના વિનાશ માટે અધીરા થઇ ઊભા હતા. તેઓની આંખમાં લોહિયાળ ચમક દેખાતી હતી. બહુ વિકરાળ દશ્ય હતું. જાણે સ્વર્ગમાંથી લોહીની નદી ઊતરી આવતી હતી અને આખીયે રાજસભા એમાં તણાઇ રહી હતી અને બધા રાજવીઓ યજ્ઞની લપકતી જ્વાળાઓમાં જાણે આહુતિ રૂપે હોમાઇ જતા હતા!"[33] સ્વયંવરને વિશિષ્ટરૂપે દ્રૌપદીને જોવાની દષ્ટિ મુનશીએ આપીને કૃષ્ણના પાત્રને સર્વોત્તમ બનાવવાનો પ્રયત્ન અહીં થયો છે. આવા ભયાનક વાતાવરણથી દ્રૌપદી ત્રાસીને કૃષ્ણની પાસે દોડી જાય છે. સ્વયંવરનો પ્રારંભ થયો શિશુપાળ સંપૂર્ણ આત્મશ્રધ્ધાથી ઉઠયો તો ખરો, પણ ધનુષ્યનું સંધાન કરી શક્યો નહીં, મુનશીએ આ એક પાત્રને જ ધનુષ્ય સુધી જતાં નિરૂપ્યો છે અને અન્યની નોંધ લઇને જરાસંઘ તરફ ગતિ કરી છે. પોતાની પુત્રી જેવીને વરવું એ અપમાન ભર્યું હતું તો સ્વયંવરમાં હારીને માનભંગ તવા કરતાં સ્વમાનભેર નીકળવામાં સાર છે એમ સ્વીકારીને જરાસંઘ દ્રૌપદીને આશિષ આપીને વિદાય લે છે.

મૂળ મહાભારતમાં નિરૂપાયેલી કથામાં લેખકે એ કથાપ્રસંગ સાથે છૂટ લઇને બુધ્ધિગમ્ય બનાવવાનો પ્રયત્ન કર્યો છે. દુર્યોધન ગદા-મલ્લ ને ધર્નુવિદ્યામાં ય પ્રવિણ હતો. સ્વયંવરમાંની કસોટીને પૂર્ણ કરે એમાં કોઇ શંકા નહોતી એમ મુનશીએ પાત્રને નિરૂપ્યું છે. દુર્યોધન નિષ્ફળ જવાના કારણમાં લેખકે ભીમના અટ્ટહાસ્ય અને વ્યંગોક્તિને ગણાવીને પ્રસંગના ઔચિત્યને જાળવ્યું છે. દુર્યોધન જ્યારે ધનુષ્યની પાસે જાય છે ત્યાં જ ચીર પરિચિત એવા અટ્ટહાસ્યના અવાજથી દુર્યોધનનું મન વિચલિત બની જાય છે. એના હાથ જ નહીં આખું શરીર કંપવા લાગ્યું. જેમ જેમ એ પોતાના પર સંયમ રાખવાનો પ્રયત્ન કરીને ધનુષ્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યો ત્યાં જ ભીમે કહ્યું કે: 'આંધળાનો છોકરો બીજું કરી પણ શું શકે?' અટ્ટહાસ્યથી મનપર ધ્રાસ્કો અનુભવતા દુર્યોધનને આ અવાજથી ખાતરી થઇ ગઇ કે પાંડવો જીવતા છે. દુર્યોધનની નિષ્ફળતાને મનોવૈજ્ઞાનિક રીતે નિરૂપણ કર્યું છે. પાંડવો જીવતા હતા ત્યારે કેવી સ્થિતિમાં પોતે હતો એ ક્ષણો યાદ આવતાં કંપી જતો દુર્યોધન, પાંડવો મૃત્યુ પામ્યા છે ત્યારથી પૂર્ણપણે ખિલેલા દુર્યોધન કરતાં જુદો છે. પાંડવોને જીવતા જોઇને વિમાસણમાં મૂકાઇ જાય છે.

આર્યાવર્તનો મહાસમર્થ ધનુર્ધર આ બધાંને જોઇને પોતાનો બળાપો કાઢતો હતો. સકળ આર્યાવર્તને બતાવી દેવા માંગતો હતો કે એ સમર્થ બાણાવળી છે. પરંતુ જ્યાં સુધી યુધિષ્ઠિર કે કૃષ્ણની આજ્ઞા ન થાય ત્યાં સુધી માથા પર હાથ મૂકીને બેસી રહેવાની તાકાત અર્જુનમાં ન હતી. પોતાના વીરત્વનું અપમાન અર્જુનને ડંખવા લાગ્યું. પણ એ કંઇ જ કરી શકે એમ ન હતો. આજેય એ પરાધીન બ્રાહ્મણ અવસ્થામાં છુપાઇને રહેતો હતો. શું કરવું? એ મૂંઝવણ અર્જુનને કોરી ખાવા લાગી. એ સમયમાં કર્ણે ધનુષ્ય સંધાન કર્યું પન ધૃષ્ટદ્યુમ્ને એને 'સારથીપુત્ર' કહીને

૩૩. એજન. ખંડ-૩ પૃ.૩૯૦

બેસાડી દીધો. કર્ણ અહીં દ્રૌપદીને વરવા નહીં પણ દુર્યોધન પાસે આર્યાવર્તનો શ્રેષ્ઠત્તમ ધનુર્ધર છે એ જ બતાવવા આવ્યો હતો. લેખકે કર્ણના પાત્રને જુદી રીતે કંડારીને એના વીરત્વના ગૌરવને જાળવી રાખ્યું છે.

કાળઝાળ બનીને આવેલો અશ્વત્થામા ધનુષ્યનું સંધાન તો ન કરી શક્યો એટલે પોતાની પ્રકૃતિ પ્રમાણે અન્યનો દોષ કાઢીને ચાલ્યો. અર્જુન આ બધું જોઇને અકળાવા લાગ્યો. પોતાની જાત પર રાખેલા સંયમ અને વિવેકને બાજુપર મૂકીને સ્પર્ધા તરફ આગળ વધ્યો ને મત્સ્યવેધ કર્યો અને એ દ્રૌપદીને વર્યો.

મુનશી કથાપ્રસંગને ઉપયોગિતા પ્રમાણે જ આજુબાજુના પરિવેશને આલેખતા હોય છે. કથાને કે કથા પ્રસંગને પોષક ન હોય એવાં વર્ણનોને ઉલ્લેખ માત્ર કરીને આગળ વધે છે. સ્વયંવરની સભાનું, રાજાઓનું, પાંચાલની બેઠક વ્યવસ્થા, દ્રૌપદીનું વર્ણન - આ બધું લેખકે ઉપયોગિતા પ્રમાણે જ ખપમાં લઇને બીજુ બધું છોડી મૂક્યું છે. અહીં મધ્યકાળના મહાકવિ પ્રેમાનંદે 'નળાખ્યાન' માં આપેલું સ્વયંવર નું વર્ણન સહેજે યાદ આવી જાય છે.

"દ્રૌપદીએ પોતાના ભાઇ ધૃષ્ટદ્યુમ્ન અને બીજી કેટલીક રાજકુમારીઓ સાથે સ્વયંવર-મંડપમાં પ્રવેશ કર્યો એ સમયે શંખધ્વનિ થયા અને દુંદુભિ અને શરણાઇના અવાજમાં જનમેદનીનો સોર સમાઇ ગયો. કાંપિલ્ય જતાં માર્ગમાં બ્રાહ્મણોએ વર્ણન કર્યું હતું. એને આધારે અર્જુન કોઇ મહત્વકાંક્ષી, ગર્વિષ્ઠ અને ઉદ્દંડ રાજકન્યાને જોવાની અપેક્ષા રાખતો હતો. એના બદલે એને નિહાળી એક પ્રાણવાન, સ્ફુર્તિભરી કન્યા એના ઉષ્માભર્યા હોઠ કોઇ મોટી અપેક્ષામાં ખુલ્લા હતા. એની આંખો વિશાળ અને વાચાળ હતી. પીઠ પર ફુલથી ગૂંથેલા કાળા વાળનો લાંબો ચોટલો લહેરાતો હતો. એના સ્નિગ્ધ રતાશભર્યા હોઠ વચ્ચેથી સુદઢ અને શ્વેત દંતાવલિ ચમકતી હતી. - સાચે જ, એ જીવનથી ધબકતી યુવતી હતી. એનામાં રાજવંશી ગૌરવ હતું, પણ ગર્વ ન હતો. અર્જુનનું કવિહૃદય સ્પંદિત થઇ ઊઠ્યું: આ રાજકન્યાને વરી શકાય તો![34]

આવી કન્યાને વરવા અર્જુન અન્ય કોઇના સંકેતને જોયા વિના જ ઊભો થઇને લક્ષ્યવેધ તરફ ચાલ્યો જાય છે.

અર્જુને જ લક્ષ્યવેધ કર્યો છે એમ જાણતાં જ શકુનિનાં સૂચન પ્રમાણે દુર્યોધન પાંડવોનો ખાત્મો કાઢવાનું સાહસ કરવા જતો હતો ત્યાં જ ભરિશ્રવાએ કહ્યું: 'એવું કંઇ ન કરતો યાદવો અને ચેદિઓ ત્યાં સજ્જ ઊભા છે એ જોતો નથી?'

દ્રૌપદી બ્રાહ્મણને વરમાળા આરોપતી જોવાની ઉદારતા ન દાખવી શકતા ક્ષત્રિયોને અપમાન થતું લાગવાથી એમનો વિરોધ કરવા કોલાહલ કરવા લાગ્યા. પરિસ્થિતિની નાજુકાઇને પામી ગયેલા ભીમે વિશાળ વૃક્ષ તોડીને અર્જુનનું રક્ષણ કરવા લાગ્યો. દ્રૌપદીએ અર્જુનને વરમાળા પહેરાવી. અહીં લેખકે ભીમ અને કૃષ્ણના મિલનનું વર્ણન કરીને ભીમના ટીખળભર્યા મજાકીયાંપણાને કંડાર્યુ છે. ભીમની ચરણરજ લેતા કૃષ્ણને ભીમે ધબાક દઇને ધબ્બો માર્યો. આર્યાવર્તના સઘળા રાજાઓ કૃષ્ણના પરાક્રમથી પ્રભાવિત હતા ત્યાં એક બ્રાહ્મણના પગે પડતાં

૩૪. એજન. ખંડ-૩ પૃ.૪૦૩.

કૃષ્ણને જોઇને આશ્ચર્ય થાય એ કરતાં ભીમે ધબ્બો માર્યો એનું વિશેષ આશ્ચર્ય થાય છે. આ ઘટનાથી કથાનક થોડું હળવું બનતું લાગે છે.

કુંતીના કહેવા પ્રમાણે પાંચાલી પાંચ પતિઓને સ્વીકારવા તત્પર થાય છે એ મૂળકથાનકના રૂપમાં જ અહીં કંડાર્યું છે અર્જુને કહ્યું કે: યુધિષ્ઠિરના લગ્ન ન થાય ત્યાં સુધી તે આર્ય પત્નીનું પાણિગ્રહણ નહીં કરે? ત્યારે ભીમે કહ્યું કે એ પણ સાચું!' અને પછી ઉમેર્યું કે: મારે તો હિડિમ્બા ને પરણવું પડ્યું હતું. મા એ આગ્રહ કર્યો માટે.' અહીં મુનશીએ વ્યાસના મુખે નીચેનો સંવાદ નિરૂપ્યો છે.

'હવે એવી બનાવટ ન કર, ભીમ! તેમણે કહ્યું, 'તે દિવસે મધરાતે તુમ છાનો છપનો અને પડખામાં સૂવા ચાલ્યો ગયો હતો, એ વાત હું કંઇ ભૂલી ગયો નથી!'[૩૫]

ધર્મના સંસ્થાપનમાં આજીવન ખર્ચી નાંખીને મંત્રો અને આશ્રમોને પુન: ચેતનવંતા કરાવનાર પરાશરમુનિના પુત્ર વ્યાસના મુખે આવી અઘટિત વાણી મૂકીને લેખકે વ્યાસમુનિના પુરાણ પ્રચલિત ગૌરવને જબરજસ્ત આંચકો આપ્યો છે.

વ્યાસમુનિએ પાંડવો સામે ઊભા થયેલા પ્રશ્નનો સઘળો ભાર દ્રૌપદી પર નાખ્યો અને દ્રૌપદીએ પાંચેય ભાઇઓની સાથે લગ્ન કરવાનું સાહસ દાખવીને પાંડવો, કુંતીને-દ્રુપદની ચિંતાઓને ક્ષણમાત્રમાં દૂર કરી નાખી.

શિખંડી કૃષ્ણના કહેવાનુસાર દ્રોણને સઘળી હકીકત કહે છે: દ્રોણને પોતાના પ્રિય શિષ્યો જીવતા થયાનો અનેરો આનંદ થાય છે.

'કૃષ્ણાવતાર' નવલકથાના દરેક ખંડને લેખકે ખંડની કથાનુસાર શીર્ષક આપ્યાં છે. સમગ્ર કૃતિને 'કૃષ્ણાવતાર' એવું નામકરણ કર્યા પછી દરેક ખંડને સ્વતંત્ર કૃતિ તરીકે ઓળખાવવાનો પ્રયાસ કર્યો છે. અહીં ખંડ ચારને 'ભીમનું કથાનક' નામ આપ્યું છે. આ ખંડના શીર્ષકને જોતાં જ આ ખંડની કથાવસ્તુમાં ભીમ કેન્દ્રસ્થાને હોય એ સ્વાભાવિકપણે સ્વીકારી લેવું પડે.

પાંડવો સાથે વરીને દ્રૌપદી પાંડવોની સાથે રહે છે. મૂળ 'મહાભારત' કથામાં નારદમુનિએ પાંડવોમાં દ્વેષ ભાવ ન પ્રવર્તે એ માટે દ્રૌપદી બાબતે નિયમ કરવાનું સૂચન કર્યું છે. લેખકે આ કથાવસ્તુનો જુદી રીતે પ્રયોગ કર્યો છે. પ્રથમ રાત્રિએ યુધિષ્ઠિર પોતાની પત્નીને સંભવિત ભયને કહે છે. દ્રૌપદી સાથે પાંચેય ભાઇઓએ લગ્ન કર્યા પરંતુ દ્રૌપદી પર પ્રથમ અને સાચ્ચો અધિકારતો એક માત્ર અર્જુનનો જ છે એમ જાણતા ધર્મરાજ દ્રૌપદીને ચારેય ભાઇથી મુક્ત કરવાની વાત કરે છે. યુધિષ્ઠિર નું ઔદાર્ય અહીં પ્રગટ થાય છે. ધર્મના પંથે ચાલતા દ્રુપદની તનયાએ અગ્નિની સાખે પાંચેયને પતિ તરીકે સ્વીકાર્યા હોવાથી કોઇનો પણ દ્રોહ કરવા માંગતી ન હતી. આથી મૂંઝવણ તો સામે ઊભી થાય છે. એક નારી ને પાંચ પતિ હોય તો એ પાંચેયને એક સરખો સ્નેહ કઇ રીતે આપી શકે? આથી કોઇને પણ ઇર્ષ્યા આવતાં ભાતૃઓમાં વેર ઉત્પન્ન થાય તો 'એકતા' ના બંધને બંધાઇ રહે એ માટે નારદે સૂચવ્યા પ્રમાણે એક વર્ષ એક પતિ સાથે રહેવાનું નક્કી કર્યું. આથી યુધિષ્ઠિરની મૂંઝવણને દ્રૌપદીએ એની બુધ્ધિચાતુરીથી દૂર કરી. પરંતુ

૩૫. એજન. ખંડ-૩ પૃ.૪૧૨

લેખકે ભીમ અને કૃષ્ણના સંવાદોમાં કહ્યું છે કે 'નારદના કહેવાથી દ્રૌપદીએ નિયમન કર્યું છે.' મૂળ કથાવસ્તુને મૂકવાના લેખકના આગ્રહથી દ્રૌપદીનું પાત્ર નબળું પડયું હોય એમ લાગે છે

યુધિષ્ઠિરને દ્રૌપદી તથા ભીમને દ્રૌપદી વચ્ચેના સંવાદોને અભિવ્યક્ત કરાવીને મુનશીએ યુધિષ્ઠિરને શાંત, સંયમી, ઉદાર તથા ભીમને મશ્કરો ને દ્રૌપદી આદર્શ નારી તરીકે ચરિતાર્થ કરી આપ્યા છે. લેખકે આ બે મિલન મુલાકાતના પ્રસંગોનું નિરૂપણ કરીને અર્જુનના હૃદયની વેદનાને ઉપસાવી આપતું વાતાવરણ સર્જી આપ્યું છે. એણે પોતાના બાહુબળે આર્યાવર્તનું સર્વશ્રેષ્ઠ નારી રત્ન મેળવ્યું હતું. પરંતુ માતાના વેણને સાચવવા માટે અર્જુને દ્રૌપદીને ગુમાવી હતી એનું દુ:ખ અર્જુન અનુભવે છે. અર્જુનના પાત્રને મુનશીએ ચિંતન કરાવીને કથાપ્રસંગને કરુણરસમાં ઢાળવાનો પ્રયાસ કર્યો છે. પોતાના સામાર્થ્યથી દ્રૌપદીને મેળવીને એને માતાના વેણ માટે ગુમાવવાનું દુ:ખ અસહ્ય થઇ જતાં અર્જુને કૃષ્ણ આગળ પોતાના હૃદયનો ઉભરો ઠાલવ્યો. મુનશીએ નીચેના વર્ણનમાં અર્જુનના મનની સ્થિતિને ઉપસાવી છે.

'પહેલાં મને શું લાગે છે, એ તો વિચારો, ગોવિંદ!' અર્જુને કહ્યું, 'હું સ્વયંવરમાં ગયો ત્યારે નવી કેડી કોરવાના મનોરથ મારા અંતરમાં હતા. દુર્જેય વીરો જ્યારે નિષ્ફળ ગયા ત્યારે મેં સફળતા મેળવી આર્યવર્તના શ્રેષ્ઠ ધનુર્ધરી તરીકે હું પંકાયો. જેને આ પૃથ્વીના રાજવીઓ ઝંખતા હતા એ કન્યાને હું પામ્યો. એને પામી મેં ધન્યતા અનુભવી હતી. દ્રૌપદી પણ મારા વિજયથી પ્રસન્ન થઇ હતી. પણ પછી માતાજીએ પાંચે ભાઇઓ વચ્ચે વહેંચી લેવાની આજ્ઞા આપી ભગવાન વેદવ્યાસે એનું સમર્થન કર્યું. તમે પણ એની વિરુદધ એક શબ્દ ન કહ્યો! હવે દેવ નારદ સલાહ આપે છે, અને મોટાભાઇ આવો નિર્ણય લે છે! હું તો અકળાઇ જાઉં છું.' અર્જુને કહ્યું [૩૬]

મૂળ કથાનકમાં માતા કુતીના વેણને દેવવાણી માનીને અનુસરતા પાંડવો માતાવેણને સત્યવાણી જાણીને પડયો બોલ ઝીલનાર દર્શાવ્યા છે. મુનશીએ અહીં અર્જુનના પાત્રને કૃતિમાં જુદી રીતે નિરૂપીને સાચા માણસની વેદના વર્ણવીછે. પાત્રનુ નવ સંસ્કરણ થયુ છે. અર્જુનના હૃદય ના માનવ્યભાવોનું વર્ણન ઔચિત્યભર્યું લાગે છે. કોઇપણ માનવ આવી સ્થિતિમાં પોતાને તથા નસીબ ને કોસતો હોય તો અર્જુન કઇ રીતે મુકત રહી શકે? મૂળમાં જે ઉપલબ્ધ નથી એવા પ્રસંગોને લેખકે પોતાની કલ્પના દ્વારા નિમાર્ણ કરીને કથાનકને વાસ્તકિતાથી વધુ નજીક રાખવાનો પ્રયત્ન કર્યો છે

તત્કાલીન સમાજમાં વ્યાપક પણે ફેલાયેલા 'દહેજ' ના દુષણનું આ કૃતિ માં જુદી રીતે આલેખન થયું છે.નર્મદ ના સમયગાળામાં જ સમાજસુધારણાની વ્યાપક ચળવળ ચાલી હતી. મહાકવિ પ્રેમાનંદ રચિત 'કુવરબાઇનુ મોમેરું'માં તત્કાલીન સમાજ જોવા મળે છે. અહીં ભીમ શ્રવસુર સામે દહેજ માગે છે.દહેજ માગવા પાછળનો મુખ્ય આશય જુદો છે. એ જાણ થતાં ભીમ પ્રત્યે સહાનુ ભુતિ ઉત્પન્ન થાય છે. પોતાને કશુંજ જોઇતુ નથી. પરંતુ તમારા મોભાને છાજેએ માટે તમારે પાંદવોને દહેજ આપવુ જોઇએ. એમ દ્રુપદને કહીને એના પાસેથી હાથી ઘોડા સુવર્ણ અને રથ વગેરે માંગીને વૈભવી ઠાઠપૂર્વક હસ્તિાપુરમાં પ્રવેશ કરીને દુર્યોધનને બાળવાની યોજનાને

૩૬ એજન ખંડ-૪ પૃ.૩૧

પામી જાય છે. મૂળ કથાનકમાં ન હોય એવી ઘણી બધી ઘટનાઓની જેમ અહીં દહેજ ના પ્રસંગને મૂળકથાનકના તાણાવણાંમાં ગૂંથીને કથાનકને પોષક તરીકે આલેખી છે. એમ અહીં 'જાલંધરા' ના પાત્રને સ્વકલ્પના દ્વારા કૃતિમાં ઉપસાવવાનો પ્રયત્ન થયો છે. દ્રુપદ ને ત્યાં પ્રથમ નયને જાલંધરા પર ભીમ મોહી પડે છે જાલંધરા ભાનુમતી અને સુશર્માની નાની બહેન છે. દુર્યોધનના કહેણથી એ હસ્તિનાપુર જવાની હતી સુશર્માને ખબર છે કે દુર્યોધન ભીમને તિરસ્કારેછે એટલે એ એનાથી દુર રહે છે પાંડવો પણ હસ્તિનાપુર જવાના હતા. ભીમે જાલંધરાને પોતાની સાથે ભૂમિમાર્ગે લઇ જવી હતી લેખકે આવો પરિવેશ રચીને ભીમના ટીખ્ખળ ભર્યા સ્વભાવ સાથે એના હૃદયમાં રહેલો જાલંધરા પ્રત્યેના પ્રેમને અભિવ્યક્ત કર્યો છે. ધૌમ્ય ઋષિના આશ્રમે આ બન્ને ભેગા થઇ જાય છે.જાલંધરાને કોઇ પણ સંજોગોમાં પોતાના પ્રવાસમાં જોડાવા માટે રાત્રિના અંધકારમાં સુશર્માની હોડી માં બાકોરાં પાડયાંને એજ ભીમ એમને બચાવવાનો પ્રયત્ન કર્યો.ભીમના આ કાર્ય માં એનો પ્રેમજ રહેલો છે. સુશર્મા સામે વિકટ સ્થિતિ ઊભી થાય છે. ભીમ સાથે આવ્યો છે. એમ દુર્યોધન જાણેતો એ પોતાની બહેન ભાનુમતિ ઊપર ત્રાસ ગુજારે લેખકે કથા પ્રસંગ ની ગુંથણી અદભુત રીતે કરી હોય એવી છાપ પ્રગટ થતી જોવા મળે છે. ભીમે કરેલા પરાક્રમને નકુળે જોયુ હતું. પરિસ્થિતિને સારી રીતે જાણતો નકુળ કૃષ્ણને ભીમે કરેલા પરાક્રમનો અહેવાલ આપે ફરી એકવાર કૃષ્ણ પાંડવો કૌરવો વચ્ચે કલહ ન થાય એ માટે ભીમ ની યોજનાને નિષ્ફળ બનાવીને એને સુશર્મા તથા જાલંધરા સામે જ નહી પાંડવો સામે ય પ્રભાવક વ્યક્તિત્વશાળી ચિતરેછે.

ભીમને તો આનંદ હતો કે જાલંધરા પોતાની સાથે પ્રવાસ કરશે પરંતુ હસ્તિાપુરના પ્રવેશ પૂર્વે જ કલહ ના થાય એ માટે સુશર્મા માટે હોડી મંગાવીને એમની મુશ્કેલીને દૂર કરી. નવી 'હોડી' ની વ્યવસ્થા ભીમે કરી છે.એમ કહીને સુશર્મા ના હૃદયમાં રહેલો ભીમ પ્રત્યે ના અભાવને નષ્ટ કરવાનો પ્રયત્ન કૃષ્ણે કર્યો.કર્યા કરાવ્યા પર પાણી ફરી વળતાં ભીમ શું બોલે ? અહીંતો એની પ્રશસ્તિ થતી હતી.ગાલ પર તમાચો ખાઇને હસતુ મુખ રાખવા સિવાય અન્ય માર્ગ ભીમ પાસે ન હતો.

અંધ પિતાના અનહદ પ્રેમનો લાભ લઇને પોતાના માર્ગના કાંટાઓને કાઢવા માટે ધૃતરાષ્ટ્રને આત્મહત્યા ની ધમકી આપવા લાગ્યો. પુત્રને બચાવવા એ કઇ પણ કરવા તૈયાર થાય એ સ્વાભાવિક હતું. હસ્તિનાપુરમાં પાંડવો આવવાથી દુર્યોધનનું રાજા બનવાનું સ્વપ્ન રોળાઇ ગયું. રાજા બનવા માટે જ અણે આપઘાત કરવાની ધમકી આપી હતી.

દુર્યોધનને સહાય કરવા કુરુકુળના મોભી ભીષ્મ ને દુ:શાસને કહ્યું કે 'યુધિષ્ઠિર રાજા બનશે તો કૌરવો ગાંધાર જશે.' ની ધમકી આપી. કથા પ્રસંગને વધુ આકર્ષક અને રસપ્રદ બનાવવાના પ્રયોજનથી મુનશી એ શાન્તનુના પ્રતાપી પુત્ર ભીષ્મના વ્યક્તિત્વને ઓપ આપ્યોછે. દુ:શાસનના સાહસથી સ્હેજ પણ ચલિત થયા વિના સ્પષ્ટ શબ્દોમાં ભીષ્મે કહી સંભળાવ્યું કે વત્સો, મારો નિર્ણય અફર છે.યુધિષ્ઠિર રાજા થશે. તમે હવે જઇ શકો છો.

ધૃતરાષ્ટ્રના અંધપ્રેમને કારણે વારણાવર્તમાં પાંડવોને મોકલીને એમને મૃત્યુના મુખમાં મોકલી આપ્યાનું પારાવાર દુ:ખ અનુભવતા ભીષ્મ કોઇપણ ભોગે પાંડવોને ન્યાય અપાવવા અડગ

હતા. લેખકે અહીંયા ભીષ્મ જન્મ અને એ પછીની એમના જીવનની મહત્વપૂર્ણ ઘટનાનો ઉલ્લેખ કરીને ભીષ્મના પ્રતાપી વ્યક્તિત્વનો પરિવેશ ઊભો કરીને પછી દુ:શાસનને સ્પષ્ટ શબ્દોમાં પોતાનો નિર્ણય જણાવ્યો છે.

યુધિષ્ઠિર રાજા બને તો દુર્યોધન આત્મહત્યા કરે, દુ:શાસન અને એના ભાઇઓ ગાંધાર ચાલ્યા જાય. ધૃતરાષ્ટ્ર પુત્રને બચાવવા તત્પર છે અને ભીષ્મે યુધિષ્ઠિરને રાજા બનાવવાનો અડગ નિર્ણય કર્યો છે.

આખું રાજ્ય જ્યાં પોતાના વિરુધ્ધ થયું હોય ત્યાં કોના ખોળામાં માથું મૂકીને દુર્યોધન હૃદયના ભારને હલકો કરે! એ ભાનુમતી પાસે ગયો. પતિપરાયણ ભાનુમતીનું એક જ સ્વપ્ન હતું પતિને સુખી કરવાનું. દુર્યોધનની સ્થિતિને સારી રીતે સમજતી હોવાથી એ પ્રેમપૂર્વક જ એની સામે આવતી ને વર્તતી હતી. ભાનુમતી અને દુર્યોધન વચ્ચેના સંવાદોમાં લેખકે આર્ય સંસ્કારથી છલોછલ ભારતીય નારી તરીકે ભાનુમતીના ચરિત્રને ઉપસાવ્યું છે પતિના સુખમાં જ પોતાના સુખને જોતી આર્દશ પત્નીને સગર્ભાવસ્થામાંય અસહ્ય વેણો બોલીને માનસિક ત્રાસ આપતો દુર્યોધન પત્નીને મારી નાંખવાની ધમકી આપે છે. પતિનું સ્થાન હસ્તિનાપુરમાં રહે એ માટે ભાનુમતીએ દુર્યોધનને કૃષ્ણ પાસે જવાનું કહ્યું. ગોવાળિયાને કારણે જ બધું ઊંધુ વળ્યું હોવાથી એ કઇ રીતે કૃષ્ણ પાસે જાય કૃષ્ણને તો એ ધિક્કારતો હતો. પોતાના દુશ્મન પાસે સહાય માગવાનું સાહસ દુર્યોધન ન જ કરી શકે ! પત્નીની વાત એને દાઝ્યા પર ડામ જેવી લાગતાં ભાનુમતી પર પ્રતિબંધો મુકતાં કહે છે કે કૃષ્ણને મળવાનું રાખ્યું કે કૃષ્ણને સંદેશો આપ્યો છે તો જાનથી મારી નાંખીશ.

ભાનુમતી કૃષ્ણને અનહદભાવે ભજતી હતી. એમાંય પોતાનો કૃષ્ણે નામોશીભર્યા જીવનમાંથી ઉગારી હતી ત્યારથી એ કૃષ્ણને અહોભાવથી જોતી હતી. એ કૃષ્ણ હસ્તિનાપુર આવે અને એ એમને મળવા ન જઇ શકે એવી સ્થિતિ સર્જાતા એને ખૂબ દુ:ખ થાય છે. પ્રસંગોને વિશિષ્ટ રીતે ગોઠવીને જાલંધરા, ભાનુમતીના પાત્રોને મૂર્તિમાન કરાવી આપવાનો પ્રયત્ન મુનશીએ કર્યો છે. વિટંબણામાં મુકાયેલી બહેનને મદદરૂપ થવા જાલંધરા તૈયાર થાય છે.

આદર્શ પત્નીના પ્રતીક રૂપે ભાનુમતી ઉપસી છે તો જાલંધરા આધુનિક નારીના રૂપે મૂર્તિમાન થાય છે. પતિ પાછળ ન્યૌછાવર થવા તત્પર એવી બહેનને જાલંધરાએ કહ્યું કે તેંજ તારા વરને બગાડી નાખ્યો છે. હું હોઉં તો એને બરાબર ઠેકાણે લાવી દઉં. પુરુષ સમોવડી થવાના સ્વપ્ન જાલંધરાનું પાત્ર સેવે છે. બહેનની દયનીય સ્થિતિ જોતાં નાની બહેનનું હૃદય દ્રવી ઊઠતાં એનો આક્રોશ ભભૂકી ઊઠે. પણ ભાનુમતી નાની બહેન કરતા જુદી દષ્ટિ ધરાવે છે. જાલંધરા દુર્યોધન પર કોપાયમાન થઇને અસહ્ય વચનો કહે છે. ત્યારે ભાનુમતી નીલાને કહે છે કે-

'હવે પાંડવો આવી રહ્યા છે. અને આર્યપુત્રને લાગે છે કે એમને હસ્તિનાપુરની બહાર કાઢી મૂકવામાં આવશે એમની હાલત કેવી છે એ તને નહીં સમજાય નીલા ! આર્યપુત્રનો કોઇ દોષ નથી, છતાં એમને અન્યાય થઇ રહ્યો છે. હું એમના મનની સ્થિતિને જાણું છું. એમને આમાં હું કઇ મદદ કરી શકું !'[૩૭]

---

૩૭. એજન ખંડ-૪ પૃ.૩૧.

અસહ્ય ત્રાસ વર્તાવીને મારઝૂડ કરતા પતિ પ્રત્યે તિરસ્કાર કરવાને બદલે દુર્યોધનની મન:સ્થિતિને સમજીને એમને હસ્તિનાપુરના રાજા બનાવવાનું ઔદાર્ય ભાનુમતી રાખે છે. ભાનુમતીને સહાય કરવા જાલંધરા કૃષ્ણને મળવા જવાનું વચન આપે છે. જાલંધરાએ ભાનુને વચન તો આપ્યું પરંતુ દુર્યોધન અને એના માણસોની આંખમાં ધૂળ નાંખીને કૃષ્ણને મળવા જવાનું લોખંડના ચણા ચાવવા જેવું દુષ્કર હતું.

બીજી બાજુ વૈભવી ઠાઠથી પાંડવોએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. વૈભવી ઠાઠથી પાંડવોને પ્રવેશતા જોઇને દુર્યોધન ઇર્ષ્યાથી બળવા લાગ્યો. અભિમાની અને મહત્વાકાંક્ષી દુર્યોધન ઉદારતા દાકવાનું સૌજન્ય કરી શકે? કૃષ્ણ અને ભીમ ઉદારતાને નેવે મૂકીને પ્રેમપૂર્વક દુર્યોધનને ભેટી પડે છે.

ભાનુમતીનો સંદેશો પહોંચાડવા જાલંધરા સક્રિય બનીને અંધારરાત્રિએ બલિના અખાડામાં જઇને ભીમની સહાયતા માંગે છે. પ્રિયાની માંગણીને ભીમ કઇ રીતે અસંતોષી શકે? એને કૃષ્ણ સાથે મુલાકાત ગોઠવી આપવાનું વચન આપ્યું. અની સમાન્તરે બીજી એક ઘટનાને મુનશીએ આલેખીને ભીમના ટીખળભર્યા સ્વભાવ અને એના સાહસને અભિવ્યક્ત કરવામાં ખાસ્સો એવો પરિશ્રમ ખેડયો છે. યુધિષ્ઠિર રાજા બને તો દુ:શાસન અને તેના ભાઇઓ ગાંધાર ચાલ્યા જશે ભીમે આ જાણીને બલિના મલ્લોને આજ્ઞા કરી કે તમે એમની સેવામાં જાઓ. ભીમના પ્રેરાયેલા મલ્લોએ દુ.શાસનને કહ્યું કે અમે તમારી સેવામાં હાજર છીએ. ત્યારે દાઝયા પર ડામ જેવી સ્થિતિ દુ:શાસનની થતાં એણે મલ્લોને અને એમનાં ગાડાં-બળદને નુકસાન પહોચાડયું. ઘવાયેલા મલ્લો ભીમ પાસે સહાયતા માંગવા લાગ્યા. ભીમે દુ:શાસનના મહેલમાં જઇને નુકસાન થયેલી વસ્તુની ભરપાઇ કરાવી. આજ ભીમ કૃષ્ણને બલિના અખાડાએ લઇ આવે છે અને જાલંધરાને આપેલું વચન પૂર્ણ કરે છે.

ભાનુમતીની લાગણીથી પ્રેરાઇને કૃષ્ણ પાસે વચન માંગીને જાલંધરા પોતાના જ પગમાં કુહાડો મારવાનો પ્રયત્ન કરતી હતી એમ કૃષ્ણે સમજાવ્યું ત્યારે એને ભાન થયું કે હસ્તિનાપુરનો દુર્યોધન રાજા બને તો ભીમ ક્યારેય યુવરાજ નહીં બને. અને ભીમ યુવરાજ ન બને તો પોતે ક્યારેય ભીમની સહધર્મચારિણી નહીં બની શકે. જાલંધરા સામે સંઘર્ષાત્મક સ્થિતિ ઉત્પન્ન થઇ. એક બાજુ બહેન ને મદદ કરવી છે અને બીજી બાજુ ભીમને વરવું છે. હવે એની સામે કોઇક એક ની જ પસંદગી રહી. મુનશી નવલકથાના દરેક પાત્રો સામે સંઘર્ષભરી સ્થિતિને સહઝતાથી સર્જીને કથાને રસપ્રદ બનાવી મૂકે છે. જાલંધરાએ દ્વિધાભરી સ્થિતિમાં સ્વાર્થને ત્યજીને ભાનુમતી માટે કૃષ્ણ પાસે વચન મેળવ્યું. જાલંધરાની ઉદારતા વાચકોની દાદ માગી લે છે.

અહી એક અન્ય ઘટના ઘટે છે. જે લેખકને નિરૂપવી સહજ છે. ભીમ જાલંધરાને આપેલા વચનને પૂર્ણ કરવા માટે બલિને ઠેલણગાડી પર કૃષ્ણ પાસે લઇ જાય છે. કૃષ્ણે અશક્ત અને પોતાના પગ પર ઊભા ન રહી શકે એવી બલિને કહ્યું કે 'તમે ચાલી શકો છો, મલ્લરાજ! મને શ્રધ્ધા છે કે તમે ચાલી શકો છો ' બલિએ વારંવાર કહ્યું કે એ શક્ય નથી ત્યારે કૃષ્ણ તો પોતાના કથનને વળગી રહ્યા. બલિએ કૃષ્ણના કથનપર વિશ્વાસ મૂક્યો ને ઊભા રહેવાનો

પ્રયત્ન કરવા લાગ્યા અને એ પોતાના પગે ઊભા જ નહી પણ ચાલવા લાગ્યા. આ ચમત્કારિક ઘટનાને જોતાં જ 'કૃષ્ણાવતાર' ના બીજા ખંડમાં બનતી ઘટનાનું સ્મરણ થાય છે. જરાસંઘના ભયથી મથુરાંને ઉગારવા માટે કૃષ્ણને બળરામ ગોમંતક પર્વત પર ચાલ્યા જાય છે ત્યાંના મુખીનો પુત્ર વૈનતેનને પણ બલિને કહ્યું એમ જ કહીને એનેય એના પગપર ઊભો કરે છે. એક જ પ્રકારના પ્રસંગનું નિરૂપણ અલગ કથાનકમાં કરીને મુનશીએ કૃષ્ણને માનવમાંથી અવતારી પુરુષ તરીકે પ્રસ્થાપિત કરી આપ્યું છે. બલિને સારો કરવાનો ચમત્કાર અહીં ઔચિત્ય ભર્યો લાગતો નથી. વૈનત્ન્ય યુવાવસ્થામાં જ પોતાની શક્તિ ગુમાવી દીધી હતી અને એ પાછી મેળવવા માટે જે સાહસ દાખવ્યું હતું એ જોતાં કૃષ્ણ એના પર કૃપા કરે એ સહજ હતું. પરંતુ ત્યાંય લેખક માટે જોખમ તો હતું જ કે કૃષ્ણ માનવ બનવાને બદલે ચમત્કારી પુરુષ બની જશે. લેખકે એ જોખમને સ્વીકારીને કૃષ્ણના પાત્રને ચમત્કારીક માનવરૂપે આલેખ્યા છે. પરંતુ અહીં એવી કોઇ આવશ્યકતા વિના જ ચમત્કાર સર્જતાં મોટું આશ્ચર્ય થાય છે.

રોમાંચક અને હૃદયને થંભાવી દે એવી ઘટનાઓને નિરૂપવાની ગજબની પ્રતિભા ધરાવતા મુનશીએ કથાનકમાં રોમાંચક ને હૃદય થંભી જાય એવી ઘટનાઓ માટેની ભૂમિકાને સર્જીને એ ઘટનાઓનું રસપૂર્વક આલેખન કરે છે. જાલંધરા ભીમને મળવા આવી હતી ત્યારે શકુનિનો ગુપ્તચર એની પાછળ પડયો હતો. ભીમની આંખોમાંથી એ કઇ રીતે બચે? ભીમે એને મારી નાંખવાનો પ્રયત્ન કર્યો ત્યારે ગુપ્તચરે કહ્યું 'મારા પ્રાણની તમે રક્ષા કરશો તો તમારો પ્રાણ રક્ષાસે. ગુપ્તચરના વિધાનથી હવે પછી બનતી ઘટનાની ભૂમિકા બંધાઇ જાય છે અથવા તો 'સંકેત' થાય છે. ગુપ્તચરને લઇને શકુનિ અને દુ:શાસન અઘોરી પાસે ભીષ્મ, કૃષ્ણ અને ભીમને મારી નાંખવાની વિધિ કરતા હતા ત્યાં જઇને ભીમે અઘોરીને મારી નાંખીને પોતાના પ્રાણની રક્ષા કરી છે. આ જે ઘટના બને છે એ ભીમના વીરલ વ્યક્તિત્વને પોષક બનીને આવતી હોવા છતાં કૃતિમાં આ ઘટના નિરૂપાઇ ન પણ હોત તો કૃતિને એનાંથી કાંઇ નુકશાન થયું ન હોત એમ લાગે છે. લેખકે પુરાણ કથામાં ન હોય એવા પ્રસંગનુ નિરૂપણ કરવામાં ખાસ્સો પ્રયાસ કર્યો છે. એ જ રીતે વ્યાસમુનિ રચિત 'મહાભારત' માં કેટલાંય એવાં પાત્રો છે જેમનાં માત્ર નામ જ મળે છે. એવાં પાત્રને આ કૃતિમાં મૂર્તિમાન કરાવવાનો લેખકે શ્રમ કર્યો છે. એમાંનું એક પાત્ર 'ભાનુમતી' છે. મુનશીએ ભાનુમતીને કૃષ્ણની રાધાને ધર્મભગીની બનાવી અને દુર્યોધનની આદર્શ પત્નીના રૂપે કૃતિમાં આલેખી છે. એ ભાનુમતી કૃષ્ણ પાસે વચન મેળવીને અતિ પ્રસન્નતા અનુભવે છે ત્યારે એની સામે એક વિચિત્ર ઘટના બને છે. દુર્યોધનને જાલંધરાનો સ્વીકાર કરવાનો એનો ભાઇ અનુરોધ કરતો હતો તે જોઇને ભાનુમતીની રહી સહી શ્રધ્ધા પાણીમાં ડૂબવા લાગી. આ ઘટના આઘાતજનક બની જાય છે. લેખકે ભાનુમતીના મૃત્યુનો પ્રતીતિકર બનાવવા માટે આ ઘટનાને સૂઝ-સંયમથી અભિવ્યક્ત કરી છે.

પોતાનો ભાઇ જ પોતાના સુખનો દુશ્મન થયો હોય ત્યાં ભાનુમતી શું કરે? બિમારીમાં પટકાયેલી ભાનુવતીની તબિયત વધારે કથળે છે. કારમા આઘાતને સહન કરવાની શક્તિ એનામાં ન હતી. એ મૃત્યુના મુખમાં પ્રયાણ કરવા લાગી. ભાનુમતીના આંતરજગત ને નિરૂપીને ભાનુમતીની

વેદનાને અભિવ્યક્ત કરીને પ્રસંગનું હ્રદયસ્પર્શી આલેખન આમ થયું છે-

'અત્યાર સુધી એને આશા હતી કે, પોતે દુર્યોધનને હસ્તિનાપુરનો સમ્રાટ બનવામાં મદદ કરશે તો દુર્યોધનનો પ્રેમ પણ પોતાને સાંપડશે હવે એને લાગ્યું કે પતિનો પ્રેમ તો એ હંમેશ માટે ખોઇ બેઠી છે! ગોવિંદ પોતાનું વચન પાળે તો પણ પોતાનો પુત્ર હવે કુરુઓની ગાદી પર નહીં આવી શકે. એ ઓશિકામાં મોં છુપાવીને ભાંગી પડી.

અચાનક એણે જોયું, તો ખૂણામાં કોઇક ઊભું હતું. એ ભયથી કંપી ઊઠી એ જાણતી હતી કે, આ વ્યક્તિ જોડે એણે આંખ ન મેળવવી જોઇએ , પણ એની સામે જોયા વિના એ રહી ન શકી

ખૂણામાં એક રૂક્ષ માણસ અંધારા કરતાં પણ વધારે શ્યામ પાડા પર બેઠેલો હતો તેના હાથમાં એક પાશ હતો. બચપણમાં એક વાર એ લગભગ મરણપથારીએ હતી ત્યારે તેણે એક વાર આ ચહેરો જોયો હતો. એને આ ક્ષણે એક જ વિચાર સૂઝયો: આ પાશમાંથી બચવું હોય તો ગોવિંદના શરણે જવું જોઇએ.'[૩૮]

મૃત્યુ પોતાની રાહ જોતું બેઠું છે એ જોઇને ભાનુમતી ગોવિંદને આરાધવા લાગી. બેભાન બનેલી ભાનુમતીને દાયણો અને ચિકિત્સક તપાસવા લાગ્યા ભાનુમતીની તબિયત લથડવા લાગી. દાયણોએ જાલંધરાને ભાનુમતી પાસે આવવા ન દીધી એટલે એ ગોવિંદ પાસે દોડી ગઇ ધર્મની બહેનની રક્ષાર્થે કૃષ્ણ સુવાવડના નિયમોને દૂર ફગાવીને ભાનુ પાસે બેઠો જાલા પણ કૃષ્ણને અનુસરી ને ભાનુ પાસે બેઠી દુર્યોધનને કૃષ્ણનું આગમન રુચ્યું ન હતું આવા પ્રસંગે ક્રોધ કરવો વર્જ્ય હોવાથી સંવાદોના માધ્યમથી ભાનુમતીના વ્યક્તિત્વને ખાસ્સું ઊપસાવ્યુ છે. ભાનુમતી પર અવિશ્વાસ રાકતા દુર્યોધનને જાણ થઇ કે જેના પર એ વિશ્વાસ રાખતો ન હતો એજ ભાનુમતી પોતાના માટે કૃષ્ણ પાસે વચન મેળવ્યું કે પોતાના પતિને હસ્તિનાપુરના રાજા બનાવવાનું અને પોતાના પુત્રને રાજ્યના વારસ બનાવવાનું વચન મેળવ્યું આ ઘટનાથી અધર્મ આચરતો દુર્યોધનના હ્રદયમાં ભાનુમતી પ્રત્યે પ્રેમ જાગ્રત થાય છે ભાનુમતીનો સ્નેહ જોતાં એ રડી પડયો. પરિસ્થિતિ હાથમાંથી સરી ગઇ હતી. સ્નેહાળ પત્નીને ગુમાવવાનુમ દુ:ખ દુર્યોધન અનુભવે છે.

ભીમને જાણ થઇ છે કે કૃષ્ણે ભાનુમતીને વચન આપ્યું છે કે દુર્યોધન હસ્તિનાપુરનો રાજા બનશે પરંતુ એ સ્વીકારવા તૈયાર ન હતો. ભાનુમતીના અંતિમ સંસ્કારો પછી રાજ્યારોહણનો પ્રસંગ આવ્યો. આ પૂર્વે વ્યાસમુનિ અને યુધિષ્ઠિર ચર્ચાલાપનું વિદધતાથી આલેખન કરીને યુધિષ્ઠિરને ધર્મપરાયણ તરીકે ઉઠાવ આપવામાં આવ્યો છે. રાજ્યારોહણના પ્રસંગે બનતી અઘટિત ઘટનાને યુધિષ્ઠિર સહન કરે અને પોતાના ધર્મમાંથી ચલિત ન થાય એની ભૂમિકા અહી બંધાય છે.

નીચેના વર્ણનમાં મુનશીએ સ્વકલ્પનાનો વિશિષ્ટ એવો વિનિયોગ કર્યો છે એમનું ભાષાકર્મ તપાસીએ. આપીને પૌરાણીક સમયના પરિવેશને ખડુ કરી આપતું આ શબ્દચિત્ર એમની સર્જક પ્રતિભાની પ્રતીતિ કરાવે છે-

---

૩૮ એજન ખંડ-૪ પૃ ૧૪૮

"મુખ્ય પ્રવેશદ્ધાર તરફ દોરી જતા બધા રસ્તાઓ પર સો ધર્નુધારીઓ ગોઠવાઇ ગયા હતા. તેમના ખભા પર ધનુષ્યબાણ અને હાથમાં ભાલા હતા.

પ્રવેશદ્ધારની બંને બાજુએ ચાર-ચાર હાથીઓ ઊભા હતા. તેમને આકર્ષક રંગોથી રંગ્યા હતા અને મનોહર સજાવટથી સજાવવામાં આવ્યા હતા. તેઓની સૂંઢ તાલબધ્ધ રીતે ડોલતી હતી અને એ સાથે તેઓને બાંધવામાં આવેલી પિત્તળની નાજુક ઘંટડીઓ રણઝણી ઊઠતી હતી.

આ હાથીઓ પર બેઠેલા રાજ્યના સંગીતકારો, ઢોલીઓ, શરણાઇવાળાઓ શંખ ફૂંકનારાઓ અને ભેરીવાદકો આવનારા મહેમાનનું સ્વાગત કરતા હતા અને તેમનાં નામોની ઘોષણા કરતા હતા. કોઇ અતિથિઓ પગપાળા, કોઇ પાલખીમાં, કોઇ બળદથી ખેચાતા રથમાં તો કોઇ અશ્વરથમાં આવતા હતા.

ખંડના પ્રવેશદ્ધાર પર સૌના સત્કાર માટે સંત-સચિવ વિદુર ઊભા હતા. આ પછી ત્યાં રહેલા મલ્લો આ અતિથિઓને તેમના કક્ષમાં દોરી જતા હતા.

થોડી વારમાં જ સિંહાસનખંડ ચિકાર થઇ ગયો.

મુખ્ય પ્રવેશદ્ધારની સામેની દીવાલ પાસે એક મોટો મંચ ઊભો કરવામાં આવ્યો હતો તેના પર નવ સિંહાસનો ગોઠવ્યાં હતા. પાંચ જમણી બાજુનાં સિંહાસનોની વચ્ચે મહામુનિ વેદવ્યાસ માટે મૃગચર્મ પાથરેલું કાષ્ઠાસન મૂકવામાં આવ્યું હતું. બંને છેડા પરના સિંહાસનો રૂપાનાં હતાં, બાકીનાં સાતે સુવર્ણનાં બનેલાં હતાં.'[૩૯]

રાજ્યસભાના બાહ્ય પ્રવેશદ્ધારથી માંડીને રાજ્યસભાની આખી બેઠક સભા અને મહત્વના સોનાં, ચાંદી અને રૂપાના સિંહાસનો અને એમના પર બિરાજમાન વ્યાસમુનિ, કૃષ્ણ, બળરામ, મણિમાન, ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, શકુનિ, કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, યુધિષ્ઠિર, અર્જુન, ભીમ તથા અન્ય પ્રેક્ષકગણનું ઝીણવટ ભર્યું આલેખન મુનશીએ કર્યું છે.

રાજ્યસભાનું સરસ ચિત્ર જોયા પછી કંઇક સારું થશે એવી અપેક્ષા બેવડાઇ જાય છે. અખંડ બ્રહ્મચર્યધારી ભીષ્મે મક્કમ પણે નિર્ધાર કર્યો હતો એજ પ્રમાણે યુધિષ્ઠિરને હસ્તિનાપુરના રાજા તરીકે અને દુર્યોધનને યુવરાજ તરીકે ઘોષિત કરતાં સમગ્ર પ્રજાએ 'સાધુ, સાધુ' કરીને ઘોષણાને સહર્ષ સ્વીકારી લીધી. પરંતુ વિધિના ખેલ અટપટા હોય છે. પુત્ર પ્રત્યેના આંધળા પ્રેમના પ્રવાહમાં તણાતો અંધપિતા દુર્યોધનને આત્મહત્યા કરતો રોકવા માટે કેવો પ્રયાસ કરે છે! દુર્યોધનને હસ્તિનાપુરની રાજગાદી મળે તે માટે શબ્દોની પ્રપંચ જાળ પાથરીને યુધિષ્ઠિરને વચનબધ્ધ કરી લે છે. ધર્મ પરાયણ એવો શાંત પ્રકૃતિ ધરાવતો યુધિષ્ઠિર ભ્રાતૃયુધ્ધને ટાળવા માટે વડિલોની વાણીને અનુસરવાનું વચન આપે છે.

ધૃતરાષ્ટ્રના મનમાં ચાલતી કટુનીતિને પામી ગયેલા ભીમને યુધિષ્ઠિર પર ક્રોધ આવ્યો ઘણા વર્ષો પછી રાજ્યસત્તા હાથમાં આવી હતી એ આજે યુધિષ્ઠિરના વચનથી અનેક જોજન દૂર ઠેલાઇ જતી જોઇને ભીમે સભાગૃહનો ત્યાગ કર્યો. લેખકે અહીં મૂળકથાનકમાં મળતાં પ્રસંગથી જુદા જઇને વિરલ વ્યક્તિત્વને અભિવ્યક્ત કરવામાં જ રચ્યા પચ્યા રહ્યા છે. મૂળ પ્રસંગમાં

---

૩૯ એજન ખંડ-૪ પૃ.૧૬૧-૧૬૨.

કૃતિને પોષક એવા જરૂરી સુધારા કર્યા છે છતાંય ક્યાંય થીંગડુ બનીને આવતો નથી. એજ સફળ સર્જકની સિધ્ધિ છે

ભીમનું ગુમ થવું એ પાંડવો માટે આપત્તિરૂપ હતું. પાંડવોમાં આંતર કલહ તયો છે એમ કૌરવોને જાણ થાય તો એનો લાભ લેવાનું તેઓ ચૂકતા નહીં. કૃષ્ણ આ જાણતા હોવાથી ભીમના ગુમ તવાના સમાચારનત ગોપનીય રાખીને ભીમને શોધી લાવવાનું વચન આપે છે.

રાજ્યારોહણના પ્રસંગમાં ભીમ ગૂમ કરાવવા પાછળ લેખકનો ચૌક્કસ દષ્ટિકોણ રહ્યો છે. 'ઇન્દ્રપ્રસ્થ' નું નિર્માણ વ્યાસમુનિના 'મહાભારત' માં જોવા મળે છે. એજ કથાપ્રસંગને એમણે વિશિષ્ટ રીતે પ્રયોજાયો છે.

રીસાયેલા કે ક્રોધિત બનેલા ભીમને લેવા માટે કૃષ્ણ જાય છે. ભીમ કૃષ્ણ ની કોઇ વાતમાં તણાઇ જવાને બદલે પોતાના નિર્ણયમાં મક્કમ રહે છે. જ્યારે નવાનગરની રચનાની વાત આવતાં જ એ પ્રસન્ન થઇ જાય છે. અહીં 'સ્વપ્નપ્રસ્થ' નું બીજ મુકાયું છે. નવાનગરની રચનાની વાત એમના મનમાં ચૌક્કસ કહી શકાય એવી ગોઠવણો હોય એમ લાગે છે અથવા તો હવે શું થશે? એનાથી કૃષ્ણ પરિચિત હોય એવી પ્રતીતિ થાય છે. અથવા તો કૃષ્ણ બહુ મોટો પ્રપંચી હોય એમ લાગે છે. આંધળુ સાહસ કરીને પોતાને જે અભિપ્રેત હોય એજ કરાવવા એ સક્રિય બને છે.

મુનશીની ઘણી નવલકથાઓમાં નિરૂપાયેલાં સ્ત્રી પાત્રોની જેમ અહીં 'વરું તે જ વર' અને એ ન મળે તો પોતાના પ્રાણનો ત્યાગ કરતાં પણ ન અચકાય એવા જાલંધરાના પાત્રનું નિરૂપણ થયું છે. ભીમ ચાલ્યો ગયો છે એ સમાચારથી આઘાત પામેલી જાલંધરા વડિલોની આમાન્યનો પણ ખ્યાલ રાખવાનો છોડીને કૃષ્ણને ચેતવણી આપે છે કે 'ભીમને પાછો નહીં લાવો તો હું જીભ કચડીને પ્રાણનો ત્યાગ કરી દઇશ.' જાલંધરાના પ્રણયભાવને મૂળ કથાના પ્રવાહમાં ગૂંથીને કથાને રસપ્રદ-બનાવવામાં લેખકે સરસ પ્રયાસ કર્યો છે.

ફરી એકવાર કુરુઓની સભા ભરાઇ. દુર્યોધનને જ હસ્તિનાપુરનો રાજા બનાવવાના આશયથી ઊભા થઇને પાંડવોને 'ખાંડવપ્રસ્થ' જેવી ઉજ્જળ વન્યભૂમિ આપવાની ઘોષણા ધૃતરાષ્ટ્રે કરી. પુત્ર પ્રત્યે પ્રગાઢ વાત્સલ્ય ભાવ ધૃતરાષ્ટ્રને અધર્મતાને આચરવા મજબૂર બનાવી આપે છે. ધૃતરાષ્ટ્રના આવા સ્વાર્થીપણાને જોઇને રાજ્યસભા આશ્ચર્યમાં ગરકાવ થઇ જાય છે ત્યાં આવનારી વિપત્તિને ધૈર્યપૂર્વક સ્વીકારવાનું ઔદાર્ય યુધિષ્ઠિરમાં જોવા મળે છે. ધૃતરાષ્ટ્રના સૂચનથી ક્ષણવાર તો યુધિષ્ઠિર સમતુલન ગુમાવી દીધું અને બીજી પળે સ્વસ્થતા મેળવી લીધી. અનેક વિપત્તિઓમાં કૃષ્ણ સહાયક બનીને બધાંને ઉગારી લે છે એમ અહીંયા પણ ધૃતરાષ્ટ્રને જ એની આંધળી યોજનાના ચક્રવ્યૂહમાં ફસાવીને પાંડવોને ખાલી હાથે પગે કાઢવા માંગતા હતા એને બદલે રાજ્યસભા સમક્ષ હસ્તિનાપુરની સંપત્તિનો અડધો હિસ્સો પાંડવોને અપાવે છે. કૃષ્ણ આવી લીલા રમશે એનો ખ્યાલ ધૃતરાષ્ટ્રને તો ક્યાંથી હોય? સંપત્તિ જવાનું દુ:ખ પુત્રને રાજગાદી મળી છે એની નીચે દબાઇ જાય છે.

આમ કૃષ્ણ ભાનુમતી, જાલંધરા અને ભીમને આપેલું વચન પાળે છે. કૃષ્ણ મોસાળ પક્ષેથી દ્વારકાની સંપત્તિનો પાંચમો ભાગ પાંડવોને ભેટ આપે છે. આ ઘટના આ કૃતિના પાંચમાં ખંડ

'સત્યભાનું કથાનક' સાથે સંબંધ સ્થાપે છે અથવા તો આ પછીના ખંડનું બીજ અહીં મુકી આપે છે. પાંડવો ખાંડવપ્રસ્થને 'ઇન્દ્રપ્રસ્થ' માં ફેરવી નાંખે છે.

લાક્ષાગૃહમાં સળગી મરેલા પાંડવોને આર્યાવર્તમાં પુન:જીવિત કરીને પ્રતિષ્ઠિત સ્થાન અપાવીને કૃષ્ણ દ્વારકામાં આવે છે. કૃષ્ણના આગમનને ઉમળકાભેર વધાવવા નગર ઉમટી પડ્યું હોય ત્યાં કૃષ્ણને પ્રેમ કરતી સત્રાજિતની પુત્રી કૃષ્ણનાં દર્શન કરવાનું કઇ રીતે ટાળી શકે? સુભદ્રાને સત્યાની સહેલી બનાવીને મુનશીએ કૃષ્ણને મેળવવાનો સત્યાને માર્ગ કરી આપ્યો છે. સત્રાજિત તો કૃષ્ણનો વિરોધી હતો. પિતાની પણ પરવા કર્યા વિના સત્યા કૃષ્ણના સામૈયામાં જઇ ચઢે છે. કૃષ્ણ સાથેની પ્રથમ મુલાકાતનો રોમાંચ લઇને જતી સત્યાને સત્રાજિતે ખખડાવી નાંખી. પોતાની પુત્રીના હાથની અવગણના કરનાર સાત્યકિને મળવા માટે સત્યા ગઇ હતી એ જાણીને તે કોપાયમાન થયો. સત્યા તો કૃષ્ણને ચાહે છે અને સત્રાજિત એમ માને છે કે એ સાત્યકિને મળવા ગઇ હતી. પ્રસંગનું આમ નિરૂપણ થવાથી થોડું હાસ્ય ઉપસે છે.

'ભીમના કથાનક' ના અંતિમ પ્રકરણમાં કૃષ્ણે પાંડવોને પાંચમા ભાગની સંપતિ આપવાની જાહેરાત કરી હતી એનો સત્રાજિતે વિરોધ કર્યો હતો અને એમાં યાદવોએ અનુમોદન આપ્યું હતું યાદવોનાં આંતરવિગ્રહથી ચિંતિત થયેલા કૃષ્ણે યાદવોને એકત્વના બંધને બાંધવાનો પ્રયત્ન કર્યો સત્રાજિત પાસે 'સ્વમંતક' મણિ હતો અને એની પાસે અખૂટ સંપત્તિ હોવાથી કૃષ્ણનો વિરોધ કરવા લાગ્યો. કૃષ્ણે આપેલા વચનને પુર્ણ કરવાની સ્પષ્ટ પણે 'ના' પાડી. ખંડણી ભરવાનો સખત વિરોધ કરતા સત્રાજિત પર કૃષ્ણ ક્રોધિત બનેશે એવી અપેક્ષા સભાજનોએ રાખી પણ કૃષ્ણ તો એમને મળીને યાદવોમાં ઉભો થયેલ આંતર કલહને શાંત કરવા માંગતા હતા. મુનશીના પાત્રો મુત્સદ્દી હોય છે

કૃષ્ણનું આગમન કૃષ્ણ પ્રિયા સત્યાને માટે આનંદદાયક જ હોય. પરંતુ સંપત્તિના નશામાં મદોન્મત્ત બની ગયેલા સત્રાજિત માટે કસોટીરૂપ બની રહે છે. યાદવ સભાસદો વચ્ચે અપમાનિત કરવાનું ટાળીને સત્રાજિતના મહેલમાં આવીને પાંડવોને અપાયેલા મામેરાના ભાગની અને સ્વમંતક મણિની માંગણી કરી. સૂર્યનારાયણે આપેલા મણિને પ્રતાપે એ સંપત્તિવાન બન્યો હતો. એ મણિ કૃષ્ણને આપે તો સત્રાજિત એક સામાન્ય યાદવ જ બની જાય. સામાન્ય યાદવ બનીને રહેવું એ 'અશ્વમેધ' યજ્ઞ કરવા માંગતા સત્રાજિતને તો ન જ પોષાય ને! કૃષ્ણ ઘણો સમજાવ્યો, સત્રાજિત કૃષ્ણની-મોહિનીમય વાણીથી પ્રભાવીત થયો પણ એની મક્કમતામાંથી ચલિત ન થયો. પોતાના ભાગની સંપતિ ને આપવા સત્રાજિત તૈયાર થાય છે પણ એક શરત મૂકી. સાત્યકિ પોતાના પુત્ર સાથે લગ્ન કરે તો? યાદવો વેઠેલા નુકશાનને ભરપાઇ કરે-કૃષ્ણે સાત્યક અને સાત્યકિના સંસ્કારોને કહીને કહ્યું કે સત્યાની પાસે વીરપત્ની બવનાના સંસ્કારો નથી અને વૈભવ-વિલાસમાં ઉછરેલી સત્યા સાત્યકિના સામાન્ય ઘરમાં ગોઠવાઇ શકે એમ નથી. કૃષ્ણને તો સ્વમંતકને રાજ્યના ખજાનામાં રાખવો હોવાથી એ સમજાવવાથી ન માન્યો તો ધમકી ઉચ્ચારી. ધમકી સાંભળતાં જ કોપાયમાન બનેલ સત્રાજિતે કૃષ્ણ પર હુમલો કર્યો. આ ઘટનાને મુનશીએ જુદી રીતે મૂકીને હવે પછી બનવાના પ્રસંગોની ભૂમિકાને બાંધી આપવાની સાથે કૃષ્ણ પ્રત્યેના

સત્યાના અગાધ પ્રેમને ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે કૃષ્ણ પોતાને ઘરે પિતાને મળવા આવવાના છે એ વાતથી રોમાંચિત બની ઊઠેલી સત્યા પિતા અને કૃષ્ણ વચ્ચેના વાર્તાલાપને ચોરી છૂપીથી સાભળતી હોય છે. પિતાએ કૃષ્ણપર જીવલેણ હુમલો કર્યો ત્યારે સત્યા પોતાના પ્રિય પાત્રને બચાવવા કૃષ્ણની આગળ આવી ઊભી રહી એનો એને અનેરો આનંદ છે.

કૃષ્ણે સત્યાની બિલાડીને અનેરા વ્હાલથી પંપાળી હતી અને સત્યાને સરસ છોકરી કહી હતી પરંતુ એનામાં 'ક્ષાત્ર ધર્મ' નો અભાવ હતો એની ટીકા કરી હતી. કૃષ્ણના ગયા પછી સત્યાના આંતરજગતનું આલેખન આમ થયું છે -

'સાંભળ, મૂરખ, એ કહેતા કે, હું સરસ છોકરી છું! તને શું લાગે છે, ઊરી? પિતાજીના હાથ છોડાવવા જતાં એમના ખભાનો સ્પર્શ થયો તેનો ઝણકાર હજીય હું અનુભવી રહી છું. તું કેવી સ્વાર્થી છો! તેં તો એમની જોડે દોસ્તી કરી લીધી. એમણે તને થાબડી, પંપાડી અને મને તો કશું જ ન કહ્યું! અરે! મારી સાથે એક શબ્દ પણ બોલ્યા નહીં!'

સત્યા વળી પાછી કંઇક વિચારીને ફરી ગણગણી રહી .... 'ના .રે! સાવ એવું એ નથી એમણે કહ્યું જ ને કે સોનાની ગાગર લઇને હું સામૈયામાં ગઇ એ જરાયે શોભતું ન હતું - એ તો અમારા વૈભવનુ પ્રદર્શન હતું. એમની વાત સાચી છે. મને તો 'વીરપત્નીએ આપેલી વિદાય' નુ ગીત પણ યાદ નથી '[૪૦]

સંપત્તિના નશામાં મદ બનીને અવિવેકી કૃત્યને આચરી બેઠેલી સત્યાના મનમાં કૃષ્ણનુ મ્હેણું કાળજે લાગી જતાં એને સુભદ્રા પાસેથી મેળવીને 'વીરપત્નીનું ગીત' કંઠસ્થ કર્યું બીજી બાજુ કૃષ્ણ સ્વમંતક લઇ લેશે તો? એ ભય નીચે રહેતો સત્રાજિતે કૃષ્ણની યોજનામાં કૃષ્ણને જ બલિનો બકરો બનાવવા પ્રસેનને પવિત્રગૂફામાં અંધારી રાત્રે કોઇનેય જાણ ન થાય એમ મૂકી આવવાનું સૂચન કર્યું સત્રાજિતે આ ઘટનાને ગોપનીય રાખવાનો પ્રયાસ કર્યો હતો. સત્યાએ આ બધુ જોયું હતું પણ એ કાંઇ સમજી નહી.

એક જ ઘટનાના અનેક પ્રત્યાઘાતો પડતા હોય છે એમ સત્રાજિતના કુમલાને યાદવોએ વખોડી નાંખીને એને પાઠ શીખવાડવાનો નિશ્ચય કરી લીધો હતો. બળરામ તો સત્રાજિતની ખોપરી તોડી નાખવા જ માગતો હતો પરંતુ કૃષ્ણે એમને શાંત પાડીને કહ્યું કે સત્રાજિતને અપાયેલી ધમકીના સમય સુધી રાહ જોઇએ. કૃષ્ણને ક્યાં ખબર હતી કે એ 'સ્વમંતક' મણિનું આળ પોતાના પર જ નાંખશે. સત્રાજિતે આયોજિત કરેલા નાટક ની જેમ વહેલી સવારે 'સ્વમંતક' કૃષ્ણ ચોરી ગયો છે અને એ સભામાં સશસ્ત્ર બનીને મારતે રથે જાય છે ચોરી આળ આવતાં કૃષ્ણે કહ્યું કે સ્વમંતક મણિ પાછો મેળવી આપીશ અને એમાં નિષ્ફળ જઇશ તો 'આત્મસમર્પણ' કરીશ મથુરામા ફરી એક વાર ગમગીનભર્યું વાતાવરણ છવાઇ ગયું.

છળકપટનો આશ્રય લઇને કૃષ્ણને મૂંઝવણમાં મૂકવા માંગતો સત્રાજિત એની જ વ્યૂહરચનામાં અટવાઇ ગયો સ્વમંતકને પવિત્ર ગુફામાં મૂકવા ગયેલો એનો નાનોભાઇ પ્રસેન સિંહના મુખે મરાયો છે એ સાંભળતા એ ગાંડા જેવો બની ગયો. સત્યાને હવે પિતાજીની યોજના

---

૪૦ એજન ખંડ-૫ પૃ ૪૯

સમજાતાં એ કૃષ્ણને ઉગારવા સાત્યકિની મદદ લઇને વનમાં ચાલી નીકળી. સત્યા અને સાત્યકિ વનમાં ગયા પછી શું થયું-એ ઘટનાઓને આલેખવાનું ટાળીને સત્યા અને સાત્યકિ ગૂમ થયાના સમાચારો મથુરાંમાં વહેતા થવાથી અનેક પ્રકારના વિચારો લોકમૂખે ચર્ચાવા લાગ્યા કોઇને કાંઇ સમજાતું નથી. આખી પરિસ્થિતિ ગૂચવાઇ જાય છે. સત્યા ગૂમ થતા પહેલાં કૃષ્ણને 'વીરપત્નીના ગીત' ની ખૂટતી કડીઓ સુભદ્રા સાથે સમાચાર રૂપે મોકલે છે. સત્યા ને સાત્યકિના ગૂમ થયાના સમાચાર સાંભળતાં જ સત્યાએ મોકલેલા સમાચારોના અર્થને પામી જતાં ફરી એકવાર કૃષ્ણ મથૂરાંમાંથી ગૂમ થઇ જાય છે સ્વમંતક મણિને પ્રતાપે સંપત્તિવાન બનેલ સત્રાજિત અહીં રીંછલોકો પાસેથી છળકપટ દ્વારા સુવર્ણ રેતીના કણો પ્રાપ્ત કરે છે. મુનશીએ સ્વકલ્પનાનો વિનિયોગ કરીને સત્યા અને કૃષ્ણની કથાનું નિરૂપણ કર્યું છે.

સત્યાને મદદ કરવા માટે ગયેલ કૃષ્ણને પ્રસેનનો મૃતદેહ અને એના અલંકારોના અવશેષો માર્ગમાં મળતાં એનો માર્ગ સરળ બની જતાં એ આગળ વધ્યો. સત્યાના ફાટેલાં વસ્ત્રો અને રીંછ-માનવ વચ્ચેની ઝપાઝપીનાં પગલાં મળ્યાં. આગળ વધતાં નગ્નાવસ્થામાં બેભાન પડેલી સત્યા મળે છે અસંખ્ય જગ્યાએ ઘવાયેલી સત્યાના ઘાવોને ઝરણામાં સાફ કરીને એને પોતાનું વસ્ત્ર પહેરાવે છે ભાન આવેલી સત્યાને આ સ્વપ્ન જ લાગતું હતું કારણકે મૃત્યુના મુખમાંથી એ જે રીતે ભાગી હતી તેને આવા નિર્જન વનમા કોઇ મદદ કરશે એમ અપેક્ષા શી રીતે રખાય? અને તેમાંય કૃષ્ણ પોતાનો પ્રિયતમ જ મદદે આવે તો એનાથી બીજો રૂડો અવસર કયો?

સત્યા અને કૃષ્ણને એકમેકની અતિ નિકટ લાવવા માટે લેખકે સત્યાના પગને મચક આપી છે ને એ ચાલી શકે એમ નથી એવું આલેખન કર્યું છે. વૈનતૈનના શરીરમાંથી તેજ અને શક્તિ હણાઇ જવાથી એ વીર યોધ્ધાને બદલે અપંગાવસ્થામાં હતો એ કૃષ્ણના ચમત્કારથી પુન. ચેતનવંતો બને છે અને હસ્તિનાપુરનો વૃધ્ધ બલિ અપંગ બન્યો હતો એ પણ કૃષ્ણના કહેવાથી ઊભો થયો. આ કૃષ્ણાવતારની વાત છે એટલે ચમત્કારો ની શૃંખલાઓ વિશે તો પૂછવું જ શું? અહીં પગે મચક આવેલી સત્યાને કૃષ્ણ કહે કે ત્રણ ચાર દિવસ સુધી તારાથી જમીન પર પગ મૂકી શકાય નહી!

આથી એક પ્રશ્ન ઉદ્દભવે છે કે મુનશીનો કૃષ્ણ ક્યારેક ચમત્કારિક તો ક્યારેક સામાન્ય માનવ બની જાય છે. આથી કૃષ્ણ પૂર્ણ અવતારી પુરુષ નથી બની રહેતો કે નથી પૂર્ણ માનવરૂપે આવતા. બન્નેનું મિશ્રણ બનીને કૃતિમાં આવે છે.

સત્યાને શોધવા નીકળેલા કૃષ્ણ વનમાં વૃક્ષ પર રાત્રિ રોકાણ કરે છે રાત્રિ પછીના ઉષાકાળનું વર્ણન એમણે આમ નિરૂપ્યું છે

'કૃષ્ણ સપ્તર્ષિઓને આકાશમાં ધીમી ગતિએ આગળ વધતા જોઇ રહ્યા. થોડી વારે પખીઓનો આછો કલરવ ગુંજી ઊઠયો - જાણે ઉષાકાળને આવકારવા માટે કુદરતે ગીત વહેતું મૂક્યું।

સૂર્ય ઊગ્યો અને એનાં ઊજાસથી વન રંગાઇ ગયું ત્યારે તેઓ નીચે ઊતર્યા એમણે રસ્તાની સમાન્તરે ચાલ્યા જતાં ઝરણામાં સ્નાન કર્યું પ્રાતવિધિ કરી તથા પોતાની સાથે લીધેલ

નાસ્તામાથી થોડો લીધો અને સાથે વનનાં પકવ ફળો પણ ખાધાં '[૪૧]

કૃષ્ણ અને સત્યા સ્વમંતક અને સાત્યકિને શોધવા આગળ વધ્યા. વિના વિઘ્ને ગુફા મળી અને ગુફામાં પ્રવેશ કરવાનો માર્ગેય જડ્યો. (સત્યાએ પાળેલી બિલાડી પણ સત્યાની સાથે હતી. એને બચ્ચાને જન્મ આપ્યો. બિલાડી અને એનાં બચ્ચાંને કૃષ્ણ સાથે પ્રીતિ બંધાઇ ગઇ )

ગાતૂ ભૂતે કૃષ્ણ અને સત્યાને રીંછલોકમા લઇ જાય છે. રીછ માનવ કૃષ્ણનો મિત્ર બની જતા કૃષ્ણનો માર્ગ સરળ બની જાય છે.

રાક્ષસલોક અને નાગલોકમાં બનતી ઘટનાઓ અહીં નવા પરિવેશમાં મુકાઇ હોય એવી છાપ ઊભી કરે છે. આ કૃતિના બીજા ખંડમાં સાંદિપનિઋષિના પુત્રને લેવા માટે કૃષ્ણ નાગલોકમાં જાય છે નાગરાણીના પતિ યમને જે મારી નાખે એ નાગરાણીનો પતિ બને એવી પરંપરા ત્યાં હતી. એજ રીતે રાક્ષસવર્તના રાજાને મારી નાંખે એ જ ત્યાનો રાજા બને એમ જ હોવાથી પુનર્દત્ત અને કૃષ્ણ વચ્ચે હરીફાઇ થાય છે અને હિડિમ્બને મારી નાંખવાથી ભીમ વૃકોદર રાજા બને છે.

આ બે ઘટનાઓની પ્રતિછાયા ધરાવતી અહીં ઘટના બને છે. દેવના પુત્ર સાંબે રોહિણીને બળજબરીથી જંગલ પ્રતિ લઇ જવાનો પ્રયત્ન કર્યો આથી કૃષ્ણે સાંબને મારી નાખ્યો. દેવના પુત્રને મારી નંખાતાં જ રીંછલોકોમાં સન્નાટો છવાઇ ગયો તેઓ કૃષ્ણને કાળદેવના હવનમાં હોમી દેવા માંગતા હતા પરંતુ રીંછ લોકના રીત રિવાજેથી ત્રસ્ત એવો જાંબવાન પોતાની પત્નીને આપેલા વચનને સિદ્ધ કરવા માટે કૃષ્ણને 'દેવોનો પુત્ર' બનાવ્યો હવે દેવ આજ્ઞા આપે તો કૃષ્ણ વિધિવત 'દેવનો પુત્ર' બને. રોહિણીને ઉગારવા જતાં કૃષ્ણ જ ફસાઇ જાય છે. રીંછોના રીવાજ પ્રમાણે રોહિણી સાંબની વાગ્દત્તા હતી સાંબની હત્યા થતાં કૃષ્ણને એની સાથે લગ્ન કરવા પડે આર્ય સસ્કારથી નોખા સંસ્કાર ધરાવતી રોહિણીને સ્વીકારવાની કૃષ્ણે ઘરાર 'ના' પાડી કૃષ્ણ રોહિણી સાથે લગ્ન ન કરે તો એને અગ્નિમાં સમર્પિત કરી દેવામાં આવે શું થશે? શું થશે? નો ભાવ અહીં વાચકના મનમાં પ્રદિપ્ત થાય છે

કૃષ્ણે રોહિણીનો સ્વીકાર કરવાની 'ના' પાડતા એને અગ્નિમાં હોમી દેવાની વિધિનો પ્રારંભ થયો પોતાના માટે રોહિણી જેવી નિર્દોષ કન્યાનો પ્રાણ જાય એ કૃષ્ણને સ્વીકાર્ય ન હોવાથી રોહિણીને ઉગારી લેવા પોતાના ધર્મને વળગી રહીને રોહિણીનો સ્વીકાર કર્યો પરતુ રોહિણીએ કૃષ્ણ સાથે પરણવાની 'ના' પાડીને અગ્નિમાં પ્રાણ ત્યાગવા તત્પર બની. લગ્ન કરીને ચાલ્યો જાય એવા પતિને પરણવા કરતાં મૃત્યુને ગળે લગાડવું સારું એમ રોહિણી માને છે. કૃષ્ણે એને હમેશા સાથે રાખવાનું વચન આપતાં તત્કાલીન સમસ્યા હલ થઇ પરંતુ હજીય કાળદેવતાના આશિષ મેળવવાના બાકી હતા રીંછલોકો એ તો આ ત્રણેયને અગ્નિ કુંડમાં હોમી દેવાનો નિર્ધાર કર્યો હતો. જાંબવાન અને કૃષ્ણના વાર્તાલાપમાં જાંબવાનના જીવનની ઝાંખી મળે છે અને સત્રાજિત અતિ ધનવાન બને છે એ રહસ્યનો સ્ફોટ થાય છે

જાંબવાનની પત્ની રીંછલોકોના રીત રિવાજથી ત્રસ્ત આવી ગઇ હતી એ હમેશા આ લોકોથી દૂર રહેતી. પશુ-પંખીને વાનરો સાથે રહેતી હતી એણે રોહિણીને પણ એજ રીતે ઉછેરી એ

૪૧ ' એજન. ખંડ-૫ પૃ.૯૮

હમેંશા રીંછ દુનિયામાંથી નિકળીને અન્ય દુનિયામાં જવા માંગતી હતી. પરંતુ આ દુનિયા સિવાય અન્ય કોઇ દુનિયા હશે કે કેમ? એ જાંબવાન ને જાણ ન હતી. એવામાં સત્રાજિત આવ્યો. સૂર્ય ભગવાને આપેલા મણિએ રીંછોને પૂજા કરવા આપતો અને એને બદલે એ છળકપટથી સૂર્વણકણો પૂજા માટે લઇ જતો. સત્રાજિતે જાંબવાનની પુત્રીનાં પોતાના પુત્ર સાથે લગ્ન કરાવીને રોહિણીને રીંછલોકમાંથી બહાર લઇ જવા ઇચ્છતો પરંતુ સત્રાજિત એ વાતને પાછળને પાછળ ઠેલ્યા કરતો હતો. એવામાં સાત્યકિનું અને કૃષ્ણનું આગમન થયું. જાંબવાનની ઇચ્છા પૂર્ણ થતી હોવાથી રીંછલોકોનો દ્રોહ કરીને આ લોકોને ભાગી જવાનું સૂચન કરવા આવ્યો હતો.

અહીંયા રોહિણીને ઉગારવા માટે જાંબવાન જે પ્રયત્ન કરે છે એમાં એનું પિતૃહૃદય છલકાતું અનુભવાય છે.

કૃષ્ણને પતિ રૂપે પામીને પ્રસન્ન બનેલી રોહિણીને જોઇને સત્યની સ્થિતિ દયનીય બની રહે છે. જેને પામવા એ આવાં સાહસો કરતી હતી અને રોહિણી વિના સાહસે જ એની પત્ની બની જાય તો સત્યાનું મન ચકરાવે ચઢે જ. સત્યા સામે એક પછી એક એવી ઘટનાઓ બનતી હતી કે જે એને કૃષ્ણથી દૂર લઇ જતી હતી. હવે તો કૃષ્ણને મેળવવાની આશાય ખૂટવા લાગી. એવામાં જ કૃષ્ણનું આગમન થયું અને કાળ રાત્રિએ જ રીંછલોકોમાંથી ભાગી છૂટવાનું છે એ સાંભળતાં જ સત્યા ને સાત્યકિ પૂરતી તૈયારી કરીને ચાલવા લાગ્યાં. આવા સમયે 'ઊરી' (બિલાડી) ક્યાંય ન દેખાતાં સત્યા ઊરી માટે શોધખોળ કરવા લાગી. સમયનો અભાવ હોવાથી કૃષ્ણે ઊરીનો ત્યાગ કરવાની સલાહ આપી. સત્યા કઠણ કાળજે કૃષ્ણની સાથે ચાલવા લગી. કપરા માર્ગો, ઘાટી, જંગલી કેડી, ખીણ વિગેરે મુશ્કેલીમાંથી માર્ગ કાઢતાં ચારેય આગળ ધપતા હતાં. અહીં લેખક રોમાંચક વર્ણન કરીને આ સમયની સ્થિતિને તાદૃશ્ય કરાવી શક્યા હોત તો ઉત્તમ વર્ણનો કૃતિને મળ્યાં હોત. પણ માત્ર કથા આગળ વધે છે. કપરા ચઢાણના માર્ગને જેમ-તેમ કરીને પસાર કરીને ભયાનક ખીણની કેડીએથી પસાર થતાં હતાં ત્યાં માર્ગમાં 'શેષનાગ' વિઘ્નરૂપ બને છે. રેવતીના પિતાને અને એનાં રાજ્યને પંચજન્ય રાક્ષસોના હાથમાંથી છોડાવીને એમના હાથમાં સોંપવા માટે સમુદ્ર માર્ગે ચઢાઇ કરે છે ત્યારે સમુદ્રમાં ભયાનક તોફાન ચઢી આવતા એમનાં જહાજો તોફાનમાં ફસાઇ જાય છે અહીં બળરામે 'શેષનાગ' ને આજ્ઞા કરીને સમુદ્રમાં ઉઠેલા તોફાનને શાંત કરવાનો આદેશ આપ્યો હતો. તોફાન શાંત બની ગયું હતું. એજ રીતિનો ઉપયોગ ઉપરના પ્રસંગમાં થયો છે. કૃષ્ણે શેષનાગને માર્ગ કરવાનો આદેશ આપ્યો અને એમને નીકળવાનો માર્ગ ચોખ્ખો થઇ ગયો. સગવડિયો પ્રસંગ કૃષ્ણ, સત્યા, રોહિણી અને સાત્યકિને રીંછલોકોની દુનિયામાંથી બહાર કાઢી આપે છે.

એ રીંછલોક છોડતાં હતાં ત્યારે કૃષ્ણના પગલા સૂંઘીને ઊરી અને નાનાં બચ્ચાંઓ આવી પહોચ્યા. પોતાની ઊરીને જોતાં જ અતિ પ્રસન્ન થયેલી સત્યા તેઓને કૃષ્ણ પાસે જતાં જોઇને દુ:ખી થાય છે. કૃષ્ણ સત્યાના મનમાં ઉત્પન્ન થતાં ભાવોને પામી જાય છે ત્યારે કહે છે કે -'મારા વિના મીનીને, મીનીને બચ્ચા વિના ને સત્યાને (તને) મીની વિના ચાલતું નથી. આનો એકજ માર્ગ છે આપણા લગ્ન થાય તો જ ત્રણેય સાથે રહી શકાય.'[૪૨]

૪૨. એજન. ખંડ-૫ પૃ.૧૬૮.

મુનશીએ 'ભીમનું કથાનક' માં સત્યાના પાત્રને પ્રથમ પ્રવેશ આપ્યો ત્યારે એની વ્હાલી મીની એની પાસે હતી. પિતાએ સાત્યકિને મળવા ગઇ એમ માનીને ધમકાવી નાંખી ત્યારે સ્વમંતક મણિ શોધવા ગઇ ત્યારે એની સાથે ને સાથે જ હતી એ જ મીનીને લેખકે રીંછલોકોને છોડતી વેળાએ સત્યાથી દૂર કરી હતી. અહીં આશ્ચર્ય થતું હતું. શા માટે સત્યા આ મીની ને મૂકીને ચાલી નીકળી! એનો તંતુ અહીં જોડાઇ જતાં જ 'કૃષ્ણને સત્યા' એકમેકનાં બની રહે છે.

દ્વારકામાં આવીને નવોઢાનો વેશ પરિધાન કરીને પિતાના આશીર્વાદ લેવા માટે જાય છે. તે પિતાને કહે છે - 'મેં વાસુદેવ સાથે લગ્ન કરી લીધાં છે મને આંશીર્વાદ આપો.' કૃષ્ણાને ‌કારણે જ સત્રાજિતની આ હાલત થઇ છે. કૃષ્ણને કારણે ભાઇ ગુમાવ્યો, સ્વમંતક ગુમાવ્યો, નાક કપાવ્યું એવા દુશ્મનના ગળામાં સત્યાએ વરમાળા આરોપી એ કઇ રીતે સહન કરી શકે? પિતાના ક્રોધને શાંત કરવા માટે સત્યાએ સ્વમંતક મણિ આપ્યો. પરંતુ ક્રોધમાં અંધ બનેલા સત્રાજિતે સ્વમંતકથી સત્યા પર પ્રહાર કર્યો. પિતાના પ્રહારને નિષ્ફળ બનાવીને એ ઊભી રહી. સત્રાજિતનો ક્રોધ હજીય એવોને એવો જ હતો, ક્રોધના શમનાર્થે સત્યાને શાપ આપ્યો કે: 'તારૂ ભલું ન થાઓ.'

ભારતીય વિચારના પ્રમાણે કૃતિનો અંત સુખદ આવવો જોઇએ. એજ પ્રમાણે અહીંયા સત્યાને કૃષ્ણના મિલનથી કથાના અંતને સુખદ બનાવાયો છે.

ભાર્ગવકુળના વંશજનું ગૌરવ અનુભવતા 'ટેકરા' ના ભાર્ગવોમાંથી મુનશી કઇ રીતે અલિપ્ત રહી શકે!—બાળપણથીજ પરશુરામનો અનેરો પ્રભાવ ઝીલનાર કનૈયાલાલે ભાર્ગવ વંશના ઋષિઓના ચરિત્રોને પોતાની સાહિત્ય કૃતિનો વિષય બનાવ્યો છે. જેમાં એમને પરશુરામ, ચ્યવન, જમદગ્નિ, વસિષ્ઠ, અગસ્ત્ય અને વિશ્વામિત્ર જેવા ઘણાં ખરાં ઋષિ મુનિઓનાં જીવન કેન્દ્રી કૃતિઓ આપી છે. 'કૃષ્ણાવતાર' નવલકથાના છઠ્ઠા ખંડમાં દ્વૈયયાનં વ્યાસમુનિના ચરિત્રને આલેખવાનો એક પ્રયત્ન કર્યો છે.

આ ખંડની ભૂમિકામાં લેખકે સ્પષ્ટ પણે કહ્યું છે કે: "વ્યાસના જન્મનો થોડો ઉલ્લેખ મહાભારતમાં મળે છે. એ પછી આશરે સાઠ વરસે તેઓ આદર પાત્ર મહામુનિ તરીકે, વેદોના સંસ્કર્તા તરીકે તથા ધર્મના અવતાર તરીકે દર્શન દે છે. કુરુના મોટેરાઓ તથા પાંડવો તેમની સલાહ લેતા હતા. એવા ઉલ્લેખો મળે છે."૧

જમદગ્નિપુત્ર પરશુરામના મહા પરાક્રમ સિવાય છુટીછવાઇ માહિતી પુરાણોમાં જોવા મળે છે. એમના બાળપણ અંગે કોઇજ માહિતી ઉપલબ્ધ થતી નથી. મુનશીએ પુરાણ પ્રચલિત એવા મહાન ઋષિ પરશુરામનો શૈશવને ઉપસાવવા માટે પ્રતીતિકર એવી ઘટનાઓને પોતાની કલ્પનાથી અભિવ્યક્ત કરીને પાત્રના ગૌરવને વધુ તેજથી પ્રદિપ્ત બનાવી આપ્યું છે. એવી જ રીતે અહીં પણ વ્યાસમુનિના જન્મનો થોડોક ઉલ્લેખ મળે છે એ પછીના સાઠ વર્ષ સુધીના સમયમાં વ્યાસમુનિએ શું કર્યું? એ વાતની જાણ નથી. મુનશીને આવાં પાત્રોને સર્જકતાનો સ્પર્શ કરાવીને ગૌરવાન્તિ બનાવી આપવામાં સવિશેષ રસ રહ્યો છે. અપૂતરી માહિતી વાળા પાત્રના પ્રચલિત વ્યક્તિત્વને દ્યોતક એવા પ્રસંગોની માંડણી કરીને જ્ઞાન સાથે કલ્પના ભેળવી આસ્વાદ્ય બનાવે છે.

કૃતિના આરંભમાં માહિષ્મતીના માથાફરેલ રાજવી અર્જુને આર્યાવર્તને પગો નીચે રોળી નાંખ્યું. આ કથાનો કૃતિને ઉપયોગી એવી ઘટનાનો સૂચિત ઉલ્લેખ કરીને કથાનકની ભૂમિકાને બાંધવાનો પ્રયત્ન કર્યો છે. મુનશીએ અહીં જે ઉલ્લેખ કર્યો છે એનો સંબંધ એમની પૂર્વની 'ભગવાન પરશુરામ' કથા સાથે છે. સહસ્ત્રાર્જુનના ભયથી યાદવગોત્રને ઉધ્ધારવાને અર્થે પરશુરામ યાદવગોત્રને આર્યાવર્તમાં લઇ આવે છે. સહસ્ત્રાર્જુન એમનો પીછો કરતાં આર્યવર્તમાં આવીને આર્યવર્તના નગરોને, આશ્રમોને નષ્ટ કરે છે. સહસ્ત્રાર્જુનના ભયને પામી ગયેલા પરાશરમુનિ આર્યવર્તને ઉગારી લેવા અર્જુનને એકલા હાથે રોકવાનો પ્રયત્ન કરતા હતા ત્યાં એ અર્જુન હાથ ઘવાઇને પડયા હતા. માછીમાર કુટુંબે ઋષિની સેવા-ચાકરી કરીને એમને સારા કર્યા હતા. અહીં પરાશરમુનિ અને મત્સ્યગંધા વચ્ચેના મિલનના ફલસ્વરૂપે 'વ્યાસમુનિ' નો જન્મ થયો હતો. મૂળ 'મહાભારત' ની કથામાં વ્યાસના જન્મનો આટલો જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. હવે પછી મુનશી વ્યાસના પાત્રને કઇ રીતે ચરિત્રાર્થ કરાવે છે એ જોઇએ.

મત્સ્યગંધાના જીવનમાં બનેલી ઉપરની ઘટના પછીની કોઇ માહિતી લેખકે આપવાની ટાળીને બાળ વ્યાસમુનિ યમુનાના કિનારે પોતાના પિતાની પ્રતીક્ષા કરતો આમ નિરૂપાયો છે.

"સાંજ ઢળી હતી. યમુના નદીનો ધસમસતો પ્રવાહ પીગળેલા સુવર્ણ જેવો ચમકતો હતો.

સાંકડી ખાડીથી છૂટા પડેલા એક નાનકડા ટાપુની ધાર ઉપર એક છ વરસનો છોકરો ઊભો હતો, ત્યાંથી એ પશ્ચિમની ક્ષિતિજમાં સ્થિર આંખે તાકી રહ્યો હતો અને ત્યાં તદાકાર થતા સાગર અને આકાશને જાણે આમંત્રણ આપતો હોય એમ પોતાના હાથ હલાવતો હતો.

એ છોકરો શ્યામ વર્ણનો અને બેઠી દડીનો હતો. એનો ભાલપ્રદેશ વિશાળ હતો. એની આંખો શ્યામ અને ચમકતી હતી. એનું વ્યક્તિત્વ સોહામણું હતુ."[૪૩]

છ વર્ષનો આ બાળક પોતાના પિતાની રાહ જોતો હતો. એની સરખી ઉંમરના બાળકો નદિ કિનારે માછલાં પકડતા, રમત રમતા, જાળ ગૂંથવામાં એમના સગાઓને મદદ કરતા હતા. આવા સમયે આ બાળક સૂર્ય આકાશને આમંત્રણ આપતો. વ્યાસમુનિના બાળપણના પ્રસંગોને જોતાં 'લોમહર્ષિણી' અને 'ભગવાન પરશુરામ' નવલકથામાં નિરૂપાયેલું શુનઃશેપનાં પાત્રનું સ્મરણ અનાયાસે થઇ આવે છે. જન્મથી વારસામાં ઉચ્ચ સંસ્કારોની છાપ લઇને જેમ શુનઃશેપ આવ્યો હતો તેવી જ રીતે વ્યાસ પણ માતા-પિતાના સંસ્કારોને લઇને આવ્યો હતો.

બાળપણથી અન્ય બાળકોથી જુદું વ્યક્તિત્વ ધરાવતો વ્યાસ પિતાને આવાહન કરતો ને પિતાને બોલાવતો હતો. વ્યાસની આ રોજીંદી ક્રિયા હતી. મત્સ્યગંધા પણ વ્યાસને ખૂબજ ચાહતી હતી એ વ્યાસને 'કૃષ્ણ' કહીને બોલાવતી હતી. પુત્રને પિતાની પ્રતીક્ષા કરતો જોઇને મત્સ્ગંધા રડી પડતી, પણ કૃષ્ણની શ્રધ્ધા એના હૃદયને શીર્ણવિશીર્ણ કરી દેતી હતી. પુત્રને ઘણીવાર સમજાવ્યો કે: આમ કાંઇ તારા પિતા નથી આવવાના! કૃષ્ણ તો અનન્ય આસ્થા ધરાવતો હતો કે એ આવશે ને મને એમની સાથે લઇ જશે. લાગણીથી સભર એવા પુત્રને દૂર કરીને મત્સ્યાનાં અન્ય સાથે લગ્ન કરાવવાં શક્ય ન હતાં. મત્સ્યના માતા-પિતાને એની ચિંતા

૪૩. એજન ખંડ-૬ પૃ.૧૬.

થયા કરતી હતી. એમાંથી બહાર નીકળવાનો કોઇ માર્ગ મત્સ્યાને કે એના માતા-પિતાને જડતો ન હોતો. એવે સમયે પરાશરમુનિનું આગમન થયું. કૃષ્ણે તો પિતા પાસે જ જવાનું નક્કી કર્યું હોવાથી એ પોતાની માતા કે દાદા-દાદી લાગણીના પ્રવાહમાં તણાંઇને રોકીન લે એ માટે વહેલો વહેલો છુપાઇને હોડીમાં જઇને બેસી ગયો હતો. પિતા પ્રત્યેનો અનન્ય વાત્સલ્ય ભાવ અહી પ્રગટ થાય છે. પરાશરમુનિ વ્યાસને લઇ જવા તો ન હોતા માંગતા પણ વ્યાસના અનન્ય ભાવ અને ઋચાઓનું ઉચ્ચારણ અને સંગ્રહને જોતાં જ એ પોતાની સાથે લઇ જવા સહમત થયા હતા

જિજ્ઞાસાથી ભરેલો બાળ વ્યાસ પરાશરના દરેક કાર્યને ઝીણવટથી જોઇને હજારો સવાલો પૂછીને પિતાને ય થકવી નાખતો. સઘળું જાણવાની અભિલાષા રાખતા પુત્રની બુધ્ધિથી પ્રભાવિત થઇને એને 'દ્વિજ' આપવાનું નક્કી કરે છે. એના કેટલાક પ્રશ્નો જોઇએ -

'મુનિએ સપ્તર્ષિઓ સામે આંગળી ચીંધીને કહ્યું: 'જો એમાંનો આ તારો એ આપણા પૂર્વજ વશિષ્ઠ છે.'

'તમે પણ પાછળથી તારક બનશો?' દ્વૈયં પૂછ્યું.

'જો હું શ્રુતિને ધારણ કરી શકું તો?'

'જો હું શ્રુતિને ધારણ કરી શકું તો હું પણ તારક બની શકું?' દ્વૈયં પૂછ્યું.

'જરૂર કેમ નહીં?' મુનિએ શ્રદધા આપી.

દ્વૈયનું હૃદય આનંદથી છલકાઇ ઊઠ્યું. તેણે પૂછ્યું: 'પણ પિતાજી, આ નક્ષત્રમંડળોનું સંચાલન કોણ કરે છે? એ પશ્ચિમ તરફ જતાં હોય એમ લાગે છે.'

'આકાશ અને જળના દેવતા વરુણ આ આકાશને ગતિ આપે છે તારાઓ તેમની આંખો છે અને આ અસંખ્ય નેત્રો વડે તેઓ સૌકોઇની કર્મને જોઇ શકે છે '

'તમારાં અને મારા કર્મને પણ?' દ્વૈયે પૂછ્યું.

પરાશરમુનિ વ્યાસને લઇને જતા હોય છે, માર્ગમાં આવતાં અનેક સ્થળોની ઓળખાણ કરાવે છે ત્યાં જ 'ધર્મક્ષેત્ર' આવે છે. પહેલાંનું 'ધર્મક્ષેત્ર' હવે 'ભસ્મક્ષેત્ર' બની ગયું હતું. દ્વૈયના આ સ્થળે જવાના સૂચનથી પરાશર દુ:ખી થયા. દ્વૈયને ભસ્મક્ષેત્ર સર્જાવવાનાં કારણો કહીને એ શાપિત ભૂમિ પર ક્યારેય પગલાં ન પાડવાનુ સૂચવ્યું. પિતાજીએ સ્પષ્ટ 'ના' પાડી ત્યારે વ્યાસે કહ્યું.

'પિતાજી, આપણે ધર્મક્ષેત્રનું નવનિર્માણ કરી શકીશું અને શ્રુતિનો મહિમા ફરી સ્થાપીશું.'[૪૪]

ભસ્મક્ષેત્રની કથા સાંભળ્યા પછી દ્વૈય મનોમન નક્કી કર્યું કે, આ ક્ષેત્રને પુન:પ્રતિષ્ઠિત કરીશ. આ કૃતિનાં કથાનકનો પિંડ અહીં બંધાય છે.

પરાશરમુનિ દ્વૈયને દ્વિજ તરીકે સંસ્કાર આપે છે એ વેળાની વિધિનું આલેખન કરીને લેખકે પૌરાણિક પરિવેશને ઊભો કર્યો છે. એમણે આ પ્રસંગમાં ગાંધીવિચારોને આમ ગૂંથી લીધા છે. પરાશર દ્વિજ તરીકે શપથ લેવડાવે છે ત્યારે કહે છે

'હું કોઇને ઇજા પહોંચાડીશ નહીં.'

---

૪૪ એજન ખંડ-૬ પૃ ૪૦

'હું અન્ય કોઇની સંપત્તિ ગ્રહણ કરીશ નહીં.'

'હું હમેંશા સત્ય જ બોલીશ.'

'મારી પાસે જે કંઇ હશે એનું હું સુપાત્રને દાન કરીશ.'[૪૫]

જીવન જીવવાના ઉચ્ચ આદર્શોને મુનશીએ આ પ્રસંગમાં ગૂંથી આપીને આધૂનિક સમય આપીને આધૂનિક સમયગાળામાં ભૂલાઇ જતાં ઉચ્ચ મૂલ્યોને પુન:પ્રતિષ્ઠિત કરવાનો પ્રયત્ન કર્યો હોય એવી પ્રતીતિ આપણને થાય છે.

દ્વિજ બનતા દ્વૈય પર પ્રભુ કૃપા વરસે છે. ભૂખ્યા બાળકોને જોઇને એમની ભૂખના શમનાર્થે સૂર્યદેવને પ્રાર્થના કરતાં જ સૂર્યદેવ દ્વૈપાયનના ભાથાને અન્નથી ભરી દે છે. ચમત્કારિક પુત્રને જોતાં જ પરાશરમુનિ પ્રસન્ન બની જાય છે.

દ્વૈય પિતાની સાથે અનેક જગ્યાએ પરિભ્રમણ કરીને કડક આચારો પાળીને રહે છે. દિન-દુ:ખિયાઓની સેવા કરતાં અને ભિક્ષામાં મળેલી વસ્તુને ભિક્ષુકોમાં વહેંચ્યા પછી વધે એનો આહાર કરતાં અને ન વધે તો એમને એમ દિવસ-રાત્રિ ગુજારતા દ્વૈપને પૈલનામનો બાળમિત્ર પિતા પાસેથી મળે છે. આમને આમ દ્વૈય અઢાર વર્ષનો થયો.

ભસ્મક્ષૈત્રને પુન.પ્રતિષ્ઠિત કરવાનું સ્વપ્ન પરાશરમુનિ જોતા હતા અને સાકાર કરવા માટે દ્વૈય, પૈલ અને વીસ શિષ્યોએ ભસ્મક્ષૈત્ર પ્રયાણ કર્યું. ગોધૂલિથી પાછા ફરતાં ભયાનક વરુઓના ટોળાના હુમલામાં પરાશરમુનિ મૃત્યુ પામે છે.

પિતાની અંતિમ ઇચ્છા ને અને પોતાના હૃદયમાં રહેલી આકાંક્ષાને પૂર્ણ કરવા માટે ભયાનક એવા ભસ્મક્ષૈત્રમાં જઇને એને ફરી વાર 'ધર્મક્ષેત્ર' બનાવવાનો સંકલ્પ કરે છે. એણે મૃગચર્મ પહેર્યું, દંડ અને કમંદલુ લઇ લીધાં અને એ એકલો માતાના આશીર્વાદ લેવા ચાલી પડ્યો. પૈલ અહીં સહૃદયી મિત્ર તરીકે એની સાથ જાય છે.

લેખકે ઉપરનો પરિવેશને સર્જીને 'મત્સ્ગંધાને શાન્તનુની પ્રણયકથા' ને પરોક્ષ રીતે અભિવ્યક્ત કરી આપી છે. ભસ્મક્ષેત્રને ધર્મક્ષેત્ર બનાવતા પહેલાં આશીર્વાદ લેવા માટે દ્વૈય ત્યાં જાય છે ને ત્યાં મત્સ્યગંધાને એનું કુટુંબ એ ક્ષેત્રને છોડીને કોઇક રાજા સાથે ચાલી જાય છે. વિધિની વિચિત્રતા ન્યારી હોય છે. માતાના આશીર્વાદ તો ન મેળવી શક્યો પણ માતાને મનાવવા માટે 'માટીના પાત્રમાં પાન' મૂકીને ક્ષમાની માંગણી કરી. આ ગામના લોકોતો એમજ માનતા હતાં કે 'પંગુમુનિ' ના શાપને કારણે અહીં આપત્તિઓ આવી પડી છે. દ્વૈય આપત્તિને ઉતારવા માટે યજ્ઞવેદી રચીને પછી માટીનાં પાત્રમાં પીપળાનું પાન મૂકીને નદીમાં તરતું મૂક્યું. વિચિત્ર વિધિને જોતામ જ પૈલે પૂછ્યું ત્યારે દ્વૈયે કહ્યું કે મત્સ્યગંધા મારી માતા છે અને હું કે માતા બે માંથી કોઇપણ રીસાઇ જતાં ત્યારે અમે પીપળાના પાન આપતા એથી માતા કે હું ક્ષમા આપી દેતા.

દ્વૈયની વેદનાને આલેખીને લેખકે પ્રસંગને કરુણરસમાં આમ ઢાળ્યો છે.

'એક ક્ષણ એ અતીતમાં સરી પડ્યો: જાણે હમણાં માતા આવીને એને ઠપકો આપશે કે

૪૫. એજન. ખંડ-૬ પૃ ૧૬.

આ રીતે શું રાહ જોયા કરે છે? એના હૃદયમાં દર્દનો એક સણકો ઊપડયો હવે માતા અહીં નથી! એ ક્યાં ગઇ, કોની સાથે ગઇ એ કોઇ જાણતું નથી હવે એને કૃષ્ણ કહી બોલાવશે?

એક ક્ષણ માટે એના અંતરમાં સૂનકાર છવાઇ ગયો; હવે ક્યારેય એ અતીત પાછો નહીં આવે! એ નાનકડો બાળક બની પિતાની રાહ જોતો ઊભો નહીં રહી શકે, માતાનું વત્સલ સ્મિત નહીં મેળવી શકે અને પિતાની નજીકને નજીક આવતી હોડીને જોઇ નદીમાં કૂદી નહી શકે. પિતા તો હવે માત્ર પિતૃભૂમિમાં જ મળશે.'[૪૬]

દ્વૈયની વેદના એના ઉદ્‌ગારોમાં વહી છે.

દ્વૈય અને પૈલ ભસ્મક્ષેત્ર જાય છે. એક સમયે સરસ્વતી નદીને કિનારે શ્રુતિઓ ગવાતી હતી આજે એ પાંચ સરોવરને સાંકળતી નાની સરખી નીક જેવી બની ગઇ હતી. જેને પરશુરામે ક્ષત્રિયોના લોહીથી છલકાવી હતી એ નદી ક્ષીણ થઇ ગયેલી જોઇને દ્વૈયને દુઃખ થાય છે. ભયાનક એવા જંગલમાં રાત્રિના સૂમસામ વાતાવરણમાં યજ્ઞવેદી રચીને પૂજા કરીને સૂતો છે. આ વાતાવરણને સર્જીને લેખકે દ્વૈય અને મહાઅર્થવર્ણનો ભેટો કરાવી આપ્યો છે.

જંગલમાં રાત્રિ રોકાણમાં જંગલી રાક્ષસો દ્વૈય અને પૈલને ગંભીર રીતે મારીને ચાલ્યા ગયા. એવા સમયે જાબાલિ એમને આશ્રમમા લઇ જાય છે. આ ખંડની ભૂમિકામાં આમ કહ્યું છે

'શ્રોત સાહિત્યમાં એક બાજુ ત્રયી વિદ્યા એટલે કે ઋક્, યજુર તથા સામ અને બીજી બાજુ અથર્વણ-અંગિરસ વચ્ચે સંઘર્ષ હતો. ત્રયી વિદ્યાશાખા અથર્વણ શાખામાં યાતૃવિદ્યા (જાદુ-કામણ), ભિષગ્ કર્મણી તથા રાજકર્મણી વગેરેનો પણ સમાવેશ થતો હતો. યજ્ઞોમાં બ્રહ્માના આસન પર બેસવાનો અથર્વણ ઋષિને અધિકાર ન હતો.'[૪૭]

ઋષિઓની વિચારધારઓમાં બે ફાંટા હતા. વસિષ્ઠનો પૌત્ર એટલે કે પોતાની વિદ્યાને તિરસ્કારથી જોનાર ગૌત્રનો શિષ્યને જોઇને અથર્વણ કોપાયમાન થાય એ સહજ ઘટના કહેવાય. અજાણપણે દ્વૈય અને પૈલને અથર્વણ પોતાના આશ્રમમાં લઇને તેઓનો ઉપચાર કરે છે. પૈલ કરતાં ઓછા ઘવાયેલા દ્વૈય પરિસ્થિતિને જાણવાનો પ્રયાસ કરે છે. સુમન્તુ અને વાટિકા દ્વૈયને જરૂરી ઔષધિઓ લગાવીને પૈલને ઔષધિ લગાડે છે. અહીંયા અથર્વણ અને દ્વૈય વચ્ચેના સંવાદોમાં દ્વૈયની મહત્વાકાંક્ષા અને અથર્વણો ભભૂકતો આક્રોશને આ બે પાત્રો વચ્ચે ચબરાકિયા પટ્ટાબાજી જેવા સંવાદોને રચીને પ્રસંગના ભાવને પ્રગટાવવાની સાથે પાત્રના વ્યક્તિત્વની મુદ્રાઓની મૂર્તિમંત કરીને પરાશરમુનિ વ્યાસને (દ્વૈયને) શા માટે ભસ્મક્ષેત્ર જવાની 'ના' પાડતા હતા એનું રહસ્ય અહીં સ્ફુટ થાય છે. આમ કથા પ્રસંગોને એકમેકમાં અતૂટ એવા સંબંધે પ્રસ્થાપિત કરાવી આપીને કથાનકને રોચક બનાવવાની સાહિત્યકિ પ્રતિભા મુનશીમા જેવા મળે છે.

પરાશરમુનિએ ચોરી છુપીથી અથર્વણનાં મત્રોચ્ચાર શીખ્યા હોવાથી અથર્વણે એમને શાપ આપ્યો હોવાથી તેઓ દ્વૈયને આ ક્ષેત્ર જવાની 'ના' પાડી હતી પરંતુ દ્વૈયે ધર્મક્ષેત્રની પુનઃસ્થાપના કરવાનો અડગ નિર્ણય કર્યો હતો એ નીચેના સંવાદોમાં પ્રગટ થાય છે.

૪૬ એજન ખંડ-૬ પૃ ૮૬

૪૭ એજન ખંડ-૬, પૃ.૪.

HANSA MEHTA LIBRARY ૧૫૧

"'સોગંદથી કહે. તું મને સાચું જ કહીશ.' મુનિએ કહ્યું.

'હું હમેશા સત્ય જ બોલું છું અને બોલીશ ' દ્વૈયે નમ્રતાપૂર્વક કહ્યું : 'મને દ્વિજ તરીકે દિક્ષા આપવામાં આવી ત્યારે જ મેં આ વસિષ્ઠ-પ્રતિજ્ઞા લીધી હતી અને હું હમેંશા એ પ્રતિજ્ઞાને પાળું છું '

વસિષ્ઠના નામોચ્ચાર સાથે મુનિના હોઠ તિરસ્કારથી મરડાયા. તેમણે પૂછ્યું: 'ભગવાન વરુણનું અથર્વણ આવાહ્ન તને કોણે શીખવ્યું?'

'મારા પિતાએ.' દ્વૈયાયને કહ્યું.

વૃદ્ધ મુનિ તીરની વેધકતાથી પ્રશ્નો પૂછતા હતા: 'તારું ગોત્ર કયું?'

'મારું ગોત્ર પરાશર છે.' દ્વૈયાયને કહ્યું." [૪૮]

જાબાલિ પોતાના ગોત્રથી છંછેડાયેલા હોવા છતાં દ્વૈપયાન મક્કમતાથી એમના દરેક પ્રશ્ન ોના સાચ્ચા જવાબો આપીને એમને જીતવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ત્યાં જ અહીં ભસ્મક્ષેત્રે આવતા પિતાએ અટકાવ્યો એનું મૂળ મળે છે. પોતાના કુળ વિરોધી એવા ઋષિની આગળ ય હિંમત હાર્યા વિના જ દ્વૈયયાને પોતાની અને પિતાની અંતિમ ઇચ્છાને અભિવ્યક્ત કરતાં કહ્યું કે ભસ્મક્ષેત્રને પુન:પ્રસ્થાપિત કરવો છે ને એમાં તમે સહાય આપો ને મને શિષ્ય રૂપે સ્વીકારો. પોતાની વિદ્યાના વિરોધી-પૌત્રની સાથે જાબાલિ સહમત થાય એ દુ:સાહસ હતું છતાંય અનોખું વ્યક્તિત્વ ધરાવતા દ્વૈપાયને એમને ગમે તે રીતે મનાવી લેવાનું નિશ્ચિત કર્યુ.

આવા સમયે અથર્વણ પુત્ર ને પૌત્રી દ્વૈયાયન પર થનારા 'મૃત્યુના મહાપ્રયોગ' માંથી ઉગારી લેવા માટે દ્વૈયાયનને આશ્રમમાંથી ભગાડવામાં મદદ કરી . વાટિકા અને દ્વૈયાયન વચ્ચેની મુલાકાતમાં અનુરાગનાં બીજ અતિ સૂક્ષ્મ રીતે મૂકાયાં હોય એમ નીચેના સંવાદમાં પ્રતીતિ થાય છે.

'પછી દ્વૈયે હાથ જોડી વાટિકાની વિદાય લીધી: 'હું તમારી મમતાને ક્યારેય નહીં ભૂલું. હું થોડા સમયમાં જ પાછો ફરીશ અને તમારા પિતાજીના આશીર્વાદથી ધર્મક્ષેત્રની પુન:પ્રતિષ્ઠા કરીશ.' [૪૯]

અથર્વણનો પ્રયોગ સિદ્ધ ન થાય અને દ્વૈયાયન હેમખેમ બચી જાય એ માટે જરૂરી ઔષધિઓનાં પાન વાટિકા દ્વૈપાયનને આપે છે અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે શા માટે સુમન્તુ અને વાટિકા દ્વૈયાયનને ઉગારવામાં સવિશેષ રસ લે છે? દ્વૈયાયનની ઉચ્ચ ભાવનાથી પ્રભાવિત થઇને કે દ્વૈય પ્રત્યે કોઇ અન્ય ભાવથી પ્રેરાઇને, એ રહસ્ય ગોપનીય રહ્યું છે.

મૃત્યુના મુખમાંથી ઉગરી ગયેલા દ્વૈપાયનનું સ્વપ્ન તૂટી પડવાથી હતાશા છવાઇ ગઇ. હસ્તિનાપુરનો સમ્રાટ શાંતનુ પોતાના કાર્યમાં મદદરૂપ બની રહેશે એ હેતુથી શાંતનુને મળવા માટે જાય છે. લેખકે પુરાણકથાને પોતાને યોગ્ય લાગ્યો તેવો ઘાટ આપ્યો છે માતા અને પુત્રને કેવી વિષમ પરિસ્થિતિમાં ભેગા કરે છે અને દ્વૈયાયનના મિશનને કેવી રીતે માર્ગ કરાવી આપે છે એ કથાનકમાં નિરૂપાયેલા પ્રસંગને ધ્યાનમાં લઇને જોઇએ.

---

૪૮ એજન ખંડ-૬ પૃ ૧૧૦

૪૯ એજન ખંડ-૬ પૃ.૧૧૯

દ્વૈયાયન હસ્તિનાપુરમાં આવે છે એ સમયે શાંતનુ ગંભીર માંદગીમાં પડ્યા હતા. ઉપચારો અને મંત્રોચ્ચારથી એમને સાજા થવાના પ્રયત્નો થતા હતા એવામાં દ્વૈયાયનને જઇને ગાંગેયને કહ્યું કે: 'હું કશું લેવા નહીં, આપવા આવ્યો છું '[૫૦] પરંતુ શાંતનુની ગંભીર માંદગીમાં આવા તો અનેક ઋષિ-મુનિઓ આવ્યા ને ગયા પણ પિતાની તબિયતમાં તલભારેય ફરક ન પડ્યો હોવાથી ગાંગેયે વિનયપૂર્વક અપમાનિત કરીને દ્વૈયાયનને કાઢી મૂક્યા. અહીં તેજથી પ્રભાવિત એવા ઋષિને જોઇને સત્યવતીએ દાસી જોડે રાજભવનમાં બોલાવ્યા. માતાને જોતાં જ એ પામી ગયો આ જ માતા છે. એ જ રીતે બાળપણની દ્વૈયની હસવાની અને અનિમેષ જોવાની લાક્ષણિકતાથી સત્યવતીએ પુત્રને ઓળખી લીધો. કેવા વિષમ સંજોગોમાં માતા-પુત્રનું મિલન થયું. લેખકે ગાણિતિક ભાષાથી માતા-પુત્રનું મિલન કરાવીને દ્વૈયાયનની આકાંક્ષાઓને પૂર્ણ કરવાનો માર્ગ આ પ્રસંગ રચી આપ્યો છે.

માતા-પુત્રના વચ્ચે સંવાદોને રચીને લેખકે શાંતનુ અને દ્વૈયની સ્થિતિને અભિવ્યક્ત કરી છે. શાંતનુંના પુત્રે પ્રતિજ્ઞા લીધી હતી કે 'એ ક્યારેય ગાદીએ બેસશે નહીં ને અખંડ બ્રહ્મચર્ય પાળશે.' શાંતનુંની ગંભીર માંદગીના પરિણામે નગરની સ્થિતિ વિસ્ફોટક બનશે એવી દહેશત સત્યવતીને હતી. ગાંગેયને અહોભાવથી જોતી પ્રજા એની પ્રતિજ્ઞાને સ્વીકારશે નહી. આવી વિષમ સ્થિતિમાં દ્વૈયાયનનું આગમન સત્યવતી માટે આનંદ દાયક હતું.

મૃત્યુ મહાજાપથી મંત્રોચ્ચાર કરીને ગંભીરરીતે ઘવાયેલા પૈલને બચાવવાના અથર્વણ પ્રયત્ન કરતા હતા એ સઘળું દ્વૈયે જોયું હતું અને અથર્વણે ઉચ્ચારેલા મંત્રોચ્ચારને યાદ રાખ્યા હતા. બાળપણથી જ અનેરી બુદ્ધિ પ્રતિભા ધરાવતો દ્વૈયે અથર્વણના મંત્રોચ્ચારને સરળતાથી યાદ રાખ્યા હતા આ મંત્રોનો વિનિયોગ કરીને દ્વૈયે શાંતનુની ગંભીર બિમારીમાં પ્રયોગ કર્યો અને એમને સાજા કર્યા. અહીં મુનશીની સાહિત્યિક સૂઝ દેખાય છે. કઇ વસ્તુને ક્યાં નિરૂપીને કથાનકને રસપ્રદ બનાવી શકાય છે એ મુનશી વધુ સારી રીતે જાણે છે. શાંતનુની તબિયતમાં સુધારો થવાથી દ્વૈયની ખ્યાતિ ચારે તરફ ફેલાઇ જાય છે. એકવાર અપમાનિત કરતો ગાંગેય દ્વૈયની પ્રતિભાથી અંજાઇ જાય છે. આમ દ્વૈયાયન પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે આદર પામે છે. અહીંયા આપણને મુનશીની અન્ય પૌરાણિક નવલકથાનું સ્મરણ થઇ આવે છે. 'વિશ્વરથ' કૃતિમાં શમ્બરના કિલ્લામાં બંદિવાન એવો વિશ્વરથ શમ્બરના પુત્રને બિમારીથી મુક્ત કરીને નવજીવન આપે છે. વિશ્વરથની આ સિદ્ધિથી શમ્બરના લોકો વિશ્વરથને મહાન ઋષિ તરીકે અહોભાવ પૂર્વક જુએ છે. 'ભગવાન પરશુરામ' કૃતિમાં ડફનાથ અઘોરીના ભત્રીજાને સારો કરીને રામ મહાસાધક તરીકે પ્રસિધ્ધિ પામે છે. 'કૃષ્ણાવતાર' કૃતિના પ્રથમ ખંડમાં કૃષ્ણનાં આશિષથી કુબજા અતિ સ્વરૂપવાન બની જાય છે. પોતાના પગે ચાલી ન શકે એવા વૈનતૈન અને બલિ કૃષ્ણના ચમત્કારથી ફરીથી પોતાના પગે ચાલે છે. જેમ વિશ્વરથ, રામ અને કૃષ્ણને અદભુત પાત્રો તરીકે ઉપસાવ્યાં, એમ જ અહીં ગંભીર માંદગીમાં પટકાયેલા શાંતનુને વ્યાસમુનિએ મહા અથર્વણની વિદ્યાથી તંદુરસ્ત બનાવી આપ્યા છે.

૫૦ એજન. ખંડ-૬ પૃ ૧૨૬.

શાંતનુ સારા થતાં જ દ્વૈયની આકાંક્ષાઓ પૂર્ણ થવાના એંધાણ વર્તાય છે. વસિષ્ઠમુનિએ અથર્વણ વિદ્યાનો વિરોધ કર્યો હતો એ મંત્રોચ્ચારને શાંતનુના જીવન માટે દ્વૈયને ઉચ્ચારતો જોઇને હસ્તિનાપુરનો રાજપુરોહિત વિભૂતિ વિરોધ કરવા માંગતો હતો પરંતુ તત્કાલિન સ્થિતિને જોતાં એને એ ઠીક ન લાગ્યું. દ્વૈયની વિધિથી શાંતનુ સારા થવાથી દ્વૈય નગરમાં લોકાદર પામવા લાગ્યો. વિરોધ કરવાનો વિભૂતિને અવકાશ જ ઉપલબ્ધ ન થયો.

ક્ષાત્રતેજ અને ધર્મતેજને ટકાવીને આર્યાવર્તની શુધ્ધિ અર્થે ભસ્મક્ષેત્રને પુન: ચેતનવંતો બનાવવાની પોતાની યોજના દ્વૈપાયને શાંતનુની સામે મૂકી. રાજાએ ભસ્મક્ષેત્રની સ્થિતિને કહીને ઉચ્ચ વિચારને પડતો મૂકવાની આડકતરી રીતે વાત કરી. મક્કમ મન ધરાવતો દ્વૈય તો ધર્મક્ષેત્રના પુનુ:ધ્ધાર માટે સક્રિય હતો. વિભૂતિને દ્વૈયનો વિરોધ કરવાનો અવકાશ પ્રાપ્ત થતાં જ એણે દ્વૈયની યોજનાનો ખુલ્લેઆમ વિરોધ પ્રદર્શિત કર્યો. દ્વૈયાયન આમ હાથ જોડીને બેસી રહે એવા તો ન હતા. તત્કાલીન સ્ત્રોતોની ખામીઓ વિશે જાણ કરીને દ્વૈયાયને વિભૂતિને શાંત કર્યા. પોતાની મહત્વાકાંક્ષાને આડે આવતામ વિઘ્નોને સવિનયથી ટાળી દેવામાં દ્વૈયાયનની બુધ્ધિચાતુરી દેખાય છે. એજ રીતે ગાંગેયે લીધેલી ભીષ્મ પ્રતિજ્ઞાને નગરજનો સુધી કઇ રીતે મૂકવી! એ દ્વિધા સત્યવતીને હતી. દ્વૈપાયને રાજસભામાં સરળ રીતે ગાંગેયની અખંડ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાને અને રાજગાદી પર નહીં બેસવાના પણ ને નગરજનો સન્મુખ મૂકીને સત્યવતી અને ગાંગેયને મૂંઝવણ મુકત કરાવી આપે છે.

વર્ષો પૂર્વે રચાયેલા ત્રયીવિદ્યા ને અથર્વણ વિદ્યા વચ્ચેના વિરોધને શમાવીને અર્થવણવિદ્યાને ચોથા વેદ તરીકે સ્થાપિત કરવા મક્કમ થયેલા દ્વૈયાયનનો વિભૂતિએ જોરદાર વિરોધ કર્યો. પુત્રની મહત્વાકાંક્ષાઓ વચ્ચે વિઘ્નરૂપ બનીને ઉભા રહેલા વિભૂતિને જ નહીં સમગ્ર સભાસદોને સ્પષ્ટ પણે ચેતવણી આપતી સત્યવતીને જોઇએ...

'શ્રોતિયો વચ્ચે જે કોઇ મતભેદ હોય તે દૂર કરવા આપણે શું કરવું જોઇએ એ હું કહીશ.' મહારાણીએ કહ્યું: 'જ્યાં દ્વૈપાયનને સ્થાન ન હોય એવા કોઇ યજ્ઞમાં હું કે મારા પુત્રો હાજર નહીં રહી શકીએ. વાજયેય થાય કે ન થાય, હું જાતે જ કુરુક્ષેત્રમાં જઇશ અને ત્યાં દ્વૈપાયનનો આશ્રમ સ્થપાય એ જોઇશ.'[૫૧]

સમગ્ર સભાજનો વચ્ચે સત્યવતી પોતાનો અભિપ્રેત વિચારને કહેતાં ખચકાટ અનુભવવાને બદલે સ્પષ્ટપણે પોતાનો મત કહી ધે છે.

'વાજપાય યજ્ઞ' કરાવીને ભસ્મસ્થળને નવસંસ્કરણ કરવા માગતા દ્વૈપાયના માર્ગમાં આવતા અવરોધક તત્ત્વને સત્યવતીએ ઊગતાં ડામી દીધાં હતાં. છતાંય દ્વૈપ સામે તો અનેક પ્રશ્ન ઊભા જ હતા. વાયપાય યજ્ઞના અદ્વર્યુ પદનો અસ્વીકાર કરતા વિભૂતિને સત્તાવાહી સૂરમાં સત્યવતીએ અદવર્યુપદે રહેવાનો આદેશ આપ્યો.

સત્યવતીના આદેશને ઉલ્લંઘીને એમના ખોફને વહોરવાની તાકાત વિભૂતિમાં ન હોતી છતાંય એણે અથર્વણ વિદ્યાનો તિરસ્કાર તો કર્યો. દ્વૈયાયનની મૂંઝવણ વધી જાય છે. વિભૂતિ તો અથર્વણને સ્વીકારવાનું ઔદાર્યુ દાકવવાનું સૌજન્ય પણ બતાવી શકતો ન હતો. ત્યાં આગળ

૫૧ એજન ખંડ-૬ પૃ.૧૬૪

વિભૂતિના પિતા 'બ્રહ્મિષ્ઠે દ્વૈપના ચહેરામાં અનેરું તેજ વિહરતું જોયુ. આકાંક્ષાથી અને અનન્ય વિશ્વાસથી છલકાતા દ્વૈપમાં એમને આસ્થા જાગવા લાગી કે ફરી ધર્મક્ષેત્ર કીર્તિમાન થશે અને શ્રુતિઓ ગુંજવા લાગશે. એમ અભિપ્રેત થવાથી દ્વૈપને વાજપાય યજ્ઞની તૈયારી કરવાનો આદેશ આપ્યો. દ્વૈપના માર્ગમાં આવતી મૂંઝવણ દૂર થાય છે. વિધિને એ ક્યાં મંજૂર હતું કે દ્વૈપનાં કાર્યો વિના વિઘ્ને સફળતાસના સોપાનોને સર કેર! ભસ્મક્ષેત્રને ધર્મક્ષેત્રમાં બદલવાનો માર્ગ નો કરી લીધો. પણ અથર્વણને સમજાવવા એટલે લોખંડના ચણા ચાવવા જેવું દુ:સાહસ હતું.

વરુક્ષેત્રમાં અનેક અવાજો થવાથી અથર્વણ ધ્યાનમાંથી જાગ્રત થઇ જતા હતા. આનું મૂળ શોધતાં તો એમને 'દ્વૈપ' દેખાતો. એટલે દ્વૈપ પર 'મારણ મંત્ર' નો પ્રયોગ કરવાનો નિર્ધાર કર્યો. ત્યાં આગળ દ્વૈપનું આગમન થાય છે.

અથર્વણ દ્વૈપ પર મારણમંત્રનો પ્રયોગ કરવા માંગે છે અને દ્વૈપ અથર્વણને પોતાના ગુરૂ તરીકે સ્વીકારીને વાજપાય યજ્ઞમાં 'બ્રહ્મા' તરીકે બેસાડવા તત્પર હતો. દ્વૈપને પોતાના શિષ્ય તરીકે સ્વીકારવાની 'ના' પાડતા અથર્વણને જાણ થાય છે કે મૃત્યુમંત્રનો પ્રયોગ કરીને શાંતનુને સારો કર્યો ત્યારે એમનો અંદરનો શિષ્યભાવ પ્રગટ થવા લાગ્યો. બુદ્ધિશાળી દ્વૈપથી અંજાઇ જાય એમાં શું નવાઇ? કારનકે એમના અનેક શિષ્યોએ આ મંત્રને સિદ્ધ કર્યો ન હતો ત્યાં માત્ર એક જ વાર મંત્રને સાંભળીને એનો સફળ પ્રયોગ કરે એવા પ્રતિભાશાળી વ્યક્તિત્વવાળા દ્વૈપ પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થાય એ સહજ ઘટના કહેવાય.

અથર્વણ જેવા પ્રતાપી ગુરૂને મનાવીને એ એમનો શિષ્ય બનશે જ અને એમના શિષ્યોનો પણ સુમંન્તુ સ્વીકાર કરીને ભસ્મક્ષેત્રને બદલવામામ સહાય કરશે એવા અનન્ય વિશ્વાસથી દ્વૈપ અથર્વણ પાસે આવ્યો હતો. 'મૃત્યુમંત્ર' નો સફળ પ્રયોગ થયો છે એ જાણતાં જ અથર્વણ પ્રસન્ન થઇને પોતાની પુત્રી વાટિકાનો હાથ દ્વૈયના હાથમાં આપે છે. આ ઘટના જ દ્વૈપની અન્ય મુશ્કેલીઓ દૂર કરી નાંખે છે.

પતિના મુખે અન્ય સ્ત્રીનાં વખાણો થાય તો સ્વાભાવિકપણે પત્નીને એ સ્ત્રી પ્રત્યે શંકા જાય જ. એમ સત્યવતીની બાબતમાં પણ બન્યું. સત્યવતીનાં વખાણ કરતાં દ્વૈપના મનમાં તો માતૃવાત્સલ્ય ધબકતું હોય પણ વાટિકાએ એનો અનર્થ કરી નાખ્યો. પતિના જીવનમાં અન્ય કોઇ સ્ત્રી હોય તો પોતાની જિંદગીમાં ઝંઝાવાત સર્જાય એમ સમજતી વાટિકા કોઇ સાથે મળીને એ સ્ત્રીને પતિથી અળગી કરવાની યોજના ઘડી નાંખે છે. વાજપાય યજ્ઞ માટેનો પરિવેશ ગોઠવાઇ જાય છે. વસિષ્ઠના સમયથી ચાલી આવતા વિચારોનો ભેદ ભુંસાઇ જતાં બ્રહિષ્ઠ અને અથર્વણનું મિલન થાય છે. વાજપાય યજ્ઞ વિના વિઘ્ને સફળ થાય છે. છ વર્ષના બાળકે પિતા સાથે ભસ્મક્ષેત્રને જોતા જ એને પૂર્ણ કરવાના સપથ ખાધા હતા. એ મહત્વકાંક્ષા અહીં પૂર્ણ થાય છે અને વર્ષો પૂર્વેની જેમ અહીં શ્રુતિઓ ગુંજવા લાગે છે.

મૂળ કથાનકના પ્રવાહમાં અન્ય પ્રવાહોનું ગૂંથણ કથાનકને હળવો બનાવવામાં પોષક બની રહે છે. વાજપાય યજ્ઞમાં આવેલી કુરુઓની મહારાણીને જોતાં જ વાટિકાના મનને ખાત્રી થાય છે અને એમાં પણ દ્વૈપાયન અને સત્યવતીની મુલાકાતોમાં એને સંદેહ થાય એમ બનવા

કરતાં વાટિકાને વિશ્વાસ જ બેસી જાય છે કે આ બે વચ્ચે કાંઇક છે. એટલે પોતાની યોજનાને અમલમાં મૂકીને આ બન્ને વચ્ચે વિખવાદ થાય અને બન્ને છુટાં પડી જાય એ માટે એને 'અળખામણું વર્તુલ' રચીને બન્નેની પથારી નીચે જાદુઇ પાન મૂકે છે. સત્યવતીએ વર્તુળને જોતા જ પોતાના પર કોઇ કામણ-ટૂમણ કર્યો છે એમ લાગવાથી તપાસ કરતાં પથારીમાંથી પાન નીકળ્યાં. એજ રીતે દ્વૈપની પથારીએ વર્તુળ અને પાન નીકળ્યાં. દ્વૈપની મૂંઝવણા વધી જાય છે કે પોતાનો આવા શત્રુ કોણ હશે? એ જ સ્થિતિ સત્યવતીની હતી. દ્વૈપ કંઇક પામી ગયો હોવાથી એની સામે દ્વિધાભરી સ્થિતિ સર્જાય છે. જો એ વાટિકાને સીધુ પૂછે તો પણ અને ન પૂછે તો પણ એની સામે મુશ્કેલી ઊભી થવાની હતી. એમાં કદાચ વાટિકાના હૃદયને ઠેસ લાગે એનો ભય દ્વૈપને સવિશેષ હોવાથી એનો મધ્યમમાર્ગ કેવો સરસ કાઢયો છે એ દ્વૈપનાજ સંવાદના આધારે જ જોઇએ.

'જાબાલેયા, કોઇ પરણિત પુરુષે પોતાની માતાની અવગણના ન કરવી જોઇએ. અને કોઇપણ પત્નીએ પોતાની સાસુ અને પોતાના પતિની વચ્ચે ન આવવું જોઇએ - મુનિ પરાશરની આ ધર્માજ્ઞા છે' દ્વૈપાયને કહ્યું.[૫૨]

વાટિકાના મનમાં ઉઠેલા શંકાના કીડાનું નિકંદન કેટલી કુનેહપૂર્વક નીકળી ગયું. અહીં મુનશીની ચાતુરીનાં દર્શન થયાવિના રહેતાં નથી. સાવ સામાન્ય પ્રસંગો હોવા છતાં દરેક પાત્ર પોતાનું આગવું વ્યક્તિત્વ લઇને ઊભું રહે છે. માતા તરીકે સત્યવતી, પતિ તરીકે દ્વૈપ અને આદર્શ પત્નીના રૂપમાં વાટિકા નોખાં તરી આવતાં પાત્રો છે. વાટિકાના મનની શંકા દૂર થતાં સત્યવતી અને વાટિકા એકમેકની નિકટ આવતાં માતા-પુત્રી જેવો સ્નેહ સંબંધ બંધાય છે.

ભસ્મક્ષેત્રને ધર્મક્ષેત્રમાં પુન:સ્થાપન કરીને દ્વૈયાયને ચારેય વેદોને સંગ્રહિત કરવાના અને આર્યવર્તમાં ક્ષાત્રતેજ ને બ્રહ્મતેજ નો વ્યાપ વધારવાના કાર્યમાં રચ્યા-પચ્યા રહેવા લાગ્યા.

સમયનો પ્રવાહ અવિરતપણે વહેવા લાગ્યો. સળંગ વહી જતી નદીમાં નૂતન તત્વોની ઉણપ વર્તાયા કરતી હોય છે. નદીના એ વહેણમાં ક્યાંક કશોક અવરોધ, વળાંક વિગેરે આવતા જ નદી નવીન રૂપને ધારણ કરે છે. દ્વૈયાયનનું કાર્ય અને હસ્તિનાપુરનું રાજ્ય સારી રીતે ચાલતાં હોવાથી સમયપટ ક્યાં ગયો એ ખ્યાલ આવતો નથી. પરંતુ વિચિત્રવીર્યનું આરોગ્ય સારું રહેતું ન હતું અને એ યુધ્ધવિદ્યામાં નિપુણ ન હતો. એમાંય એ માછીકન્યાનો પુત્ર રાજાઓને કાચના કણાની જેમ ખટકતો હોવાથી વિચિત્રવીર્યને કોઇ કન્યા આપવા તૈયાર ન હતું.

પિતાને આપેલા વચનને પરિપૂર્ણ કરવા માટે અને હસ્તિનાપુરના વારસના સંભવિત ભયને નિવારવાને અર્થે ગાંગેય કાશીરાજની ત્રણેય કન્યાઓનું ભર સ્વયંવરમાંથી ઉઠાવીને વિચિત્રવીર્ય સાથે લગ્ન કરાવવા માંગે છે. એમાં અંબિકા ને અંબાલિકા બે વિચિત્રવીર્યને પરણી જાય છે પરંતુ અંબા તો મનોમન 'શાલ્વ' ને પરણી ચૂકી હતી એટલે એને વિચિત્રવીર્યને વરવાની સ્પષ્ટ 'ના' પાડતાં મૂંઝવણ ઊભી થાય છે. શાલ્વને પરણવા માંગતી અંબાને પુરા માન-મરતબાથી શાલ્વ પાસે મોકલવામાં આવી પણ શાલ્વે અંબાને વરવાની સ્પષ્ટ 'ના' પાડી. ગાંગેયના કારણે અંબાની આવી સ્થિતિ સર્જાતાં એણે ગાંગેયને વરવાનું નક્કી કર્યું પરંતુ ગાંગેય તો બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાથી બંધ્ય હતો. નવલકથાકારે અંબા અને ભીષ્મ વચ્ચે ચબરાકિયા સંવાદો પ્રયોજ્યા છે.

૫૨. એજન. ખંડ-૧ પૃ ૨૩૩

ભીષ્મ પ્રતિજ્ઞામાંથી ચળવા માંગતો ન હતાં તો અંબા ય પાછી જાય એવી ક્યાં હતી! એય પોતાના નિર્ણયમાં અડગ હતી. સત્યવતી એને દિકરી તરીકે રાખીને સારા રાજા સાથે લગ્ન કરાવી આપશે. એવુ કહ્યું છતાંય એણે તો ગાંગેયને જ વરવાનું નક્કી કર્યું અને એ ન વરે તો 'અગ્નિસ્નાન' કરીને બદલો લેવા માંગતી હતી. એટલે અંબાને હિમાલય મોકલી આપવામાં આવી. પોતાના મક્કમ નિર્ણયને પૂર્ણ કરવા પરશુરામની સલાહ અને મદદ લઇને એ ફરી ધર્મક્ષેત્ર આવે છે. મુનશીએ પરશુરામના પાત્રને પ્રબળ અને અતિમાનવ તરીકે 'ભગવાન પરશુરામ' નવલકથામાં નિરૂપ્યા છે માટે એના ગૌરવને આ કૃતિમાં જાળવી રાખવા ભીષ્મ અને પરશુરામ વચ્ચેના યુધ્ધ પ્રસંગને સાહિત્યિક સૂઝ અને સર્જકીય સભાનતાથી નવીન અર્થઘટન સાથે નિરૂપણ કર્યું છે.

પરશુરામે અંબાને થયેલા અન્યાયને ન્યાય આપવા ભીષ્મને અંબા સાથે લગ્ન કરવાનું સૂચન કર્યું. ભીષ્મે તો અખંડ બ્રહ્મચર્ય પાળવાનો અડગ નિર્ધાર કર્યો હોવાથી સ્પષ્ટ શબ્દોમાં 'ના' પાડતાં પરશુરામે યુધ્ધ માટે આદેશ આપ્યો. એક સમયના પોતાના ગુરૂપદે રહી ચૂકેલા પરશુરામ સામે ભીષ્મ કઇ રીતે હથિયાર ઉઠાવી શકે? ભીષ્મ સામે બન્ને ય સ્થિતિ મૃત્યુ સમાન હોવાથી એમણે પરશુરામ સામે હથિયાર ઉઠાવવીને ગુરૂ-શિષ્યના નિયમોની અવગણના કરવાની ઇચ્છા નહોતી તેથી ગુરૂ સામે આત્મ સમર્પણમાં પોતાનો ધર્મ દેખાતાં એમણે એમના પગ પાસે મસ્તક ઝુકાવીને કહ્યું કે મને પ્રાણદંડ આપો!' શિષ્યનો અપાર પ્રેમ અને એનામાં છલકાતા આર્ય સંસ્કારથી ગદ્દગદ બની ગયેલા પશુરામ અંબાને એના જ નસીબ પર છોડીને ચાલ્યા ગયા.

ગુરૂની આમાન્યા શિષ્ય કઇ રીતે તોડી શકે? આ વિચારધારા પ્રમાણે પ્રસંગમાં ઔચિત્યપણું જળવાઇ રહે છે તો બીજી તરફ પરશુરામે અંબાને એમ કહ્યું કે -

"તો અંબા, તું અગ્નિમાં પ્રવેશ કર, આવતા જન્મે તું ગાંગેયનો વધ કરી શકીશ."

પરશુરામના મુખે ઉપયુક્ત સંવાદને જોતા જ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે કે: શા માટે એ આવા શબ્દોનો પ્રયોગ કર્યો. આ જ શબ્દો પાછળની ઘટના સાથે સંબંધને પ્રસ્થાપીત કરી આપે છે. અહીં બીજી પણ એક વાત કથાપ્રસંગને પ્રતીતિજનક બનાવી આપવામાં સહાયક ભૂમિકા પૂરી પાડે છે. ભીષ્મ, પરશુરામ, સત્યવતી અને દ્વૈપાયન અંબા વિષય ચર્ચાઓ કરતાં હતા ત્યારે કટોકટી ભરી સ્થિતિ સર્જાઇ હતી. અંબાનું શું કરવું એની મૂંઝવણ દરેક પાત્રોના મુખપર જોવા મળતી હતી એવા જ સમયે હસ્તિનાપુરના દૂતે આવીને કહ્યું કે: 'સમ્રાટ અટારીએથી પડી જવાથી ગંભીર રીતે ઘવાયા છે.' વિધિની રમત તો ન્યારી છે. હસ્તિનાપુરમાં અંબાના પ્રશ્નથી બધાંનો જીવ તાળવે ચોંટેલો છે ત્યાં આ દુ:ખદ સમાચાર બધાને અસ્વસ્થ જ બનાવી મૂકે ને! આથી જ પરશુરામના મુખે ઉપરનો સંવાદ મુકાયો હશે.

અંબાના ભભકતા ક્રોધને મુનશીએ અભિવ્યક્ત કર્યો છે તે જોઇએ.

"અંબા ઊંચી અને પ્રતિમા જેવી દેખાતી હતી. એના વાળ વીખરાયેલા હતા; એની આંખો લાલ હતી. એનો ચહેરો ઉદાસ હતો. ભગવાન પરશુરામની પાસે રાજકુમાર ગાંગેયને બેઠેલા

જોઇને ધ્રુજવા લાગી. એની નસો ઊછળવા લાગી. એ અદમ્ય ઝનૂનથી ગાંગેયની સામે તાકી રહી- કોઇ વાઘણ પોતાના શિકાર પર ત્રાટકવા તૈયાર થતી હોય એમ!"[૫૩]

લેખકે સંવાદકલાનો સમર્થ વિનિયોગ કરી બન્ને નારીપાત્રોની આમ મન:સ્થિતિ આ રીતે આલેખી છે.

"માતાએ કહ્યું: 'કાશીની રાજકન્યા મારી વાત સ્વીકારે એવી હું યાચના કરું છું. એ વિચિત્રવીર્યને પરણે અને હસ્તિનાપુરની સામ્રાજ્ઞી બને. પછી હું જંગલમાં ચાલી જઇશ, અને સંસાર છોડી દઇશ.' 'તું શું કરે એની મને પડી નથી!' અંબાએ તિરસ્કારથી કહ્યું."[૫૪]

અંબાનો પ્રશ્ન ઊભોને ઊભો જ હતો ત્યાં વિચિત્રવીર્યના અવસાનથી હસ્તિનાપુર પર વજ્ર પડ્યું હોય એમ લાગે છે. રાજાના નિ:સંતાન મૃત્યુથી નગરમાં વારસના પ્રશ્નો ઊભા થયા. નગરને વારસ અપાવવા માટે સત્યવતી અને નગરશ્રેષ્ઠો ગાંગેયને પ્રતિજ્ઞા તોડીને લગ્ન કરવાનું સૂચન કરવા લાગ્યા. પરંતુ ગાંગેય અનોખી માટીનો હતો. આમ-પ્રતિજ્ઞા તોડે એ અશક્ય જ હતું. બધાનું દબાણ વધી પડતાં ગાંગેય કેવી સ્થિતિ અનુભવે છે એનું વર્ણન કરીને મુનશીએ ગાંગેયના પાત્રની મહત્તતાને વધારે સારી રીતે ઉજાળી આપી છે.

'માતા, તમે માઠું ન લગાડતાં, પણ મારી સ્થિતિનો વિચાર કરજો.' ગાંગેયે આજીજી કરી' 'હું કઇ રીતે મારી પ્રતિજ્ઞાનો ભંગ કરું? મેં જ્યારે પ્રતિજ્ઞા લીધી ત્યારે તેનું પાલન કરી શકું એ માટે દિવસ-રાત મારી વૃત્તિઓ સાથે મારે ભીષણ સંગ્રામ ખેલવો પડ્યો હતો. છેવટે હું એમાં વિજયી થયો, મારા જીવનમાં સ્ત્રીની છાયા પણ ન પ્રવેશી શકે એવું મેં કર્યું. હવે હું કઇ રીતે જીવનનો માર્ગ બદલી શકું?'[૫૫]

ભીષ્મ પ્રતિજ્ઞા ભંગ કરવા માંગતો નથી, સત્યવતી અને નગરજનો ને રાજ્યનો વારસ જોઇએ છે. સંઘર્ષભરી સ્થિતિને લેખકે આમ અભિવ્યક્ત કરી છે. માર્ગ જડતો ન હતો એવામાં બ્રહ્મિષ્ઠે 'નિયોગ' નો માર્ગ બતાવીને, રાજ્યને વારસ આપવા ભીષ્મને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ગાંગેય એની સાથે ય સહમત થવાનું ટાળે છે. લગ્ન અને નિયોગ ને માન્યતા ન આપવાથી પરિસ્થિતિ વધું ગૂંચવાઇ જાય છે. હસ્તિનાપુરનું ભાવી જોખમાઇ જવાથી એમાંથી ઊગરવા માટે સત્યવતી પરાશરમુનિના આશ્રમમાં જવાનો નિર્ણય કરે છે. ગાંગેય સારી રીતે સમજતો હતો કે માતા જાય તો નગરની સ્થિતિ કેવી થઇ જાય. અહીં લેખકે સંકેત દ્વારા જ સત્યવતીની પ્રતિભાને ઉપસાવી આપી છે. માતા જવાથી જ હસ્તિનાપુરમાં આંતરયુધ્ધ થાય અને નગર ભસ્મક્ષેત્ર જેવું જ બની જાય.

આ બધા ય પ્રશ્નોનો નિકાલ કઇ રીતે લાવવો? બધાં જ પાત્રો ચિંતાતુર બની ગયાં. બ્રહ્મિષ્ઠે નગરના પ્રશ્નને હળવો કરવા માટેનો એક માર્ગ સૂચવ્યો જેથી ગાંગેયને પ્રતિજ્ઞા તોડવી ન પડે અને સત્યવતીએ નગરનો ત્યાગ ય ન કરવો પડે. જે માતમહીના સંબંધે દ્વૈપાયન પણ વિચિત્રવીર્યનો ભાઇ થયો એ નિયોગ માટે તૈયાર થાય તો આ બધા પ્રશ્નોનો અંત આવે. લેખકે

---

૫૩. એજન ખંડ-૬ પૃ ૨૬૬

૫૪. એજન. ખંડ-૬ પૃ ૨૭૪

૫૫ એજન ખંડ-૬ પૃ ૨૮૪

દ્વૈપાયનના આ કથા પ્રસંગોને આલેખીને પ્રતીતિકર રીતે જ નહી પરંતુ દ્વૈપાયન ધર્મને અર્થે જ નિયોગ કરવા સહમત થાય છે એમ નિરૂપીને સર્વથી ભિન્ન કક્ષાનું અર્થઘટન કર્યુ છે.

બ્રહ્મિષ્ઠની આજ્ઞાને સહર્ષ સ્વીકારવાનું સૌજન્ય દ્વૈપાયન દાખવતા નથી, પરંતુ આ જ એક માર્ગ માતાને બચાવી શકે છે એમ હોવાથી એ પોતાની પત્ની સાથે ચર્ચા કર્યા પછી સહમતી આપીને નગરના પ્રશ્નને હળવો કરે છે.

હસ્તિનાપુર પર આવેલી વિટંબણાઓ ઉકેલાઇ જતાં ફરી એક વાર લાંબા સમય સુધી શાંતિ છવાઇ જવાથી ઘણો સમય વહી જાય છે. લગભગ અઢારથી વીસ વર્ષ સુધીનો સમય.

દ્વૈપાયન અને વાટિકાનો પુત્ર શુક ગૃહાસ્થાશ્રમમાં પ્રવેશ કરે એવડો થઇ ગયો હતો એટલે દરેક માતા પોતાના પુત્રને પરણાવવા ઝંખે એમ જ વાટિકા ય શુકને પરણાવવા માંગતી હતી. શુક હજી સુધીએ પાછો ફર્યો ન હોવાથી વાટિકાની ચિંતા બેવડાઇ જાય છે.

અગાધ પરિશ્રમ અને અનેક વિટંબણાઓનો સામનો કરીને ભસ્મક્ષેત્રને પુન: ધબકતું બનાવીને ધર્મક્ષેત્ર બનાવવામાં દ્વૈપાયને પોતાનું લોહી સીંચ્યુ હતું. એ આશ્રમ મહિષાસુર વંશ જ 'મોસે' આશ્રમને વેરવિખેર કરીને ભગ્ન બનાવીને આશ્રમના ઋષિ-મુનિ તથા સ્ત્રીઓને કત્લેઆમ કરીને ઘણાંય આશ્રમવાસી પુરુષ અને સ્ત્રીઓને કેદમાં પૂર્યા હતાં. દ્વૈપાયન વાઘના મુખમાં પગ મૂકવાનો નિર્ધાર કરીને મોસના નગરમાં ગયા. મોસે એમને આવતા અટકાવવાનો ઘણોય પ્રયત્ન કર્યો પરંતુ દ્વૈપાયને એમને મોહિનીમય વાણીથી ઢીલો બનાવી દીધો. આ ઋષિને પાઠ ભણાવવો પડશે એમ માનીને એનેય બંદિઘરમાં પૂર્યો. લેખકે અહીં શુક અને દ્વૈપાયન અને શર્મી અને દ્વૈપાયન વચ્ચે સંવાદો પ્રયોજીને મોસે આ કેમ કર્યું એનો આલેખ ઊભો કરી આપ્યો છે. વ્યાસમુનિએ આશ્રમવાસીઓને ભાગી જવાનું સૂચન કર્યું. શુક અને શર્મી આ માટે તત્પર ન હતા પન દ્વૈપાયનની વાણીનો અનાદર કરવાનું સાહસ એમનામાં ન હતું. આથી તેઓ અંધારાનો લાભ લઇને દ્વૈપાયનને મૂકીને નદીકિનારે ચાલ્યા જાય છે.

ક્રિવી દ્વૈપાયન વિના આ લોકોને રાજનૌકા સુધી લઇ જવા તત્પર ન હતો કારણકે આ લોકોને મદદ કરે તો મોસ એની હત્યા જ કરે. પરંતુ શર્મી અને શુક સમજાવીને એને તૈયાર કર્યો. ગોધૂલિમાં કિનારા પર ગાંગેયે મોકલેલી નૌકા અને શસ્ત્ર બદ્ધ ધનુર્ધરો આવ્યા હતા. કુણિક રાજાનો આદેશ માનીને મોસને એના કર્મોની સજા આપવા માટે કૃતનિશ્ચયી હતો. એટલે એણે કુશળ ધનુર્ધરોને લઇને મોસના નગરમાં પ્રવેશ કર્યો. પરંતુ પરિસ્થિતિ સાવ બદલાઇ ગયેલી હતી. રાજાની પત્ની ભાગી જાય તો રાજા કોઇને મોઢું બતાવી શકે એમ ન હોવાથી મહર્ષિના મંદિરમાં છુપાઇને બેસી રહ્યો હતો.

રાજાની આજ્ઞાનું પાલન કરવા માટે કૃણિક એ મંદિરે ગયો આશ્રમને છિન્ન ભિન્ન કરીને આશ્રમના ઋષિઓ પર નિર્દયતાથી મૃત્યુને ઘાટ મોકલતો મોસ કાંઇ છાનો બેસી રહે. એણે તો અન્ય વિદ્યાનો સહારો લઇને દ્વૈપાયનને મારી નાંખવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પોતાના બધા પાસા અવળા પડતા જોઇને ઝનૂને ભરાયેલો મોસ 'મહિષ' અને ભૂવાને મારીને અંતે જાતે જ મૃત્યુને ભેટે છે.

સહસ્ત્રાર્જુન પછી ફરી એક વાર મોસે ગોધૂલિ આશ્રમને ભસ્મક્ષેત્રમાં ફેરવ્યો હતો જે દ્વૈપાયને પુન: યજ્ઞવેદીથી પ્રદિપ્ત અને મંત્રોચ્ચારથી ગૂંજતો કર્યો. આ આખાય પ્રસંગમાં શર્મીનું પાત્ર અનોખું ચિતરાયું છે. મોસના બંદિ બનેલા આશ્રમવાસીઓને ગાયનું માંસ અને નરમાંસ જ જમવામાં અપાતું હતુમ એવે સમયે આ લોકોના પ્રાણને બચાવવા માટે મોસના બંદિગાર સુધી જવાનું સાહસ કરતી આ સ્ત્રી. વ્યાસના આદેશને અનુસરીને બંદિગારમાંથી હેમખેમ નદી કિનારે લઇ આવતી શર્મી. પતિ અને સંતાનોને મોસ હાથે મરાતા જોઇને એ આઘાત સહીને પુન: આશ્રમને ધમધમતો કરવા તત્પર એવી શર્મી. મોસના ભયે છુપાઇ ગયેલા શિષ્યોને ડારતી શર્મી ને એમને જ પ્રેમપૂર્વક જમાડતી શર્મી. આશ્રમને પોતાનું નામ આપવામાં આવ્યું ત્યાં જ વાત્સલ્ય ભાવથી દ્વૈપાયનને ખખડાવી નાંખતી શર્મી. આચાર્ય પદે દ્વૈપાયન ના બેસે તો શુક્રને આચાર્યપદે બેસાડવા ઝંખતી શર્મી - આમ મુનશીએ શર્મીના પ્રતાપી વ્યક્તિત્વને ઘટનાઓની મદદથી, કથનકળાથી અને સંવાદકળાનો વિનિયોગ કરીને હ્રદય સ્પર્શી બનાવ્યું છે.

દ્વૈપાયન પછી અતિ સ્નેહભાવથી શુક્રને ઉછેર કરવા માટે વેઠેલી મહામુશ્કેલીઓ સામે વાટિકા શુક્રની માંગણી કરે તો શર્મી કઇ રીતે એને સહી લે. એની લાગણીને ગળે ટૂંપો દેવામાં આવતો હોય તો એ એમાંથી ઉગરવા તરફડિયાં મારે જ. માતૃત્વ હ્રદયને શબ્દસ્થ કરીને શર્મીના પાત્રને આમ કંડાર્યું છે.

"માતા શર્મીએ પોતાના વાળ વ્યવસ્થિત કર્યા અને પછી કટાક્ષપૂર્વક કહ્યું: 'જાબાલિની પુત્રી. આ તારો દીકરો શુક્રદેવને મોસ મારી નાંખવા ઊભો થયો હતો ત્યારે તું ક્યાં હતી? એ ભૂળથી મરી જાય એવી સ્થિતિમાં હતો ત્યારે જો મેં અડધી રાત્રે જીવનું જોખમ કરી એને ખોરાક પહોંચાડ્યો ન હોત તો એનું શું થાત એની તને કલ્પના પણ છે ખરી? તું ક્યાં હતી ત્યારે?' અને પછી પોતે જ એ પ્રશ્નોના ઉત્તર આપતાં કહ્યું: '......ત્યારે તો તું હસ્તિનાપુરમાં હતી અને રાજમાતાની મહેમાનગતિ માણતી હતી.'[૫૬]

વાટિકા અને ધાવમાતા શર્મી વચ્ચે ચાલતા પુત્ર અંગેના વિવાદથી શુક્રને આનંદ મેળવીને હસતો જોઇને બધાનેય આનંદ થાય છે. હાસ્ય અંગે નિરુત્સાહી એવા મુનશીએ અહીં હાસ્યનું આમ વર્ણન કર્યું છે. પુત્ર અંગે ઝઘડતી માતાઓને શુક્રે આમ કહીને વાતાવરણને હાસ્ય તરબોળ કરી મૂક્યું છે.

"શુક્રદેવે મહામહેનતે હસવું ખાળ્યું અને પછી કહ્યું: 'પૂજ્ય માતા, હું એ વાતની રાહ જોઇ રહ્યો છું કે, તમે તમારો દાવો આગળ ધરો અને કહો તમે મારી માતા છો, પછી દાદી પણ પોતાનો દાવો રજૂ કરે....'"[૫૭]

ગંભીર પ્રસંગને હળવો બનાવીને આશ્રમને 'ગૌતમ' મુનિનું નામ અપાવીને શર્મીના હ્રદયની વાત સર્વ સમક્ષ કરીને પિતાના કાર્યનો વધુ પ્રસાર કરાવવાને અર્થે આ જીવન બ્રહ્મચર્ય પાળવાના નિર્ણય લઇ લેતાં પ્રતાપી પુત્રને લગ્ન કરવાનું સૂચન માતા-પિતા કરે તો એ કઇ રીતે સ્વીકારી

---

૫૬ એજન. ખંડ-૬ પૃ ૩૮૮

૫૭. એજન ખંડ-૬ પૃ.૩૮૯.

લે? એને લગ્નનો વિરોધ કરીને પોતાને અભિપ્રેત એવા માર્ગે વિચરવા માંગતો શુક્ર પિતાની આજ્ઞાએ બધાઇ જાય છે

મુનશી એ અહી આશ્રમપ્રજા અને મોસપ્રજા વચ્ચે રચાયેલી ભેદ રેખાને દૂર કરીને 'એકત્વ' સ્થાપવાનો પ્રયાસ કર્યો છે ત્યા આગળ આધુનિકતાનો ભાવ જોવા મળે છે. આર્યો અને અનાર્ય વચ્ચેનો ભેદને નષ્ટ કરીને આ બન્ને પ્રજાને એકરૂપ બનાવવાનો પ્રયત્ન આ ઘટનામાં જોવા મળે છે મોસ પોતાની પ્રજા આર્યને વરે એમ ઇચ્છતો ન હતો એથી જ એણે આશ્રમ ઉપર હુમલો કરીને પોતાની પ્રજાને રક્ષવાનો પ્રયત્ન કર્યો હતો. દ્વૈપાયને એની યોજનામાં સફળ થવા ન દીધો. પરિણામે આ બે પ્રજાઓ વચ્ચે લગ્ન સંબંધો રચાતાં પ્રજા એકરૂપ બને છે. અહીં આપણને 'ભગવાન પરશુરામ' નવલકથામાં નિરૂપાયેલી 'શાર્યાતોનું નિકંદન' માં પરશુરામે શાર્યાતોનો ખાત્મો બોલાવીને યાદવો અને શાર્યાતો વચ્ચેનો ભેદ મીટાવી નાંખીને આ બે પ્રજાને એક બનાવી હતી એનું સ્મરણ સહજે થઇ આવે છે.

મોસપુત્રી પીવારી સાથે શુક્રનાં લગ્ન થાય છે. આ લગ્નની સાથે અનેક આશ્રમ પુરુષ અને કન્યાઓએ મોસ પ્રજા સાથે લગ્ન કર્યા. આ ઘટનાઓ ઉપર કહ્યું એનું સમર્થન કરે છે.

સાહિત્યિક સૂઝ ધરાવતા મુનશી ફરી એકવાર લાબાં સમયને પ્રશ્વાભૂમાં રાખીને કથાનકને પોષક એવી ઘટનાઓનો આછેરો આલેખ આપી ને આગળ વધ્યા છે. પાંડુ અને ધૃતરાષ્ટ્ર જન્મની વાત આખી દબાઇ ગઇ છે તો પાડુ ને લાગેલા શાપ ને પરિણામે પાંડુપુત્રો ને પાંડુપુત્રો તરીકે ન ઓળખાવતાં એમને રાજસત્તાથી વિમુખ રાખીને ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન ને હસ્તિનાપુરના રાજા તરીકે નિયુક્ત કરવાની ભલામણ લઇને આવેલા શકુનિની પ્રપંચલીલામાં એનેજ મૂકી દે છે. ભીષ્મના પાત્રના ગૌરવંતાને અખંડિત ગૌરવ આપતા સમર્થ સંવાદોના પ્રયોજનમાં મુનશીની લેખિનીએ ખાસ્સો કસબ આમ દાખવ્યો છે

'મારા પિતાજી ઇચ્છે છે કે હવે પુણ્શ્લોક પાંડુરાજ પિતૃલોકમાં ગયા છે, એટલે ધૃતરાષ્ટ્રના મોટા પુત્ર દુર્યોધનનો રાજા તરીકે અભિષેક થવો જોઇએ.'

'બસ આટલું જ? આથી વધુ કંઇ કહ્યું છે?'

'મારા પૂજ્ય પિતાજીને આપના માટે ઊંડો આદર છે, અને તેમને શ્રધ્ધા છે કે આપ દુર્યોધનને ન્યાય કરશો જ '

પાંડવોને પણ કઇ રીતે ન્યાય કરવો એ વિશે તમારા પિતાએ કોઇ સૂચન કર્યું છે ખરું?

મારા પિતા એવું માને છે, અને એ વાત આપના સુધી પહોંચાડવાનો એમણે મને આદેશ આપ્યો છે કે... ...' શકુનિ સહેજ ખચકાયો, પણ પછી એણે આગળ કહ્યું: 'કદાચ પાંડવોનો પાંડુપુત્રો તરીકે સ્વીકાર કરવામાં આવે તો પણ પાંડુની રાજગાદી તો દુર્યોધનને જ મળવી જોઇએ.'[૧]

શકુનિના મનમાં ચાલતી પ્રપંચલીલાને ભીષ્મ પામી ગયા હતા. શકુનિને પગની પાનીથી માથાના વાળ સુધી ઓળખી ગયેલા ભીષ્મે જે કુશળતાથી શકુનિએ પોતાના ભાણેજને રાજગાદીએ બેસાડવા બુધ્ધિચાતુરીનો ઉપયોગ કર્યો અને હસ્તિનાપુરના નગરશ્રેષ્ઠ લોકો તથા આર્યવર્તના શ્રોતિયોનો સંપર્ક કર્યો હતો એ જાણી ગયેલા જ ભીષ્મે સણસણતો પ્રત્યુતર વાળતાં કહ્યું:

પૂર્વભૂમિકાની રૂપરેકાને બાંધી આપી છે. આ ખંડની પૂર્વભૂમિકામાં શાંતનુ અને એના વંશવેલાનો સંક્ષિપ્ત આલેખ અને કૃતિ ઉપયોગી માહિતીને અભિવ્યક્ત કરીને 'ઇન્દ્રપ્રસ્થ' ની ઘટના પર સર્જક આવે છે. ઇન્દ્રપ્રસ્થની વાત આવતાં જ આ કૃતિ 'કૃષ્ણાવતાર' ના ચોથા ખંડ 'ભીમનું કથાનક' સાથે સંબંધ સાંધે છે.

ધૃતરાષ્ટ્રે કપટ વિદ્યાનો આશ્રય લઇને પાંડવોને 'ખાંડવપ્રસ્થ' જેવો વન્ય પ્રદેશ આપીને દુર્યોધનનો માર્ગ સરળ કરી આપ્યો. પાંચે પાંડવોએ કૃષ્ણના નેતૃત્વ હેઠળ ખાંડવપ્રસ્થને 'ઇન્દ્રપ્રસ્થ' બનાવ્યું. એ કાર્ય પૂર્ણ થતાં કૃષ્ણ એમની વિદાય લઇને દ્વારકા ગયા. ત્રણ મહિનાનો સમય ક્યાંય પસાર થયો તે કોઇને ન સમજાયું. એવામાં ભીમને 'મહાયજ્ઞ' કરવાનો વિચાર આવ્યો. પાંડુએ રાજસૂયયજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો હતો પરંતુ અકાળે એમનું મૃત્યુ થવાથી યજ્ઞ કરી શક્યા નહીં એ વાતનું કુંતીને સ્મરણ થયું પણ લોહિયાળ ઝઘડાઓથી દૂર રહેતી કુંતીએ સંયમ રાખ્યો. ભીમ, અર્જુન અને નકુળે પિતાની ઇચ્છાને પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો. 'રાજસૂર્યયજ્ઞ' ને પરિણામે સામે ઉપસ્થિત સ્થિતિ યુધિષ્ઠિર નજર સમક્ષ જોતો હતો. એટલે એની મૂંઝવણ વધે છે એમાંય 'નારદ' મુનિએ પિતાની અતૃપ્ત ઇચ્છાને પૂર્ણ કરવાનો સંદેશ આપ્યો.

'મહાભારત' માં નારદ આવીને પાંડુની અતૃપ્ત ઇચ્છાને પૂર્ણ કરવાનો આદેશ આપે છે. અહીં ભીમને પ્રથમ વિચાર આવે છે. માતાને પાંડુની અતૃપ્ત ઇચ્છાનું સ્મરણ થાય છે અને પિતૃલોકમાંથી નારદ આવીને પાંડુની ઇચ્છા કહે છે. કથા પ્રસંગને અહીં પ્રતીતિજનક રીતે મૂકી અપાયો છે. નારદનું આગમન અને યુધિષ્ઠિર સાથેના વાર્તાલાપમાં મુનશીએ ચમત્કારીક તત્વને ઓગાળવાનો પ્રયત્ન કર્યો નથી.

કોઇપણ ભોગે પિતાની ઇચ્છાને પૂર્ણ કરવા કટિબધ્ધ થયેલા ભાઇઓને સમજાવવાનું કાર્ય દુષ્કર હતું. અમોંય પિતૃલોકમાંથી પિતાએ જ આ યજ્ઞ કરવાનું સૂચન કર્યું. સહદેવના કહેવા પ્રમાણે યજ્ઞના આરંભ પૂર્વે જ કૃષ્ણને બોલાવવા જોઇએ. કૃષ્ણનું આગમન થાય છે.

કુરુકુળમાં વારંવાર આવી પડતી આપત્તિઓથી વ્યાસમુનિ ઊંડી મનોવ્યથા અનુભવ્યા કરતા હતા. એ ધર્મની પુનઃસ્થાપના કરે એવી વ્યક્તિની શોધમાં હતા. એ ક્ષણે ઇન્દ્રપ્રસ્થના યજ્ઞ માટે એમને બોલાવવામાં આવે છે. વ્યામુનિએ મંત્રશુધ્ધિથી ધર્મને પ્રસ્થાપિત કરવા માટે યજ્ઞની સહમતી આપી. વ્યાસમુનિ, કૃષ્ણ અને પાંચેય પાંડવો ભેગા થઇને યજ્ઞ અંગે વિચારો કરવા લાગ્યા. યજ્ઞ પૂર્વેના એક એક તબક્કાઓને ઝીણવટ ભરી સ્થિતિથી તપાસીને અને એનો ઉકેલ કઇ રીતે લાવવો એની સઘન ચર્ચાઓ સૌ કરવા લાગ્યા.

રાજસૂર્ય યજ્ઞ કરતા પહેલાં સકળ આર્યવર્ત પર વિજય મેળવવો પડે એમ હોવાથી આ સ્થિતિને કઇ રીતે નિપટાવી શકાય એ અંગે ચર્ચા થતી હતી. પાંડવોના રાજસૂર્યયજ્ઞને સફળ બનાવવા માટે કૃષ્ણે સૌપ્રથમ મહા સમ્રાટ જરાસંઘનો વધ કરવાનું સૂચન કર્યુ. અહીં કૃષ્ણના મનમાં રહેલી દૂરંદેશી દેખાય છે. મહાસમ્રાટ જરાસંઘનો વધ અથવા તો તેનો પરાજય અને શિશુપાળ તથા દંતવત્રા જેવા પ્રતાપી રાજાઓની પણ શરણાગતિ. એવી ગણતરીથી ભીમ અને

અર્જુનને લઇને કૃષ્ણ ગિરિવ્રજ જાય છે. શ્રોતિયવેશે ત્રણેય જરાસંઘના નગરમાં પ્રવેશ મેળવ્યો. અહીં આ ત્રણેયના માર્ગને સરળ કરવાને અર્થે જ જરાસંઘપૌત્ર મેઘસંધિએ કૃષ્ણની સહાયતા માંગી હતી કે જરાસંઘ ૧૦૦ રાજાઓનો ભોગ ધરાવીને મહાયજ્ઞ કરવાના છે તો એ રાજાઓને બચાવીને 'નરસંહાર' ને અટકાવવો આ નરમેઘયજ્ઞને અટકાવીને ધર્મની પુન:સ્થાપના કરવા માટે સંજોગ ઊભા થયા હતા એ તકને કૃષ્ણ સહર્ષ સ્વીકારે છે. વ્યાસમુનિને કૃષ્ણમાં અહીં "ધર્મગોપ્તા' નાં દર્શન થાય છે.

નરસંહાર અટકાવી અને પાંડવોએ નિર્ધાર કરેલા રાજસૂર્યયજ્ઞને પરિપૂર્ણ બનાવવા આ એક જ રાજાને (જરાસંઘને) પરાજિત કરવામાં આવે તો યુધિષ્ઠિર સહજ રીતે ચક્રવર્તીરાજા બની જાય એમ હોવાથી એ ગિરિરાજ ગયા હતા અહીં કૃષ્ણને એના કાર્યથી અસામાન્ય પાત્ર બનાવી અપાયું છે.

બાળપણથીજ મલ્લો સાથે કુસ્તી કરીને એમના પર સ્વામીત્વપદ ધારણ કરવાનો શોખીન એવો જરાસંઘ પોતાના નગરમાં આવેલા શ્રોતિય મલ્લ સાથે વાર્તાલાપ કરતો જરાસંઘે ત્રણ મુલાકાતીમાં રહેલા કૃષ્ણને ઓળખી લીધો. કૃષ્ણે ધર્મને સ્થાપવા માટે જરાસંઘને અઠ્ઠાણું રાજાઓને મુક્ત કરવાનું સૂચન કર્યું. મહત્વાકાંક્ષી એવો જરાસંઘ કૃષ્ણની વાત સ્વીકારે? એમાંય આ પોતાનું નગર હતું. અભિમાનના નશામાં અંધ એવો જરાસંઘ સ્પષ્ટ પણે આ વાત નકારી કાઢી. ભીમે કુસ્તીનો પડકાર ફેંક્યો ને જરાસંઘે એ ઝીલી લીધો.

મૂળ કથાનકમાં મળે છે એજ પરંપરામાં જરાસંઘ અને ભીમ વચ્ચે રચાયેલી કુસ્તીનું વર્ણન લેખકે આલેખ્યું છે. અહીં કોઇ નવીનતાને અવકાશ પ્રાપ્ત થયો નથી. કૃષ્ણના ઇશારા પ્રમાણે ભીમે જરાસંઘનો વધ કર્યો અને કૃષ્ણે એના પુત્રને ગિરિવ્રજના રાજા તરીકે સ્થાપી આપ્યો ત્યાર પછી અઠ્ઠાણુ રાજાઓને કારાગારમાંથી મુક્ત કર્યા.

કૃષ્ણના આ અદભુત પરાક્રમને પરિણામે સકળ આર્યવર્ત કૃષ્ણ - પાંડવોના આધિપત્યને સહર્ષ સ્વીકારવા તત્પર થયા. ચારે ભાઇઓ ચારેય દિશામાં જઇને સકળ આર્યવર્તના રાજાઓને યુધિષ્ઠિરના અસ્તિત્વ નીચે લાવી મૂક્યા.

રાજસૂર્યયજ્ઞ માટેનો માહોલ તો રચાયો પણ મહત્વનો પ્રશ્ન હજી બાકી જ રહેતો હતો. યુધિષ્ઠિર હસ્તિનાપુર અંગે ચિંતત હતો. દુર્યોધનને બોલાવવામાં આવે તો ચારેય ભાઇઓ નારાજ થાય એમ હતા અને ન બોલાવે તો યજ્ઞમાં બાધા પહોંચે એમ હોવાથી યુધિષ્ઠિરે એમને બોલાવવાનો ધર્મમય નિર્ણય કર્યો. ત્યાં જ પહેલેથી જ દુર્યોધનને પોતાનો શત્રુ ગણીને એને પ્રાણદંડ દેવા જાગ્રત સદા રહેતો ભીમ ભાઇના નિર્ણયથી ખિન્ન થઇને વડિલ આમાન્યાને નેવે મૂકીને પોતાના હ્રદયનો બળાપો કાઢવા લાગ્યો અહીં સંવાદ નોંધપાત્ર છે.

યુધિષ્ઠિરે અસ્વસ્થ થયા વિના કહ્યું: 'ભીમ, આમ રોષ કરવાનો કોઇ અર્થ નથી. તું ક્રોધથી ભરેલો હશે તો ધૃતરાષ્ટ્રકાકાના પુત્રો સાથે આપણે મિત્રતા કઇ રીતે કરી શકીશું? જરા બેસ અને મારી વાત સાંભળ. આપણે તેઓને તેમના દરજ્જાને છાજે એ રીતે એમને નિમંત્રણ આપીશું. આપણી નીતિથી એમના અધર્મ પર વિજય મેળવીશું......'

'તો તો પછી શકુનિમામા ને પણ નિમત્રણ આપો ને?' ભીમે કટાક્ષમાં કહ્યું. 'એ તો આપણો કટ્ટર દુશ્મન છે. એને તો ખાસ માન આપવું જોઇએ!'

'હું એ જ કરવા ધારું છું - કદાચ દુર્યોધન પ્રત્યેના આપણા પ્રેમને જોઇને એનો હૃદયપલટો પણ થાય!'

'તમે હંમેશાં દુશ્મનો પ્રત્યે સ્નેહાળ રહ્યા છો, મિત્રો પ્રત્યે નહીં!' ભીમે કહ્યું.[૬૦]

યુધિષ્ઠિર આવનારા ભયને નિવારવાનો માર્ગ શોધવાનો પ્રયત્ન કરે છે તો ભીમ આવનારી આપત્તિના મૂળનો નાશ કરવા ઝંખે છે. અંતે હસ્તિનાપુરને તેડું મોકલવામાં આવે છે.

મુનશી ઝાઝા ગંભીર અને ઓછા હળવા બની શકે છે. ઘટોત્કચ અને પાંડવોની મુલાકાતનાં પ્રસંગમાં ચાલતા સંવાદોમાં હળવા હાસ્યને અભિવ્યક્ત કર્યું છે. ઘટોત્કચની ક્રિયાઓ અને એની વર્તણૂક હાસ્યને ઉપચાવી આપે છે. માતાના આદેશને અનુસરીને ભીમના પગ આગળ લાંબો થઇને એમનો પગ માથા પર મૂકી દેતા ઘટોત્કચના પાત્રના બાહ્યરૂપને મુનશીએ આમ વર્ણન કર્યું છે.

'પરંતુ રથમાં સહદેવની બાજુમાં કોઇક ભયાનક દેખાતા માણસને જોઇ તેઓ નવાઇ પામી ગયા. એ માણસ નહીં પણ માનવ-પર્વત જેવો પ્રચંડ લાગતો હતો. સીસમ જેવો એ કાળો હતો. એનું મોં પહોળું હતું. એનાં શક્તિશાળી જડબાંમાંથી બે રાક્ષસી દાંત બહાર આવી ગયા હતા. એને ત્રાંબાવરણી દાઢી હતી અને તેના વાળ વિનાના મોટા માથા પર સોનાનો મુગટ હતો. તેના હાથમાં લાકડાની ગદા હતી અને તમાં ધારદાર અણીઓ ભરાવેલહિતી. એણે વીંટીઓ, બાજુબંધો, માળાઓ, સુવર્ણનો કમરપાટ, વગેરે અલંકારો પહેર્યા હતા અને પોતાના શરીરને સિંદૂરથી રંગ્યું હતું."[૬૧] શબ્દચિત્રો આપવાની મુનશીની કુનેહનાં અહીં દર્શન થાય છે.

પિતાના દુશ્મનોને મારવા થનગનતા ઘટોત્કચમાં શૌર્ય પ્રગટ થાય છે.

રાજસૂર્યયજ્ઞનો આરંભ થતાં જ યુધિષ્ઠિરનો વિધિવત રાજા તરીકે અભિષેક થયો. હવે અતિ નાજુક પ્રશ્ન યુધિષ્ઠિરના માથા પર આવ્યો હતો. 'યજ્ઞમાં અગ્રપૂજા કોને આપવી?' અતિ કપરી જવાબદારીને યુધિષ્ઠિરે અનેરી સૂઝ અને સભાનતાપૂર્વક ભીષ્મ પિતામહ પર છોડી દીધી હતી. સકળ આર્યવર્તના રાજાઓ સર્વ સર્વોપરી કૃષ્ણ જ લાગતા હોવાથી ભીષ્મે એમના નામની ઘોષણા કરી. ભીષ્મની ઘોષણાને ઘણાં રાજાઓ સહર્ષ સ્વીકારી લીધી પરંતુ જરાસંઘનો વધ થવાથી યાદવોનો સાથ મેળવીને આર્યવર્તપર વિજય મેળવવાની અપેક્ષા રાખતો શિશુપાળ એમ જ માનતો હતો કે: આર્યવર્તમાં એજ એક એવો રાજા હતો જે આ યજ્ઞમાં અગ્રપૂજા સ્થાન પામી શકે. ભીષ્મના સૂચનથી સ્તબ્ધ બની ગયેલા એ રાજાએ ભીષ્મના આ નિર્ણયનો ખૂલ્લેઆમ વિરોધ કર્યો. ભીષ્મ ઉપર અસહ્ય વચનોની ઝડી વરસાવવા લાગ્યો કૃષ્ણને 'ગોવાળિયો' કહીને એનું અપમાન કરવા લાગ્યો. યુધિષ્ઠિર, ભીષ્મ એને સમજાવવાનો જેમ જેમ પ્રયાસ કરતા ગયા તેમ તેમ એ વધુ બેફામ બની ભીષ્મને ન સંભળાય એવાં કટુવચનો બોલવા લાગ્યો. ભીષ્મ અને

---

૬૦ એજન ખંડ-૭ પૃ.૭૯

૬૧ એજન. ખંડ-૭ પૃ ૧૦૪.

શિશુપાળના સવાદો દ્વારા મુનશીએ પ્રસંગાનુરૂપ ભાવને આમ મૂર્ત કરાવી આપ્યો છે. પ્રસંગના ઔચિત્યને જાળવવા માટે શિશુપાળના વ્યક્તિત્વને એમણે આમ નિરૂપણ કર્યુ છે.

'તું કહે છે કે તારું બ્રહ્મચર્ય અખંડ છે આ બ્રહ્મચર્ય તો તારી નપુંસકતાં આડેનું આચ્છાદન છે! આજે તારો કાળ તારી સામે ઊભો છે '

ભીષ્મને નપુંસક કહીને શિશુપાળ અટકતો નથી એતો કૃષ્ણને કહેવા લાગ્યો કે-

'ગોવાળિયા, તારો કાળ પણ તને પોકારી રહ્યો છે! તેં તારા જીવનનો આરંભ તારા મામાની હત્યા કરીને કર્યો હતો.'

અને પછી ભીમ સામે આંગળી ચીંધીને એણે કહ્યું 'તેં આ બળદને જરાસંઘને પ્રપંચથી મારવાનો રસ્તો બતાવ્યો હતો. તું અહીં શા માટે આવ્યો છે? રાજવીઓમાં તારું કોઇ સ્થાન નથી!'[૬૨]

શિશુપાળ અધર્મની પરાકાષ્ઠા તરફ વધવા લાગ્યો. છતાંય બધા યજ્ઞ આરંભે લોહી ન રેડાય એ માટે મૂંગે મોઢે સહી લેવાનું વલણ રાખીને શિશુપાળને સમજાવવાનો જ પ્રયાસ કરવા લાગ્યા. પરંતુ એ તો અભિમાનના નશામાં ચૂર બનીને ભીષ્મ સામે તલવાર કાઢીને ઊભો એને જોઇને એના કેટલાક મળતિયાઓ એ પણ તલવાર કાઢી. પરિસ્થિતિને હદથી બહાર જતી જોઇને હવે કૃષ્ણ ચૂપકીદી છોડીને આગળ આવ્યા. શિશુપાળ પોતાની માસીનો દીકરો હતો અને માસીને એણે વચન આપ્યું હતું કે એના સો ગુના માફ કરીશ કૃષ્ણે આપેલું વચન આજે પૂર્ણ થતું હતું એટલે શાણપણથી સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ જેની નસેનસમાં અહંકાર ને મદ ભરાયો એ ગોવાળિયાની વાતનો સ્વીકાર કરે એ શક્ય જ ન હતું. કૃષ્ણને કહેવા લાગ્યો કે -

'બેશરમ ગોવાળિયા, મારી સાથે જેનું વાગ્દાન થયું હતું એ વૈદર્ભીને લઇને તું નાસી ગયો, એની તને શરમ નથી આવતી?' આમ કહીને તલવાર કાઢીને કૃષ્ણ પર હુમલો કરવા દોડ્યો. ત્યાં તો ક્યાંથી સુદર્શન ચક્ર કૃષ્ણ સામે આવ્યું ને શિશુપાળનો વધ કરીને પાછું વળ્યું. ક્ષણવાર શું બન્યું એ સમજવાનો કોઇનામાં હોશ ન હતો. યજ્ઞનું વિઘ્ન દૂર થતાં, વિના વિઘ્ને યજ્ઞ પાર પડ્યો.

કુંડિનપુરના અને ગિરિવ્રજના રાજ્યને જીતીને, એ રાજાઓના પુત્રને રાજ્ય સોંપી દઇને શિશુપાળના પુત્રો રાજા તરીકે અભિષેક કરીને, શિશુપાળની અંતિમ ક્રિયા રાજાને છાજે એ રીતે કરવાનું સૌજન્ય કૃષ્ણ દાખવે છે.

યજ્ઞના આરંભેજ લોહી રેડાવાથી યુધિષ્ઠિરને આશંકા જાગે છે કે આના પરિણામો દુ:ખદ જ આવશે. એટલે એ વ્યાસમુનિ પાસે મનના શમનાર્થે ગયા હતા. અહીં એમની આશંકાને પુષ્ટિરૂપ વાત વ્યાસ કરે છે કે - યુધિષ્ઠિર, વત્સ! એ બાંધવહત્યાના કેન્દ્રમાં તું જ હોઇશ!' યુધિષ્ઠિર સામે દ્વિધા ભરી સ્થિતિ રચાય છે. યુદ્ધથી હંમેશા સો જોજન દૂર રહીને શાંતિમાં રહેવાનું જ પસંદ કરતા યુધિષ્ઠિર યુદ્ધના કેન્દ્રમાં પોતે જ હશે. એ વિચારમાત્રથી કંપી જાય છે. યજ્ઞપૂર્ણ થવાથી મોટાભાગના રાજાઓ ચાલ્યા ગયા હતા. ઘટોત્કચ અને કૃષ્ણે પણ વિદાય લીધી.

૬૨ એજન ખંડ-૭ પૃ.૧૦૫

કૃષ્ણે દ્વારકા જતાં પહેલાં યુધિષ્ઠિરને કહ્યું કે દુર્યોધનની જાળમાં ન ફસાતા કૃષ્ણનું આ સૂચન અને વ્યાસમુનિની આગાહી ઉત્તરમાં બનતી ઘટનાઓનો પરિવેશ સર્જવામાં સહાયક બની જાય છે.

મુનશીએ દ્વિધાભરી સ્થિતિમાં યુધિષ્ઠિરને મૂકીને પાત્રના આંતર જગતમાં ચાલતા સૂક્ષ્મ સંચલનોને અભિવ્યક્ત કર્યાં છે -

"યુધિષ્ઠિર મનોમન વિચારતા હતા: 'બિચારો દુર્યોધન! એ મારાથી થોડો મોડો જન્મ્યો. અને એ પણ અંધ પિતાથી: આ જ એનો અપરાધ! એ ખાતર તેને વારસાથી વંચિત રાખવામાં આવ્યો. હવે એ અમને અમારા વારસાથી વંચિત રાખવા માગે છે. વીરોમાં શ્રેષ્ઠ એવો ભીમ એમ માને છે કે જો આપણને શાંતિ જોઇતી હોય તો આપણે યુદ્ધ માટે તૈયાર રહેવું જોઇએ!'

યુધિષ્ઠિર વિચારતા જ રહ્યા પણ પ્રત્યેક વિચાર સાથે એ વધુ ને વધુ ઊંડા ઊતરતા ગયા અને પછી કટુતા સાથે એમણે મનોમન કહ્યું: 'મારામાં શાંતિ માટે કે યુદ્ધ માટે ઊભા રહેવાની તાકાત જ નથી! ભગવાન વેદવ્યાસની આગાહી પ્રમાણે હું એવી ધરી બનીશ કે જેની આસપાસ યુદ્ધો લડાતાં રહેશે! આમાંથી ઊગરવાનો માર્ગ શો છે?'

'દુર્યોધનના હૃદયમાં જે દ્વેષનો જ્વાળામુખી ધખે છે, એને હું કઇ રીતે શાંત કરી શકું? જ્યાં સુધી એ એમ માનતો હોય કે મારા વારસાથી મને વંચિત રખાયો છે, ત્યાં સુધી એ પણ શાંતિનો વિચાર ક્યાંથી કરી શકે?'

'મારા ભાઇઓ મને પિતા જેટલો આદર આપે છે. મારા તરફ તેઓની નિષ્ઠા અજબની છે. છતાં તેઓ ઇન્દ્રપ્રસ્થનો ત્યાગ કરવા ક્યારેય સંમત થશે નહીં.'"[૬૩]

મુનશીએ યુધિષ્ઠિરના મનોજગતમાં ચાલતા વિચારવમળને અભિવ્યક્ત કરીને કથાપ્રસંગને નવા અર્થઘટન સાથે મૂકવાનો પ્રયાસ કર્યો છે. યુધિષ્ઠિર શા માટે જુગટુ રમવા માટે તૈયાર થાય છે. એનો પ્રતીતિજનક ખુલાસો આપવા માટે લેખકે પાત્રને આમ વિચારતું કરીને એની અંદરના ભાવને આલેખીને યુધિષ્ઠિરના પાત્રને સાચ્ચા અર્થમાં 'ધર્મરાજ' તરીકે કીર્તિમાન કરાવવા ખાસ્સો એવો પરિશ્રમ કર્યો છે. વ્યાસમુનિએ ભવિષ્ય ભાખતાં કહ્યું કે તેર વર્ષ પછી મહાભિષણ યુદ્ધ ખેલાશે અને યુધિષ્ઠિર એના કેન્દ્રમાં હશે.' શાંતિ પ્રિય સ્વભાવને ધારણ કરનાર યુધિષ્ઠિર આ યુદ્ધને ટાળીને માત્ર પોતાને જ નહીં, સકળ આર્યાવર્તને સંહારમાંથી ઉગારવા અંગે ચિંતિત હતો. આ યુદ્ધ પાછળ એને 'વારસો' જ હોય એમ લાગ્યું હતું. જો વારસાનો ત્યાગ કરવામાં આવે તો જ વ્યાસમુનિની ભવિષ્યવાણી ખોટી ઠરે એમ એને લાગતું હતું. આવી મનોસંઘર્ષભરી સ્થિતિનું તાંડવ રચાતું હોય એવે ક્ષણે ધૃતરાષ્ટ્રનો પ્રેરાયેલો વિદુર જુગટુ રમવાનું નિમત્રંણ આપવા આવે છે. વિદુરના આગમનથીજ વ્યાસમુનિનું કથન સાચ્ચું પડતું હોય એમ યુધિષ્ઠિરને લાગવા માંડ્યું.

ભીમ, અર્જુન, નકુળ અને સહદેવે તો જુગટુ રમવાની સ્પષ્ટ 'ના' પાડી દીધી. પરંતુ ક્ષત્રિયો જુગટુ ને જુગાર નહીં ક્ષાત્રધર્મની શોભા તરીકે ગણાવતા હતા. જે એને રમવાનો ઇન્કાર

---

૬૩. એજન. ખંડ-૭ પૃ.૧૨૦.

કરે એ હાંસીપાત્ર થાય અને ક્ષત્રિયોથી ઊતરતો ગણાય.. યુધિષ્ઠિર સામે કપરી જ સ્થિતિ આવીને ઊભી રહી. ભાઇઓએ તો ચોખ્ખી 'ના' પાડી હતી. હવે શું કરવું? આખી રાત્રિ મનોમંથનમાં જ વિતાવીને આ નાજુક સ્થિતિમાંથી નીકળવા માટે યુધિષ્ઠિરે નિર્ણય કર્યો કે 'ગમે તે ભોગે આ યુદ્ધ તો અટકાવવું જોઇએ.'

ચારેય ભાઇઓને પ્રતિજ્ઞાથી મુકત કરીને ભીમને ઇન્દ્રપ્રસ્થના રાજા તરીકે સ્થાપીને પોતે વનવાસમાં જવાનો નિર્ણય જાહેર કર્યો. મોટાભાઇના નિર્ણયથી ચારેય ભાઇઓના પગ નીચેથી જમીન ખસી ગઇ. લેખકે અતૂટ એવા સ્નેહભાવથી બંધાયેલા કુંતી પુત્રો દ્રૌપદીથી ય એક સાંકળે જોડાયેલા હતા. ગમે તેવા સંજોગોમાં 'એક બની ને રહેવાની' એમની પ્રતિજ્ઞા તૂટવા લાગી. ચારેય ભાઇઓ ભલે દુર્યોધનનો વિરોધ કરતાં હોય પણ મોટાભાઇની આજ્ઞાનું ઉલ્લઘંન કરે એવા અવિવેકી તો ન જ હતા. પોતાના કારણે જ યુધિષ્ઠિરરે આવા નિર્ણય પર આવવું પડ્યું છે એમ લાગવાથી ચારેય ભાઇ મોટાભાઇના નિર્ણયમાં 'હા' કહેવાનું નક્કી કર્યું એ દ્રૌપદી કઇ રીતે સહી લે? એણે તો ભભકતા જ્વાળામુખીની જેમ યુધિષ્ઠિરને કૃષ્ણે આપેલી ચેતવણીનું સ્મરણ કરાવીને ભાઇઓને અને પોતાના પુત્રોને અન્યાય ન કરવા કહ્યું. પરંતુ યુધિષ્ઠિરે એક આર્દશ પતિની જેમ દ્રૌપદીને સમજાવીને કહ્યું કે:

'જો યુધ્ધ નિવારી શકાતું હોય તો ઇન્દ્રપ્રસ્થ પણ આપી દેવું.'

બીજી બાજુએ દુર્યોધન પાંડવોની કીર્તિ અને સમૃધ્ધિને જોઇને ઇર્ષા કરવા લાગ્યો. રાજસૂર્યયજ્ઞમાં મળેલી ભેટ સોગાદોને જોઇને અને ઇન્દ્રપ્રસ્થના વૈભવથી અંજાઇને એ સંપત્તિને મેળવવાનો લાગ શોધવા લાગ્યો. એમાં કુટિલ શકુનિનો સાથ મળ્યો હતો અને પિતાના અંધપુત્ર પ્રેમનો દુર્યોધન ઉપયોગ કરતો હતો. પાંડવોની સંપત્તિ મેળવવા માટે એણે પિતાને સમજાવીને પાંડવોને જુગટુ રમવા નિમત્રંણ આપ્યું. આ કામ એમણે વિદુરને સોંપ્યું. દુર્યોધનના મનની કારીને વિદુર પહેલેથી જ પામી ગયા હતા. એમને યુધિષ્ઠિરને ચેતવ્યા પણ હતા. પણ આર્યધર્મને જ અનુસરીને નિમંત્રણનો સ્વીકાર કર્યો હતો.

પાંડવોની સંપત્તિને પામવાનો જ નહીં પરંતુ તેઓને ઇન્દ્રપ્રસ્થથી ખાલી હાથે કાઢવાની વ્યૂહ રચના શકુનિમામા સાથે દુર્યોધને કરી હતી એમના માર્ગનાં આવતા પિતામહનો ખૌફને નિવારવા માટે પિતાને ભીષ્મ પાસે વચન લેવા મોકલ્યા હતા. પુત્રપ્રેમના વિનાશક પૂરમાં તણાતો ધૃતરાષ્ટ્રે ભીષ્મ પાસે વચન મેળવ્યું કે જુગટુ સભામાં તમે મૌનને ધારણ કરશો. ધૃતરાષ્ટ્રના આવા વર્તનથી અતિ ખિન્ન એવા ભીષ્મને સ્થિતિ સમજતાં વાર ન લાગી. જો આ સમયમાં કઇ બોલવામાં આવે તો કદાચ પોતાનું અપમાન જ નહી 'હત્યા' પણ થાય એમ જાણતો હોવા છતાં એમને પોતાપણું ત્યજવાનો સ્પષ્ટ નનૈયો ભણ્યો. દ્રૌપદી સ્વયંવરમાં બનતી અધર્મયુક્ત ઘટનામાં ભીષ્મ કેમ મૌન રહ્યા અને અર્થના દાસ હોય એવો વર્તાવ કરીને દ્રૌપદીને ગોળ ગોળ જવાબ આપતા હતા. એવા નવા અર્થઘટન સાથે મુનશીએ આ પ્રસંગમાં સુધારો કરીને પુરાણકથા પ્રસંગને સહ્ય બનાવવા માટે સર્જનાત્મક શક્તિનો વિનિયોગ કર્યો છે. જુગટુ સભામાં મૌન ધારણ કરવા માટે દુર્યોધન ધૃતરાષ્ટ્રના અંધપ્રેમનો આશ્રય લે છે જ્યારે કુરુકુળને જ નહીં સકળ

આર્યાવર્તને મહાવિનાસક નરસંહારમાંથી સર્વને ઉગારવા માટે પોતાના રાજ્ય અને સંપત્તિને ન્યોછાવર કરવા તત્પર બની ઊઠેલા યુધિષ્ઠિર ભીષ્મને વિનંતી કરે છે કે - આવતી કાલે ધૂતસભામાં તમે કૃપા કરીને કઇજ ન બોલતા. એમાં પ્રપંચ કરવામાં આવે તો પણ તમે કશું જ ન બોલતા.

પાશવીરૂપ ધરતા દુર્યોધનને અને સર્વ સમર્પણ કરીને આર્યવર્તને ઉગારવાનું ઔદાર્ય દાખવતાં યુધિષ્ઠિરને સર્વ શ્રેષ્ઠ માનવ તરીકે મુનશીએ ઉપસાવ્યા છે. ઇન્દ્રપ્રસ્થ અને વૈભવ, સંપત્તિને અર્પીને શાંતિ માટે પોતાના સગાભાઇઓ સાથે અન્યાય કરતા યુધિષ્ઠિરના વ્યક્તિત્વથી ભીષ્મ પ્રભાવિત થઇ જાય છે. લેખકે યુધિષ્ઠિરના ચરિત્રને એના કાર્ય અને વિચારસરણીથી જીવંત બનાવી આપ્યું છે.

દુર્યોધન અને શકુનિની યોજનાનુસાર જુગટુ રમાતું ગયું ને શકુનિની પ્રપંચ જાળમાં પાંડવો પોતાનું સઘળું હારતા ગયા. સઘળું હારીને દુર્યોધનના મનમાં રહેલી ઇર્ષાને હવણવાનો મક્કમ નિર્ધાર હવે તુટવા લાગ્યો. દુર્યોધન જેમ જેમ જીતતો ગયો એમ એની કારી અધર્મતા તરફ સિંહફાળ ભરવા લાગી. એણે પાંડવોને ગુલામ બનાવીને એમને એક સાંકળે બાંધી રાખતી દ્રૌપદીને દાવ પર મૂકવાનું સૂચન કર્યું. અહીંયા પણ લેખકે આ ઘટનાને નવા અર્થઘટન સાથે અભિવ્યક્ત કરી છે. પાંચેય ભાઇઓને એકબંધને રાખતી દ્રૌપદીને પોતાની સાથે રાખવાના ઇરાદાથી જ યુધિષ્ઠિર દ્રૌપદીને દાવમાં મૂકે છે. લેખકનું આ અર્થઘટન કૃતિમાં ઔચિત્યપૂર્ણ લાગવાથી કથાપ્રસંગ સહ્ય બની જાય છે. મૂળકથાનકમાં નિરૂપાયેલા પ્રસંગને અનુસરીને દ્રૌપદીનાં ચિરહરણની કથાપ્રસંગનું આલેખન લેખકે કરીને કૃષ્ણના ચમત્કારને અભિવ્યક્ત કર્યો છે.

અધર્મની પરાકાષ્ઠાએ દુર્યોધનને જોઇને સ્પષ્ટ વકતા વિદુર ભભૂકી ઊઠયા પણ જ્યાં ભીષ્મ મૌન હોય ત્યાં દાસીપુત્રને કોણ ગણકારે? એણે તો ધર્મવેતા એવા વિદુરને દાસીપુત્ર કહીને અપમાનિત કરીને કાઢી મૂક્યો.

યુધિષ્ઠિરના વચને બંધાયેલા ભીષ્મે કૃષ્ણનો ચમત્કાર જોઇને એનામાં રહેલો સ્વાભિમાનનો કીડો સળવળતાં જ રમતને અહીં બંધ કરાવીને પાંડવોને એમનું રાજ્ય પાછું આપવાનો સત્તાવાહી આદેશ આપ્યો. દુર્યોધનની યોજના ધૂળમાં રોળાઇ જતાં ફરી એકવાર મરણિયો બનીને પાંડવોને મહાત કરવા માટે ધૃતરાષ્ટ્રની અંધલાગણીનો ફાયદો ઉઠાવીને પાંડવોને પાછા બોલાવ્યા. દુર્યોધનના આ પાપાચાર જોઇને ગાંધારી પણ કકળી ઉઠતાં એને પુત્રના કૃત્યને સખત શબ્દોમાં વખોડી નાખ્યું. દુર્યોધનેતો શકુનિ સાથે મળીને પાંડવોને ધૂતમાં હરાવીને એમનું રાજ્ય મેળવીને પાંડવોને બાર વર્ષ વનવાસ અને તેરમું અજ્ઞાતવાસની સજા આપી.

પહેલેથી હસ્તિનાપુરની પ્રજા પાંડવોના વ્યક્તિત્વથી પ્રભાવીત થઇને એમના પર સવિશેષ વાત્સલ્ય ભાવ ધરાવતી હતી એમાં આ ઘટનાએ એમની હૃદયની લાગણી ને હણી નાંખતાં તેમણે પાંડવોને ભાવભીની વિદાય આપી.

પાંડવોના યજ્ઞમાં કૃષ્ણ રોકાયેલા હતા એનો ફાયદો ઉઠાવીને શાલ્વ દ્વારકાને યાદવો વિહોણી બનાવવા માટે ચઢાઇ કરીને દ્વારકાના અસ્તિત્વને છિન્ન ભિન્ન કરી નાંખી અને વસુદેવને બંદી

બનાવીને લઇ ગયો હતો. કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ને એ વીરતાપૂર્વક સામનો કર્યો હતો પરંતુ શાલ્ય રણને માર્ગેથી છટકીને ભાગી ગયો. મુનશીએ અહીં સંક્ષેપમાં સઘળા બનાવોને આલેખ્યા છે.

કૃષ્ણ જીવીત રહેલા યાદવોને અને દ્વારકાને પુનઃ સ્થાપવામાં લાગ્યા. શાલ્યના અધર્મ કૃત્યનો બરોબરનો મુંહતોડ જવાબ આપવા આર્યવર્તના રાજાઓને કહેણ મોકલવામાં આવ્યું. કૃષ્ણનો પુત્ર પણ કૃષ્ણથી સવાયો હોય એમ જ પિતાની આજ્ઞા લઇને દાદાને છોડાવવા માટે ગયો.

લેખકે અહીં માયાવતી અને પ્રદ્યુમ્નને શંબર નામનો અસૂર હરી ગયો હતો. શંબર પત્ની માયાએ પાંચ વર્ષના બાળકને મોટો કર્યો એ માતા, પિતા તરીકે અને છેલ્લે એને પ્રિયતમા બનીને એની કાળજીને ઉછેરવા લાગી હતી. રુકમિણીને આ સંબંધ અવૈધ લાગતા હતા પણ કૃષ્ણે ઉદારતાથી પુત્રના સંબંધને સહર્ષ સ્વીકારીને દ્વારકા આવવાનું સૂચન કર્યું. સ્વમાની અને પતિની સાથેજ રહેવાના શપથ લઇને બેસેલી માયાવતીએ પ્રદ્યુમ્નની સાથે જ જવાનો નિર્ણય કર્યો.

આ કૃતિનાં કથાનકમાં પ્રદ્યુમ્નની કથા પ્રમુખ સ્થાને આવતાં કૃષ્ણનું પાત્ર પ્રાશ્વભૂમાં સરી જતું હોય એમ લાગે છે. બંદીવાન દાદાને શોધવ નીકળેલા પ્રદ્યુમ્ન વજ્રનાભના હાથે પકડાઇને શાલ્વનો કેદી બને જાય છે. વેગવાન અને અન્યશુર યૌધ્ધઓને ગુમાવીને પરાજીત થઇને આવનાર શાસ્વ તો જીતીને આવ્યાના આનંદ સાથે વિહરતો હતો. એનો વિશ્વાસુ સેનાપતિ જવાથી એ હણાયેલા જેવો જ હતો. ન છૂટકે એને વજ્રનાભને સેનાપતિ બનાવ્યો હતો. એને એમાંસહેજ પણ વિશ્વાસ ન હોવાથી પ્રદ્યુમન ની જવાબદારી સોપીનેએમાં જ એને ફસાવીને એનો વધ કરવાની વ્યુહ રચના ઘડી. શાલ્વની આયોજના આશ્ચર્યપમાડે એવી છે. પ્રજાનાભનો એવો કોઇ ગંભીર અપરાધ ન હતો છતાંય એક ક્રૂરરાક્ષસી વૃત્તિવાળા રાજાને સેનાપતિને મારવા માટે કોઇ કારણમાં ફસાવવો જોઇએ એ સહેજ પણ સમજી ન શકાય એવું ગણિત છે.

મુનશીના દરેક પાત્રોની સામે બને છે. એવી જ ઘટના અહીં પણ બને છે. વ્રજનાભની દિકરીને પ્રદ્યુમન સાથે પરણાવીને એને કાયમી સ્વરૂપે અહી વસાવીને યાદવો પાસે પોતાનું ધાર્યું કરવા માગતો હતો. મોહિની પમાડે એવા કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમન પણ દેખાવડો હોવાથી પ્રભાવતી એને ચાહવા લાગે છે. --

દાનવ પરંપરાનો ઉપયોગ કરીને શાલ્વે પ્રભાવતી સાથે પ્રદ્યુમન ના લગ્ન કરાવીને પ્રદ્યુમનનો કાંટો કંઢાવવાની વ્યુહ રચના ગોઠવીને એ બન્ને લગ્ન ધૂમધામ થી કરાવ્યા. વરકન્યા આશિષ મેળવે ત્યારે એ પ્રભાવતીને એનું કાર્ય સમજાવે છે. રાજાની અજ્ઞાનું પાલનકરે તો પતિને ગુમાવે અને આજ્ઞા ન પાળે તો કુંટુંમ્બ મૃત્યુ ના મુખમાં ધકેલાઇ જાય એમ હોવાથી પ્રભાવતી દ્વિધા ભરી સ્થિતિમાં ફસાય છે. પ્રથમ રાત્રિનો આનંદ હણાઇ જવાથી એ કાંઇ મનોમંથનમાંથી પસાર થતી હતી. પ્રદ્યુમ્ન એને અતિ લાડથી રીઝવવાનો પ્રયત્ન કરવા લાગ્યો પણ પ્રભાવતી માં કોઇ એવો અણસાર ન દેખાતાં પ્રભાવતી કોઇ મેલી રમત રમવાંની હોય એવી ગંધ આવતા પ્રદ્યુમ્નને સજાગ બનીને પ્રભાવતીને રીઝવવાના પ્રયત્નો કરીને એના ખોળામાં માથું મૂક્યું ત્યાં જ એને પ્રજાનાભના શબ્દો યાદ આવ્યા:

'દાનવ સ્ત્રી પોતાના ખોળામાં સૂતેલા પતિની હત્યા કરતી હોય છે.'

પ્રદ્યુમ્ન સામે ચિત્ર સ્પષ્ટ બની જતાં એણે એ પાઠ ભણવાનો ચાલું રાખ્યો. પ્રદ્યુમ્નને મારું કે ન મારું એ દ્વિધાભરી સ્થિતિમાં માથામાં છુપાવેલું નાનું હથિયાર કાઢીને એને મારવા ગઇ પણ પ્રદ્યુમ્ને એ પકડી લીધું. મુનશીએ પ્રભાવતીના પાત્રની સ્થિતિને કથનાત્મક સ્તરે નિરૂપણ કરીને એનાં હૃદયમાં રહેલો પ્રદ્યુમ્ન પ્રત્યેનો નિવ્યાર્જ પ્રેમને જ અભિવ્યક્ત કર્યો છે.

પ્રદ્યુમ્ને એના મનનું શમન કરીને શાંત પાડી. અહીં નાટ્યાત્મક ઘટના બને છે. વ્રજનાભ પ્રદ્યુમ્નને છળકપટ દ્વારા ભગાડવાનો પ્રયત્ન કરે છે. પોતે પ્રદ્યુમ્નનો શિકાર બન્યો છે એવી છાપ વ્રજનાભ ઊભી કરે છે. આવે સમયે 'માતા' નું આગમન થાય છે અને એ એમને બંદીઘરમાંથી ઉગારીને લઇ જાય છે.

આ પ્રકરણ પછીના થોડાક સમયમાં મુનશીનું અવસાન થવાથી આ કૃતિ અહીંયા અધૂરી રહી જાય છે. 'કૃષ્ણાવતાર' નવલકથાને નવમાં ખંડ 'ધર્મગોપ્તા' તરીકે કૃષ્ણને કુરુક્ષેત્રના યુધ્ધ મેદાનમાં અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવવાની એમની ઇચ્છા હતી પણ અકાળે એ મહાયાત્રાએ પ્રયાણ કરતાં 'કૃષ્ણાવતાર' ને નવમાં ખંડ સુધી લઇ જઇ શક્યા ન હતા.

આ કૃતિ 'સમર્પણ' માં પ્રગટ થઇ હતી. સમગ્ર કૃતિને જોતાં એમ લાગે છે કે:

કૃષ્ણ-રાધા, પુર્નદત્ત-નાગકન્યા, ઉધ્ધવ-શૈલ્યા, સાત્યકિ-સત્યા, કૃષ્ણ-નાગકન્યા, ઉધ્ધવ-કપિલા ને પિંગળા, કૃષ્ણ-રુકિમણી, બળરામ-રૈવતી, કૃષ્ણ-શૈલ્યા, કૃષ્ણ-કુબજા, કૃષ્ણ-રોહિણી, ભીમ-જાલંધરા, ભીમ-હિડિમ્બા આ બધી પ્રેમ અને યુધ્ધનાં ઘણાં દ્રશ્યો જીવંત બની શક્યા છે. એથી કૃતિ કાઇ એક સુશ્લિષ્ટતા દાખવતી નથી[૬૪] સમગ્ર નવલકથાને જોતાં લેખકની એક વિશિષ્ટતા કથારસના નિરૂપણમાં પ્રગટતી જોવા મળે છે. પ્રચંડ વેગથી વહી જતી કથામાં જુસ્સાદાર શૈલી દેખાય છે. અતિ ઝડપે વહી જતી કથાને ફલરૂપે વાચક કૃતિ સાથે જકડાઇ રહે છે પરંતુ અહીં જીવનની ઉત્તરાવસ્થાની અસર સર્જક પર હોય એમ લાગે છે. પટ્ટાબાજી જેવા હૃદય સોંસરા ઉતરીને પ્રસંગના ભાવને અભિવ્યક્ત કરી આપે એ સંવાદકલાનું કૌશલ ઓજસવંતું થયું છે.

અહીંયા પુરાણ કથાના પરિવેશને યજ્ઞવેદી, મંત્રો શ્રોતિયો, આશ્રમો અને ઋષિ-મુનિની આચાર-વિચારોને અભિવ્યક્ત કરાવીને પૌરાણિક કથાના વાતાવરણને મુનશીએ તાદ્દશ્ય કરાવી આપે છે.

આમ આ કૃતિ યુધ્ધ કથા બનવાને બદલે પ્રણયગાથા બની ગઇ હોય એવી પ્રતીતિ થયા વિના રહી શકતી નથી. તો શૈલ્ય જેવા પાત્રોમાં સર્જકના કસબનો સ્પર્શ થાય છે અને કંસ, જરાસંઘ અને શિશુપાળના પાત્ર ના વ્યક્તિત્વ છાપને ઉપસાવી આપવામાં એમની લેખીનીએ ઝાઝી કુશળતા દાખવી નથી એમ લાગે છે. અહીં આપણે એમનું જ વિધાન ટાંકી શકીએ કે-

---

૬૪. 'મુનશી - અભ્યાસ, જીવન અને સાહિત્ય', સં. રતિલાલ નાયક. પ્રકા.વર્ષ.૧૯૭૭, પ્ર.આ.પૃ.૧૨૧.

"લેખનવ્યાપાર મારા જીવનના એક મહત્વના અંગરૂપ બની ગયો છે. મારી કૃતિઓ ઉત્તમ નીવડે છે કે કનિષ્ઠ તે વિશે હું ઝાઝી સ્પૃહા રાખતો નથી. લેખક તરીકેની મારી કીર્તિ જળવાઇ રહે કે નહીં તેની હું દરકાર કરતો નથી. પરંતુ લખવાનું તો હું ચાલુ રાખીશ - કોઇક દિવસ અંતિમ વાક્ય પૂરું કર્યા વિના મારા નિર્બળ હાથમાંથી કલમ સરી પડશે ત્યાં સુધી મારી લેખન પ્રવૃત્તિ ચાલું જ રહેશે.'[૬૫] અને એ વિધાન સત્યરૂપ બની ગયું.

૬૫. એજન. પૃ. ૧૩.